સાપ્તાહિક
મધ્ય ગુજરાત આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 27 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ વદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
રવિવાર, ૫ જુલાઈ ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## વડા પ્રધાને સીજી સેમિકોનના કમર્શિયલ ઉત્પાદનના ઓસેટ પ્લાન્ટનો શુભારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ગુજરાતના સાણંદમાં સીજી સેમી આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (ઓએસએટી) ફેસિલિટીનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગના મહત્ત્વ પર પ્રકાશ પાડતા, વડા પ્રધાને આ લોન્ચિંગને દેશના તેના લક્ષ્યો પ્રત્યેના અતૂટ સંકલ્પના પુરાવા તરીકે ગણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશ કોઈપણ ખચકાટ વિના તેના મજબૂત સંકલ્પોને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરે છે. વડા પ્રધાને મક્કમતાપૂર્વક જણાવ્યું હતું કે, આજનો આ કાર્યક્રમ પુરાવો છે કે ભારત જે પણ કરવાનો સંકલ્પ કરે છે, તેને દ્રઢતાપૂર્વક પૂર્ણ કરે છે.

અડધા દાયકા પહેલા શરૂ કરાયેલા વ્યૂહાત્મક વિઝનને યાદ કરતા વડા પ્રધાને દેશને અદ્યતન ટેક્નોલોજી માટે વૈશ્વિક હબમાં પરિવર્તિત કરવાના મુખ્ય ઉદ્દેશ્યનો ઉલ્લેખ કર્યો હતો. સ્થાનિક ડિઝાઇન અને સ્થાનિક ઉત્પાદનની વ્યાપક વ્યૂહરચનાઓ પ્રેરિત, તેમણે આ ત્રીજી મોટી ફેસિલિટીમાં વ્યાપારી ચિપ પેકેજિંગની સત્તાવાર શરૂઆતની ઉજવણી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, અમે 'ડિઝાઇન ઇન ઇન્ડિયા' અને 'મેક ઇન ઇન્ડિયા' ના પાયાના મંત્ર સાથે સફળતાપૂર્વક આગળ વધ્યા છીએ.



આ પ્રોજેક્ટના ઝડપી વિકાસના સમયરેખા પર વિચાર કરતા વડા પ્રધાને વર્ષ ૨૦૨૪ માં શિલાન્યાસ કરવાની બાબતને યાદ કરી હતી અને ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં ચિપ ટેસ્ટિંગની ઝડપી શરૂઆતની પ્રશંસા કરી હતી. તેમણે આયોજનથી લઈને સંપૂર્ણ પાયાના ઉત્પાદન સુધીની આ અતિ ઝડપી સફરનો શ્રેય અસંખ્ય પ્રોજેક્ટ સહયોગીઓના અવિરત સમર્પણ અને ધ્યાન પર આપ્યો હતો.

જનમેદનીને સંબોધતા પહેલા પોતાની વ્યક્તિગત મુલાકાતોને યાદ કરતા વડા પ્રધાને ફેસિલિટી ખાતે તહેનાત સમર્પિત કર્મચારીઓ સાથે વાતચીતના પોતાના અનુભવો શેર કર્યા હતા. પ્રદર્શનની મુલાકાત દરમિયાન અસંખ્ય યુવા વ્યાવસાયિકો સાથે સીધો સંવાદ સાધ્યા પછી, તેમણે તેમની અદ્ભુત ઊર્જા, આશાવાદ અને સકારાત્મક દ્રષ્ટિકોણની પ્રશંસા કરી હતી

નવનિર્મિત ફેસિલિટીને આંતરરાષ્ટ્રીય સહયોગના પ્રતીક તરીકે ગણાવતા વડા પ્રધાને સ્થાનિક, જાપાનીઝ અને થાઈ ઉદ્યોગ ભાગીદારોના સંયુક્ત પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે આ સાહસને માત્ર એક સાધારણ વ્યાપારી સાહસ કરતાં ઘણું વધારે ગણાવ્યું હતું અને તેને તકનીકી વિશ્વાસ અને સરહદ પારની ભાગીદારીના મજબૂત મૉડેલ તરીકે રેખાંકિત કર્યું હતું. છેલ્લા સવા બે વર્ષમાં હાંસલ કરાયેલા પ્રચંડ સ્કેલની પ્રશંસા કરતા વડા પ્રધાને વાર્ષિક ૨૦ કરોડ યુનિટ સપ્લાય કરવાની ક્ષમતા ધરાવતા સક્રિય વ્યાપારી ઉત્પાદનમાં પ્રવેશવાની પ્રશંસા કરી હતી.

વાર્ષિક ૫૦૦ કરોડ યુનિટ સુધી પહોંચવાના ટીમના મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય પર સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરતા તેમણે આ ઝડપી પ્રગતિનો શ્રેય દેશવ્યાપી ટેક્નોલોજી પ્રોગ્રામની વેગ પકડતી ગતિને આપ્યો હતો. વડા પ્રધાને જણાવ્યું હતું કે, હું આખી ટીમને, રાજ્ય સરકારને અને સમગ્ર દેશને આ વ્યવસ્થા સ્ટેપ બાય સ્ટેપ, બ્રિક બાય બ્રિક અને ચિપ બાય ચિપ બનાવવા બદલ અભિનંદન આપું છું. સ્થાનિક ઉત્પાદનની આ સફળતાના મૂળ વિશે વાત કરતા વડા પ્રધાને ભૂતકાળમાં આયાતી સ્માર્ટફોન પરની નિર્ભરતાની સરખામણી વર્તમાન ઉત્પાદન ઉછાળા સાથે કરી હતી. આઉટપુટમાં આશ્ચર્યજનક ૩૩ ગણો વધારો નોંધતા તેમણે ગર્વભેર મોબાઈલ ક્ષેત્રે વિશ્વના બીજા સૌથી મોટા ઉત્પાદક અને નિકાસકાર તરીકે દેશના નવા દરજ્જાને સ્વીકાર્યો હતો.

દેશને સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવા તરફની ઝડપી ગતિની પુનરોચ્ચાર કરીને પોતાના સંબોધનનું સમાપન કરતા, વડા પ્રધાને માત્ર થોડા મહિના પહેલા વચન આપેલા બહુવિધ ઉત્પાદન પ્લાન્ટ્સ સમયસર સાકાર થવાની ઉજવણી કરી હતી.

## થાણે અને પાલઘરમાં મુશળધાર વરસાદઃ આજે પણ રેડ અલર્ટ





(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના બે પડોશી જિલ્લા થાણે અને પાલઘરમાં હવામાન વિભાગે આપેલી રેડ અલર્ટની ચેતવણી મુજબ શનિવારે મુશળધાર વરસાદ પડ્યો હતો, જેને કારણે નીચાણવાળા વિસ્તારોમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવાનાં અને વૃક્ષો તથા દીવાલ તૂટી પડવાની ઘટનાઓ બની હતી. ભારે વરસાદને કારણે સામાન્ય જનજીવનને અસર થવાની સાથે જ રસ્તા પર પાણી ભરાઈ જવાથી વાહનવ્યવહાર પણ ખોરવાઈ ગયો હતો.

શનિવાર સવારથી થાણે શહેરમાં ભારે વરસાદ રહ્યો હતો. વરસાદનું જોર વધતું જતા થાણે, દિવા, મુંબ્રા અને ઘોડબંદર રોડના નીચાણવાળા વિસ્તાર સહિત થાણે શહેરમાં વંદના થિયેટર, ગોખલે રોડ, રામ મારુતી રોડ, કલવામાં પાણી ભરાઈ જતા નાગરિકોને ભારે હાલાકી થઈ હતી. થાણેના વંદના થિયેટર પરિસરમાં પાણી ભરાઈ જતા રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (શરદ પવાર)ના પક્ષના કાર્યકર્તાઓએ આંદોલન કરીને નાળાસફાઈના કામ સામે સવાલ કર્યા હતા. હવામાન વિભાગે થાણે જિલ્લા માટે ચાર અને પાંચ જુલાઈના રેડ અલર્ટ જાહેર કર્યું છે. આ પાર્શ્વભૂમિ વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાન રાખીને પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સ્કૂલને રજા જાહેર કરવામાં આવી હતી. મહત્ત્વના કામ સિવાય ઘરની બહાર નીકળવાનું ટાળવાની અપીલ પણ જિલ્લા પ્રશાસને કરી હતી

થાણે શહેરમાં સવારે ૮.૩૦ થી બપોરે ૨.૩૦ વાગ્યા સુધી ૮૮.૪૧ મિ.મી. વરસાદ નોંધાયો, જેના કારણે મોસમનો કુલ વરસાદ ૮૫૨.૪૬ મિ.મી. થયો છે. જ્યારે પાલઘર જિલ્લામાં આ જ સમયગાળા દરમિયાન ૯૭.૭૦ મિ.મીમ વરસાદ પડ્યો, જેના કારણે મોસમનો કુલ વરસાદ ૬૪૩.૧૦ મિ.મી. થયો છે. થાણે જિલ્લામાં, કલ્યાણ, ડોંબિવલી, ભિવંડી, બદલાપુર અને નવી મુંબઈમાં ઘણા નીચાણવાળા વિસ્તારો પાણીમાં ડૂબી ગયા હતા, જેમાં નવી મુંબઈમાં સવારના ૮.૩૦ વાગ્યાથી સાંજના ૪.૩૦ વાગ્યા સુધીમાં સરેરાશ ૧૧૩.૨૦ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. કલવામાં, એક વૃક્ષ તૂટી પડતાં બે વાહનચાલકો ઘાયલ થયા, જ્યારે નવી મુંબઈના વાશીમાં એક વૃક્ષ પડવાથી એક કારને નુકસાન થયું, જોકે બંને ઘટનાઓમાં કોઈ જાનહાનિ થઈ નથી. પાલઘર જિલ્લામાં વસઈમાં પૂરગ્રસ્ત ઘરોમાં ફસાયેલા રહેવાસીઓને સ્થળાંતર કરવા માટે કટોકટી સેવાઓ કાર્યરત કરવામાં આવી હતી. પાલઘરના માંડોવીમાં પૂરમાં ૧૯ માણસો ફસાઈ ગયા હતા, તેમને બચાવી લેવામાં આવ્યા હતા. સમગ્ર પ્રદેશમાં ટ્રાફિકમાં મોટા પાયે અવરોધો સર્જાયા હતા. કોલગાંવ પુલ પર પૂરને કારણે પાલઘર-બોઈસર રસ્તો બંધ થઈ ગયો હતો, અને મનોર વાઘોબા ઘાટ નજીક હાઇવે પર એક ઝાડ ઊખડી પડવાથી રસ્તો બંધ થઈ ગયો હતો. વધુમાં સફાલે-તાંદુલવાડી રસ્તો, ગોવડે-રાયપાડા રસ્તો અને શીલ અને દેહરજે ગામને જોડતો પુલ સહિત અનેક આંતરિક માર્ગો પર ભારે પાણી ભરાતા અને નદીઓ છલકાઈ જવાને કારણે બંધ થઈ ગયા હતા. વસઈ-વિરાર પાલિકામાં આવતા સકવાર ગામમાં વર્થા પાડામાં નદીમાં પૂર આવતા ૧૯ ફસાઈ ગયા, જેમાં ૧૩ લોકો બે સ્થાનિક પરવિાર અને ફેક્ટરી વર્કરો હતા, તેમની સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા.

## સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ સેક્ટર્સમાં વડા પ્રધાનના વિઝનથી ભારતનો પ્રભાવ વધ્યો છેઃ મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સી.જી. સેમિકોનના કમર્શિયલ પ્રોડક્શન પ્રારંભના અવસરને વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની આત્મનિર્ભર ભારત માટેની પ્રતિબદ્ધતાનું વધુ એક ઉદાહરણ ગણાવ્યું હતું. શનિવારે સીજી સેમિ ઓસેટના ઉદ્ઘાટન પ્રસંગે તેમણે આ પ્લાન્ટ ભારતને ગ્લોબલ સપ્લાય ચેઈનમાં મહત્વપૂર્ણ ભાગીદાર બનાવશે તથા દેશની સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને વધુ વેગ આપશે તેવી આશા વ્યક્ત કરતાં એમ પણ કહ્યું કે, સી.જી. સેમિકોનના આ પ્લાંટ દ્વારા હજારોની સંખ્યામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થશે.

તેમણે વડા પ્રધાનના સતત ૧૨ વર્ષના સુશાસન કાર્યકાળ દરમિયાન ભારતે ફ્રેઝાઈલ ફાઈવ ઈકોનોમીમાંથી નિકળીને ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ ઈકોનોમીની વિશિષ્ટ ઓળખ મેળવી છે અને આર્થિક વિકાસની આ યાત્રામાં મેન્યુફેક્ચરીંગ, સોફ્ટ પાવર અને ટેક્નોલોજી લેન્ડસ્કેપમાં અનેક નવા ક્ષેત્રોના દ્વાર ખુલ્યા છે તેનું ગૌરવ કર્યુ હતું.

મુખ્ય પ્રધાને ઉમેર્યું હતું કે સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ સેક્ટર્સમાં વડા પ્રધાનના વિઝનથી ભારતનો પ્રભાવ વધ્યો છે. કોરોના મહામારી દરમિયાન જ્યારે સમગ્ર ગ્લોબલ ચેઈન સંકટમાં હતી ત્યારે વડ પ્રધાનશ્રીએ ભારતને સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગ્લોબલ હબ બનાવવાનો જે સંકલ્પ કર્યો હતો તે આજે જે કહેવું તે કરવુંના મંત્રથી સાકાર કર્યો છે.

કેન્દ્રીય ઇન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી પ્રધાન અશ્વિની વૈષ્ણવે ભારતના સેમિકોન મિશનની ટેકનિકલ સફર અને માળખાગત સુવિધાઓ અંગે પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે વડા પ્રધાનના સંકલ્પથી આજે ભારતમાં સેમિકન્ડક્ટર ઇન્ડસ્ટ્રી વાસ્તવિક સિદ્ધિ બની છે. ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ અને તેમની ટીમની અદ્ભુત કાર્યક્ષમતાના કારણે માર્ચ ૨૦૨૪માં ભૂમિપૂજન થયા બાદ, માત્ર ૨૭ મહિનાના રેકોર્ડ સમયમાં સાણંદના આ ત્રીજા પ્લાન્ટમાં કોમર્શિયલ પ્રોડક્શન શરૂ કરી દેવામાં આવ્યું છે. આ પ્લાન્ટમાં બનાવવામાં આવતી ચિપ્સ માત્ર ભારતના કાર અને સ્કૂટર્સમાં જ નહીં વપરાય, પરંતુ અહીંથી તેને જાપાન, અમેરિકા અને યુરોપ જેવા દેશોમાં પણ નિકાસ કરવામાં આવશે, જેના દ્વારા વૈશ્વિક સ્તરે ભારતની ટેકનોલોજીનો ડંકો વગાડવામાં આવશે. દેશમાં ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગને આજે ૧૩ લાખ કરોડ રૂપિયાની ઇન્ડસ્ટ્રી બનાવી દેવામાં આવી છે, જેના દ્વારા ૨૫ લાખ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ₹૭,૬૦૦ કરોડના રોકાણ સાથે શરૂ થયેલો આ પ્રોજેક્ટ દેશ અને દુનિયાના સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારતની આત્મનિર્ભરતાનો નવો અધ્યાય લખશે. ભારત સરકારના મહત્ત્વાકાંક્ષી 'ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન' અંતર્ગત ગુજરાતના ઔદ્યોગિક હબ સાણંદ ખાતે ઉદ્ઘાટન પામેલો આ પ્લાન્ટ વધુ એક ઐતિહાસિક સિદ્ધિ સાબિત થશે.

## ગુજરાતમાં વરસાદ થોડો ધીમો પડ્યો, ૧૪ તાલુકામાં ૧થી ૩ ઇંચ, ૧૨૪ તાલુકા ભિંજાયા

અમદાવાદઃ રાજ્યભરમાં છેલ્લા ત્રણેક દિવસથી ભારે વરસાદ વરસ્યો હતો. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અમુક તાલુકામાં ૧૦થી ૩૦ ઇંચ સુધીનો વરસાદ નોંધાયો હતો, ત્યારે શનિવારે વરસાદની ગતિ થોડી ધીમી પડી હતી. શનિવારે રાજ્યના ૧૨૪ તાલુકામાં વરસાદની હાજરી હતી જ્યારે ૧૪ તાલુકામાં ૧થી ૩ ઇંચ વરસાદ નોંધાયો હતો. રાજૂલા, ગણદેવી, ચિખલી, જલાલપોર, મહુવા વગેરેમાં ત્રણેક ઇંચ આસપાસ વરસાદ નોંધાયો હતો જ્યારે સોનગઢ, ઉના, જાફરાબાદ વગેરેમાં ૧ ઇંચ આસપાસ વરસાદ નોંધાયો હતો.

ખાસ કરીને બપોરે ૨ વાગ્યા પછી રાજ્યના હવામાનમાં અચાનક પલટો આવ્યો હતો અને અનેક વિસ્તારોમાં મેઘરાજા તૂટી પડ્યા હતા. આંકડાઓ પર નજર કરીએ તો, અમરેલીના રાજુલામાં બપોરે ૨ થી ૬ દરમિયાન જ મોટાભાગનો વરસાદ પડ્યો હતો, જેમાં સાંજે ૪ થી ૬ વાગ્યાના બે કલાકમાં સૌથી વધુ નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો. આ જ પ્રમાણે, સુરતના ઓલપાડ તાલુકામાં સાંજે ૪ થી ૬ વાગ્યાના માત્ર બે કલાકમાં જ ૨.૮૩ ઇંચ વરસાદ ખાબક્યો હતો. ભાવનગરના મહુવામાં પણ બપોરે ૨ થી ૪ વાગ્યા વચ્ચે અતિભારે વરસાદ પડતાં કુલ આંકડો ૩.૨૩ ઇંચે પહોંચ્યો હતો, જ્યારે નવસારીના જલાલપોરમાં પણ બપોર પછીના સમયમાં જ સારો એવો વરસાદ થતા કુલ ૩.૦૩ ઇંચ વરસાદ નોંધાયો હતો. જોકે ચારેક દિવસના ભારે વરસાદને કારણે નાના ગામડાઓ અને મોટા શહેરોમાં જનજીવનને ભારે અસર થઈ હતી. ઘણા ગામ સંપર્કવિહોણા થયા હતા અને લોકોના ઘરમાં પાણી ભરાવવા તેમ જ રસ્તાઓ ધસી પડવા જેવી સ્થિતિનો સામનો લોકોએ કરવો પડ્યો હતો.



**વરસાદી વાતાવરણઃ** સખત ગરમીથી ત્રસ્ત અમદાવાદને શુક્રવારે રાતથી વરસાદે થોડી રાહત આપી હતી. શનિવારે પણ વરસાદી માહોલ રહ્યો હતો, જેની સાબિતી આ ઝૂકી ગયેલું ઝાડ આપી રહ્યું છે. (પૂજા શાહ)

## આખરે અમદાવાદને ગરમીથી મળી રાહત, હજુ વરસાદની પ્રતીક્ષા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છેલ્લા બેથી ત્રણ મહિનાથી ૪૦ ડિગ્રી કે તેના કરતા પણ વધારે ગરમીથી રેબઝેબ થતાં અમદાવાદવાસીઓને શુક્રવારે રાત્રે પડેલા વરસાદથી ગરમીમાં આંશિક રાહત મળી હતી. જોકે શનિવારે લખાય છે ત્યાં સુધી જોઈએ તેવો જોરદાર વરસાદ પડયો નથી, પરંતુ દિવસ દરમિયાન પણ વરસાદી માહોલ રહ્યો હતો, જે રાહત આપનારો હતો. શહેરમાં શુક્રવારે ૧૬.૪ મિમી વરસાદ પણ પડ્યો હતો. ત્યારબાદ શનિવારે વરસાદી માહોલ રહ્યો હતો. આના કારણે અમદાવાદનું મહત્તમ તાપમાન ઘટીને ૩૨ ડિગ્રી નોંધાયું હતું, જે છેલ્લા ઘણા સમય કરતા ૮ ડિગ્રી જેટલું ઓછું હતું અને સામાન્ય તાપમાન કરતા ૩.૮ ડિગ્રી જેટલું ઓછું હતું. વડોદરામાં મહત્તમ તાપમાન ૩૧.૬ ડિગ્રી (સામાન્ય કરતાં ૨.૭ ડિગ્રી ઓછું), અમરેલીમાં ૩૦.૭ ડિગ્રી (સામાન્ય કરતાં ૩.૭ ડિગ્રી ઓછું), ગાંધીનગરમાં ૩૪.૫ ડિગ્રી (સામાન્ય કરતાં ૨.૭ ડિગ્રી ઓછું), સુરતમાં ૨૯.૦ ડિગ્રી (સામાન્ય કરતાં ૨.૮ ડિગ્રી ઓછું) અને રાજકોટમાં ૩૪.૫ ડિગ્રી (સામાન્ય કરતાં ૦.૫ ડિગ્રી ઓછું) નોંધાયું હતું.

સૌથી ઊંચું તાપમાન ડીસામાં ૩૯ ડિગ્રી અને ભૂજમાં ૩૮ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદ સહિત રાજ્યભરના શહેરોના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો.

## પૂર્વ સૂચના વિના દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે બંધ કરાતા અંકલેશ્વર પટ્ટા પાસે ટ્રાફિક જામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અંકલેશ્વર નજીકથી પસાર થતા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર હાઇ-ટેન્શન પાવર લાઇનના કામ માટે વીજળી વિભાગ દ્વારા કોઈપણ પૂર્વ માહિતી કે જાહેર સૂચના વિના હાઇવે બંધ કરવામાં આવતા વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

આ ઘટના અંકલેશ્વરના પિલુદરા ગામ નજીક બની હતી, જ્યાં હાઇ-ટેન્શન લાઇનના કામ માટે અચાનક રસ્તો બ્લૉક કરી દેવામાં આવ્યો હતો. તેના કારણે ભારે ટ્રાફિક જામ થયો હતો કારણ કે સેંકડો વાહનચાલકો કોઈપણ પૂર્વ સૂચના વિના એક્સપ્રેસ વે પર અટવાઈ ગયા હતા. મુસાફરો ન તો આગળ વધી શક્યા હતા કે ન તો પાછા ફરી શકે તેવી સ્થિતિ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સૌથી ગંભીર બાબત એ હતી કે ઇમરજન્સી કોલ પર એમ્બ્યુલન્સ પણ ટ્રાફિકમાં ફસાઈ ગઈ હતી. લોકો રોષે ભરાયા હતા કે જો રસ્તો બંધ કરવો જ પડે તો હાઇવે પર પ્રવેશતા પહેલા કેમ કોઈ સૂચના આપવામાં આવી ન હતી, તેવા સવાલો કરી રહ્યા હતા. આ ઘટનાનો વીડિયો પણ વાઇરલ થયો હતો.

ઝડપી મુસાફરી માટે એક્સપ્રેસ વેનો ઉપયોગ કરતા વાહનચાલકો કલાકો સુધી ફસાયેલા રહેતા હતા. સ્થાનિક મીડિયામાં ડ્રાઇવરો અને કોન્ટ્રાક્ટરો વચ્ચે ઉગ્ર દલીલોના દૃશ્યો વાઇરલ થયા હતા.

આ અંગે સ્થાનિક તંત્ર કે એક્સપ્રેસ વે ઓથોરિટી સાથે વાત થઈ શકી ન હતી.

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
### તા. ૫-૭-૨૦૨૬ થી તા. ૧૧-૭-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ વૃષભ રાશિમાં માર્ગી ભ્રમણ કરે છે. વક્રી બુધ કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. ગુરુ કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. શુક્ર કર્કમાંથી સિંહમાં તા. ૪થીએ પ્રવેશે છે. શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે કુંભમાં રહે છે. તા. ૬ઠ્ઠીએ મીનમાં, તા. ૮મીએ મેષમાં, તા. ૧૦મીએ વૃષભમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે આ સપ્તાહમાં તા. ૫, ૯, ૧૧ શુભ જણાય છે. વાહન – મિલકતના નિર્ણયો સફળતાથી લઈ શકશો. નવા કારોબારનો પ્રારંભ શક્ય જણાય છે. પ્રવાસ દ્વારા વેચાણના કામકાજ પૂર્ણ કરી શકશો. મહિલાઓને પરિવારના પ્રસંગોમાં સફળતા જણાશે. અર્થવ્યવસ્થા મહિલાઓને સુખદ જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં વાંચન અભ્યાસમાં એકાગ્રતા દાખવી શકશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાંના રોકાણની તક મળે છતાય વક્રી બુધ વધુ પડતા કામકાજમાં સાવધાની દાખવવાનું સૂચન કરે છે. નોકરીનું કામકાજ તા. ૭, ૯, ૧૦મીએ શુભ જણાય છે. લાંબા અંતરનો પ્રવાસ આ સપ્તાહમાં શક્ય જણાય છે. સ્વતંત્ર કારોબારમાં નાણાઆવકની વૃદ્ધિ થશે. પ્રવાસ દ્વારા નાણાઉઘરાણીના કામકાજ પણ સફળ નીવડશે. મહિલાઓ પારિવારિક જવાબદારીમાં સફળતા મેળવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયન માટે અનુકૂળતાઓ જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના દૈનિક સાપ્તાહિક વેપાર માટે ગોચરફળ શુભ નથી. તા. ૭, ૮, ૯ પ્રવાસ માટે શુભ જણાય છે. પ્રવાસની સફળતા તથા નિયમિતતાથી ઉત્સાહ અનુભવશો. હસ્તગત કાર્યો નિયમિતપણે પૂર્ણ કરી શકશો. અન્ય પાસેથી અપેક્ષિત કામકાજ સમયાનુસાર પૂર્ણ કરી શકશો. મહિલાઓને આ સપ્તાહમાં પરિવારના વડીલોનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભમાં અનુકૂળતા અનુભવશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનાં લાંબા સમયના રોકાણમાં અનુકૂળતા જણાશે. નોકરી માટે તા. ૯, ૧૦, ૧૧ શુભ જણાય છે. સામાજિક પ્રવૃત્તિઓમાં વ્યસ્તતા અનુભવશો. કુટુંબીજનોમાં યશસ્વીપણું અનુભવશો. પ્રવાસ દ્વારા આ સપ્તાહમાં નવીન કામકાજનો પ્રારંભ થઈ શકશે. મહિલાઓને સ્વતંત્ર કારોબારમાં પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શિક્ષકનું માર્ગદર્શન મેળવશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણની તકો મેળવશો. દૈનિક સાપ્તાહિક વેપાર સફળ નીવડશે. નોકરી માટે તા. ૫, ૯, ૧૦, ૧૧ શુભ જણાય છે. નાણાઆવકના નવા સાધનો મેળવશો. સામાજિક, રાજકીય પ્રવૃત્તિઓમાં સંઘર્ષ છતાંય સફળતા મેળવશો. અકારણ નાણાખર્ચ પરત્વે સાવધાની દાખવવી જરૂરી છે. નિર્ણયો લેવા માટે મહિલાઓને પતિનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓને સહકાર્યકરોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનું સપ્તાહનું નાણાંરોકાણનું કામકાજ અનુકૂળ જણાય છે. નોકરી માટે તા. ૫, ૭, ૮ શુભ જણાય છે. નોકરીના કામકાજમાં નિયમિતતા અને સફળતા પણ જળવાઈ રહેશે. કુટુંમાંમાં યશસ્વીપણું અનુભવશો. વડીલોની કૃપા મેળવશો. જૂનાં ઉઘરાણીના અધૂરા કામકાજ પૂર્ણ થશે. મહિલાઓને આ સપ્તાહમાં આત્મવિશ્વાસ જણાશે. કાર્યક્ષેત્રે સફળતા મેળવશો. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અધ્યયન માટેની સામગ્રી મેળવશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં ધાર્યા મુજબની નાણારોકાણની અનુકૂળતા જણાય છે. નોકરી માટે તા. ૬, ૭, ૮ શુભ જણાય છે. નોકરીના નિર્ણયો એકંદરે અનુકૂળ પુરવાર થાય. કાર્યક્ષેત્રે સફળતા, સંપન્નતા અને આત્મવિશ્વાસની પ્રતીતિ થશે. નવા કામકાજનો પ્રારંભ પણ શક્ય જણાય છે. મહિલાઓને આ સપ્તાહમાં પરિવારજનોનો પ્રસંગોપાત સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના કામકાજ માટે જરૂરી સાધનો પ્રાપ્ત થતાં જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં સ્થાન પરિવર્તન શક્ય છે,પરંતુ નોકરીની પ્રગતિ જળવાઈ રહેશે. નવા કારોબારનો પ્રારંભ થાય. મિલકતના નિર્ણયોમાં સ્વતંત્રપણે સફળતા મેળવશો. પ્રભાવ તથા વ્યક્તિમત્તા કાર્યક્ષેત્રે જળવાઈ રહેવાથી ઉત્સાહ અનુભવશો. મિલકતના નિર્ણયોમાં અનુકૂળતા જણાશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કારોબારના પ્રારંભની તક મળશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવાસ માટે અનુકૂળતા જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ માટે અનુકૂળતા જણાશે. સાહસિકતાથી નવીન પ્રવૃત્તિઓનો પ્રારંભ શક્ય છે તથા નાણાઆવકના સાધનો વધુ સક્ષમ પુરવાર થશે. ભાઈ–બહેનો સાથેના મતભેદોમાં સુધારો જોવા મળશે. આ સપ્તાહમાં પ્રવાસ એકંદરે અનુકૂળ બની રહેશે. મહિલાઓનો વ્યક્તિગત કારોબારનો નિર્ણય સફળ પુરવાર થાય તથા કાર્યક્ષેત્રે પ્રસિદ્ધિ મેળવશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટેની સફળ તકો જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના દૈનિક સાપ્તાહિક વેપારમાં બેધ્યાનપણું આવે તેમ છે. નોકરી માટે તા. ૬, ૭, ૮ શુભ ફળદાયી જણાય છે. નોકરીના નિર્ણયો એકંદરે સફળ પુરવાર થશે. કાર્યક્ષેત્રે સાહસિકતાથી નિર્ણયો લઈ શકશો. પ્રવાસ દ્વારા નાણાં ઉઘરાણીના કામકાજ સફળ બની રહેશે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસના સાધનો પ્રાપ્ત કરશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણાંરોકાણ શક્ય જણાય છે. નવી નોકરીનો પ્રારંભ પણ શક્ય છે. મુસાફરી આ સપ્તાહમાં સફળ બની રહેશે. તા. ૬, ૮, ૯ કાર્યક્ષેત્રે શુભ પરિણામો દર્શાવે છે. સામાજિક રાજકીય પ્રવૃત્તિઓ અનુકૂળ બની રહેશે. નાણાંની આવક જળવાઈ રહેશે. મહિલાઓને સ્વતંત્ર કારોબારમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શિક્ષકનો અપેક્ષાનુસાર માર્ગદર્શન મેળવશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં તથા નવું રોકાણ અનુકૂળ જણાય છે. નોકરી માટે તા. ૭, ૧૦, ૧૧ શુભ જણાય છે. નોકરીના મિત્રોમાં યશસ્વીપણું અનુભવશો. જૂનાં અધૂરા કામકાજ પૂર્ણ કરવામાં અનુકૂળતા જણાશે. કાર્યક્ષેત્રે વ્યક્તિગત પ્રભાવ વધે તથા નવા કામકાજનો પ્રારંભ પણ શક્ય જણાય છે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે. ■

## આજનું પંચાંગ
### દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, રવિવાર, તા. ૫-૭-૨૦૨૬, પંચક

ભારતીય દ્ગિનાંક ૧૪, માહે અષાઢ, શકે ૧૯૪૮

વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ વદ –૫

જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ વદ–૫

પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫

પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૧૭મો સરોશ,માહે ૪થો તીર, સને ૧૩૯૫

મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૮

મીસરી રોજ ૨૧મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૮

નક્ષત્ર શતભિષા બપોરે ક. ૧૫–૧૨ સુધી, પછી પૂર્વાભાદ્રપદા

ચંદ્ર કુંભમાં.

ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૧, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.

–: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–

ભરતી : બપોરે ક. ૧૫–૧૫, મધ્યરાત્રિ પછી ક. ૦૩–૩૧ (તા. ૬)

ઓટઃ સવારે ક. ૦૮–૩૧, રાત્રે ક. ૨૧–૩૮

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, નિજ જયેષ્ઠ કૃષ્ણ – પંચમી. નાગપંચમી (બંગાળ), પંચક

શુભાશુભ દ્ગિનશુદ્ધિઃ શુભ દિવસ.

મુહૂર્ત વિશેષઃ ઉપનયન, સર્વદેવ પ્રતિષ્ઠા. સૂર્ય–રાહુ દેવતાનું પૂજન, વરુણ દેવતાનું પૂજન, કદંબનું વૃક્ષ વાવવું,પરદેશનું પસ્તાનું, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, સર્વશાંતિ, શાંતિપૌષ્ટિક પૂજા, વિદ્યારંભ, રાજ્યાભિષેક, પાટ–અભિષેક પૂજા, ધજા–કળશ પતાકા ચઢાવવી, બગીચાના કામકાજ, વસ્ત્ર, આભૂષણ, માલ લેવો, દેવદર્શન, અન્નપ્રાશન, નોકરી, દુકાન, રત્નધારણ વૃક્ષ વાવવા, વાહન સવારી, ધાન્ય વેંચવું, ધાન્ય ભરવું, નિત્ય થતાં પશુ લેવડદેવડના કામકાજ, આંબો વાવવો, અજૈંક્યપાદ દેવતાનું પૂજન. ભગવાન સૂર્યનારાયણનું પૂજન.

આચમનઃ ચંદ્ર–સૂર્ય ત્રિકોણ કર્મનિષ્ઠ.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–સૂર્ય ત્રિકોણ

ગ્રહગોચરઃ સૂર્ય–મિથુન, મંગળ–વૃષભ, વક્રી બુધ–કર્ક, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–સિંહ, માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની
### તા. ૫-૭-૨૦૨૬ થી તા. ૧૧-૭-૨૦૨૬

રવિવાર, નિજ જયેષ્ઠ વદ–૫, વિ. સં. ૨૦૮૨, તા. ૫મી જૂન, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર શતભિષા બપોરે ક. ૧૫–૧૨ સુધી, પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. નાગપંચમી (બંગાળ), પંચક, ઉપનયન, સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ,

સોમવાર, નિજ જયેષ્ઠ વદ–૬, તા. ૬ઠ્ઠી. નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સાંજે ક. ૧૬–૦૭ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા. ચંદ્ર કુંભમાં સવારે ક. ૦૯–૫૬ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. સૂર્ય પુનર્વસુમાં ક. ૧૨.૦૪ પ્રવેશ. ચંદ્ર, વાહન અશ્વ, પંચક, ભદ્રા બપોરે ક. ૧૩–૪૭થી મધ્યરાત્રે ક. ૨૫–૪૦. લગ્ન, ખાતમુહૂર્ત, સામાન્ય દિવસ.

મંગળવાર, નિજ જયેષ્ઠ વદ–૭, તા. ૭મી, નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા સાંજે ક. ૧૬–૨૩ સુધી, પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. કાલાષ્ટમી, પંચક. બુધ મિથુનમાં ક. ૧૦–૩૧, નેપ્ચ્યૂન વક્રી, લગ્ન, શુભ દિવસ.

બુધવાર, નિજ જયેષ્ઠ વદ–૮, તા. ૮મી જુલાઈ, નક્ષત્ર રેવતી બપોરે ક. ૧૫–૫૯ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં બપોરે ક. ૧૫–૫૯ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. પંચક સમાપ્તિ બપોરે ક. ૧૫–૫૯. લગ્ન, ખાતમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુ કળશ, (સાંજે ક. ૧૬–૦૧ સુધી શુભ)

ગુરુવાર, નિજ જયેષ્ઠ વદ–૯, તા. ૯મી, ૨૦૨૬, નક્ષત્ર અશ્વિની બપોરે ક. ૧૪–૫૫ સુધી, પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૧–૩૧. લગ્ન, ખાત મુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુ–કળશ, રિક્તા તિથિમાં લગ્નમુહૂર્ત ગ્રાહ્ય છે. (આથી રિક્તા તિથિ છતાંય સામાન્ય દર્શાવેલ છે.) સામાન્ય દિવસ.

શુક્રવાર, નિજ જયેષ્ઠ વદ–૧૦, તા. ૧૦મી, નક્ષત્ર ભરણી બપોરે ક. ૧૩–૧૪ સુધી, પછી કૃત્તિકા. ચંદ્ર મેષમાં સાંજે ક. ૧૮–૪૪ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. સ્માર્ત યોગિની એકાદશી (સાકર), એકાદશી ક્ષય તિથિ છે. ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮–૧૬. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, નિજ જયેષ્ઠ વદ–૧૨, તા. ૧૧મી, નક્ષત્ર કૃત્તિકા સવારે ક. ૧૧–૦૩ સુધી, પછી રોહિણી. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. ભાગવત યોગિની એકાદશી (સાકર), પારસી ૧૨મો સ્પેન્દાર્મદ માસારંભ, શનિ રોહિણી અમૃતસિદ્ધિ યોગ સવારે ક. ૧૧.૦૩ થી સૂર્યોદય (પ્રયાણ વર્જ્ય) તિથિવાસર સવારે ક. ૧૦–૩૨. લગ્ન, વાસ્તુ કળશ, ખાતમુહૂર્ત, શુભ દિવસ. ■

# પાકિસ્તાનના ૨૩ને આતંકવાદી જાહેર કર્યા

નવી દિલ્હીઃ કેન્દ્રના ગૃહમંત્રાલયે શનિવારે પાકિસ્તાનસ્થિત ૨૩ ઈસમને આતંકવાદવિરોધી કાયદા અનલોફુલ એક્ટિવિટિઝ ઍક્ટ હેઠળ ‘આતંકવાદી’ ઘોષિત કર્યા છે. આમાં લશ્કર–એ–તૈયબાના સંસ્થાપક હાફિઝ મોહમંદ સઈદના નિકટના સાગરીતો અને જૈશ–એ–મોહંમદ સાથે સંકળાયેલા આતંકવાદીનો સમાવેશ થાય છે.

આ જાહેર કરાયેલા આતંકવાદીઓ સુરક્ષા દળો પરના ભયંકર હુમલા, ડ્રોનથી હથિયારોની દાણચોરી તથા સોશ્યલ મીડિયાના માધ્યમથી યુવાનોને ભરતી કરીને તેમના માનસમાં ઝેર રેડવામાં સંડોવાયેલા છે. જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળો પર હુમલો કરવા માટે જવાબદાર ઈસમ સહિતના પાકિસ્તાનસ્થિત ૨૩ ઈસમને શનિવારે ચોથા શેડ્યુલ પ્રમાણેની યાદીમાં સામેલ કરવામાં આવ્યા હતા. હવે આ યાદીમાં ૮૦ ઈસમનો સમાવેશ થાય છે. ‘એક્સ’ પર એક સંદેશો મૂકીને કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે લખ્યું હતું કે આ જાહેર કરાયેલા આતંકવાદીઓ ભારતવિરોધી પ્રવૃત્તિ, આંતકતવાદી હુમલો કરવામાં, આતંક ફેલાવામાં, હથિયારોની દાણચોરી, સરહદ પર ઘૂસણખોરી, આતંકવાદી સંગઠનોને મદદ, ભંડોળ ભેગું કરવામાં અને યુવાનોની ભરતી કરીને તેમના માનસમાં ઝેર રેડવામાં સામેલ છે. મોદીજીના આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાના વિઝનને અપનાવીને આ ૨૩ને યુએપીએ કાયદા હેઠળ આતંકવાદી જાહેર કરાયા છે. શાહે વધુમાં લખ્યું હતું કે ૨૩ જાહેર કરાયેલા આતંકવાદીમાંથી ૧૭ પાકિસ્તાની નાગરિક અને છ ભારતીય નાગરિક છે. જોકે હાલમાં આ બધા પાકિસ્તાન કે પાકિસ્તાનના તાબા હેઠળના કાશ્મીરમાંથી આતંકવાદી પ્રવૃત્તિ કરે છે. મોદી સરકાર દરેક ટેરર જૂથને ખતમ કરીને ભારત અને ભારતના લોકોનું રક્ષણ કરવા કૃતનિશ્ચયી છે. આ જાહેરાત બાદ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી આતંકવાદીના નાણાં, હથિયારોના વેચાણ પર પ્રતિબંધ અને તેમની મિલકતોની જપ્તી કરી શકે છે.



**ગૌશાળાનું લોકાર્પણઃ** રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના વરદહસ્તે આજે અમદાવાદના આંબલી વિસ્તારમાં નવનિર્મિત સિતાવન ગીર ગૌશાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. લોકાર્પણ સમારોહ બાદ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગૌશાળાની ગાયોને અત્યંત પ્રેમપૂર્વક પોતાના હાથે ગોળ ખવડાવ્યો હતો. આ તકે તેમણે ગૌશાળાના પ્રાગણમાં વૃક્ષારોપણ કરી ઉપસ્થિત સૌને ગૌસેવાની સાથે–સાથે પર્યાવરણના સંતુલનને જાળવી રાખવા માટે વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવાનો આગ્રહ કર્યો હતો. તેમણે ગૌશાળા પરિસરમાં નિર્મિત ઘાસચારા ગોડાઉન અને દાણ સ્ટોરેજની મુલાકાત લીધી હતી. તેમણે પશુઓ માટે રાખવામાં આવેલા ચારાની ગુણવત્તા, ભંડારણ વ્યવસ્થા તથા ગૌશાળાની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું.

# મુંબઈને બાનમાં લીધું વરસાદેઃ આજે રેડ અલર્ટ, ઘરમાં જ રહેજો

### ઝાડ,ઘર તૂટી પડયાઃ વિક્રોલી, પવઈમાં સાડા નવથી સાડા દસ ઈંચ વરસાદઃ પાણી ભરાયાં, ટ્રાફિક-ટ્રેનો ખોરવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુશળધાર વરસાદે ફરી એક વખત મુંબઈ સહિત સમગ્ર મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તારને ધમરોળી નાખ્યું હતું. આખી રાતના વરસાદની સાથે જ દિવસભર વરસાદ સતત ચાલુ રહ્યો હતો. બપોરના દરિયામાં ભરતી હોવાથી અનેક વિસ્તારો જળબંબાકાર થયા હતા. રેલવેની સાથે જ રોડનો ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. સામાન્ય જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું.

ભારતીય હવામાન વિભાગે આપેલા રેડ અલર્ટને પગલે બપોરના સત્રની સ્કૂલ, કૉલેજો બંધ રહી હતી. ધોધમાર વરસાદને કારણે શહેરમાં અનેક જગ્યાએ વૃક્ષો અને ઘર તૂટી પડવાના, ભાંડુપ રસ્તો ધસી જવાના બનાવ બન્યા હતા. વરસાદને કારણે બે લોકો જખમી થયા હતા. હવામાન વિભાગે રવિવાર માટે રેડ અલર્ટ આપીને આવશ્યકતા ન હોય તો ઘરની બહાર નહીં નીકળવું એવી સલાહ આપી છે.

મુંબઈમાં છેલ્લા એક અઠવાડિયાથી વરસાદ સતત પડી રહ્યો છે. આ વખતે ચોમાસાની મોડી શરૂઆત પછી હવે ચોમાસું જામ્યું છે. શનિવાર સવારના આઠ વાગ્યાથી સાંજના આઠ વાગ્યા સુધીમાં મુંબઈમાં સૌથી વધુ વરસાદ પૂર્વ ઉપનગરના વિક્રોલી પશ્ચિમમાં ૨૬૩ મિ.મી. (સાડા દસ ઈંચ), વિક્રોલી (પૂર્વ)માં ૨૫૦ મિ.મી. પડયો હતો. પવઈમાં ૨૪૯.૬ મિ.મી., ભાંડુપમાં ૨૪૩ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તો પશ્ચિમ ઉપનગરમાં આ સમય દરમ્યાન અંધેરીમાં ૨૧૭.૨ મિ.મી., મલાડ–ચિંચોલીમાં ૨૩૪ મિ.મી., કાંદિવલીમાં ૨૨૮ મિ.મી., જોગેશ્વરીમાં ૨૧૯.૪ મિ.મી. અને શહેરમાં મલબાર હિલમાં ૧૭૪.૮ મિ.મી., લોઅર પરેલમાં ૧૭૦.૬ મિ.મી., પરેલમાં ૧૬૭ મિ.મી., વરસાદ નોંધાયો હતો.

શહેરમાં સરેરાશ ૯૯ મિ.મી વરસાદ પડ્યો, જ્યારે પૂર્વ અને પશ્ચિમ ઉપનગરોમાં અનુક્રમે ૯૮ મીમી અને ૯૪ મિ.મી. વરસાદ નોંધાયો. દિવસભર ધોધમાર વરસાદ ચાલુ રહ્યો હતો. શનિવારે સવારે આઠ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધીમાં પૂર્વીય ઉપનગરોમાં ૧૨૫ મિ.મી. વરસાદ સાથે સૌથી વધુ વરસાદ પડયો, ત્યારબાદ પશ્ચિમ ઉપનગરોમાં ૧૧૧ મીમી, જ્યારે દક્ષિણ મુંબઈમાં ૪૭ મિ.મી. વરસાદ પડ્યો હતો.

અવિરત વરસાદને કારણે અંધેરી, સાકીનાકા, કુર્લા, ચેમ્બુર–છેડા નગર, પવઈ, ભાંડુપ, વિક્રોલી, મુલુંડ, વિલેપાર્લે, સાંતાક્રુઝ, માટુંગા, ઘાટકોપર, ગોરેગાંવ અને દહિસરમાં પાણી ભરાઈ જતા ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. રેલવે પાટા પર પાણી ભરાઈ જતા ઉપનગરીય રેલવે સેવા ૧૫થી ૩૦ મિનિટ મોડી દોડી રહી હતી.

હવામાન વિભાગે મુંબઈ અને થાણે માટે રવિવાર સુધી રેડ અલર્ટ લંબાવ્યું છે, જેમાં પાલઘર સોમવાર સવાર સુધી રેડ અલર્ટ રહેશે. તેથી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મુંબઈ મેટ્રોપોલિટન રિજન અને પુણે–નાશિકના રહેવાસીઓને બિન–આવશ્યક મુસાફરી ટાળવા અને છ જુલાઈ સુધી સત્તાવાર હવામાન સલાહનું કડક પાલન કરવાની અપીલ કરી છે.

# સરકારની ટેલિગ્રામને નૉટિસઃ પાઈરેટેડ કન્ટેન્ટ પર લગામ તાણો

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે લોકપ્રિય મૅસેજિંગ એપ ટેલિગ્રામને નોટિસ મોકલાવીને કહ્યું છે કેતેના પ્લેટફોર્મ પર પાઈરેટેડ એટલે કે કોપીરાઈટ કે પરવાનગી વિના ગેરકાયદે ચોરી કરાયેલા ફિલ્મ, ઓટીટી કન્ટેન્ટ અને બીજા ઓડિયો–વિઝ્યુએલ મટિરિયલના થઈ રહેલા વ્યાપક પ્રસાર પર તવાઈ લાવો, એવી માહિતી સરકારી અધિકારીઓએ શનિવારે આપી હતી.

માહિતી અને પ્રસારણ ખાતાના મંત્રાલયે ટેલિગ્રામને પંદર દિવસમાં એકશન ટેકન રિપોર્ટ આપવાનો આદેશ આપ્યો છે. અધિકારીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકારે પાઈરેટેડ કન્ટેન્ટને ક્રમબદ્ધ તરીકે હટાવવાને બદલે હવે પ્લેટફોર્મને જવાબદાર ઠરાવવાનો અભિગમ અપનાવ્યો છે. સરકારે નીટની ફેરપરીક્ષામાં પેપર ફૂટી ન જાય એ માટે સાવચેતીનાં પગલાં તરીકે જૂનમાં આ મેસન્જરને હંગામી રીતે બંધ કર્યું હતું. મંત્રાલયે ટેલિગ્રામને કહ્યું છે કે કોપીરાઈટનો ભંગ એ ફક્ત નાગરિક ભંગ નથી પરંતુ કોપીરાઈટ ધારા–૧૯૫૭ અને સિનેમેટોગ્રાફ એક્ટ–૧૯૫૨ હેઠળ ફોજદારી ગુનો છે.

મંત્રાલયે ટેલિગ્રામને સ્પષ્ટ કહી દીધું છે ટેલીગ્રામે સરકાર પાઈરેટેડ ચેનલને શોધી કાઢે એની રાહ જોવી ન જોઈએ. આઈટી ઍક્ટ ૨૦૦૦ અને આઈટી રૂલ્સ ૨૦૨૧ હેઠળ ચેનલવાર જવાબી અભિગમ યોગ્ય નથી. અગાઉ કેન્દ્રે મેટાને નોટિસ મોકલાવી હતી. કેન્દ્રે મેટાને તેનો યુઝરનેમનો ફીચર અટકાવી દેવાનો આદેશ આપ્યો હતો.

મંત્રાલયે ટેલિગ્રામને પ્રોડ્યુસર, ઓટીટી પ્લેટફોર્મ અને કાયદાના રખેવાળ કરતી એજન્સીઓ તરફથી ફરિયાદની યંત્રણા જણાવવાનું કહ્યું હતું.ટેલિગ્રામને એ વાતની યાદ અપાવામાં આવી છે કે એક મૅસેજિંગ એપ તરીકે તેણે આઈટી ઍક્ટ અને આઈટી રૂલ્સનું પાલન કરવું જોઈએ.

# સંસદના ચોમાસુ સત્રનો ૨૦ જુલાઇથી પ્રારંભ

નવી દિલ્હીઃ સંસદના ચોમાસુ સત્રનો ૨૦ જુલાઇથી પ્રારંભ થશે અને ૧૩ ઓગસ્ટ સુધી ચાલશે. આ માહિતી સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે શાસક ભાજપના પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરી વિધાનસભા ચૂંટણીમાં વિજય બાદ ૧૯ બેઠકો સાથેનું આ પચીસ દિવસનું સત્ર યોજાઇ રહ્યું છે. આ આગામી સત્રમાં તૃણમૂલ કોંગ્રેસ(ટીએમસી) અને શિવસેના(યુબીટી)માં થયેલા બળવાના પરિણામો પણ જોવા મળશે. લોકસભા સ્પીકર ઓમ બિરલાએ ટીએમસીના ૨૦ અને શિવસેનાના છ સાંસદોની માગ પર નિર્ણય લેવાનો છે, જેમાં તેમણે એક અલગ જૂથ તરીકે માન્યતા માંગી છે. રાજ્યસભામાં નવા ચૂંટાયેલા અને ફરી ચૂંટાયેલા સાંસદોના શપથ ગ્રહણ પછી શાસક એનડીએની તરફેણમાં રાજકીય સંખ્યા બળ વધુ મજબૂત બનવા પામ્યું છે.ઉપલા ગૃહમાંથી ટીએમસીના ત્રણ બળવાખોર સાંસદોએ રાજીનામું આપી દીધું છે. જેથી પેટાચૂંટણીઓથી ભાજપને રાજ્યસભામાં વધુ શક્તિ એકત્ર કરવામાં મદદ મળશે. રિજિજુએ એક્સ પર જણાવ્યું કે સરકારની ભલામણ પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંસદના બંને ગૃહોને ચોમાસુ સત્ર ૨૦૨૬ માટે બોલાવ્યા છે. આ સત્ર ૨૦ જુલાઇ, ૨૦૨૬થી શરૂ થશે અને ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. જેમાં રાષ્ટ્રીય મહત્વના મુદ્દાઓ અંગે અર્થપૂર્ણ ચર્ચા, સંવાદ અને નિર્ણયો લેવામાં આવશે. જો કે ભાજપના વડપણ હેઠળની એનડીએ સરકાર માટે છેલ્લું સત્ર નિરાશાજનક રહ્યું હતું. કારણ કે નીચલા ગૃહમાં બંધારણ સુધારા બિલ પરાસ્ત થયું હતું. આ બિલનો ઉદ્દેશ્ય ૨૦૨૯માં વિધાનસભાઓમાં મહિલાઓ માટે અનામત લાગુ કરવાનો અને લોકસભામાં બેઠકોની સંખ્યા વધારવાનો હતો.

### અખાતના યુદ્ધ વખતે ઈંધણની કટોકટી પાર કરી જવા બદલ મોદી બોલ્યા

# ‘ભારત કી ડિપ્લોમસી કા જલવા દિખા...’

### રાજસ્થાનમાં રિફાઇનરી, ઍરપોર્ટ ટર્મિનલ સહિતના પ્રૉજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું વડા પ્રધાને

જયપુરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું કે અખાતના યુદ્ધ વખતે ભારતની મુત્સદ્દીગીરીની નોંધ ઇતિહાસના પુસ્તકોમાં લેવાશે. તેમણે કહ્યું હતું કે ‘લેકિન સંકટ કે સમય ભારત કી ડિપ્લોમસી કા જલવા દિખ ગયા, દૂસરે દેશો કે સાથે હમારે અચ્છે સંબંધ ઇસ ઘડી મેં બહોત કામ આયે.’

તેમણે રાજસ્થાનમાં પચપદરા રિફાઇનરી, જોધપુર વિમાનમથકના નવા ટર્મિનલ સહિતના વિવિધ પ્રૉજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું હતું.

મોદીએ દુનિયાના દેશોની સાથે ભારતની સરખામણી કરતાં જણાવ્યું હતું કે અમેરિકામાં છેલ્લાં પચાસ વર્ષમાં એક પણ નવી (તેલ) રિફાઇનરી ઊભી નથી કરાઇ. યુરોપની (તેલ) રિફાઇનિંગ ક્ષમતા સતત ઘટી રહી છે. આવા સમયે ભારત (તેલ) રિફાઇનિંગ ક્ષમતા ધરાવતો ચોથા ક્રમનો સૌથી મોટો દેશ બની ગયો છે.

વડા પ્રધાને આક્ષેપ કર્યો હતો કે રાજસ્થાનમાં ૨૦૧૮ અને ૨૦૨૩ની વચ્ચે કૉંગ્રેસની સરકાર હતી ત્યારે રિફાઇનરીનું કામ લગભગ બંધ રહ્યું હતું. મોદીએ જણાવ્યું હતું કે બજારના નિષ્ણાતો લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગૅસ (એલપીજી)ના ભાવ ૨,૦૦૦ રૂપિયા થઇ જવાનો ભય વ્યક્ત કરતા હતા, પરંતુ સરકારે વિવિધ પગલાં લઇને આ ભાવવધારો અટકાવ્યો હતો. તેમણે બાલોતરામાં જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયામાંની લડાઇને લીધે દુનિયાભરમાં ભય ફેલાયો હતો. બધા દેશ મુશ્કેલીમાં મુકાયા હતા. ૨૧મીસદીની સૌથી મોટી ઊર્જા કટોકટી સર્જાઇ હતી. ભારતે બહુ જ સારી મુત્સદ્દીગીરીથી આ પડકારનો સામનો સફળતાપૂર્વક કર્યો હતો.

મોદીએ દેશના સૌપ્રથમ ગ્રીનફિલ્ડ ઇન્ટિગ્રેટેડ રિફાઇનરી–કમ–પેટ્રોકેમિકલ કૉમ્પ્લેક્ષને બાલોતરા જિલ્લામાં પચપદરા ખાતેથી રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. વડા પ્રધાને જોધપુર વિમાનમથક ખાતે નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું હતું અને વિસ્તારેલી ૨૮,૮૪૦ કરોડના ખર્ચવાળી ‘ઉડાન’ સ્કીમ શરૂ કરાવી હતી. (એજન્સી)

# બદરીનાથ ધામમાં પણ દાનની ચોરી?: તપાસનો આદેશ

દહેરાદૂનઃ બદરીનાથ ધામમાં દાનની ચોરીના આક્ષેપને પગલે બદરીનાથ – કેદારનાથ ટેમ્પલ કમિટીએ શુક્રવારે તપાસનો આદેશ આપ્યો હતો.

અગાઉ, અયોધ્યાના રામમંદિરમાં દાનની રકમ અને મૂલ્યવાન ચીજોની ચોરી થઇ હોવાનું પકડાતા તેના સંબંધમાં કાયદેસર કાર્યવાહી અને વધુ તપાસ થઇ રહી છે. બદરીનાથ – કેદારનાથ ટેમ્પલ કમિટી હેમંત દ્વિવેદીએ જણાવ્યું હતું કે મંદિરની સમિતિએ સોશ્યલ મીડિયા પર ફેલાયેલા સંબંધિત આરોપની ગંભીર નોંધ લીધી છે અને તેની તપાસ કરવા સમિતિ રચવાનો આદેશ આપ્યો હતો.

દ્વિવેદીએ દાનની ચોરીમાં પોતાનો સેક્રેટરી સંડોવાયો હોવાનું કહેતા આરોપને નકારી કાઢ્યો હતો.તેમણે સ્પષ્ટતા કરી હતી કે મંદિરમાંની કહેવાતી ચોરીમાં જે વ્યક્તિ સંડોવાયેલી હોવાનું કહેવાય છે, તે બદરીનાથ – કેદારનાથ ટેમ્પલ કમિટી ખાતેનો નિયમિત સરકારી કર્મચારી છે. જો આક્ષેપ સાચા સાબિત થશે, તો કોઇ પણ દોષીને નહિ છોડાય. ગુનેગારો સામે કડક પગલાં લેવાશે.

# જામનગરમાં ખનીજ માફિયાઓએ અધિકારીઓ સાથે મારામારી કરી, ૧.૫ કરોડના મુદ્દામાલ સાથે આઠ વાહન જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર જિલ્લામાં ખનીજ માફિયાઓ બેફામ બન્યા છે, આ માથાભારે તત્ત્વોને જાણે કાયદાનો કોઈ ભય ન હોય તેમ વર્તી રહ્યા છે. જામનગરના જોડિયામાં ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરીની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી આકસ્મિક તપાસ દરમિયાન મોટા પાયે ગેરકાયદે ખનીજ ચોરી ઝડપાઈ હતી. આ તપાસ કાર્યવાહી દરમિયાન વાહન માલિક એઝાઝ નામના શખ્સે સરકારી ટીમ સાથે ગેરવર્તન અને મારામારી કરી સરકારી કામગીરીમાં અવરોધ ઉભો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સમગ્ર ઘટનાક્રમનો વીડિયો પણ સોશ્યલ મીડિયા પર વાઇરલ થયો છે.

જો કે પાલિકા અને ખનીજ વિભાગના અધિકારીઓએ નિડર બની દરોડાની કામગીરી યથાવત્ રાખી રૂ. ૧.૫ કરોડના મુદ્દામાલ સાથે કુલ આઠ જેટલા ખનીજ ભરેલા વાહનોને ઝડપી લીધા હતા. ખનીજ વિભાગની ટીમે પોતાની ફરજમાં કરવામાં આવેલી આ અવરોધ અને મારામારીની ઘટનાને ગંભીરતાથી લીધી હતી.

આ મામલે જોડિયા પોલીસ સ્ટેશનમાં ફરજમાં રૂકાવટ કરનાર શખ્સ એઝાઝ વિરુદ્ધ કાયદેસરની પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે વાઇરલ થયેલા વીડિયો અને અન્ય પુરાવાઓના આધારે આગળની તપાસ હાથ ધરી છે. ■





રાજકોટમાં માત્ર દોઢ ઇંચ વરસાદ બાદ શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ તૂટી ગયા છે. આ સાથે જ મનપા તંત્રમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર, તંત્રના ભ્રષ્ટ અધિકારીઓની કોન્ટ્રાક્ટરો સાથેની મિલીભગતની પણ પોલ ખુલી ગઈ છે. બિસ્માર રસ્તાઓના કારણે સ્થાનિક લોકો અને વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે અને આ મુદ્દે તેમણે તંત્ર પર ફિટકાર વરસાવી હતી...
(ફોટોગ્રાફર– પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ગીર સોમનાથના ઊનામાં પતિએ દારૂના નશામાં પત્નીને પથ્થર મારી મોતને ઘાટ ઉતારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઉના: ગીર-સોમનાથ જિલ્લાના ઉના શહેરમાં શનિવારે બપોરે એક હૃદયદ્રાવક અને ચકચાર મચાવનારી ઘટના બની હતી. દારૂના નશાએ વધુ એક પરિવારને બરબાદ કરી નાખ્યો છે. વર્ષોથી દારૂની લતથી પીડાતા પતિએ નજીવી બોલાચાલી દરમિયાન પત્નીના માથામાં પથ્થરનો જીવલેણ ઘા ઝીંકી તેની હત્યા કરી નાખતાં સમગ્ર શહેરમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ઉના પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને આરોપી પતિને ગણતરીની મિનિટોમાં ઝડપી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાથમિક માહિતી મુજબ ઊના શહેરમાં રહેતા ખલીલ દાઉદભાઈ કાદીયાત (ઉ.વ. ૫૦)ને લાંબા સમયથી દારૂ પીવાની લત હતી.







(તસ્વીર– ફારૂક કાઝી, ઉના)

શનિવારે બપોરે પણ તે ભારે નશાની હાલતમાં ઘરે પહોંચ્યો હતો. દારૂના મુદ્દે પત્ની સમીમબેન સાથે બોલાચાલી શરૂ થઈ હતી. શરૂઆતમાં સામાન્ય તકરાર લાગતો વિવાદ થોડી જ ક્ષણોમાં ઉગ્ર બની ગયો હતો. ગુસ્સાના આવેશમાં ખલીલે ઘરમાં પડેલો પથ્થર ઉઠાવી પત્નીના માથામાં જોરદાર ઘા ઝીંક્યો હતો. ગંભીર ઇજા થતાં સમીમબેન લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા.

બનાવની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ ઊના પોલીસે તપાસ શરૂ કરી હતી. આરોપી પતિ બનાવ બાદ ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પરંતુ પોલીસે ઝડપી કાર્યવાહી કરીને થોડા જ સમયમાં તેને પકડી લીધો હતો. પોલીસ સ્ટેશનમાં મૃતકના પુત્ર વાહિદે પોતાના જ પિતા સામે હત્યાની ફરિયાદ નોંધાવી હતી.

મૃતક સમીમબેનને બે પરીણિત દીકરી અને એક પુત્ર છે. પુત્ર ઊનાની એક બેંકમાં નોકરી કરે છે. માતાની હત્યા બાદ પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. જે પિતાના સહારે પરિવાર જીવતો હતો, એ જ પિતાએ માતાનો જીવ લેતાં સમગ્ર પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. ■

# ભાવનગરમાં સાયબર ફ્રોડના રૂ.૨૧.૩૭ કરોડના સંગઠિત કૌભાંડમાં ગુજસીટોક હેઠળ તપાસ તેજ: નવ આરોપીઓ ઝડપાયા, ૧૩૪ બૅંક ખાતાંનો ઉપયોગ ખુલ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ ગુજરાત પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા 'ઓપરેશન મ્યુલ હંટ' અંતર્ગત ભાવનગર પોલીસે સાયબર ફ્રોડના એક મોટા સંગઠિત કૌભાંડનો પર્દાફાશ કરી ગુજસીટોક (ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ) હેઠળ નોંધાયેલા ગુનામાં ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

ભાવનગર ગ્રામ્ય વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક ઘનશ્યામ ગૌતમના માર્ગદર્શન હેઠળની વિશેષ ટીમે તપાસ દરમિયાન મુખ્ય આરોપી દશરથ રામજીભાઈ ધાંધલ્યા સહિતની ટોળકીએ જુદા જુદા વ્યક્તિઓના બેંક ખાતા ભાડે અથવા કમિશનથી મેળવી તેનો ઉપયોગ સાયબર ફ્રોડના નાણાંની હેરફેર માટે કર્યો હોવાનું બહાર લાવ્યું છે. તપાસમાં સામે આવ્યું છે કે કુલ ૧૩૪ બેંક ખાતાઓ મારફતે રૂ. ૨૧.૩૭ કરોડથી વધુના નાણાકીય વ્યવહારો કરવામાં આવ્યા હતા. આ ખાતાઓ સામે નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCRP) પર કુલ ૨૭૨ ફરિયાદો નોંધાઈ છે, જેમાં રૂ. ૮.૧૧ કરોડથી વધુની છેતરપિંડી થઈ હોવાનું નોંધાયું છે. આરોપીઓ ફ્રોડની રકમ બેંક ખાતાઓમાં જમા કરાવી ચેક અને એટીએમ મારફતે ઉપાડી અન્યત્ર ખસેડી દેતા હતા.

આ મામલે બોરતળાવ પોલીસ સ્ટેશનમાં કુલ ૧૦ આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની વિવિધ કલમો તેમજ ગુજસીટોક-૨૦૧૫ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં નવ આરોપીઓની ધરપકડ કરી તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાંથી ૧૮ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર થયા બાદ હાલ તમામ આરોપીઓને જેલ હવાલે કરવામાં આવ્યા છે. તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી રૂ. ૯.૩૮ લાખની રોકડ રકમ, ૨૨ બેંક પાસબુક, ૨૨ ચેકબુક, ૩૭ ડેબિટ કાર્ડ અને ખાતાઓ સાથે જોડાયેલા ૧૨ મોબાઇલ સિમકાર્ડ કબજે કરવામાં આવ્યા છે. ઉપરાંત ૨૫થી વધુ સીસીટીવી ફૂટેજ જપ્ત કરી તેની ફોરેન્સિક તપાસ માટે એફએસએલ ગાંધીનગર મોકલવામાં આવ્યા છે. પોલીસે કેસમાં ૧૦૦થી વધુ સાક્ષીઓના નિવેદનો લેવાની કાર્યવાહી શરૂ કરી છે, જેમાં ૨૦થી વધુના નિવેદનો નોંધાઈ ચૂક્યા છે. બે આરોપીઓના ગુજસીટોકની કલમ ૧૬ હેઠળ કન્ફેશન નિવેદનો પણ નોંધવામાં આવ્યા છે. ઉપરાંત ૧૩૪ પૈકી ૫૦થી વધુ બેંક ખાતાઓનું ફોરેન્સિક વિશ્લેષણ કરવામાં આવ્યું છે, જ્યારે ૯૧ ખાતાઓના આઈપી લોગ મેળવી ટ્રાન્ઝેક્શન માટે ઉપયોગમાં લેવાયેલા ડિવાઇસ અને મોબાઇલ નંબરોનું મેપિંગ કરવામાં આવ્યું છે. ■

# ભાવનગરમાં નશાકારક કફ સિરપનો કારોબાર:૧૯૩ બોટલ નશાકારક કફ સિરપ સાથે એક ઝડપાયો, એક ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના કુંભારવાડા વિસ્તારમાં પ્રતિબંધિત નશાકારક કફ સિરપનું અનધિકૃત વેચાણ કરતા એક શખ્સને બોરતળાવ પોલીસે બાતમીના આધારે દબોચી લીધો હતો. પોલીસે સ્થળ પરથી ૧૯૩ બોટલ સિરપ સહિત કુલ ૩૫ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગરના બોરતળાવ પોલીસ સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે કુંભારવાડા વિસ્તારમાં નશાકારક સિરપનો કાળો કારોબાર ચાલી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે ગોપાલ સોસાયટી, મફતનગર, કુંભારવાડા ખાતે રહેતા વિનોદ ઉર્ફે વિનો નાથાભાઈ વાઘેલા (ઉં.વ. ૩૦) ના ઘરે ઓચિંતો દરોડો પાડ્યો હતો. પોલીસની તપાસ દરમિયાન ઘરના કબજામાંથી કેન્દ્રીય નિયમો હેઠળ પ્રતિબંધિત એવી 'કોડીન ફોસ્ફેટ' યુક્ત કફ સિરપની કુલ ૧૯૩ બોટલો મળી આવી હતી. પોલીસે પ્રતિબંધિત કફ સિરપ: રૂ. ૩૦,૪૧૬.૮૦ ની કિંમતનો જથ્થો,મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૩૫,૪૧૬.૮૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે પકડાયેલા આરોપી વિનોદ વાઘેલા વિરુદ્ધ નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એનડીપીએસ એક્ટની વિવિધ કડક કલમો હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરી હતી.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું હતું કે, આ નશાના નેટવર્કમાં અન્ય એક સ્થાનિક શખ્સ પણ સક્રિય ભૂમિકા ભજવી રહ્યો હતો. પોલીસે કુંભારવાડાના નારી રોડ પર આવેલી રામદેવનગર સોસાયટીમાં રહેતા જનક ઉર્ફે જલો લાલજીભાઈ સોલંકીને આ ગુનામાં સહ-આરોપી તરીકે દર્શાવી તેને ઝડપી લેવા માટે અલગ-અલગ ટીમો બનાવી ચક્રો ગતિમાન કર્યા છે. ■

# ભાવનગર મહાનગરપાલિકાની નવ ખાસ સમિતિઓના ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનની વરણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: મહાનગરપાલિકાની નવ ખાસ કમિટીઓની ભવ્ય રચના બાદ તમામ સમિતિઓની એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આગામી અઢી વર્ષની મુદત માટે વિવિધ સમિતિઓના ચેરમેન તેમજ ડેપ્યુટી ચેરમેનની સત્તાવાર વરણી કરવામાં આવી છે.




(તસ્વીર– વિપુલ હિરાણી, ભાવનગર)

સત્તાવાર જાહેરાત મુજબ, બાંધકામ કમિટીના ચેરમેન પદે સંજયભાઈ વેગડ અને ડેપ્યુટી ચેરપર્સન તરીકે ઉષાબેન ગોહેલની નિમણૂક કરવામાં આવી છે, જ્યારે આરોગ્ય કમિટીની કમાન ભાવિકભાઈ મણિયારને સોંપાઈ છે અને તેમની સાથે ડેપ્યુટી ચેરમેન તરીકે હરેશભાઈ મેણીયા કાર્યભાર સંભાળશે. આ ઉપરાંત, ડ્રેનેજ કમિટીમાં ચેરમેન પદે ભાર્ગવભાઈ ભટ્ટ અને ડેપ્યુટી ચેરમેન તરીકે વૈભવભાઈ પારેખની વરણી કરાઈ છે. વોટર વર્ક્સ કમિટીમાં ચેરમેન તરીકે નરેશભાઈ મકવાણા અને ડેપ્યુટી ચેરમેન તરીકે જાગૃતિબેન રાવળની પસંદગી કરવામાં આવી છે.

શહેરના આયોજન માટે મહત્ત્વની એવી ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન પદે વૈશાલીબેન કનાડીયા અને ડેપ્યુટી ચેરમેન તરીકે સંજયભાઈ રાઠોડની નિયુક્તિ કરાઈ છે. સામાજિક કલ્યાણના કાર્યો કરતી સોશ્યલ વેલ્ફેર કમિટીમાં ચેરમેન પદે ઉમાબા રાણા અને ડેપ્યુટી ચેરમેન તરીકે રેખાબેન બારૈયા સેવા આપશે.

શહેરના બગીચાઓની જવાબદારી સંભાળતી ગાર્ડન કમિટીમાં ચેરમેન તરીકે પરેશભાઈ રાઠોડ અને ડેપ્યુટી ચેરમેન તરીકે જયકિશનભાઈ હાવલિયા પદભાર સંભાળશે.

આ સાથે જ સ્ટ્રીટ લાઈટ કમિટીમાં ચેરમેન પદે હીરાબેન કુકડીયા અને ડેપ્યુટી ચેરમેન તરીકે વંદનાબેન જાંબુચાના નામની જાહેરાત કરવામાં આવી છે. જ્યારે કાનૂની બાબતો સંભાળતી લીગલ કમિટીમાં ચેરમેન તરીકે ભાવનાબેન ત્રિવેદી અને ડેપ્યુટી ચેરપર્સન તરીકે પારુલબેન ઢાપાની વરણી સાથે તમામ નવ સમિતિઓની રચના પૂર્ણ કરવામાં આવી છે. તમામ નવનિયુક્ત હોદ્દેદારો આગામી અઢી વર્ષ સુધી પોતાની જવાબદારીઓ નિભાવશે. ■

# ભાવનગર મેડિકલ કોલેજમાં રેગિંગના આરોપીઓની સજા માફી સામે વિદ્યાર્થીઓમાં રોષ: નિયમોને નેવે મૂકી ઈન્ટર્નશિપમાં પુન:પ્રવેશ અપાતા ડીનને પાઠવાયું આવેદનપત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી દ્વારા રેગિંગના ગંભીર કેસમાં સંડોવાયેલા આરોપી વિદ્યાર્થીઓની સજા માફ કરી, તેમને ફરીથી ઇન્ટર્નશિપમાં પુનઃપ્રવેશ આપવાના લીધેલા નિર્ણયને પગલે સરકારી મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓમાં ભારે રોષ અને ભયનો માહોલ વ્યાપી ગયો છે. મેડિકલ સ્ટુડન્ટ્સ એસોસિએશન દ્વારા આ નિર્ણયને કાયદાકીય મર્યાદાઓનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવીને કોલેજના ડીનને એક ઉગ્ર આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું.

યુનિવર્સિટીના કુલપતિ દ્વારા રેગિંગ જેવી ગંભીર ઘટનામાં સંડોવાયેલા વિદ્યાર્થીઓને માનવતાના ધોરણે સજા માફ કરી, તેમના ઓરિજિનલ ડોક્યુમેન્ટ્સ અને ઈન્ટર્નશિપ કમ્પલિશન સર્ટિફિકેટ રિલીઝ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ અંગે મેડિકલ સ્ટુડન્ટ્સ એસોસિએશનના જનરલ સેક્રેટરી જગદીશ સિહોરા અને અન્ય વિદ્યાર્થી આગેવાનોએ આક્ષેપ કર્યો છે કે, આ નિર્ણય એન્ટી-રેગિંગ કમિટી કે ફરિયાદી પક્ષને સાંભળ્યા વિના તેમજ કોઈપણ પ્રકારની કાયદાકીય પ્રક્રિયાને અનુસર્યા વગર એકતરફી રીતે લેવામાં આવ્યો છે. ખાસ કરીને જ્યારે આ સંવેદનશીલ કેસ હજુ હાઈકોર્ટમાં સુનાવણી હેઠળ છે, ત્યારે યુનિવર્સિટી દ્વારા લેવાયેલું આ પગલું કાયદાની અવગણના સમાન છે.

વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર, રેગિંગની આ ઘટનાને બે વર્ષથી વધુ સમય વીતી ગયો હોવાથી નિયમ મુજબ ઈન્ટર્નશિપમાં ફરી જોઈનિંગ આપવા માટે નેશનલ મેડિકલ કમિશન એનએમસીની પૂર્વ મંજૂરી મેળવવી અનિવાર્ય છે, જે આ કેસમાં લેવામાં આવી નથી. આ નિર્ણય સ્પષ્ટપણે નિયમોની વિરુદ્ધ હોવાનું જણાવતા વિદ્યાર્થીઓએ વધુમાં આક્ષેપ કર્યો છે કે, આ સમગ્ર પ્રક્રિયા બાહ્ય રાજકીય દબાણ હેઠળ કરવામાં આવી છે અને હાલમાં જ કૉલેજના ઓર્થોપેડિક તથા ગાયનેક વિભાગમાં ચાલી રહેલા અન્ય રેગિંગ વિવાદો પરથી લોકોનું ધ્યાન ભટકાવવા માટે જાણીજોઈને આ સમય પસંદ કરવામાં આવ્યો છે.

બીજી તરફ, જ્યારે રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ આ મુદ્દે કૉલેજના ડીન ડો. ચિન્મય શાહ સમક્ષ રજૂઆત કરી, ત્યારે તેમણે આ બાબતે પોતાની સત્તા મર્યાદિત હોવાનું અને યુનિવર્સિટી એપિલેટ ઓથોરિટી હોવાનું જણાવીને સત્તાવાર રીતે જવાબદારીમાંથી હાથ ઊંચા કરી લીધા હતા. ડીનના આ નકારાત્મક વલણથી વિદ્યાર્થીઓમાં ભારે અસંતોષ ફેલાયો છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે જો તેમની પોતાની શૈક્ષણિક સંસ્થા જ આ અન્યાય સામે અવાજ નહીં ઉઠાવે, તો ભવિષ્યમાં રેગિંગ જેવી દૂષિત પ્રવૃત્તિઓને રોકવી અશક્ય બનશે અને ન્યાયતંત્ર પરથી મેડિકલના વિદ્યાર્થીઓનો ભરોસો ઊઠી જશે.

હાલ તો વિદ્યાર્થીઓએ ડીન સમક્ષ સ્પષ્ટ માંગણી કરી છે કે યુનિવર્સિટી દ્વારા લેવાયેલા સજા માફીના વિવાદાસ્પદ નિર્ણયને તત્કાલ અસરથી સ્થગિત કરવામાં આવે અને આરોપીઓને ડોક્યુમેન્ટ્સ પરત કરવાની શરૂ થયેલી પ્રક્રિયા પર તાકીદે રોક લગાવવામાં આવે, જેથી આવનારી પેઢી માટે એક કડક દાખલો બેસે અને મેડિકલ કોલેજનું શૈક્ષણિક વાતાવરણ સંપૂર્ણપણે ભયમુક્ત બની રહે. ■

# તળાજાના ખેડૂતોએ મૂકેલો ભરોસો કુદરતે તૂટવા ન દીધો, ખેતરો લીલાછમ થયા: સતત ત્રીજા દિવસે મેઘમહેર યથાવત્



(તસ્વીર– વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લમાં સૌથી વહેલું અને વધુ વાવેતર તળાજા પંથકમાં થયું હતું. શેત્રુંજી કેનાલ ઉપરાંત ખેડૂતોએ ભગવાન પર ભરોસો મૂક્યો હતો. એ ભરોસો કુદરતે પણ જાળવી રાખ્યો હોય તેમ જે ખેડૂતોએ આગોતરું આયોજન કરીને મગફળી અને કપાસનું વાવેતર કર્યું હતું. તેના માટે કુદરત છલ્લા ત્રણ દિવસથી મેઘમેહર કરી રહી છે.

તળાજા શહેર અને તાલુકાના સતત ત્રીજા દિવસે મેઘકૃપા યથાવત્ રહી હતી. જે ખેડૂતોએ કુદરત પર ભરોસો રાખી પંદર-વિસ દિવસ પહેલા જમીનમાં બીજ રોપ્યા હતા તે જમીનને લીલી ઓઢણી ઓઢી ને નવોઢાની જેમ શોભી રહી છે. કપાસ મગફળી એક વેંત-ફૂટના થઇ ગયા છે. ■

ગીર ગઢડા-ઉના મુખ્ય માર્ગ પર મોડી રાત્રે એક સિંહ નિર્ભય રીતે લટાર મારતો જોવા મળતાં વાહનચાલકોમાં ક્ષણિક આશ્ચર્ય સાથે રોમાંચ પણ ફેલાયો હતો. શિકારની શોધમાં નીકળેલા સાવજનો આ વીડિયો અને ફોટો સોશ્યલ મીડિયામાં વાઈરલ થતાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.
(ફોટોગ્રાફર– ફારૂક કાઝી, ઉના)



# ભાવનગરમાં દીકરી સાથે શારીરિક અડપલાં કરનાર પિતાને સાત વર્ષની કેદની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં કાળજું કંપાવી દેતી એક ઘટનામાં પોતાની જ સગી દીકરી સાથે શારીરિક અડપલાં કરનાર નરાધમ પિતાને અદાલતે આકરી સજા ફટકારી હતી. દોઢ વર્ષ પૂર્વે બનેલી આ શરમજનક ઘટના અંગેના કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપી પિતાને દોષિત ઠેરવી જુદી જુદી કલમો હેઠળ સાત વર્ષની સખ્ત કેદની સજા અને રોકડ દંડ ફટકાર્યો હતો.

આ કેસની વિગત એવી છે કે, બોરતળાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા આરોપી પિતાએ ફરિયાદી તથા ભોગ બનનાર દીકરીને મુંઢમાર મારી તેની સાથે શારીરિક અડપલાં કર્યા હતા. આ શરમજનક બનાવ અંગે ગત તારીખ ૧૫/૧૧/૨૦૨૪ ના રોજ બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આરોપી સામે બી.એન.એસ. (ભારતીય ન્યાય સંહિતા) ની કલમો તેમજ પોક્સો એક્ટની કલમ ૮ અને ૧૨ મુજબ ગુનો નોંધી આરોપીને ઝડપી લીધો હતો.

આ અંગેનો કેસ ભાવનગરના બીજા એડિશનલ સેશન્સ જજ તથા સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલવા ઉપર આવ્યો હતો.

અદાલતે સરકારી વકીલની દલીલો, રજૂ કરાયેલા સબળ આધાર-પુરાવાઓ તેમજ સાક્ષીઓની જુબાનીને ધ્યાને લીધી હતી. વિદ્વાન ન્યાયાધીશે આરોપી પિતા સામેનો ગુનો સાબિત માની તેને કસૂરવાર ઠેરવ્યો હતો અને જુદી જુદી કલમો હેઠળ ૭ વર્ષની સખ્ત કેદની સજા અને રોકડ દંડ ફટકારતો ચુકાદો સંભળાવ્યો હતો. ■

# તોફાનીએ ટ્રેન પર પથ્થર ફેંકતાં ગાર્ડ જખમી: હાર્બરની ટ્રેનો મોડી પડી

થાણે: નવી મુંબઈમાં જુઈનગર સ્ટેશન નજીક રેલવે ટ્રેક નજીક બેસેલા તોફાનીએ દોડતી ટ્રેન પર મોટો પથ્થર ફેંકતાં ગાર્ડ ગંભીર રીતે ઘવાયો હતો, જેને પગલે હાર્બર લાઈનની ટ્રેન સેવાને અસર થઈ હતી.

અધિકારીના જણાવ્યા મુજબ ઘટના સેન્ટ્રલ રેલવેની હાર્બર લાઈન પર શુક્રવારે બની હતી. પનવેલ તરફ જતી લોકલ જુઈનગર સ્ટેશન નજીક પહોંચી ત્યારે ટ્રેક નજીક બેસેલા એક તોફાનીએ મોટો પથ્થર માર્યો હતો. કૅબિનનો કાચ તોડી પથ્થર ગાર્ડ સુનીલ કુમારને વાગ્યો હતો. સુનીલ લોહીલુહાણ હાલતમાં કૅબિનમાં જ ફસડાઈ પડ્યો હતો.

ઘટનાની જાણ થતાં રેલવેના કર્મચારીઓ અને સુરક્ષા જવાનો દોડી આવ્યા હતા. સારવાર માટે સુનીલને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. તેને માથામાં ગંભીર ઇજા થઈ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ઘટનાને કારણે ટ્રેન સેવા થોડો સમય માટે ખોટકાઈ હતી, જેને પગલે બધી ટ્રેનો મોડી દોડી હતી. આ પ્રકરણે વાશી રેલવે પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસ જુઈનગર સ્ટેશન પરિસર અને નજીકની ઝૂંપડપટ્ટી પાસે લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. (પીટીઆઈ)

# એમએસઆરટીસીની બે બસની ટક્કર: સ્કૂલના બાળકો સહિત ૪૩ ઘાયલ

જાલના: જાલના જિલ્લામાં એક સાંકડા પુલ પરથી પસાર થતી વખતે મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસ વચ્ચે ટક્કર થતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ધડાકાભેર ટક્કર થવાના લીધે ૪૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમાં મોટી સંખ્યામાં શાળાના બાળકો હતા.

અધિકારીઓના જણાવ્યા અનુસાર શાહપુર ગામની નજીક આવેલા નેશનલ હાઇવે પર વિરુદ્ધ દિશાઓમાંથી સાંકડા પુલ પરથી પસાર થતી એક બસ બીડ-જાલના અને બીજી ભામ્બરી-અંબાડ રૂટની બે બસો સામસામે જોરદાર ટક્કર લાગતા આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

દુર્ઘટના સમયે ભામ્બરી-અંબાડ બસમાં સવાર મુસાફરમાં મોટી સંખ્યામાં શાળાના બાળકો હાજર હતા, જેમાંથી ૪૩ જેટલા લોકોને ઇજા થઈ હતી. આ બંને બસોના ડ્રાઈવરો પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જેમને તાત્કાલિક સારવાર માટે અંબાડ ખાતેની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

અધિકારીઓના જણાવ્યા અનુસાર સ્થાનિક પોલીસ દ્વારા તાત્કાલિક રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક તપાસના આધારે જાણવા મળ્યું હતું કે, બંને બસના ડ્રાઈવરોએ સાંકડા બ્રિજની જગ્યાનું નિરીક્ષણ કર્યા વગર જ પુલને ઓળંગવાનો પ્રયાસ કર્યો હતો, પરિણામે સામસામે ટક્કર થતા બંને બસના આગળના ભાગને ખુબ નુકશાન થયું હતું. બાદમાં આ બંને ક્ષતિગ્રસ્ત બસોને હટાવવામાં આવી હતી, અને ટ્રાફિક નિયમન કરીને વાહનોની અવરજવર શરૂ કરવામાં આવી હતી.

# પૌઆમાં ઇયળ અને ભાતમાં વાંદો...

## કૉલેજ હોસ્ટેલના કેન્ટીનનું લાઈસન્સ રદ

છત્રપતિ સંભાજીનગર: છત્રપતિ સંભાજીનગરની પીઇએસ એન્જિનિયરિંગ કોલેજની હોસ્ટેલ કેન્ટિનમાં પૌઆમાં ઇયળ અને ભાતમાં વાંદો મળવાનો ચોંકાવનારો વીડિયો વિદ્યાર્થીઓએ સોશ્યલ મીડિયા પર શેર કર્યો હતો. આ અંગે વિદ્યાર્થીની ફરિયાદ મળતા જ તુકારામ મુંઢેના વિભાગે ગંભીર નોંધ લઈને કેન્ટીન પર કડક કાર્યવાહી કરી તેનું લાઇસન્સ તાત્કાલિક ધોરણે રદ કરી દીધું છે.

'સેફ ફૂડ, સેફ મહારાષ્ટ્ર' ઝુંબેશ અંતર્ગત ફૂડ સેફ્ટી અધિકારીઓની ટીમે કેન્ટિનની તપાસ કરી હતી. તપાસ દરમિયાન કેન્ટીનમાં ભારે અસ્વચ્છતા જોવા મળી હતી.

ભોજન માટે ઉપયોગમાં લેવાતા મસાલા અને ઇડલીના રવાનો એક્સપાયરી ડેટ વાળો જથ્થો તેમ જ ખોરાકમાં ગેરકાયદેસર હાનિકારક કલરનો ઉપયોગ થતો હોવાનું બહાર આવ્યું હતું. આ ગંભીર બેદરકારી બદલ કેન્ટીનનો માલ જપ્ત કરી તેનો નાશ કરાયો અને કેન્ટીનનું લાયસન્સ તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું.

બીજી તરફ અંબરનાથમાં મિનરલ વોટર બનાવતી કંપનીઓ ગેરકાયદેસર રીતે ટેન્કર દ્વારા પાણી લેતી હોવાનો ચોંકાવનારો વીડિયો સામે આવ્યો હતો. એમઆઇડીસી અધિકારીઓના જણાવ્યા મુજબ કંપનીઓ માટે આ રીતે ટેન્કરથી પાણી લેવાની કોઈ મંજૂરી નથી. આ ગેરરીતિ બદલ હવે એફડીએ કમિશનર તુકારામ મુંઢે અને એમઆઇડીસી આ કંપનીઓ પર શું કાર્યવાહી કરે છે, તેના પર સૌની નજર રહેશે.

# વરસાદમાં કાર પાણીમાં ફસાઈ જાય કે ઝાડ વાહન પર પડી જાય તો વીમો મળે?

મુંબઇ : હાલમાં રાજ્યભરમાં મુસળધાર વરસાદ પડી રહ્યો છે. મુંબઈ, થાણે સહિત અનેક શહેરમાં રસ્તાઓ પર ચાર તરફ પાણી ભરાય ગયા છે અને ઘણી જગ્યાએ વૃક્ષો ધરાશાયી થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં રસ્તાના કિનારે પાર્ક કરેલી કે પાણીમાંથી પસાર થતી કારને મોટું નુકસાન થાય છે. જો કાર ખરાબ થઈ જાય કે નુકસાન થાય, તો શું ઇન્શ્યોરન્સ ક્લેમ કરી શકાય? આપણને પૈસા મળે ખરા કે પછી ક્લેમ રિજેક્ટ થઈ જાય?

જો વરસાદ કે વાવાઝોડાથી ગાડી પર ઝાડ કે દીવાલ પડે અને નુકસાન થાય, તો કોમ્પ્રિહેન્સિવ કે ઓન ડેમેજ ઇન્સ્યોરન્સ હોવો જરૂરી છે, તો જ પૈસા મળશે. જો ફક્ત થર્ડ પાર્ટી ઇન્સ્યોરન્સ હશે, તો એક રૂપિયો પણ નહીં મળે. યોગ્ય પોલિસી હશે તો કંપનીએ ક્લેમ આપવો જ પડશે.

જો પાણીમાં ગાડી બંધ પડ્યા પછી તમે તેને ફરી ચાલુ કરવાનો પ્રયત્ન કરશો, તો એન્જિનમાં પાણી ઘૂસીને તે લોક થઈ જશે. વીમા કંપનીઓ આને તમારી બેદરકારી ગણીને ક્લેમ રિજેક્ટ કરી દે છે.

જો તમે ભારે વરસાદવાળા વિસ્તારમાં રહેતા હોવ તો પોલિસી સાથે એન્જિન પ્રોટેક્શન કવર અને કન્ઝ્યુમેબલ કવર અચૂક લો. આનાથી એન્જિન બગડશે તો પણ કંપની પૈસા ચૂકવશે. જો ગાડી પાણીમાં ફસાઈ જાય અને બંધ પડી જાય, તો ફરીથી ચાવી ફેરવીને કે સેલ્ફ મારીને ગાડી ચાલુ કરવાનો પ્રયત્ન ન કરો. ગાડીને ન્યુટ્રલ કરીને ધક્કો મારી બાજુ પર લઈ લો અથવા સીધી ટોઇંગ કરીને ગેરેજમાં લઈ જાઓ.

# પાલઘર સિંચાઈ પ્રોજેક્ટ માટે પ્રતિ હેક્ટર ₹ ૨૫.૪૩ લાખ વળતર મંજૂર

પાલઘર: મહારાષ્ટ્ર સરકારે પાલઘર જિલ્લાના વિક્રમગઢ તાલુકામાં દેહરજી મધ્યમ સિંચાઈ યોજનાથી પ્રભાવિત આદિવાસી જમીનમાલિકો અને ખેડૂતોને પ્રતિ હેક્ટર ૨૫.૪૩ લાખ રૂપિયાનું વળતર મંજૂર કર્યું હોવાનું અધિકારીઓએ જણાવી ઉમેર્યું હતું કે ૧૧ નવેમ્બર, ૨૦૨૨ના દિવસે કામ શરૂ થયું ત્યારથી દેહરજી પ્રોજેક્ટના બાંધકામ લેઆઉટનો ૮૫ ટકા ભાગ પૂર્ણ થઈ ગયો છે. આ પ્રોજેક્ટ ૯૫.૬૦ મિલિયન ઘન મીટર પાણી સમાવવા માટે છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે સંપૂર્ણ રીતે કાર્યરત થઈ ગયા પછી આ જળાશય વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશન અને મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્રના નજીકના વિસ્તારોમાં ૧૫ લાખથી વધુ રહેવાસીઓને દરરોજ ૨૫૫ મિલિયન લિટર પીવાનું પાણી પૂરું પાડશે. (પીટીઆઈ)

# લોકલ ટ્રેનમાં પ્રવાસીઓ વચ્ચે દલીલ-મારામારીના બનાવો વધ્યા

મુંબઈ શહેરની જીવાદોરી ગણાતી લોકલ ટ્રેનોમાં મુસાફરી દરમિયાન દલીલો અને મારામારીના બનાવો દિવસેને દિવસે નોંધપાત્ર રીતે વધી રહ્યા છે. ફરી એકવાર પશ્ચિમ રેલવે લાઇન પર લોકલ ટ્રેનનો એક ચોંકાવનારો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો છે.

લોકલ ટ્રેનમાં કેટલાક મુસાફરો વચ્ચે ભાષાને લઈને ઉગ્ર દલીલ થઈ હતી જે મારામારી અને શાબ્દિક દુર્વ્યવહારમાં પરિણમી હતી. ઉપલબ્ધ માહિતી અનુસાર, લોકલ ટ્રેનમાં મુસાફરો વચ્ચે મરાઠી ભાષાના મુદ્દાને લઈને વિવાદ થયો હતો.

કેટલાક મુસાફરોએ સાથી મુસાફર મરાઠીમાં વાત ન કરતા તેની સાથે દલીલ શરૂ કરી હતી. ત્યારબાદ વિવાદ એટલી હદે વણસી ગયો કે બંને પક્ષો એકબીજાને ગંદી ગાળો આપવા લાગ્યા. થોડી જ વારમાં વાત મારામારી સુધી પહોંચી ગઈ. આ દરમિયાન ટ્રેનમાં હાજર અન્ય મુસાફરોએ વિવાદ ઉકેલવાનો પ્રયાસ કર્યો. જોકે, બંને કોઈની વાત સાંભળવાના મૂડમાં નહોતા.

# ગુનાઓ આચરવા સગીરોનો ઉપયોગ કરતી ગેંગ સામે એમસીઓસીએ લાગુ કરાશે: ફડણવીસ

મુંબઈ : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે ગુનાઓ આચરવા માટે સગીરોનો ઉપયોગ કરતી ગેંગ સામે એમસીઓસીએની જોગવાઈઓ લાગુ કરવામાં આવશે અને જે લોકો સગીરોને શસ્ત્રો, પૈસા અથવા અન્ય સહાય પૂરી પાડશે તેમને પણ સંગઠિત ગુનામાં સહભાગી ગણવામાં આવશે.

રાજ્ય વિધાનસભામાં પ્રશ્નકાળ દરમિયાન જવાબ આપતા ફડણવીસે કહ્યું કે, જો તપાસમાં ગેંગની સાઠગાંઠ સાબિત થાય છે, તો આરોપીઓ ગુનાના સ્થળે પ્રત્યક્ષ રીતે હાજર ન હોય તો પણ તેમની સામે સંગઠિત ગુના કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવશે.

ફડણવીસે જણાવ્યું હતું કે સરકારે સગીરોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ગુનામાં પ્રેરિત કરનારાઓ સામે કાનૂની કડક કાર્યવાહી માટે સુધારા કર્યા છે.

તેરમાં પાનાનું ચાલુ

## મુંબઈમાં આજે

હતા. અંધેરી સબવે, મલાડ સબવે અને ખાર સબવેમાં પાણી ભરાઈ જતા તેને બંધ કરી દેવામાં આવ્યા હતા. અનેક

જગ્યાએ ઝાડ તૂટી પડવાના અને ઘરની દીવાલ તૂટી પડવાના તથા શોર્ટ સર્કિટના બનાવ પણ નોંધાયા હતા. પાલિકાના ૧૦૦ ટકા નાળાસફાઈનો દાવો વરસાદમાં ધોવાઈ ગયો હતો. એમાં પાછું બપોરના ૨.૧૦ વાગ્યાથી દરિયામાં ભરતી હોવાને કારણે ફ્લડ ગેટ બંધ કરી દેવામાં આવ્યા હોવાથી વરસાદી પાણીનો નિકાલ થઈ શક્યો નહોતો અને તેને કારણે નીચાણવાળા વિસ્તારમાં ઘૂંટણભેર પાણી ભરાયા હતા.

લોકોને ભારે હાલાકીનો અનુભવ થયો હતો ત્યારે પાલિકાના કમિશનર અશ્વિની ભીડેએ દાવો કર્યો હતો કે મુશળધાર વરસાદને પહોંચી વળવા પાલિકા યંત્રણા સક્ષમ છે અને પાલિકાના ૧૦,૦૦૦થી વધુ અધિકારી, કર્મચારીઓ ફિલ્ડ પર તહેનાત હોઈ તેઓ પરિસ્થિતિ પર નજર રાખીને ઉપાયયોજના અમલમાં મૂકી રહ્યા છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પશ્ચિમ ઉપનગરમાં ભારે વરસાદને પગલે મોગરા નાળું ભરાઈ તેના પાણી રસ્તા પર વહેતા હતા, તેને કારણે તેની સાથે જોડાયેલા અન્ય નાના નાળાઓ પર ભરાઈને વહેવા માંડયા હતા. તેથી રસ્તાના ટ્રાફિકને અસર થઈ હોવાથી અમુક જગ્યાએ ટ્રાફિકને અસર થઈ હતી.

અધિકારીએ એવો પણ દાવો કર્યો હતો કે નાગરિકો તરફથી આવતી ફરિયાદની તાત્કાલિક નોંધ લઈને સંબંધિત વિભાગને મોકલવામાં આવી રહી હતી. વરસાદી પાણીનો નિકાલ કરનારી પાઈપલાઈન, સ્યુએજ લાઈન અને પમ્પિંગ સ્ટેશનની કાર્યક્ષમતા પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું, જેથી કરીને વરસાદી પાણીનો ઝડપી નિકાલ થાય. તેમ જ મેનહોલ અથવા નાળામાં કચરો ફસાઈને પાણીના નિકાલમાં અડચણ આવી નહીં તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું.

### પાણીનો નિકાલ કરવા ૪૪૮થી વધુ પંપ

મુંબઈમાં મોડી રાત સુધી સરેરાશ નવથી ૧૦ ઈંચની આસપાસ વરસાદ નોંધાયો હતો ત્યારે પાલિકાના દાવા મુજબ મુંબઈના નીચાણવાળા વિસ્તારમાં જ્યાં વરસાદી પાણી ભરાઈ જાય છેવા ફ્લડિંગ સ્પોટ પર પાણીનો ઝડપી નિકાલ કરવા માટે ૪૪૮ પંપ ચાલુ કરવામાં આવ્યા હતા. પંપ વચ્ચે બંધ પડી જાય નહીં માટે ટ્રેનિંગ લેનારો ખાસ પંપચાલકને પ્રત્યક્ષ રીતે ઠેકાણે તહેનાત કરવામાં આવ્યો હતો. એ સાથે જ નાના ૧૯ પંપ પણ ચાલુ કરવામાં આવ્યા હતા.

### રોડ સેવાને ફટકો

અંધેરી, સાકીનાકા, કુર્લા, ચેમ્બુર-છેડા નગર, પવઈ, ભાંડુપ, વિક્રોલી, મુલુંડ, વિલે પાર્લે, સાંતાક્રુઝ, માટુંગા, ઘાટકોપર, ગોરેગાંવ અને દહિસરના મુખ્ય વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હોવાના અહેવાલો છે. બપોરે ૨.૫૦ વાગ્યે ધોધમાર વરસાદ સાથે ૪.૨૬ મીટર ઊંચી ભરતી સાથે, વરસાદી પાણીનો પ્રવાહ નોંધપાત્ર રીતે ધીમો પડી ગયો હતો, જેના કારણે પાલિકાએ અંધેરી સબવે, વીરા દેસાઈ રોડ, સ્વામી વિવેકાનંદ રોડ, નૂર-એ-ઇલાહીની સર્વિસ રોડ (ચેમ્બુર), હુમા મોલ જંક્શન, ગાંધીનગર જંક્શન અને પરેશ પારકર માર્કેટ રોડ સહિત અનેક મુખ્ય રસ્તાઓ બંધ કરવાની ફરજ પડી હતી. વાહનચાલકોને અસરગ્રસ્ત વિસ્તારોથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી હતી.

### ડોમ્બિવલીમાં કરન્ટ લાગતાં મહિલાનું મોત

થાણે: ડોમ્બિવલીમાં પાવર ટ્રાન્સફોર્મર નજીક પડી ગયા પછી વાયરના સંપર્કમાં આવેલી મહિલાનું વીજળીનો આંચકો લાગતાં મૃત્યુ થયું હતું. પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ શશી રાહુલ ચાકરા (૩૫) તરીકે થઈ હતી. ડોમ્બિવલીના કચેરી વિલેજમાં દુકાન ધરાવતી શશી પહેલી જુલાઈની રાતે દુકાન માટેનો સામાન લેવા ગઈ હતી. પાછા ફરતી વખતે કોઈ વસ્તુ અડફેટે આવતાં તે ઈલેક્ટ્રિસિટી ટ્રાન્સફોર્મર પાસે પડી ગઈ હતી. ભારે વરસાદને કારણે ટ્રાન્સફોર્મર પાસેનો વાયર નજરે પડતો નહોતો. રસ્તા પર પડી ગયા પછી શશી એ વાયરના સંપર્કમાં આવતાં કરન્ટ લાગ્યો હતો. (પીટીઆઈ)

### ઉપનગરીય રેલવે સેવાને ફટકો

મુંબઈના ઉપનગરીય રેલ નેટવર્કને શનિવારે ભારે વરસાદ અને પાણી ભરાવાના કારણે ફટકો પડ્યો હતો. પાટાઓ પર પાણી ભરાઈ જવાને કારણે પશ્ચિમ, મધ્ય અને હાર્બર લાઇન પર ટ્રેનો ટાઈટમટેબલથી મોડી દોડી રહી હતી અને હજારો મુસાફરો અટવાઈ ગયા હતા. પશ્ચિમ રેલવેમાં નાલાસોપારા અને વસઈ રોડ પર ટ્રેક પર પાણી ભરાઈ જતા ટ્રેનો ૨૫-૩૦ મિનિટ મોડી પડી હતી. નબળી દૃશ્યતા અને કેલવે રોડ નજીક માલગાડીના લોકોમોટિવ નિષ્ફળતાએ કારણે ટ્રેન સેવાને વધુ ફટકો પડયો હતો. અનેક ટ્રેનોને રોકી દેવામાં આવી હતી. મધ્ય રેલવે પર, વિક્રોલી નજીક સ્પીડ રિસ્ટ્રીકશનને કારણે મુખ્ય લાઇનની ટ્રેનો ૩૦ મિનિટ સુધી મોડી પડી હતી, જ્યારે હાર્બર લાઇનની ટ્રેનો લગભગ ૧૫ મિનિટ મોડી દોડી રહી હતી.

### વરસાદથી વૃક્ષો પડી જવાના બનાવો

મુસળધાર વરસાદ અને તેજ પવનો ફૂંકાવાને કારણે વૃક્ષો અને તેની ડાળખીઓ તૂટી જવાના બનાવો પણ બન્યા હતા, જેના કારણે અનેક વાહનોને નુકસાન થયું હતું અને ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. શનિવારે સવારે આઠ વાગ્યા સુધીમાં પૂરા થયેલા ૨૪ કલાકમાં વૃક્ષો અને ડાળીઓ પડવાની ૯૧ ઘટનાઓ નોંધી હતી, જેમાં સાંજે ૪ વાગ્યા સુધીમાં ૩૬ અન્ય ઘટનાઓ નોંધાઈ હતી. મુખ્ય ઘટનાઓમાં દાદરમાં મીનાતાઈ ઠાકરે ફ્લાવર માર્કેટમાં એક ઝાડ તૂટી પડતા વેપારીઓને નુકસાન થયું હતું. માટુંગાના મહેશ્વરી ઉદ્યાનમાં એક મોટું ઝાડ પાર્ક કરેલા અનેક વાહનો પર તૂટી પડતા ભારે નુકસાન થયું હતું.

### દુર્ઘટનામાં બે જખમી

ભાંડુપ (પશ્ચિમ) માં એલબીએસ રોડનો લગભગ ૧૦૦ ફૂટ બાય ૧૦૦ ફૂટનો ભાગ શનિવારે બપોરે એક બાંધકામ સ્થળ નજીક ધરાશાયી થયો હતો, જેના કારણે એક મોટો ખાડો પડ્યો હતો અને ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. રસ્તાની સપાટી ખસી જવાથી સ્થળ પર પાર્ક કરેલો એક ટેમ્પો ખોદકામના ખાડામાં પડી ગયો હતો. કોઈ જાનહાનિ થઈ નથી. બીજી ઘટનામાં બૈંગનવાડી ખાતે જી લેન પર ગ્રાઉન્ડપ્લસ એક માળનું બાંધકામ ધરાશાયી થયું હતું, જેમાં એક પુરુષ અને એક મહિલા ઘાયલ થયા હતા. બંનેને ઘાટકોપરની રાજાવાડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. સી.જી. હાઈસ્કૂલ લેન પર ખાલી નૂર મહેલ બિલ્ડિંગનો બીજો ભાગ પણ ધરાશાયી થયો હતો. આ ઘટનામાં કોઈ ઈજા થઈ નથી.

### કલવામાં ઝાડ તૂટી પડતાં બે બાઈકસવાર જખમી

થાણે: સુસવાટા મારતા પવન સાથેના વરસાદને કારણે થાણે નજીકના કલવામાં વિશાળ વૃક્ષ તૂટી પડતાં તેની નીચે દબાઈ ગયેલા બાઈકસવાર બે ગંભીર રીતે ઘવાયા હતા. થાણે મહાપાલિકાના રિજનલ ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે ઘટના શનિવારની સવારે ૯.૩૮ વાગ્યે ખારેગાંવ નાકા ખાતે બની હતી. બન્ને બાઈકસવાર પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટું ઝાડ અચાનક ઊખડી પડ્યું હતું. ઝાડ બાઈકસવારો પર પડતાં બન્ને દબાઈ ગયા હતા. ફાયર બ્રિગેડના જવાનોએ ઘટનાસ્થળે પહોંચી મોટી ડાળખી કાપીને બન્નેને બહાર કાઢ્યા હતા. દીવાના સબેગાવમાં રહેતા વિજય પાલી (૩૨)ને જમણા પગ અને કલવા પૂર્વના ગોલાઈ નગરમાં રહેતા રાજકુમાર યાદવ (૩૪)ને છાતી અને કમર પર ઇજા થઈ હતી. બન્નેને તબીબી સારવાર પૂરી પાડવામાં આવી હતી. બન્ને બાઈકને પણ ઝાડ નીચે કાઢવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડા (ઓતરો ફરીઓ) દિલીપ હરખચંદ ફુરીયા (ઉં. વ. ૫૮) તા. ૨/૭/૨૬ના મૃત્યુ પામેલ છે. જયવંતી હરખચંદના પુત્ર. અરૂણાના પતિ. રૂષભ, મમતાના પિતાશ્રી. ધીરજભાઇ, સમાઘોઘાના ઉષા પ્રદીપ ભેદા, તલવાણાના ગીતા રાજેશ છેડાના ભાઇ. મુંબઇના મણીબેન સોમા પટેલના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. નિ. ધીરજ ફુરીઆ, દુકાન નં.૧, બિસમીલાહ ચાલ, નાયતોડી ગાવઠન, એક્સર રોડ, બોરીવલી (વે.), મું. ૪૦૦૦૯૨.

કોટડા (રોહા)ના બાબુલાલ (જેઠાલાલ) ધનજી ભારમલ વિસરીયા (ઉં. વ. ૬૨) તા. ૨/૭/૨૦૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી રતનબેન ધનજીના પુત્ર. શીલ્પાના પતિ. મિતેશના પિતા. રમીલા, સ્વ. ખુશાલ, સરલાના ભાઇ. રંજનબેન લક્ષ્મીચંદના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જેઠાલાલ વિસરીયા, ૪૦૧, અનુપ એપાર્ટમેન્ટ, ગોખલે રોડ, મુલુંડ (ઇ), મું. ૮૧.

નાની ખાખરના સુશીલા દેઢીયા (ઉં. વ. ૭૨) તા.૨/૭/૨૬, ગુરૂવારે અવસાન પામેલ છે. માતુશ્રી લાછબાઈ કુંવરજી કરમશીના પુત્રવધૂ. વિરેન્દ્રના પત્ની. નેહા, ગઝલ (સોનુ)ના માતુશ્રી. ના.આસંબિયાના ગોમીબાઈ ઠાકરશી તેજશીના પુત્રી. હરખચંદ, તુંબડીના દેવકાબેન કાંતીલાલ, મો.આસંબિયા લીલાવંતી લક્ષ્મીચંદ, કોડાય કસ્તુર ઉત્તમના બહેન. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિશાલ ધરોડ, એ-૫૦૧, સજય શ્રી સૂર્યોદય, બીલ્ડીંગ નં.૧૩૮, પંતનગર, ઘાટકોપર(ઈ), મુંબઈ-૭૫.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા જૈન**

દેદાદરા નિવાસી હાલ બોરીવલી, સેવંતીલાલ છોટાલાલ ચતુરદાસ શાહ (ઉં. વ. ૮૦) તે પુષ્પાબેનના પતિ, સ્વ. ગાંડાલાલ સુરચંદભાઈ શાહ ધર્મેજના જમાઈ, ચૈતાલી તથા નિતેશના પિતા, જતીનકુમાર તથા બીજલના સસરા, સ્વ. રંજનબેન રમેશચંદ્ર ગાંધી તથા જશુભાઈના ભાઈ. ૩/૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૫/૭/૨૬ના રોજ સવારે ૧૦ થી ૧૨ ક. પાવનધામ એમ સી એ ગ્રાઉન્ડ પાછળ મહાવીર નગર કાંદિવલી વેસ્ટ.

**ઝા. દશા સ્થા જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ બોરીવલી, સ્વ. વિજયાબેન માધવજી શાહના પુત્ર ચંદ્રકાન્તભાઈ (ઉં. વ. ૭૯) ૩/૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. નીતાબેનના પતિ, વૈશાલી રાહુલ ઝવેરી, પિંકી સમીરભાઈ શાહ, ચિરાગના પિતા, દિવ્યાના સસરા, સ્વ. ભુપેન્દ્રભાઈ, સ્વ. હસમુખભાઈ, સ્વ. વિનોદભાઈ, સ્વ. સૂર્યકાન્તભાઈના ભાઈ, ધ્રાંગધ્રા નિવાસી સ્વ. કાંતાબેન નરસીદાસ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. સવિતાબેન પૂનમચંદભાઇ બાવચંદભાઇ દોશીના સુપુત્ર જગદીશભાઇ (ઉં. વ. ૮૧) તે સ્વ. સુરેખાબેનના પતિ. ડો. અલકા પ્રશાંતકુમાર ગાંધી, હેતલ હિરેનકુમાર શાહ તથા શ્વેતા સિદ્ધાર્થકુમાર શાહના પિતાશ્રી. સ્વ. શારદાબેન હર્ષદરાય મહેતા, ભૂપેન્દ્રભાઇ તથા હર્ષદભાઇના મોટાભાઇ. તે પ્રતિભાબેન અને પારુલબેનના જેઠ. શ્વસુર પક્ષે સ્વ. વિમળાબેન પૂનમચંદભાઇ પ્રેમચંદભાઇ શાહ દાઠાવાળાના જમાઇ. તા. ૩૦-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**માંગરોળ જૈન**

માંગરોળ નિવાસી હાલ મુંબઇ સ્વ. મંગલદાસ લાલજી કંપાણીના સુપુત્ર કિરણ મંગલદાસ કંપાણી (ઉં. વ. ૭૬) તે સ્વ. દીપ્તીબેનના પતિ. સ્વ. ભરતભાઇ, દિલીપભાઇ, સ્વ. સતીશભાઇ અને કીરીટભાઇ તથા પ્રતિભા કોઠારી અને જયોત્સના ઠારના ભાઇ. સ્વ. નરેન્દ્રભાઇ તથા હેમલતાબહેન દોશીના જમાઇ. શુક્રવાર તા. ૩-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે.

## પાયદસ્ત

ફરેદુન મીનોચેર દલાલ તે કેશ્મીરાના ધણી. તે મરહુમ હોમાય મીનોચેર દલાલના દીકરા. તે ખુશનમ રોહીન્ટનના પપા. તે ઝરીર ને શહેનાઝના સસરા. તે તરોનીશ વરુનના મમાવાજી. તે પરીઝા ને માયશાના બપાવાજી. (ઉં. વ. ૭૮) રે. ઠે. ૭૩-૭૪, પીરોજા વીલા, માલકમ બાગ, એસ. વી. રોડ, જોગેશ્વરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૧૦૨. પાયદસ્ત : તા. ૫-૭-૨૬ને દીને સવારે ૭.૪૫ વાગે ઉપરની ભાભા નં.૨માં. ઉઠમણાંની ક્રિયા : તા. ૬-૭-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે ઉપરની ભાભા નં.૨માં.

## પારસી મરણ

ગુલ પરવીઝ પોસ્ટવાલા તે મરહુમ પરવેઝના ધનિયાની. તે મરહુમ પીરોજા દીનશા સંજાનાના દીકરી. તે મરહુમો નાજામાય હોમી પોસ્ટવાલાના વહુ. તે હુફરીઝ ને તેનાઝના મમા. તે રોહિન્ટન ને પરસી ના સાસુજી. તે મરહુમો બાનુ વીલી, હોમી અને એમીના બહેન. (ઉં. વ. ૯૪) રે. ઠે. ૨-એ, ફોઇનીકા ૫૯-બી, વાલકેશ્વર રોડ, મુંબઇ-૪૦૦૦૦૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૬-૭-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે બેનેટ-૫માં.

## હિન્દુ મરણ

**કચ્છી ભાટિયા**

સુશીલા ચંદ્રસિંહ ટોપરાણી (ઉં. વ. ૮૪) તે મેઘજી નેણસી આશરના પુત્રી, સ્વ. ચંદ્રસિંહ રતનસિંહ ટોપરાણીના ધર્મપત્ની, જાગૃતિ, ભાવિન અને ચૈતન્યના માતાશ્રી, કીર્તિભાઈ તથા બીનાના સાસુ, કૈશિકના નાની, શ્રુતિ તથા કાંચીના દાદી. તા. ૩-૭-૨૬ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળગામ ચલાળા નિવાસી હાલ વસઈ, સ્વ. કાશીબેન જાધવજીભાઈ ઉનડકટ ઠક્કરના પુત્ર વૃજલાલ (ઉં. વ. ૮૫) તે સ્વ. શારદાબેનના પતિ. હરીશ, ભરત, અલકા દીપક મોરઝરીયા, હિના અજયભાઇ રાણાના પિતા. સ્વ. ગોરધનદાસ નારાયણદાસ તન્ના કલ્યાણવાળાના જમાઈ, સ્વ. ધીરુભાઈ, સ્વ. મગનભાઈ, સ્વ. ચંપાબેન, સ્વ. રમુભાઈ, સ્વ. કંચનબેન, જયંતીભાઈ, રસિકભાઈ, મધુભાઈ, ઉષાબેન પ્રભુદાસ ખખ્ખરના ભાઈ. ૪/૭/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની સર્વપક્ષની પ્રાર્થનાસભા ૬/૭/૨૬ના રોજ ૪ થી ૬ ક. મારુતિ બ્યુટીક હોલ, મારુતિ મંદિર પાછળ, ઝેન્ડા બજાર વસઈ ગામ.

**પ્રભાસ પાટણ**

હાલ મુંબઈ, જયેશ (ઉં. વ. ૬૪) જે નીમુબેન પ્રાણજીવનદાસ તન્નાના પુત્ર, શોભાબેનના પતિ, ક્રિશી જૈનિલના પિતા, ભરત તથા નિલેશના ભાઈ, છગનલાલ ગોકલદાસ સુબા, જૂનાગઢવાળાના જમાઈ, અનિલ શાહના વેવાઈ. તા. ૦૨.૦૭.૨૦૨૬ના ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. જેની પ્રાર્થનાસભા તા. ૦૫.૦૭.૨૦૨૬ના રવિવાર સવારે ૧૧ થી ૧૨:૩૦. શ્રી વર્ધમાન સ્થાનકવાશી જૈન શ્રાવક સંઘ,૫મે માળે, એસ. વી .રોડ, પારેખ લેન, કાંદીવલી વેસ્ટ.

**કપોળ**

સ્વ. દમયંતીબેન હરિલાલ નાગરદાસ મહેતા (સિહોરવાળા)નાં પુત્ર દિનેશભાઇ (દિનુભાઇ) (ઉં. વ. ૮૬) તે સ્વ. નીલાબેનના પતિ. ચેતન-જીજ્ઞા, ભાવેશ-દિપાલી, દિપા હેતલ હકાણીનાં પિતા. તે સ્વ. ક્રિષ્ણાભાઇ, મધુભાઇ, હરિકૃષ્ણભાઇ, ઘનશ્યામભાઇ, ઉષાબેન વિનોદરાય પારેખનાં ભાઇ. સ્વ. હીરાલક્ષ્મી હરિલાલ જગજીવનદાસ દોશી (કોટડીવાળા)ના જમાઇ. હસ્તી મિહીર ભટ્ટ, ચાર્મી, મહેક, માહીનાં દાદા. તા. ૪-૭-૨૬ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ છે.

### મહિને પાંચ ટકા

થઈ ગયો હતો. તે પોતાની ઓળખ છુપાવી વારંવાર રહેઠાણ બદલતો હતો. દરેક સ્થળે અલગ અલગ નામે રહેતો હતો, જેને પગલે તાત્કાલિક તેના સગડ મળ્યા નહોતા. આર્થિક ગુના શાખાની ટીમે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી અને ખબરીઓની માહિતી પરથી આરોપી સુરતમાં હોવાનું શોધી કાઢ્યું હતું. સિનિયર ઈન્સ્પેક્ટર ગણેશ પવારના માર્ગદર્શન હેઠળ તપાસ અધિકારી એપીઆઈ શ્રીકાંત ધુમાળ અને એપીઆઈ ઉમેશ શિંદે ટીમ સાથે સુરત પહોંચ્યા હતા. સ્થાનિક પોલીસની મદદથી આરોપીને તાબામાં લેવાયો હતો. પ્રાથમિક પૂછપરછ પછી તેની ધરપકડ કરવામાં આવી હતી.

### ભાયંદરના

મોટો ચહેરો આ લોકાર્પણમાં સામેલ થયો નહોતો. આ બ્રિજ પર પુરપાટ ઝડપે આવનારા વાહનોને અચાનક જ સાંકડા રસ્તાના લીધે અંદાજો મળતો નથી જેના પગલે રાત્રીના સમયે ભારે ટ્રાફિક દરમિયાન વાહનચાલકોને વળાંક લેવામાં કે બ્રેક મારવાની તક મળતી નથી જેના કારણે વાહનોની એકબીજા સાથે ટકરાવાની સંભાવના યથાવત રહે છે.

### સાયબર ફ્રોડ

વિજબીલો સહિતના દસ્તાવેજો પણ મળ્યા હતા. આરોપીઓ બોગસ દસ્તાવેજોની મદદથી સિમ કાર્ડ મેળવતાં. પછી વિવિધ બૅન્કમાં કરન્ટ એકાઉન્ટ ખોલાવતાં હતાં. એકાઉન્ટ અને સિમ કાર્ડ ઍક્ટિવેટ કર્યા પછી બૅન્ક ખાતાંની વિગતો અને સિમ કાર્ડ દુબઈ મોકલતા હતા. આ સિમ કાર્ડ અને બૅન્ક ખાતાંનો ઉપયોગ સાયબર ફ્રોડ અને ગૅમિંગ ઍપથી રકમ પ્રાપ્ત કરવામાં થતો. આરોપી પાસે ૧૪૨ જેટલાં બૅન્ક એકાઉન્ટનું ઍક્સિસ હતું. સાયબર ફ્રોડ દ્વારા પ્રાપ્ત કરેલી રકમ આ બૅન્ક ખાતાંમાં જમા થતી. પછી આરોપી કમિશન મેળવીને એ રકમ અન્ય ખાતાંમાં ટ્રાન્સફર કરતા હતા.

### જેજેસીસી બોર્ડ

(૪) પ્રફુલ્લ કામદાર (પર્મેનન્ટ ટ્રસ્ટી), (૫) અમિત ડી. કોઠારી (હૉલ્ડિંગ ટ્રસ્ટી) (૬) કીર્તિ કે. શાહ (હૉલ્ડિંગ ટ્રસ્ટી), (૭) રશ્મિકાંત જે. શાહ (હૉલ્ડિંગ ટ્રસ્ટી), (૮) મુકેશ સી. શાહ (એક્ઝિક્યૂટિવ ટ્રસ્ટી), (૯) નીતિન પારેખ (એક્ઝિક્યૂટિવ ટ્રસ્ટી), (૧૦) મિનેશ ડી. શાહ (એક્ઝિક્યૂટિવ ટ્રસ્ટી), (૧૧) પ્રવીણ જી. શાહ (પર્મેનન્ટ ટ્રસ્ટી), (૧૨) કિશોર એન. શાહ (પર્મેનન્ટ ટ્રસ્ટી), (૧૩) કમલેશ સી. શાહ (પર્મેનન્ટ ટ્રસ્ટી), (૧૪) નીલેશ કે. શાહ (પર્મેનન્ટ ટ્રસ્ટી).જૈન સમાજના એક અગ્રણીએ જણાવ્યું હતું કે ટ્રસ્ટના બંધારણની વિરુદ્ધ ગેરકાયદેથી આ ટ્રસ્ટીઓને નિમણૂક કરાઇ હોવાથી ચેરિટી કમિશનર દ્વારા તેઓની નિમણૂક રદ કરતો ચુકાદો અપાયો હતો.આ કેસમાં અરજદાર જેજેસીસી બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી સંજય બી. શાહ હતા. માનનીય સહાયક ચેરિટી કમિશનર-૧, મુંબઈ દ્વારા તા. ૫-૬-૨૦૨૬ અને તા. ૨૨-૬-૨૦૨૬ના આદેશ દ્વારા ૧૪ વ્યક્તિની નિમણૂક નામંજૂર કે રદબાતલ કરવામાં આવી હતી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |

કવર સ્ટોરી
**સંજય છેલ**
feedback@bombaysamachar.com



# મુંબઈ રંગભૂમિ પર 'મૌનનો આગવો અવાજ': વિજયા મહેતા

**નાટકનો હેતુ સમાજને જવાબો કે ઉકેલ આપવાનો નથી; માણસને વધુ સારા પ્રશ્નો પૂછતા શીખવવાનો છે.**

---------------

**દિગ્દર્શક હુકમ કરનાર રિંગમાસ્ટર નથી; એ તો નાટકનો પહેલો સંવેદનશીલ વાચક છે.**

---------------

**અભિનય ડાયલોગબાજીમાંથી નથી જન્મતો, સંવાદોની વચ્ચેના મૌનમાં જન્મે છે.**

---------------

નાટ્ય- ફિલ્મ નિર્દેશિકા - અભિનેત્રી 'ધ વિજયા મહેતા'ની કલાનો સાર આ ૩ વિચારોમાં સમાઇ જાય છે. મરાઠી રંગમંચનું આદરણીય નામ 'વિજયાબાઇ' ૯૧મે વર્ષે ગઇ ૩૦મી જૂન ૨૦૨૬ના રોજ દુનિયાના રંગમંચ પરથી ગયાં. આ ફક્ત એક નાટકના ડાયરેક્ટરની વિદાય થઈ નથી, ભારતીય આધુનિક પ્રયોગશીલ રંગભૂમિનો આખો યુગ પૂરો થયો છે.

એકવાર રિહર્સલ દરમિયાન નવાસવા અભિનેતાએ ભાવુક બનીને રડતા રડતા દશ્ય ભજવ્યું. વિજયાબાઇએ એને શાંતિથી સમજાવ્યું, ભાઇ, જાતે રડવાનું નથી, ઓડિયન્સને રડવા દેને. પછી કલાકારે, એક્ટિંગમાં દેખાડો ઓછો કર્યો ને દશ્યની અસર અનેકગણી વધી ગઈ. વિજયા મહેતાની દિગ્દર્શન સ્ટાઇલ હતી કે નાટકની સ્કિપ્ટ અને અભિનયમાંથી કૃત્રિમતા દૂર કરવી.

આઝાદી પછીના ભારતમાં, મરાઠી નાટ્યજગત નવી કલાભાષા શોધતું હતું. ૪ ટૂચકાં ને બે ડૂસકાંવાળી ટીપિકલ ધંધાદારી નાટકોમાંથી બહાર નીકળીને નવા પ્રશ્નો પૂછવા માંગતું હતું. ત્યારે આપણાં વડોદરામાં ૧૯૩૪માં જન્મેલી 'વિજયા જયવંત' ને પછી પારસી ફારૂખ મહેતાને પરણીને 'વિજયા મહેતા'એ ડો. શ્રીરામ લાગૂ, અરવિંદ દેશપાંડે, સુલભા દેશપાંડે અને અન્ય બુદ્ધિજીવીઓ, લેખકો સાથે તેમણે 'રંગાયન'ને નાટ્યસંસ્થા સ્થાપી, બલ્કિ એક વિચાર ચળવળ શરૂ કરી. બસ ત્યાંથી જ મરાઠી થિયેટરમાં નવા લેખકો અને નવા પ્રયોગોની શરૂઆત થઇ.

તમને થશે કે નિર્દેશિકા વિજયા મહેતાએ ભારતીય રંગભૂમિને સૌથી મોટું શું પ્રદાન આપ્યું? જવાબ એક જ છેઃ 'લેખકોને અનેરું સ્થાન અપાવ્યું.'

મરાઠી સાહિત્યના મહત્ત્વના ૪ લેખકો સાથે સતત બેસીને નાટકો લખાવ્યા કે ભજવવાને લાયક બનાવ્યાઃ વિજય તેંડુલકર, જયવંત દળવી ચિં.ત્ર્યં.ખાનોલકર અને મહેશ એલકુંચવાર. 'અર્ધસત્ય' કે 'અંકુશ' જેવી ફિલ્મોના લેખક, વિજય તેંડુલકરના લખાણમાં સમાજની ક્રૂરતા અને સત્તાનો દંભ હતો.

વિજયાબાઇએ તેંડુલકરનાં નાટકોને સનસનાટી તરીકે નહીં, સમાજ સામેના અરીસા તરીકે રજૂ કર્યા.

'શાંતતા! કોર્ટ ચાલુ આહે' જેવા તેંડુલકરનાં નાટકો પ્રેક્ષકોને અસ્વસ્થ કરતા કારણ કે તેમાં લોકોને રંગમંચ

પર પોતાનો સાચો ને સ્હેજ વરવો ચહેરો દેખાતો.

જયવંત દળવી સાથેનાં નાટકો વધુ ઇમોશનલ કે સાદા મિડલક્લાસના હતા. 'બેરિસ્ટર' નાટકથી વિજયાજીએ સાબિત કર્યું કે શાંત ધીમી ગતિનું નાટક પણ અંત સુધી પ્રેક્ષકને જકડી રાખી શકે. પછી એના જ પરથી બનેલી 'રાવ સાહેબ' ફિલ્મમાં પણ એવી જ સંવેદના જોવા મળી. કોંકણી ભાષાની તળપદી છાંટવાળા લેખક ચિં.ત્ર્યં.ખાનોલકરની પ્રતીકાત્મક દુનિયાને તેમણે 'એક શૂન્ય બાજીરાવ'માં નવી જ ભાષા આપી, જ્યારે મહેશ એલકુંચવાર જેવા નવી પેઢીના લેખકને પણ તેમણે ઘડ્યા અને 'પાર્ટી' જેવું મોડર્ન રાજકીય સામાજિક નાટક આપ્યું, જેના પરથી ગોવિંદ નિહલાનીએ પછી ઓમ પુરી, રોહિણી હટંગડી, અમરીશ પુરી વગેરે સાથે ફિલ્મ પણ બનાવેલી. વિજયાબાઇ માટે લેખકનું નામ નહીં, લખાણની સચ્ચાઈ મહત્ત્વની હતી. વિજયાબાઇ લેખક પર ક્યારેય હાવી થતાં નહોતાં, તેઓ કહેતા કે દરેક નાટકના પોતાના ધબકારા હોય છે. દિગ્દર્શકનું કામ એ ધબકારાને સાંભળવાનું છે, બદલી નાખવાનું નહીં. તેઓ રિહર્સલમાં કલાકારોને 'સ્ટેજ પર કેમ ચાલવું? કે કેમ હાથપગ



ઉલાળવા?' એવા રેડીમેડ જવાબો નહોતા આપતા, પણ કલાકારને એવા સવાલ પૂછતા કે જવાબ કલાકારે પોતે જ શોધવો પડે.

ભારતના મહાન નિર્દેશક અબ્રાહિમ અલ્કાઝીના સ્ટુડંટ વિજયાબાઇ, મરાઠી નાટકો પૂરતા જ સીમિત નહોતા, ઇંગલેંડ ને જર્મની લંડનમાં જઇને ફ્રિટ્ઝ બેનેવિટ્ઝ જેવી જગવિખ્યાત હસ્તીઓ પાસે રંગમંચનો અભ્યાસ કરેલો. વિશ્વવિખ્યાત લેખક બ્રેખ્ટના નાટક પરથી તૈયાર થયેલું 'અજબ ન્યાય વર્તુળાચા' હોય કે સંસ્કૃત નાટક 'મુદ્રારાક્ષસ'નું વિદેશમાં દિગ્દર્શન કરીને તેમણે ભારતીય સંસ્કૃતિ અને રંગભૂમિની તાકાતનો પરિચય પશ્ચિમી જગતને કરાવ્યો. યુરોપમાં તેમણે સેટ્સલાઇટિંગ અને દિગ્દર્શનની પદ્ધતિઓ શીખી, પરંતુ ભારતીય સંવેદનાને પરંપરાને ક્યારેય છોડી નહીં. એટલે જ વિજયાબાઇના નાટકો આધુનિક પણ લાગતા અને મૂળિયાં ભારતની સાથે જોડાયેલા પણ હતા. ફોરેનથી આવ્યા બાદ 'વાડા ચિરાબંદી' જેવા નાટકમાં મરાઠી ગ્રામિણ સમાજના રૂઢીચુસ્ત પરિવાર અને વિધવાઓની એકલતાવેદનાનું વેધક નાટક રજૂ કરેલું. તવાયફો વેશ્યાઓ વિશેના 'હમીદાબાઇચી કોઠી' નાટકમાં અશોક સરાફ જેવા કોમેડિયનને અલગ જ પાત્રમાં મૂકીને સૌને ચોંકાવી દીધેલા.

વિજયાબાઇ, વ્યક્તિ તરીકે એક મા જેવા પ્રેમાળ પણ નિર્દેશક તરીકે એટલા જ કડક. નાના પાટેકર જેવા સ્ટારને પણ રિહર્સલમાં મોડા પહોંચવાની છૂટ નહીં, સ્ક્રિપ્ટ વાંચ્યા વગર આવવાની તો કોઇ હિમ્મત પણ ન કરે. રંગાયન સંસ્થાનાં નાટકોમાં ડો. શ્રીરામ લાગૂ, અમોલ પાલેકર, નાના પાટેકર, વિક્રમ ગોખલે, મોહન ભંડારી, મોહન આગાશે, અરવિંદ અને સુલભા દેશપાંડે, નીના કુલકર્ણી, ભારતી આચરેકર જેવી અનેક પ્રતિભાઓને વિજયાબાઇ પાસેથી સમજાયું કે અભિનય માત્ર ટેલેન્ટ કે ગ્લેમરસ દેખાવથી નથી બનતો પણ એ તો અવિરત મહેનતશિસ્ત, વાંચન અને એક્ટરની સતત આત્મખોજથી જન્મે છે.

ગંભીર ફિલ્મોમાં પણ વિજયાબાઇએ નિર્દેશક તરીકે પોતાની ઓળખ બનાવી. 'રાવસાહેબ', અને 'પેસ્ટનજી'(નસીર સ્ટારિંગ) જેવી ફિલ્મોમાં સાબિત કર્યું કે માધ્યમ બદલાય તો પણ નિર્દેશક પોતાની સ્ટાઇલ ગુમાવે નહીં. એમની ફિલ્મોમાં ચકાચૌંધ નહોતી, સામાન્ય માણસની રજૂઆત વધુ હતી. ભારેભારે સંવાદ ઓછા ને સંબંધોની સૂક્ષ્મતા વધુ ઝલકતી હતી.

વિજયાબાઇની ૬૦ વરસની કારકિર્દીની જેમ સન્માનોની યાદી પણ લાંબી છેઃ પદ્મશ્રી, પદ્મભૂષણ, નેશનલ એવોર્ડ(અભિનેત્રી), સંગીત નાટક અકાદમી પુરસ્કાર વગેરે અનેક ઇલ્કાબો મળ્યા પણ તેમની સાચી ઓળખ તો એ હતી કે તેમણે એક આખી પેઢીને રંગભૂમિ વિશે નવી રીતે વિચારવાનું શીખવ્યું.

તેમણે કલાકારોને સમજાવ્યું કે પ્રેક્ષકો પર છવાઇ જવાની ઉતાવળ ન કરો; પાત્રને ખરેખર જીવો, પછી સાચો પ્રેક્ષક તમારી સાથે આપોઆપ સામે ચાલીને આવશે.

વિજયા મહેતાને લોકપ્રિયતા સામે પ્રોબ્લેમ નહોતો, પરંતુ લોકપ્રિયતા માટે ટાહ્યલા કરીને, લોકોને ગલગલિયા કરીને ગુણવત્તા સાથે સમાધાન કદીયે ના કર્યું. એમણે સર્જેલા 'સંધ્યાછાયા' જેવા ઇમોશનલ નાટકમાં એક વૃદ્ધ માતાનો રોલ અદ્ભુત રીતે ભજવેલો. નાના પાટેકર, મોહન ભંડારી, વિક્રમ ગોખલે, ભારતી આચરેકર(ટી.વી.ની મિસિસ વાગલે) સાથે વિજયાબાઇએ બનાવલું સામાજિક નાટક 'મહાસાગર' નાટક ખૂબ ચાલેલું, જેને ગુજરાતીમાં કાંતિ મડિયાએ સુંદર રીતે રૂપાંતર કરેલું, નિર્માતા લલિત શાહ અને તેજાબી નિર્દેશક અરવિંદ ઠકકરે, રાગિણી, દીપક ઘીવાલા, સ્વરૂપ સંપટ સાથે કલાત્મક રીતે પણ સફળતાથી ભજવેલું.

માન્યું કે વિજયાજીએ સેંકડો શોવાળા ખૂબ બધાં નાટકોની હાઉસફુલ શોની હારમાળાવાળી કમર્શિયલ સફળતા નહોતી મેળવી પણ ભારતીય રંગભૂમિને નવી દૃષ્ટિ ચોક્કસ આપી. વિજયાબાઇએ સાબિત કર્યું કે રંગમંચ પર સૌથી મોટો ચમત્કાર મોટા સેટ કે ભારેખમ સંવાદો કે પતિપત્નીના ચાલુ જોક્સ પૂરતી નથી પણ નાટકમાં સાચું માનવીય સત્ય કે મૂલ્ય હોવું જોઇએ.

વિજયાબાઇને મહારાષ્ટ્રના સી.એમ. તો શ્રદ્ધાંજલિ આપે જ પણ રાજ ઠાકરે જેવા આક્રમક નેતા પણ ખૂબ સંવેદના સાથે કોઇ કલાકારને શિદ્દતથી યાદ કરે, એવા મરાઠી કલ્ચરને પણ ૧૦૦-૧૦૦ સલામ.

આપણે ત્યાં આવું થાય? એની વે, ચલો, સ્વ. વિજયા મહેતાની નાટ્યકલા પર તો હવે પડદો પડી ગયો, તાળીઓની ગુંજ શમી ગઈ, પણ જ્યાં સુધી કોઈ નાટ્યદિગ્દર્શક એના કલાકારને કહેશે, 'અરે, એક્ટિંગમાં દેખાડો ઓછો કર, સચ્ચાઇથી સ્ટેજ પર જીવી જા,' ત્યાં સુધી વિજયા મહેતા જીવંત રહેશે. ■

. . . . . . . . . . . . . . . . . . . .

પ્રાસંગિક
**વિજય વ્યાસ**
feedback@bombaysamachar.com

# પીઓકે કબજે કરવાની ભારત માટે ફરી સુવર્ણ તક...





**પાકિસ્તાને** પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં ફરી એક વાર લોકો રસ્તા પર ઉતર્યાં છે અને 'પાકિસ્તાન આર્મી આઉટ'ના નારા ગુંજી રહ્યા છે. છેલ્લા એક મહિનાથી ચાલી રહેલા પીઓકેનાં લોકોના વિરોધને દબાવી દેવા માટે પાકિસ્તાનની સરકારે લશ્કર ઉતારીને અમાનુષી અત્યાચારો કર્યા છે પણ કાશ્મીરી પ્રજા આરપારની લડાઈના મૂડમાં છે તેથી ગોળીઓ ખાઈને પણ પાકિસ્તાનનો વિરોધ કરી રહી છે.

પાકિસ્તાન આર્મીએ શાંતિથી દેખાવો કરી રહેલા લોકો પર કરેલા ગોળીબારમાં ૧૦૦થી વધારે લોકોનાં મોત થયાં છે. પાકિસ્તાન આર્મીને એમ હતું કે, જીવ જવાના ડરે લોકો ઘરોમાં ભરાઈ જશે પણ લોકોમાં ડર નથી. લોકોને ઢીલા પાડવા માટે ખોરાક સહિતની ચીજોનો પુરવઠો બંધ કરી દેવાયો છે પણ તેના કારણે પણ કાશ્મીરીઓ હિંમત હાર્યા નથી. વરસોથી પાકિસ્તાનના દમન અને અત્યાચારનો ભોગ બની રહેલા કાશ્મીરીઓ ખરાખરીનો જંગ ખેલી રહ્યા છે.

પાકિસ્તાન વિરોધી આંદોલન માટે કાશ્મીરી પ્રજાએ જોઈન્ટ અવામી એક્શન કમિટી (JAAC) બનાવી છે. લોકોના અવાજને દબાવી દેવા પાકિસ્તાન સરકારે જેએએસીના નેતાઓને જેલમાં ધકેલી દીધા છે તો લોકો સ્વયંભૂ બહાર આવીને આંદોલન ચલાવી રહ્યા છે. પીઓકેની વસતી ૪૩ લાખની આસપાસ છે. આ વસતી પહાડી વિસ્તારોમાં છૂટીછવાઈ ફેલાયેલી છે છતાં જેએએસીની સભાઓમાં બે-બે લાખ લોકો ઊમટે છે તેના પરથી જ લોકોમાં કેવો આક્રોશ છે તેનો અંદાજ આવી જાય.

પીઓકેના લોકોના આક્રોશનું કારણ વરસોથી પાકિસ્તાને કરેલું શોષણ છે. પાકિસ્તાન આર્મી અને શાસકોએ પોતાના ફાયદા માટે કાશ્મીરીઓને હથિયારો આપીને આતંકવાદના રવાડે ચડાવ્યાં પણ બદલામાં કશું ના આપ્યું. પીઓકે સાવ પછાત વિસ્તાર છે અને લોકો અનાજ માટે પણ પાકિસ્તાન પર નિર્ભર છે. કોઈ વિકાસ નથી, કોઈ આર્થિક પ્રગતિ નથી ને લોકો કશુંક માગે તો પાકિસ્તાન તેમને ફટકારે છે. વરસો સુધી પીઓકેની પ્રજાએ આ બધું સહન કર્યું કેમ કે પ્રજાને પાકિસ્તાનના બદઈરાદાની ખબર નહોતી ને સંગઠિત પણ નહોતા. હવે લોકો પાકિસ્તાનની ખોરી દાનત સમજી ગયા છે અને સંગઠિત પણ થયા છે તેથી આક્રોશ ફાટ્યો છે અને લોકો મેદાનમાં આવી ગયાં છે.

વિશ્લેષકોના મતે, ભારત માટે પીઓકે પાછું લેવાની આ શ્રેષ્ઠ તક છે. પીઓકે ભારતનો જ ભાગ છે અને પીઓકેનાં લોકો ભારતનાં જ લોકો છે. જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં પીઓકેના પ્રતિનિધિઓની બેઠકો પણ ખાલી રખાય છે. અત્યારે પાકિસ્તાન ભારતનાં લોકોને મારી રહ્યું છે ત્યારે તેમને બચાવવા માટે ભારત દખલ કરી શકે ને પીઓકેમાં ઘૂસીને પાકિસ્તાનને ખદેડીને પીઓકેનો કબજો લઈ શકે.

ભારતને ભૂતકાળમાં લશ્કરી કાર્યવાહી દ્વારા પીઓકે લેવાની ઘણી તકો મળી હતી પણ હિંમતવાન શાસકોના અભાવે એ તકો ગુમાવી.૧૯૪૭માં પાકિસ્તાને પહેલી વાર કાશ્મીર હડપવા આક્રમણ કર્યું ત્યારે જવાહરલાલ નહેરુ દોઢડાહ્યા થઈને યુનાઈટેડ નેશન્સમાં ના ગયા હોત તો ભારતીય લશ્કરે પાકિસ્તાનના સૈનિકો અને તેના ભાડૂતીઓને તગેડીને આખું કાશ્મીર કબજે કરી લીધું હોત. ૧૯૬૫ના યુદ્ધમાં ભારત જીતી ગયેલું ને આપણું લશ્કર છેક લાહોરના પાદર લગી પહોંચી ગયેલું પણ રશિયા અને અમેરિકાના દબાણમાં લાલબહાદુર શાસ્ત્રીએ યુદ્ધવિરામ સ્વીકાર્યો તેમાં બાજી બગડી ગઈ. શાસ્ત્રી કરાર કરવા રશિયાના તાશ્કંદ ગયા પછી ત્યાં જ રહસ્યમય રીતે ગુજરી ગયા. આ રહસ્ય પણ કદી ના ઉકેલાયું.

ઈન્દિરા ગાંધીએ ૧૯૭૧માં ભારે મુત્સદ્દીગીરી વાપરીને પૂર્વ પાકિસ્તાનમાં જનાક્રોશ ભડકાવ્યો ને પાકિસ્તાનને આક્રમણ માટે મજબૂર કરીને છેવટે પાકિસ્તાનનાં ઊભાં ફાડિયાં કરી નાખ્યાં. એ વખતે પાકિસ્તાનના ૯૩ હજાર સૈનિકો ભારતના કેદી હતા ને તેમને છોડવાના બદલામાં ઈન્દિરા પીઓકે ખાલી કરાવી શકે તેમ હતાં પણ અમેરિકા સહિતના દેશોના દબાણ સામે ઝૂકીને સિમલા કરાર કરીને ખેલ બગાડી દીધો. ભારતને કોઈ ફાયદા વિના પાકિસ્તાની સૈનિકોને છોડી મૂકીને ઈન્દિરાએ પણ ભવ્ય વિજયને રોળી નાખ્યો.

કારગિલ યુદ્ધ વખતે ભારતની સેના આગેકૂચ કરીને પીઓકે કબજે કરવાની સ્થિતિમાં હતી પણ અટલ બિહારી વાજપેયીએ અમેરિકા સામે ઝૂકીને યુદ્ધવિરામ સ્વીકારીને ફરી તક વેડફી. નરેન્દ્ર મોદી સરકારે ઓપરેશન સિંદૂર વખતે ભારત જીતી રહ્યું હકું એવો દાવો કર્યો છે પણ માત્ર બે દિવસમાં યુધ્દવિરામ સ્વીકારી લીધો તેના કારણે આ જીતનો અર્થ ના રહ્યો. મોદીએ હાથ પર લીધેલું પૂરું કરીને પીઓકે પાકિસ્તાન પાસેથી આંચકી લેવાની જરૂર હતી પણ મોદી એ મર્દાનગી ના બતાવી શક્યા. ભારતના બીજા શાસકોની જેમ મોદીએ પણ અમેરિકા સામે ઝૂકીને મોટી તક વેડફી નાંખી.

ભારત માટે ફરી આ તક આવી છે ત્યારે ભારતે ઘા કરી દેવાની જરૂર છે કેમ કે આવી તક ફરી ક્યારે આવશે એ ખબર નથી. વાસ્તવમાં એવી તકની જરૂર નથી. હિંમતવાન શાસક હોય તો એ જાતે તક ઉભી કરીને પાકિસ્તાનનો ખુરદો બોલાવી દે. ઈન્દિરા ગાંધીએ તેમનામાં હિંમત હોવાની ઝલક બતાવેલી પણ પછી એ પણ પાણીમાં બેસી ગયેલાં. આશા રાખીએ કે, ભારતને સાચો હિંમતવાન શાસક મળે કે જે પરિણામોની ચિંતા કર્યા વિના પીઓકે પર કબજો કરવા માટે આપણા લશ્કરને લીલી ઝંડી આપે. અત્યારના શાસકોની જેમ ખાલી વાતો ના કર્યા કરે કે, એક દિવસ પીઓકે ભારતની ઝોળીમાં આવીને પડશે.

પીઓકે ભારતને મળે તો ભારતની ઘણી સમસ્યાઓનો અંત આવી જાય ને પ્રગતિનો નવો અધ્યાય શરૂ થાય. પીઓકે અત્યારે આતંકવાદી છાવણીઓનો અડ્ડો છે. પીઓકેમાં ટ્રેઈનિંગ લેનારા આતંકવાદી જમ્મુ અને કાશ્મીરમાં ઘૂસીને આતંકવાદ ફેલાવે છે તેથી ભારતીયો જ નહીં પણ વિદેશીઓ પણ કાશ્મીરથી દૂર ભાગે છે. પૃથ્વી પરનું સ્વર્ગ માનાત કાશ્મીરમાં જઈશું તો સીધા સ્વર્ગમાં પહોંચી જઈશું એ ડરના કારણે નથી ભારતીયો કાશ્મીરમાં જઈને વસતા કે નથી વિદેશીઓ કાશ્મીરના પ્રવાસે આવતા. કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબૂદી પછી પણ આંગળીના વેઢે ગણાય એટલા ભારતીયોએ કાશ્મીરમાં જમીન ખરીદી છે કે રહેવા ગયા છે કેમ કે મોતનો ડર છે. વિદેશી પ્રવાસીઓ તો બિલકુલ કાશ્મીર આવતા જ નથી કેમ કે મોતનો ડર છે, આતંકવાદનો ખોફ છે.

આતંકવાદ બંધ થાય તો કાશ્મીર વિદેશી પ્રવાસીઓથી ઊભરાવા માંડે ને ભારતીયો પણ કાશ્મીરમાં જઈને વસવા માંડે. કાશ્મીર દેશના મુખ્ય પ્રવાહમાં આવી જાય, કાશ્મીરના કુદરતી સ્રોતનો લાભ આખા દેશને મળવા માંડે. ભારત આતંકવાદ સામે લડવા માટે અબજોનું આંધણ કરે છે એ બંધ થાય. આ રકમ કાશ્મીરના વિકાસ માટે વાપરી શકાય ને કાશ્મીરમાં વિકાસ, આર્થિક ઉન્નતિનો નવો અધ્યાય શરૂ થાય. વિશ્વમાં ભારતની મર્દાનગીનો ડંકો વાગે એ તો અલગ.

ભારતીય લશ્કર તૈયાર બેઠું છે, તેનામાં પાકિસ્તાનને પછાડીને પીઓકે કબજે કરવાની તાકાત પણ છે અને હામ પણ છે. સવાલ શાસકોની મર્દાનગીનો છે. અત્યાર સુધી એવો કોઈ મરદ શાસક આપણને ના મળ્યો પણ આશા રાખીએ કે, હવે પછી મળે, આખું કાશ્મીર આપણું થાય. ■

## તાલિબાન પીઓકેમાંથી પાકિસ્તાનને ભગાડવામાં ભારતને મદદ કરી શકે

અફઘાનિસ્તાનના તાલિબાન અને પાકિસ્તાન અત્યારે સામસામે આવી ગયાં છે જ્યારે ભારતના તાલિબાન સાથેના સંબંધો ઉષ્માપૂર્ણ છે તેનો લાભ ભારત પાકિસ્તાનને પીઓકેમાંથી તગેડવા કરી શકે છે. જમ્મુ અને કાશ્મીરમાં ભારત અને પાકિસ્તાનને અલગ પાડતી નિયંત્રણ રેખા (LoC) અને અફઘાનિસ્તાન સરહદ વચ્ચેનું સીધું અંતર માંડ ૨૦ કિલોમીટર છે. પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીરમાં શક્સગામ ખીણનો વિસ્તાર અફઘાનિસ્તાનની નજીક છે.

ભારત તાલિબાનની મદદથી પીઓકેમાં પ્રોક્સી વોર શરૂ કરાવી શકે ને સીધો હુમલો પણ કરાવી શકે. પ્રોક્સી વોર દ્વારા તાલિબાન પીઓકેમાં ઘૂસીને પાકિસ્તાનના પીઠ્ઠુ આતંકવાદીઓના કેમ્પ સાફ કરવા માંડે તો પાકિસ્તાન આપોઆપ ઢીલું પડી જાય ને ભારતમાં પણ શાંતિ થઈ જાય. તાલિબાન સતત હુમલા કરીને પાકિસ્તાનને પરેશાન કરે ને ભારત તેનો લાભ ઉઠાવીને ધીરે ધીરે પીઓકેમાં આગળ વધી શકે. ભારત પર અમેરિકાના દબાણની અસર થાય પણ તાલિબાનને કોઈની અસર ના થાય એ જોતાં તાલિબાનનો ઉપયોગ કરવાની વ્યૂહરચના અક્સીર સાબિત થાય.

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# ગુજરાતી ભાષાના કોહિનૂર હસમુખ ગાંધી

અત્યારે તો પત્રકારત્વમાં મોટો ભેંકાર છવાયેય સત્તાવીસમું વરસ ચાલે છે. ૧૯૯૯ ૨૬ જાન્યુઆરીએ ફિરાક ગોરખપુરીએ પોતાના અવસાન બાદ ૧૮ વર્ષે પોતાનો શેર હકીકત બનતો જોયો હતો જ્યારે ગાંધીભાઈએ પવનપાવડી પહેરી.

*મૈ દેર તક ન તુઝે ખુદ હી રોકતા લેકિન-*
*તુ જીસ અદા સે ઉઠા હૈ ઉસી કા રોના હૈ*

વાત આગળ ચલાવું એ પહેલાં મહાકવિ રમેશ પારેખનો એક ઉર્દૂ શેર તમને જણાવું

*યું જરા સી બાત હૈ ઇક ખ્વાબ કા ટૂટના મગર-*
*આદમી કે ટૂટ જાને કી યહી શરૂઆત હૈ*

હસમુખ ગાંધી જ્યારથી 'સમકાલીન'થી વિખૂટા પડ્યા ત્યારથી ટૂટવા તો માંડેલા જ.

Anyways, મુદ્દે આવીએ તો જેની માએ સવાશેરમાં એક રતિ ઓછી નહિ સૂંઠ ખાધી હોય એ જ નામથી વિરુદ્ધ સ્વભાવનો અને સમાજને એની હેસિયત, એનાં ગજા મુજબ નિર્વસ્ત્ર કરતો હસમુખ જન્માવી શકે. વર્તમાનપત્ર વર્તુળમાં એ અખા હતાં, છે અને રહેશે અને અમે કાયમ એમની કલમના ગુલામ હતાં, છીએ અને રહીશું. ગુજરાતી ભાષાના અમારા સર્વશ્રેષ્ઠ સર્જક સુરેશ જોશી સાથે અમે ગાંધીભાઈને મૂકીએ તો અમને તલભાર નવાઈ ના લાગે. આ રહ્યો એનો પૂરાવો જે અમે **ગુજરાતી પત્રકાર વિશ્વ**તંત્રી સંજય વિ શાહ (થેન્ક યુ સંજય)માંથી તમારા માટે મુક્યો છે.

***


હસમુખ ગાંધી

**પૈસો- પરસેવો-પત્રકારત્વ જર્નાલિઝમ એટલે લખાવટની આવડત...**

ગુજરાતી પત્રકાર હજી હાકલા, અનુરોધ, નનૈયો, અપીલ અને રદિયામાંથી બહાર નીકળી શક્યો નથી. સરિયામ અનપઢપણું એ તેનો વોચવર્ડ છે...

અખબારો અને સામયિકો વધતા જાય છે એટલે પત્રકાર અને પત્રકારત્વ એ બે શબ્દો હવે પ્રચલિત બન્યા છે. કોઇ માણસે પોતાના વિશે કાંઇપણ છપાવવું હોય તો તે એક પત્રકાર પરિષદ બોલાવે છે. એમાં નાસ્તો, શરાબ અને ગિફ્ટની સાથે આયોજકો એક હેન્ડ-આઉટ પત્રકારોને પકડાવી દે છે. પત્રકાર તાજા ઉપકાર નીચે હોવાથી તેઓ પેલો હેન્ડ-આઉટ બેઠ્ઠો છાપી મારે છે. ભારતીય અખબારોમાં ૬૬ ઇંચ એટલે ૪૦ સેન્ટિમીટર લાંબો મસાજ કેન્દ્રના ઉદ્‌ઘાટનનો ફકરો (સિંગલ કોલમનું મેટર ફકરો જ કહેવાય) છપાય છે. ધરાર છપાય છે. એ ફરમાયશી આઇટેમ ઘુસાડનાર પીઢ પત્રકારને ખબર હોય છે કે મસાજ કેન્દ્રોમાં બીજું શું શું ચાલતું હોય છે.

હિંદી સિનેમામાં અથવા દૂરદર્શન ઉપર જેમ પોલીસનું, વકીલનું, અધ્યાપકનું તબીબનું અતિશયોક્તિયુક્ત ચિત્ર કે કેરિકેચર જોવા મળે છે તેમ પત્રકારનું પણ ઠઠ્ઠાચિત્ર જોવા મળે છે. જોકે વાસ્તવમાં મોટા ભાગના પત્રકારો કા તો વ્યવસાયને માટે એકદમ અસજ્જ હોય છે અને કાં તો તેઓ આ વ્યવસાયને સિફતથી ધંધામાં ફેરવી નાખે છે. ભાષાકીય પત્રકારત્વમાં ૯૦ ટકા પત્રકારો આ વ્યવસાયમાં ન ચાલી શકે એવા હોય છે. ૯૦ ટકા ભ્રષ્ટ હોય છે. ૮૦ ટકા પત્રકારો ભ્રષ્ટ કમ બિનકાર્યક્ષમ હોય છે. ઘણું ખરું ભાષાકીય પત્રકાર માણસ તરીકે બદમાશ અને જર્નલિસ્ટ તરીકે બેવકૂફ હોય છે. આવા કોમ્બિનેશનને કારણે અનેક મોટાં અખબારી જૂથો ગુજરાતીમાં વર્તમાનપત્ર કે સામાયિક શરૂ કરતા ગભરાય છે અને સરપ્લસ મશીન કેપેસિટીને કારણે ભૂલથી જો તેઓ અખબાર શરૂ કરી દે છે તો તેઓ માથે હાથ મૂકીને રુએ છે.

નવું ગુજરાતી દૈનિક શરૂ કરવા માટે, પ્રથમ તો, ૨૫ ગુજરાતી પત્રકારો છે જ નહીં. તમે તમિળનાડુના ૨૫ સ્નાતકોને મુંબઇ કે અમદાવાદ તેડાવો અને તેમને ગુજરાતી શીખવવાનો ક્રેશ કાર્યક્રમ હાથ ધરો તો, કદાચ, તમારો ઉદ્ધાર થાય. આ વાત હું પૂરી જવાબદારી સાથે કરું છું અને જે કાંઇ કહું છું તે સત્ય જ કહું છે. અનુભવસિદ્ધ નિર્મળ સત્ય જ કહું છું અને સત્ય સિવાય બીજું કશું જ કહેતો નથી. ૩૧ વર્ષના અનુભવ પછી જ મે આવી તારવણીઓ કાઢી છે. જુઠ્ઠુ બોલવાથી કે સૌને સારું લાગે એવું લખવાથી હકીકતો બદલાઇ જતી નથી.

ગુજરાતી અખબારો અને સામયિકો કંગાળ હોય છે. પ્રથમ તો અનુવાદો ભયંકર હોય છે. લગભગ તમામ મથાળાં ખોટાં, જરીપુરાણા, ચવાઇ ગયેલાં, ક્લિશેડ અને વ્યાકરણદુષ્ટ હોય છે. લગભગ તમામ મથાળામાં અનુસ્વારની, જોડણીની, વાક્યરચનાની અને સિન્ટેક્સની ભૂલ હોય છે. ન્યૂઝસેન્સ કંગાળ હોય છે. લે-આઉટ કે ગેટઅપ ચીતરી ચઢે એવા હોય છે. ફોટોટાઇપ-સેટિંગ કોમ્પ્યુટરો આવ્યા. ઓફસેટ મશીનો આવ્યા પણ ગેટ-અપ હજીય હોટ મેટલના પારાના રહ્યાં છે. હજુય ગુજરાતી ન્યૂઝ ઓડિટરોએ તારણો કે બાડિયા (મથાળા વિનાના) ફકરાઓ મૂકવા પડે છે. એસ્થેટિક સેન્સનો સદંતર અભાવ હોય છે.

કદી સારા કાર્ટુન જોવા મળતા નથી. ચામડી ઉતારી લે એવો કટાક્ષ કાર્ટૂનમાં જવલ્લે જ જોવા મળે છે. કેટલાંક તો દ્વેષીલા અને પક્ષીય પ્રચારવાળા હોય છે. જે તસવીરો અખબારોમાં છપાય છે તે નકામી, ન્યૂઝમંડિત ન હોય તેવી, આંખને ખૂંચે તેવી અને ઘણુંખરું સગલાંઓ મારફત આવેલી ફરમાયશી તસવીરો હોય છે. મોટેભાગે તો સાહિત્યિક, સામાજિક, શૈક્ષણિક કે વેપારી ક્ષેત્રની અમુક દસબાર ચાલુ વ્યક્તિઓના ડાચા રોજ વાચકોને માથે મારવામાં આવે છે. અમુક દસબાર જણ મ્યુઝિકલ ચેરની રમત રમ્યા કરે છે. લાંબા ટેબલ ઉપર પાણીના ગ્લાસ પડયા હોય, માઇક હોય સાત આઠ નઘરા કે લઘરા માણસો બેઠા હોય અને એક જણ ભાષણ બરડતો હોય સાંસ્કૃતિક કાર્યક્રમોને નામે અહીં ધતિંગ ચાલે છે.

કોઇપણ આમંત્રણ આવે એટલે તસવીરકારને અને સંવાદદાતાને મોકલવો જ એવો એક હલકટ શિરસ્તો પડી ગયો છે. અખબારોએ, દેશી ફિલ્મની જેમ કેટલાક ખોટા નોર્મ્સ ઊભા કર્યા છે. દેશી ફિલમનો દર્શક હંમેશાં એક નર્તિકાની, એક વાંદરાની, એક વકીલની, એક કોર્ટરૂમની, એક વિદૂષકની, એક કાર રેસની, એક ઢિશુમ ઢિશુમની અપેક્ષા રાખે છે. ગુજરાતી દૈનિકો પણ આવી ફોર્મ્યુલાઓનો ભોગ બન્યા છે. નવું અખબાર જયારે હડહડતી ફરમાયશી આઇટમો નથી છાપતું ત્યારે વાચકો તંત્રીને ધમકાવે છે. ફલાણા છાપામાં તો આવું બધું સરસસરસ આવે છે અને તમારામાં એ બધું ચૂકી જવાય છે.

માનો કે ચેમ્બુર જેવું એક ઉપનગર છે અને માનો કે ત્યાં એક અનાથાશ્રમ છે. માનો કે અમુક કોમના કેટલાક વેપારીઓ પેલા અનાથાશ્રમની મુલાકાતે ગયા. ધારો કે તેમણે યતીમોને ભાષણ આપ્યું કે બાળકો, પૈસો તો હાથનો મેલ છે. અને પૈસાને તો કૂતરાય સુઘતાં નથી. ધારો કે પેલું લાંબું ભાષણ છપાય અને આ તસવીરમાં છગનલાલ, મગનલાલ, ચમનલાલ વગેરે જોઇ શકાય છે એવી કેપ્શન છપાય તો તમે શું ધારો? એ જ કે આને ન્યૂસ કહેવાય. જે છાપું આવા રૂપાળા ન્યૂઝ ચૂકી જાય તેનું આવી બને.

ચકોર પત્રકારો તો અખબારમાં પ્રસિદ્ધ થતા દરેક ઇન્ટરવ્યૂ (વિદેશમાં વસતા હીરાના વેપારીથી માંડીને સિનેમાના અભિનેતાના) સાથે એક અદૃશ્ય પ્રાઇસટેગ ચીટકાવેલું જુએ.

***

મારફાડ ને ધમાધમીથી ભરપૂર, પત્રકારત્વ પરનાં, મહાન હસમુખ ગાંધીના આ તંત્રી લેખમાં એ વખતનાં પત્રકારોની વાત કરી હતી એમણે એ અદ્દલોઅદ્દલ, હૂબહૂ, અક્ષરશઃ (આવા બીજાં કેટલાંય પર્યાય સમજી/ ધારી લેવા) આજના ટીવી જર્નાલિઝમને લાગૂ પડે છે. પણ હરકીસન મહેતા અને અશ્વિની ભટ્ટની ધારાવાહિક નવલકથાની જેમ વધુ રસિક ભાગ આવતા અંકે...

આજે આટલું જ (ક્રમશઃ)■


વલો કચ્છ
ગિરિરાજ
feedback@bombaysamachar.com

# કર મન ભજનનો વેપાર ધણી! તારા નામનો આધાર...

ગુજરાતની પવિત્ર મરૂધરા કચ્છ એ માત્ર ભૌગોલિક વૈવિધ્ય, સરહદની રખેવાળી કે સફેદ રણ માટે જ વિખ્યાત નથી, પરંતુ તે અસંખ્ય સંતો, મહંતો, ભક્તકવિઓ અને સૂર-સાધકોની દિવ્ય તપોભૂમિ છે. આ ધરતીની માટીનો પ્રભાવ અને લોકજીવનનો સ્નેહ કંઈક એવો અનોખો છે કે જે પણ કોઈ સાધક અહીં પોતાના સૂર રેલાવવા આવે છે, તે આ જ ધરતીના રંગમાં રંગાઈને કચ્છી બની જાય છે. આવી જ એક વિરલ, વૈશ્વિક અને સનાતન વિભૂતિ એટલે ભજન ડાયરાની અસ્મિતાને લોકજીવનમાંથી ઉઠાવીને શાસ્ત્રીય ગરિમા આપનારા પૂજ્ય નારાયણ સ્વામી. તાજેતરમાં જ ૨૯ જૂન ૧૯૩૮ના રોજ જન્મેલા નારાયણ સ્વામીની ભવ્ય જન્મજયંતી ગઈ, ત્યારે આ સવાયા કચ્છી ભજનિકના જીવન, તેમની અખંડ સંગીત સાધના અને કચ્છ પ્રત્યેના તેમના અગાધ પ્રેમને યાદ કરવા પણ એક લહાવો છે.

કચ્છ પ્રદેશમાં સંતવાણી, ભજન અને ડાયરા સંસ્કૃતિ સદીઓ જૂની અને સશક્ત છે. રાજા-મહારાજાઓના આશ્રયથી લઈને રણ અને સીમ-વગડામાં વસતા સામાન્ય માલધારી સુધી ભજન એ જીવનનો અનિવાર્ય હિસ્સો રહ્યા છે. ડાયરો એટલે માત્ર ગીતો ગાવાની કે વાહ-વાહ મેળવવાની કોઈ મહેફિલ નથી, પણ આધ્યાત્મિક જ્ઞાન, વેદાંતના ગૂઢ રહસ્યો અને લોકશિક્ષણને સંગીતના સથવારે સામાન્ય માણસના હૃદય સુધી ખૂબ જ સરળતાથી પહોંચાડવાનું એક ભગીરથ માધ્યમ છે. કચ્છની આ આગવી લોકપરંપરામાં નારાયણ સ્વામીએ પોતાના બુલંદ અવાજથી જે પ્રાણ પૂર્યા, તેણે ભજન સંસ્કૃતિને અમરત્વ પ્રદાન કર્યું છે.


મૂળ સૌરાષ્ટ્રના બોટાદ જિલ્લાના આંકડીયા ગામે ગઢવી કુળમાં જન્મેલા આ બાળકનું મૂળ નામ તો શક્તિદાન મહીદાન લાંગાવદરા. તેમનું બાળપણ મોસાળ ભેલા-ભીલડીમાં વીત્યું જ્યાં પ્રકૃતિ અને સંસ્કારોનો અદ્‌ભુત સમન્વય થયો. તેમના આધ્યાત્મિક જીવનના બીજ ત્યારે રોપાયા જ્યારે તેઓ આંકડીયાના પરમ વંદનીય સંત રામદાસબાપુ ગોદડિયાના આશ્રિત બન્યા. ત્યારબાદ ગુરુ હરિહરંતબાપુના દિવ્ય સાનિધ્યે તેમના જીવનને ભક્તિના અખંડ રંગે રંગી દીધું. તેમણે શારીરિક પીડાનો સામનો કર્યો અને મોહ-માયા ત્યજીને તેમણે પૂર્ણપણે પ્રભુ ભક્તિ અને સૂર સાધનાનો માર્ગ પકડી લીધો. કર મન ભજનનો વેપાર, ધણી! તારા નામનો આધાર, કર મન ભજનનો વેપાર જી.... આ પંક્તિઓ જાણે નારાયણ સ્વામી માટે તાદશ થાય છે. દીક્ષા ગ્રહણ કર્યા પછી તેમણે સૌરાષ્ટ્રના રાજકોટ, મવડી રોડ પર આવેલા ફલિયા હનુમાન અને વેરાવળ જેવા સ્થાનો પર ભ્રમણ કરીને કલા અને ભક્તિને અખંડ રાખી, વિધાતાએ તેમના ભાગ્યમાં કચ્છની પવિત્ર ધરાની સેવાનું પ્રારબ્ધ લખી રાખ્યું હતું એટલે સૌપ્રથમ તેઓ બિદડા અને ત્યારબાદ માંડવીના રમણીય દરિયાકિનારે આવેલા ચંપલેશ્ર્વર મહાદેવના પવિત્ર સ્થાને તેમણે આસન જમાવ્યું. અને મંદિરની નાનકડી દેરીમાંથી ભક્તિ-તરંગો વહેવડાવી સુંદર આશ્રમમાં પરિવર્તિત કરી દીધું. તે જન્મથી ભલે કાઠિયાવાડી હતા, પણ કર્મોથી, તેમના વહેવારથી અને વાણીથી કચ્છીઓએ તેમને ખૂબ પસંદ કર્યા અને 'સવાયા કચ્છી' બનાવીને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું.


નારાયણ સ્વામી

તેમના મુખેથી વહેતી અસ્ખલિત સંતવાણી સાંભળવા લાખો ભક્તો ઊમટી પડતા. તેની સામે નહિ ગર્વથી, નહિ અન્ય સર્વમાં તરી આવવાની વૃત્તિથી કે નહિ કશી તોછડાઈથી,પણ પોતાના જીવનમાં જે વાત સાચોસાચ વસી, જે જીવને તત્ત્વ આપ્યું, તે સરળ ભાવ તેમના કંઠે સરી નીકળતા અને લોકો તેમની દાદ પોકારી ઉઠતા. જ્યારે ડાયરામાં તેમના કંઠે ગવાયેલું કૈલાશ કે નિવાસી..., ઓધાજી મારા વાલાને..., મેં ગોવાલણ તેરી કાનુડા... કે માનવ નડે છે માનવીને... ગુંજતું, ત્યારે શ્રોતાઓ તન-મનનું ભાન ભૂલીને આધ્યાત્મિક સમાધિ અવસ્થામાં સરી પડતા. તેમની પ્રસ્તુતિમાં માત્ર મનોરંજન નહીં, પણ જીવ અને શિવના મિલનનો વૈરાગ્યભાવ છલકાતો.

સમયનો ચરખો નિરંતર ચાલતો રહ્યો અને ૧૬ નવેમ્બર ૨૦૦૦ના રોજ ભજન જગતનો આ ઝળહળતો સૂર્ય શારીરિક રીતે બ્રહ્મલીન થઈ ગયો. પરંતુ સંગીત, સંસ્કૃતિ અને ભક્તિના સંસારમાં તેમનું નામ હંમેશાં ગુંજતું રહેશે. આજે ભલે સ્વામીજી આપણી વચ્ચે સદેહે હાજર નથી, પણ તેમનો રેકોર્ડ થયેલો અવાજ, તેમના ભજનો અને તેમણે સ્થાપેલી ભક્તિની પરંપરા આજે પણ અકબંધ છે. જ્યારે પણ કચ્છની કોઈ શીતળ રાત્રે કોઈ મંચ પરથી ભજનના સૂરો રેલાય છે, ત્યારે શ્રોતાઓના મુખે નારાયણ સ્વામીની દિવ્ય ઉપસ્થિતિનો અહેસાસ અચૂક થાય છે.

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**એટીએસ** ચીફ બાદલ મલિક તરફથી સરકારી હૉસ્પિટલમાં સૂચના આપી દેવાઈ હોવાથી ઇરાવતી અને રાઘવને કોઈ તકલીફ પડી નહતી. પુરોહિતનો પુત્ર ધનરાજ અને પુત્રવધૂ સાન્વી પણ પહોંચી ગયાં હતાં. આખો મામલો રાઘવની નિગરાણીમાં ઝડપથી પતાવવાનો હતો અને રાઘવને પણ રાધા જેટલી જ પોસ્ટમૉર્ટમની ઉતાવળ હતી. બેજલમેડમાં પુરોહિતના અંતિમસંસ્કાર કરવાની ગોઠવણ પણ થઈ ગઈ હતી. દરમિયાન રાધાએ દેવીપ્રસાદજીને રાઘવની સાચી ઓળખ આપી દીધી હતી, પરંતુ એમને એની ખુશી ઓછી અને પુરોહિતના મોતનો વસવસો વધુ હતો. જગદીશ જરા વધુ ડરી ગયો હતો.

'મને ડર લાગે છે ક્યાંક મારું મર્ડર ન થઈ જાય...' જગદીશ બબડ્યો.

'જગદીશ, તને કાંઈ નહીં થાય. પુરોહિતના કેસમાં મને ડાઉટ પડ્યો એટલે મેં એની ડેડબૉડી પોસ્ટમૉર્ટમ માટે મોકલી છે. મારો ડાઉટ કદાચ સાચો ન પણ હોય...'

'નહીં, નહીં મને મળ્યો ત્યારે પુરોહિત ગભરાયેલો હતો. કંઈક તો બન્યું છે એની સાથે,' જગદીશ બોલ્યો

'જો જગદીશ, સવાલ માત્ર તારા, મારા કે દેવીપ્રસાદજીના જીવનો નથી... સવાલ અહીં આવતા હજારો લોકોનો છે. જીવનું ખરું જોખમ તો એમની ઉપર છે અને મેં એમના માટે જ તમારી મદદ લીધી છે.'

'હજારો લોકોનો જીવ બચાવવા ખાતર જો મારો જીવ જશે ને તો મને મંજૂર છે રાધા, હું પીછેહઠ નહીં કરું. હું તારી સાથે છું.' દેવીપ્રસાદજી રાધાની પીઠ થાબડતાં બોલ્યા. જગદીશની આંખોમાં ફરી જુસ્સો ઝળક્યો.

******************

સાધુ બીજે દિવસ એના નિયમ મુજબ ગોપાલશ્વર મંદિરે પહોંચ્યો. એ દિવસે એણે જગ્યા બદલી. આસન જમાવીને બેઠો. એની આંખોમાં રાતની લાલાશ હતી અને ચીલમનો નશો હતો. રાતે મંદિરે આવેલો માણસ કોણ હતો...? શંકર જો નજરમાં આવી ગયો હોય તો હું પણ નજરમાં હોઇશ જ. કાઈક તો છે જેને ભણક આવી ગઈ છે. કોની નજર પોતાના પર છે એ જોવા સાધુ ચકળવકળ આંખો ફેરવીને જોઈ રહ્યો હતો.

જોકે એને શંકરને બચાવી લીધાનો સંતોષ હતો. એ શંકરને રાતની ઘટના કહીને ચેતવી દેવા માગતો હતો. શંકર જમીને પાણીની પરબ પર આવશે એવું ધારીને એ બપોરે પાણીની પરબ પર ગયો. એના આશ્ચર્યની વચ્ચે શંકર આવ્યો નહીં. થોડી વાર રાહ પણ જોઈ, પરંતુ શંકર દેખાયો નહીં. એ ગુપ્તાની દુકાન પાસે જઈને નજર કરી. શંકર દુકાનમાં પણ નહતો. એટલામાં ગપ્તા એને જોઈ ગયો.

'સાધુ મા'રાજ આજકલ આપ દર્શન નહીં દે રહે હો?' ગુપ્તા બોલ્યો.

'સાધુ તો ચલતા ભલા...ચલતા ભલા...' બોલતો બોલતો ત્યાંથી સરકી ગયો.

સાધુને શંકરની ચિંતા હતી. એ ક્યાં ગયો હશે? રાતે મંદિર આવેલા માણસે એને ખતમ તો નહીં કરી નાખ્યો હોય. વિચારતો સાધુ ફરી એની જગ્યાએ ગોઠવાઈ ગયો. સાધુએ રાતે જ સમંદરખાનને ઘટનાના સમાચાર આપી દઈને ગોપાલશ્વરનો ખેલ જલદી ખતમ કરવાની પરવાનગી માગી હતી.

'યહાં કાઈ તો હૈ જો હમ પર નઝર રખે હુએ હૈ... અબ ઝયાદા ટાઇમ બરબાદ કરના ઠીક નહીં હૈ જનાબ,' સાધુએ કહ્યું હતું.

'તુમ્હારે પાસ જિતને ફટાકે હૈ ઉસસે કામ નહીં ચલનેવાલા. ઓર માલ આ રહા હૈ. તુમ્હે થોડા ઇન્તેઝાર કરના હોગા...'

**'તુમ્હારે પાસ જિતને ફટાકે હૈ ઉસસે કામ નહીં ચલનેવાલા, ઓર માલ આ રહા હૈ...'**

આ વાત સાધુ પણ જાણતો હતો કે પૂરતા માલ વિના ઑપરેશન કામિયાબ થવાનું નથી. એને પોતાની લાચારી, વિવશતા, બેબસી પર ગુસ્સો આવ્યો. એણે ગુસ્સામાં સામેથી ફોન કાપી નાખ્યો હતો. વિચારોમાં ઘેરાયેલા સાધુની તુંબડીમાં અચાનક કોઈએ પૈસાના સિક્કા નાખ્યા.

'સાધુ પૈસા નહીં લેતા,' બોલીને એણે ઊંચું જોયું. શંકરે હસીને પૈસા તૂંબડીમાંથી કાઢીને બે કેળા મૂક્યાં.

'કહાં થા તૂં?' સાધુએ પૂછ્યું.

'પુરોહિત ચાયવાલે કી મૌત હઈ. બિચારા અચ્છા આદમી થા... ઉસકે ઘર પર ગયા થા... ઘર પર કોઈ નહીં થા,' શંકરે કહ્યું.

'કિસી ઓર કી મૌત કા માતમ મત મના, અપની જાન સંભાલ,' સાધુ બોલ્યો.

'કલ રાત કોઈ તેરે બારે મેં કિસી કો ખબર દેને કે લિયે દાનપેટી મેં એક ચિઠ્ઠી ડાલ કર ગયા...બાદ મેં એક આદમી ચિઠ્ઠી લેને આયા....અચ્છા હુઆ ઇસસે પહેલે મૈંને ચિઠ્ઠી પઢ લી...'

'કૌન થા વો... જો ચિઠ્ઠી લેને આયા થા...? મૂહ દેખા ઉસકા.?' શંકરે પૂછ્યું.

'પતા નહીં અંધેરા થા... ઔર મુઝે અપના ચહેરા ભી છુપાના થા... ઇસલિયે મૈને ઉસ પર ત્રિશૂલ ફેંકા. લેકિન વો બચ ગયા...'

'ઇસીલિયે કહેતા હું અબ ખેલ ખતમ કરના ચાહિયે,' શંકર બોલ્યો.

'પહેલે તુમ ઉસ આદમી કો ઢૂંઢો જો દાનપેટી સે ચિઠ્ઠી લેને આયા થા,' સાધુએ કેળાની છાલ ઉતારતાં કહ્યું. શંકર સાંભળીને ચાલવા લાગ્યો હતો.

********************

'અરે કહાં ચલા ગયા થા તૂ રસોઈઘર મેં સામાન પહોંચાને કે બાદ?' ગુપ્તાએ પૂછ્યું.

'પુરોહિત કે ઘર પર ગયા થા. અચાનક ચલ બસા. ભલા આદમી થા.'

'અચાનક આઇ હુઇ મૌત ખરાબ હૈ. પુલીસ કો ડાઉટ આયા... બોલે મોત કા કારન જાનના ઝરૂરી હૈ... ઉદયપુર કી સરકારી હૉસ્પિટલ મેં પોસ્ટમૉર્ટમ કરના પડેગા... ઉસકી લુગાઇ ભી ગઈ હૈ સાથ મેં...' ગુપ્તાએ કહ્યું.

'ઇસલિયે ઘર પર કાઈ નહીં થા...બહુત બુરા હુઆ ઉસકે સાથ. અબ ડૉક્ટરલોગ ચીરફાડ કરેંગેં ઔર મિલેગા કૂછ નહીં....નેચરલ ડેથ મેં ક્યા મિલેગા,' શંકર બોલ્યો.

********************

ઝૈનાબ બીજે દિવસે લંચ પહેલાં પાસપોર્ટ ઑફિસની બાજુના કૉફી હાઉસમાં પહોંચી ગઈ. બપોરનો સમય હતો એટલે કદાચ કૉફી હાઉસમાં ચહલપહલ ઓછી હતી. થોડાં છોકરા-છોકરીઓ ધીમે અવાજે વાતો કરતાં હતાં. એક છોકરી ખૂણામાં બેસીને લૅપટૉપ પર કામ કરતી હતી. ઝુબૈદા થોડી થોડીવારે ખૂલબંધ થતો કાચનો પારદર્શક દરવાજો જોતી હતી. કંટાળીને એણે કાઉન્ટર પરની છોકરીને ઇશારો કરીને એની રેગ્યુલર કૉફી મોકલવાનું કહ્યું.

કૉફી આવી, પણ હેટવાળો માણસ ન આવ્યો. ઝૈનાબ કૉફીમાં અડધી પડીકી સાકર નાખીને હલાવતી હતી ત્યાં હેટવાળો માણસ દાખલ થયો. સીધો કાઉન્ટર પર ગયો. ઝૈનાબ એની હિલચાલ જોતી હતી. એ બ્લૅક કૉફી લઈને સીધો ઝૈનાબ સ્માઇલ આપીને સામેની ખુરસી પર બેસી ગયો. ઝૈનાબને સ્માઇલ આપી. હેટ ઉતારીને બાજુમાં મૂકી. કૉફીની એક સિપ મારી. ઝૈનાબ એના બોલવાની રાહ જોતી હતી.

એ કાંઈ બોલ્યો નહીં.. ફક્ત ખિસ્સામાંથી એક કાગળ કાઢીને ઝૈનાબની સામે મૂક્યો.

પછી એનો જાડો-ભદ્દો ધીમો અવાજ આવ્યોઃ 'ઇસ આદમી કો ઢૂંઢના હૈ.' ઝૈનાબે ઝટ દઈને કાગળ પર્સમાં મૂકી દીધો. પેલા શખ્સે એક કાર્ડ કાઢીને આપ્યું.

'કૂછ ભી હૈ તો મુઝે કૉલ કરો.' શખસે સ્માઇલ આપી. અને કૉફી ભરેલો પેપરકપ લઈને બહાર નીકળી ગયો.

ઝૈનાબ પર્સમાંથી કાગળ કાઢીને જુએ તે પહેલાં પાસપોર્ટ ઑફિસમાંથી બૉસનો મોબાઇલ પર કૉલ આવ્યો.

'ઝૈનાબ કહાં હો તુમ...?'

'આ રહી હું સર....' ઝૈનાબ પૈસા ચૂકવવા કાઉન્ટર ગઇ.

'હેટવાલે સા'બ પૈસા ચુકા કર ગયે હૈ.' ઝૈનાબ ઉતાવળે નીકળી ગઈ.

ઑફિસ પહોંચીને ઝૈનાબ સીધી બૉસની કેબિનમાં ગઈ.

'ઝૈનાબ, તુમ જાનતી હો આજ બહુત કામ હૈ...ફિર ભી તુમ બાહર ચલી ગઈ?' બૉસે કહ્યું.

'સર, ઇમર્જન્સી થી... કાઈ રિસ્તેદાર મિલને આયા થા.' ઝૈનાબે કહ્યું.

'ઠીક હૈ...' બૉસ બોલ્યો. ઝૈનાબ આસપાસ બહુ લોકો હોવાથી કાગળ જોઈ શકી નહીં... કાગળ જોવાની અધિરાઈ સાથે એ ઝડપથી કામ કરવા લાગી.

********************

રાઘવ ઉદયપુરની સરકારી હોસ્પિટલમાં પોસ્ટમૉર્ટમના રિપોર્ટની રાહ જોતો બેઠો હતો. એની સામેના બાકડા પર ઇરાવતી, એનો દીકરો અને પુત્રવધૂ બેઠાં હતાં.

'આપ હમારે લિયે ઇતના કર રહે હો. બેજલમેડ સે યહાં તક સાથે આયે...' પુરોહિતનો દીકરો ધનરાજ બોલ્યો.

'પુરોહિત મેરા દોસ્ત થા....' રાઘવે કહ્યું.

'પાપાને આપ કે બારે મેં કભી કૂછ બતાયા નહીં,' ધનરાજે કહ્યું.

'મુઝે ભી આપ લોગોં કે બારે મેં કભી કૂછ નહીં બતાયા... મેં ઉસકો દૂધ બેચતા થા... ઔર રોઝ ઉસકે હાથ કી ચાય પીતા થા,' રાઘવ બોલ્યો.

'પોસ્ટમૉર્ટમ કા કારન સમઝ મેં નહીં આયા...' પુત્રવધૂ સાન્વીએ કહ્યું.

'કારન જાનને કે લિયે હી પોસ્ટમૉર્ટમ હો રહા હૈ,' રાઘવે કહ્યું. રાઘવના મોબાઇલની રિંગ વાગી. રાધાનો કૉલ હતો... એ ઊભો થઈને ખૂણામાં ગયો.

'હેલો રાઘવ, કિતના ટાઇમ?' રાધાએ પૂછ્યું.

'બસ થોડી દેર મેં આ જાના ચાહિયે...' રાઘવે કહ્યું.

'ઉસકી ફૅમિલી કો રિપોર્ટ કે બારે મેં ક્યા કહેંગેં...?' રાધાએ પૂછ્યું.

'સબ સેટિંગ હો ગયા હૈ... દો રિપોર્ટ તૈયાર હોગા... એક મેં સચ હોગા ઔર દુસરે મેં ઝૂઠ. ઝૂઠવાલા રિપોર્ટ ફૅમિલી કે લિયે હોગા ઔર સચવાલા હમારે પાસ,' રાઘવે કહ્યું.

'ગુડ' કહીને રાધાએ ફોન કાપી નાખ્યો.

**********************

ઑફિસ ટાઇમ પૂરો થયો. ઝૈનાબ ઊઠવા ગઈ ત્યાં બૉસે આવીને કહ્યુંઃ

'ઝૈનાબ, આજ ઝ્યાદા કામ હૈ... તુઝે બૈઠના પડેગા... મેરી ખાતિર આજ સંભાલ લો... પ્લીઝ.'

ઝૈનાબનો ચહેરો ઊતરી ગયો. પણ બૉસે ઘણીવાર સમયની બાબતે ઝૈનાબને સાચવી લીધી હતી... એટલે એ કાંઈ કહેવાની સ્થિતિમાં નહતી. એણે ઓકે કહ્યું.

એ ફ્રેશ થવાને બહાને પર્સ ઉપાડીને વૉશરૂમમાં ગઈ. જલ્દીથી કાગળ ખોલ્યો. એના હાથ કાંપવા લાગ્યા....પરસેવો વળી ગયો... માથું ધુણાવ્યું... આંખો પટપટાવીને ફરી ફરી જોયું... ડૉ. અજમલ અન્સારીનો સ્કેચ ઝૈનાબને પગથી માથા સુધી ધ્રૂજાવી રહ્યો હતો.

મારા જ ઘરમાં રહેતો ડૉ. અજમલ અન્સારી ટેરરિસ્ટ છે. અને અબુ-અમ્મીએ એને પનાહ આપી છે... મતલબ એ લોકો પણ સામેલ છે... (ક્રમશઃ)■

# વિજ્ઞાન એટલે ...

## જીવનને બહેતર - બૃહદ બનાવતું વિશેષ જ્ઞાન




feedback@bombaysamachar.com

વિજ્ઞાન એટલે પ્રત્યક્ષ અનુભવ અને નિરીક્ષણથી રચાતું વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન એવી પ્રાથમિક વ્યાખ્યા ભણવામાં આવતી હતી. પાણી એટલે જળ, પીવાના ઉપયોગમાં આવતું સ્વાદ, ગંધ અને રંગ રહિત એક પ્રવાહી પદાર્થ. માતૃભાષામાં એને માટે ઉદક, નીર, સલિલ જેવા પર્યાયવાચી શબ્દો છે. વિજ્ઞાન કહે છે કે પાણી હાઇડ્રોજન અને ઑક્સિજન એ બે અણુનું બનેલું છે. ટૂંકમાં વિજ્ઞાન વિશેષ જ્ઞાન આપી સમજણ વિકસાવે છે.

આજે આપણા રોજિંદા જીવનમાં વિજ્ઞાન એ હદે વણાઈ ગયું છે કે હેરત થાય. દહીં જામે એ માટે મેળવણ ઉમેરવામાં આવે છે એ વિજ્ઞાનનો જ સિદ્ધાંત છે. ડાલડા ઘી બને એમાં પણ વિજ્ઞાન છે અને ખમણ ઢોકળાનો સ્વાદ માણવા આથો લાવી ખીરું તૈયાર કરવું પડે એ પણ વૈજ્ઞાનિક પ્રક્રિયા જ છે. શીતળા એ દેવીનો પ્રકોપ નથી, પણ વાઇરસથી થતો એક ચેપી રોગ છે એ પણ વિજ્ઞાને જ આપણને સમજાવ્યું છે. એકવીસમી સદીમાં લગભગ દરેક પદાર્થ કે ઘટના વિજ્ઞાન સાથે સંલગ્ન છે. માણસની લગભગ તમામ પ્રવૃત્તિઓ ટેક્નૉલૉજીની મદદથી થઈ રહી છે. વિજ્ઞાનની સીમાઓ પરમાણુથી બ્રહ્માંડ સુધી વિસ્તરેલી છે અને આજનો મનુષ્ય વિવિધ સ્તરે અને વિવિધ તબક્કે વિજ્ઞાનનો અનુભવ-ઉપયોગ કરી રહ્યો છે. વિશ્વએ એરિસ્ટોટલથી માંડી ન્યૂટન અને આલબર્ટ આઇન્સ્ટાઈન અને સ્ટીફન હોકિંગ સુધી જાતજાતના અને ભાતભાતના વૈજ્ઞાનિકો જોયા છે. આપણા દેશમાં આર્યભટ્ટથી માંડી ડૉ. હોમી ભાભા અને ડૉ. ગગનદીપ કાંગ સહિત વિવિધ વૈજ્ઞાનિકોએ જીવનને બહેતર અને બૃહદ બનાવાવમાં યોગદાન આપ્યું છે. આપના પ્રિય અખબાર 'મુંબઈ સમાચાર'માં આજથી શરૂ થતી આ વિજ્ઞાનની કૉલમમાં હેરત થાય, સમજણ વિકસે અને માહિતી-જાણકારી મળે એવી કોશિશ કરવામાં આવશે.

### કોણ વધારે દઝાડે? ઉકળતું પાણી કે વરાળ?




કિશોરાવસ્થામાં અચાનક રસોડામાં ઘૂસી ગયા હોઈએ ત્યારે નાનીમા બૂમ પાડી કહેતા કે 'કૂકરથી આઘો રહેજે, નહીંતર વરાળથી દાઝી જઈશ.' નિશાળમાં (ગુજરાતી માધ્યમની સ્કૂલ)માં હજી સામાન્ય વિજ્ઞાન વિસ્તારપૂર્વક નહોતું ભણવામાં આવતું. એટલે સવાલ થયો કે ઊકળતા પાણીથી દાઝવાની બીક નહોતી લાગતી તો વરાળથી દાઝવાની વાત કેમ નાનીએ કરી હશે? સાતમા ધોરણમાં સામાન્ય વિજ્ઞાનના શિક્ષણનો વિસ્તાર થયો ત્યારે હકીકતની જાણ થઈ. વિજ્ઞાન કહે છે કે ૧૦૦ ડિગ્રી સેન્ટિગ્રેડ તાપમાન પર ઊકળતા પાણીમાંથી ૧૦૦ કેલરી ગરમી છૂટી પડે છે. એ વાત તો બધા જાણતા જ હશે કે પાણી જેમ જેમ ગરમ થતું જાય એમ એમ તાપમાન ૩૦ ડિગ્રીથી વધી ૪૦, ૭૦, ૯૦ અને ૧૦૦ ડિગ્રી પર પહોંચ્યા પછી તાપમાનમાં વધારો નથી થતો. તાપમાન ૧૦૦ ડિગ્રી પર પહોંચ્યા પછી ઊકળતા પાણીનું રૂપાંતર વરાળમાં થવાની શરૂઆત થાય કે અને ત્યારે એક મહત્ત્વનો ફેરફાર જોવા મળે છે. સામાન્ય વિજ્ઞાન કહે છે કે ૧ ગ્રામ પ્રવાહી પાણીને ઉત્કલન બિંદુ (બોઇલિંગ પૉઇન્ટ) પર તાપમાનમાં કોઈ પણ ફેરફાર વિના વરાળમાં રૂપાંતર થાય ત્યારે ૫૪૦ કેલરી ગરમી છૂટી પડે છે જે સુષુપ્ત ગરમી અથવા લેટન્ટ હીટ તરીકે ઓળખાય છે. આ કારણસર ઊકળતા પાણી કરતાં વરાળથી વધુ દાઝી જવાય છે. ક્યારેક તો ત્વચાને ભારે નુકસાન પણ પહોંચી શકે છે. એટલે કૂકરની સીટી વાગે ત્યારે એમાંથી છૂટી પડતી વરાળ વધુ નુકસાન કરી શકે છે એ વાત વૈજ્ઞાનિક કારણ સાથે યાદ રાખજો.

### ચકલી નાની ને ફૈડકો મોટો



સર્કસમાં એક રિંગમાસ્ટર હોય. એ રિંગમાસ્ટર આદેશો છોડે એ પ્રમાણે જનાવરો ઉછળકૂદ કરીને ખેલ દેખાડીને જનતાનું મનોરંજન કરતો હોય છે. જીવનસંસાર પણ એક સર્કસ જ છે એવું ફિલોસોફરો કહેતા હોય છે. ક્યારેક સંજોગો-પરિસ્થિતિ માણસને નચાવતી હોય છે અને કાળા માથાના માનવીએ એ પ્રમાણે નાચવું પડતું હોય છે. ક્યારેક સ્વાર્થ માટે તો ક્યારેક વખાના માર્યા. જોકે આ જ માનવી પોતાનાથી કમજોર મનુષ્ય કે પ્રાણીને નચાવવાની તક મળે તો છોડતો નથી એવું સુધ્ધાં જોવા મળ્યું છે. યુકેની યુનિવર્સિટી ઑફ મૅન્ચેસ્ટરના સંશોધકોએ અદ્યતન ટેક્નૉલૉજીની મદદથી વિશિષ્ટ સંશોધન કર્યું છે. અતિ ઉદ્યમી જીવ તરીકે ઓળખાતા કરોળિયાને તાલીમ આપી વૈજ્ઞાનિકોએ એને ઇચ્છિત ઊંચાઈ અને અંતર સુધી કૂદકો મારતો કરી દીધો છે. આ પ્રયોગથી સમાન લક્ષણો ધરાવતા કેટલાક શિકારી જીવો કઈ રીતે શિકાર કરે છે એ સમજાયું છે. નેચર સાયન્ટિફિક રિપોર્ટ્સની જાણકારી મુજબ કરોળિયો શિકારને હડપવા ચોક્કસ પ્રકારે જ કેમ છલાંગ લગાવે છે એ સમજી શકાયું છે. કરોળિયો છલાંગ મારવાની તૈયારી કરે છે ત્યારે પોતાના શરીરના વજન કરતાં પાંચ ગણું વધુ વજન પગ પર આપે છે. આવી રીતે મારવામાં આવેલા કૂદકાને કારણે પોતાના શરીરની કુલ લંબાઈ કરતાં છ ગણા વધુ અંતરે એ પહોંચી શકે છે. ચકલી નાની ને ફૈડકો મોટો - વાત નાની અને વિસ્તાર ઝાઝો જેવી વાત થઈ. આ વાત કરોળિયાથી અનેકગણા મહારથી માનવીને આંટી જાય એવી છે કારણ કે મનુષ્ય પોતાની લંબાઈ કરતાં દોઢ ગણું માંડ કૂદી શકે છે.

### ગણિત અઘરું? ના, આસાન...!




સમજવું મુશ્કેલ છે, પણ ગણિત માનસિક ગભરાટ જન્માવતો વિષય રહ્યો છે. ભારત દેશ તો આર્યભટ્ટ, વરાહ મિહિરથી માંડીને રામાનુજ સુધીના ગણિતજ્ઞોનો અમૂલ્ય અને સમૃદ્ધ વારસો ધરાવે છે. ગણિતના કેટલાક અઘરા લાગતા દાખલાઓ કે સમીકરણોનો ઉકેલ લાવવા નિષ્ણાતોએ શોધી કાઢેલી તરકીબોથી અઘરું આસાન બની જાય છે. જો તમને એકથી પચાસ સુધીના અંકોનો સરવાળો કરવાનું કહેવામાં આવે તો તમારા મોઢા પર કંટાળો જરૂર આવી જવાનો. એનું મુખ્ય કારણ એ છે કે ગણતરી સરળ છે, પણ લાંબી હોવા ઉપરાંત સમય અને ધીરજ માગી લે એવી છે. એકમાં બે ઉમેરવાના, એનો જે જવાબ આવે એમાં ત્રણ ઉમેરવાના, ત્યાર બાદ એના જવાબમાં ચાર ઉમેરવાના અને આ સિલસિલો પચાસનો આંકડો આવે ત્યાં સુધી ચાલુ રાખવાનો. ઓહ નો, વેરી બોરિંગ એવી પ્રતિક્રિયા સહજ કહેવાય. હવે જો આ ગણતરી એક સમીકરણથી ચપટી વગાડતાંમાં થઈ જાય તો? તો જલસા પડી જાય ને! એકથી પચાસ કે બીજા કોઈ પણ નંબર સુધીની સંખ્યાનો સરવાળો કરવો હોય તો એ નંબર અને એમાં એક ઉમેરી જે સંખ્યા આવે એનો ગુણાકાર કરવાનો. મતલબ કે ૫૦ ગુણ્યા ૫૧ લખવાનું અને બે વડે એનો ભાગાકાર કરવાનો. ૫૦ને બે વડે ભાગવાથી ૨૫ મળે અને એનો ૫૧ સાથે ગુણાકાર કરવાથી ૧૨૭૫ મળે જે તમારો જવાબ છે. કેટલું ઈઝી છેને. અલબત્ત અહીં એકથી કોઈ નંબર સુધીના સરવાળાની જ વાત છે એવું નથી. જો તમને ૩૦થી ૭૦ના આંકડાઓનો કે બીજી કોઈ બે સંખ્યા વચ્ચે રહેલા નંબરનો સરવાળો પૂછવામાં આવે તો ઉપરની રીત પહેલાં એકથી ત્રીસ માટે કરો, પછી એકથી સિત્તેર માટે કરવાની અને મોટી સંખ્યામાંથી નાની સંખ્યાની બાદબાકી કરવાથી જવાબ મળી જશા. કોશિશ કરી જુઓ અને અન્યોને પણ સમજાવો, બધાને મજા પડશે. ■

---

# લો, આ તમને સાભાર પરત...




વિનોદ ભટ્ટ

કેટલીક વાર બને છે એવું કે વયસ્ક દીકરી માટે લગભગ અડધો ડઝન જેટલા મુરતિયા આંખ સામે હોય ત્યારે એમાંના એકાદને પસંદ કરવામાં કન્યાના પિતાને મૂંઝવણ થાય છે. લગભગ એવી જ દશા મારી થઈ હતી, આ પુસ્તકનું શીર્ષક ચૂંટવામાં. જેમ કે 'શું-શાં પૈસા ચાર', 'ભાષાને શું વળગે ભૂર...', 'જીવતાં જગતિયું', 'ડાબા હાથનો ખેલ', 'નામમાં શું બળ્યું છે?', 'વિવેચકઃ એ પણ સર્જક છે? - હમ ભી ડીચ?' અને 'સાભાર પરત!'

પાંચસો વર્ષ અગાઉ ગુજરાતી ભાષાની કિંમત પાંચિયા - પાંચ પૈસા જેટલી પણ ન હતી, ફક્ત ચાર પૈસા હતી. આજે તો એ સાવ બાપડી થઈ ગઈ છે. દસમા ધોરણમાં આ વર્ષે લગભગ અઢી લાખ છોકરા ગુજરાતી વિષયમાં નાપાસ થયા. જોકે અંગ્રેજી માધ્યમમાં ભણતાં બાળકોને એ પણ ખબર નથી કે સ્કૂલનું ગુજરાતી 'નિશાળ' થાય. અને શું-શાં પૈસા ચાર એટલે શું એની તોઃ ગુજરાતી વિષય ભણાવતા શિક્ષકનેય જાણ નહીં હોય! એમ તો 'મધ્યયુગ' અને 'મદ્યયુગ' એ બે વચ્ચેના ભેદનીય શિક્ષકોને કદાચ ખબર નથી. હવે મદ્યયુગની નહીં પણ મધ્યયુગની વાત કરીએ તો એ યુગમાં ફારસી અને ઉર્દૂ ભાષાના નામના સિક્કા પડતા. એ બંનેનો જબરો ઠાઠ હતો. આ કારણે એવી કહેવત ચલણમાં હતી કે 'અબે તબેકા સોલહ આના, ઇકડમ તિકડમ આઠ (મરાઠી ભાષાનો ભાવ આઠઆના), અઠે કઠેકા ચાર હી આના (મારવાડી ભાષાની કિંમત), શું-શાં પૈસા ચાર!' ગુજરાતી ભાષાની કિંમત ઓછી, કેવળ ચાર પૈસા ગણાતી એ સમયમાં. હવે તો રૂપિયો પણ ગગડવા માંડ્યો છે. રૂપિયો ખુદ ગરીબ થઈ ગયો છે, એટલે પછી થયું કે પાવલીની પેઠે રૂપિયો પણ ચલણમાંથી બરતરફ થઈ જાય એ પહેલાં મારે તેને શીર્ષક લેખે નિવૃત્ત કરી દેવો જોઈએ. આ ટાઇટલ રદ કરી નાખ્યું... 'ભાષાને શું વળગે ભૂર...' રાખીએ તો કોઈ વિવેચક ધમકાવીને કહેશે કે ટાઇટલમાં જ ભૂલ છે. ભૂર નહીં, ભૂત જોઈએ. વિવેચકો જ જ્યાં ભૂર અને ભૂત વચ્ચે ફાંફે ચડી જતા હોય ત્યાં સામાન્ય વાચકના પલ્લે આ ટાઇટલ કેવી રીતે પડવાનું! એટલે પછી એ નામ પર ચોકડી મારી દીધી... નામમાં શું બળ્યું છે? - એ તો નામ બોળાય ત્યારે જ સમજાય એવું છે. આમ જોવા જઈએ તો આ પુસ્તક નામ મેળવવા કાજે લખ્યું છે એટલે શીર્ષકમાં લખું કે નામની મને લેશમાત્ર પડી નથી, નામમાં શું બળ્યું છે? તો એ કેવળ દંભ ગણાય. આ દંભ ઢાંકવા આ શીર્ષક રદ કરવું પડ્યું. દંભ ઢાંકવા માણસે શું શું કરવું પડે છે! કવિ રવીન્દ્રનાથ ટાગોરે વિવેચકો માટે મોટા ભાગે ખીજમાં કહ્યું છે કે વિવેચક એટલે કમળવનમાં કુહાડી લઈને ફરનાર કઠિયારો. જોકે કવિવર ટાગોર મોટા ગજાના કવિ હોવાને કારણે એ નાની વાત ભૂલી ગયા લાગે છે કે કઠિયારા તેમ જ કુહાડી બંનેનો ધર્મ જ કાપવાનો છે. દરિયામાં રહેવું ને મગરમચ્છ જોડે વેર! - શાણા માણસને એ ન પરવડે, એટલે આ શીર્ષક પર મોટી ચોકડી... 'જીવતાં જુગતિયું' - આ ટાઇટલ ફાલતું છે. અંગ્રેજી કે બીજી કોઈ પણ વિદેશી ભાષા ગમે તેટલી સમૃદ્ધ હશે, પણ તેમાં જીવતાં જગતિયું જેવો મૌલિક, તળપદો ને ચોટડૂક શબ્દ શોધ્યો નહીં જડે. આ શબ્દ, અલબત્ત, થોડો નહીં, ઘણો કટ્ટરવાદી ગણાય. પણ અહીં મુસીબત એ છે કે જે માણસને પોતાના કુંટુબના સભ્યોમાં ઓછો વિશ્વાસ હોય એવા લોકો કોને આપ્યું ને કોણ રહી ગયું એની ભાંજ ગડમાંથી ચિંતામુક્ત થવા પોતાની હયાતીમાં જ 'જીવતાં જગતિયું' કરી નાખે છે ને ખુદના બારમાં-તેરમાનું પ્રેતભોજન પણ જમે છે. એટલે કોઈનું ટાઇટલ ક્લિયર કરવાની મગજમારીમાં આપણે નથી પડવું. હા, મૃતાત્માના નહીં જીવાત્માના અહંને સંતોસવા આ શીર્ષક હેઠળ એક લેખ કર્યો છે ખરો... 'ડાબા હાથનો ખેલ' - જમણા હાથે લખીએ કે ડાબા હાથે, પણ લેખન આમ તો ડાબા હાથનો જ ખેલ હોય છે! ટકાઉ, દીર્ઘકાલીન સર્જન ભાગ્યે જ સર્જાતું હોય છે, એટલે પછી વિચાર્યું કે આપણે ઊઠીને આપણા સર્જનને ડાબા હાથનો ખેલ શા માટે કહેવું? - એવું બધું કહેતા વિવેચકો બાર વરસના બેઠા છે. (ચોખવટઃ 'વિવેચકો બાર વરસના બેઠા છે' એવું લખવાનો અર્થ રખે એવો કાઢતા કે વિવેચકો કાયમ માટે સગીર હોય છે.) સર્જકોએ વિવેચકો પર શ્રદ્ધા નહીં તો વિશ્વાસ રાખવાની ટેવ કેળવવી જોઈએ. આ શીર્ષકમાં તો સાલું 'એક કા તીન' જેવું પણ લાગે છે એટલે ડાબા હાથના ખેલને આડા હાથે મૂકી દઈએ છીએ.

અને હવે તો એક જ શીર્ષક બચ્યું -'સાભાર પરત!' આ શબ્દો સાહિત્ય સિવાય બીજે ક્યાંય વપરાતા નથી, વ્યવહારમાં તો ક્યારેય પણ નહીં. પત્નીથી ત્રાસેલો પતિ પણ શ્વસુર પાસે જઈ રડમસ ચહેરે કહેતો નથી કે 'લો આ તમારી વહાલના દરિયા જેવી દીકરી, મારો સંસાર તેણે ખારો કરી નાખ્યો છે. તેને હું સાભાર પરત કરવા આવ્યો છું.'

જોકે સર્જકો માટે આ શબ્દ એકદમ અળખામણો છે ને સામયિકો તેમ જ અખબારોના તંત્રી-સંપાદકોને ડાયાબિટીસ થયો હોય તો પણ ગળ્યો મધ જેવો લાગતો હોય છે. મોટા-મોટા સર્જકોને પણ 'સાભાર પરત'નો સામનો કરવો પડ્યો છે.

લગભગ સાતેક દાયકા જેટલો જૂનો આ કિસ્સો છે. આપણે જાણીએ છીએ કે જાહેરખબર એ તો કોઈ પણ અખબાર માટે કરોડરજ્જુ સમાન છે. એ દિવસોમાં 'પ્રજાબંધુ'ની આબરૂ, ખાનદાની ઘણી ઊંચી હતી. એ દિવસોમાં નાનાં-મોટાં છાપાં જાહેરખબરો ઉસેટવા દિવાળીટાણે દળદાર અંકો પ્રગટ કરતાં. 'પ્રજાબંધુ'ના દિવાળી અંક માટે કોઈ એક શ્રીમંત વેપારીએ પોતાની એક કવિતા મોકલી. એની જોડે પોતાની કંપનીની એક જાહેર ખબર પણ બીડી. સાથેના પત્રમાં ચોખ્ખું લખ્યું કે 'જો તમે 'પ્રજાબંધુ'માં મારી કવિતા છાપવાના હો તો જ મારી જાહેરખબર પ્રગટ કરજો.' 'પ્રજાબંધુ'નાં તંત્રી ઇન્દ્રવદન ઠાકોરે જાહેરખબર પોતાના ટેબલ પર રાખતાં કવિતા અંગેનો અભિપ્રાય સહતંત્રી ચુનીલાલ વર્ધમાન શાહ ('વર કે પર' પુસ્તકના લેખક) પાસે માગ્યો. ચુનીલાલે કવિતા માટે સારો અભિપ્રાય આપતાં જણાવ્યું કે કાવ્ય સારું છે. છાપી શકાય... એટલે તંત્રી ઇન્દ્રવદન ઠાકોર-ભૂરુભાઈએ કવિતા છાપવા માટે રાખીને, જાહેરાત સાભાર પરત કરી, સાથે જણાવી દીધું લક્ષ્મીનંદન શેઠને કે 'અમે શરતી જાહેરખબર નથી છાપતાં.' ઇન્દ્રવદન ઠાકોરની જગ્યાએ જો આજનો કોઈ અખબારવાળો હોય તો જાહેરખબર પહેલા પાને છાપે. કવિતા અંદરના પાને ખૂણામાં છાપી બંન્નેનું બિલ મોકલી આપશે- ટૂંકમાં કવિતાય જાહેરખબરના ભાવે છાપી નાખશે. - ધંધો કોને કહ્યો છે!

સાભાર પરતની વાત આગળ વધારીએ તો આપણા સમર્થ વાર્તાકાર 'ધૂમકેતુ'એ તો નોંધ્યું છે કે તેઓ કોઈ મૅગેઝિનને 'ધૂમકેતુ' ઉપનામથી વાર્તા મોકલતા ત્યારે મૅગેઝિનના તંત્રી યા સંપાદક એ વાર્તા વાંચ્યા વગર જ છાપી નાખતા કે અખતરા લેખે પોતાના અસલ નામ ગૌરીશંકર જોશીના નામે મોકલતા, તો એ વાંચ્યા વગર જ સાભાર પરત કરી દેતા! 'ધૂમકેતુ' કંઈ રાતોરાત 'ધૂમકેતુ' નહોતા બન્યા, એ માટે તેમને ઘણો સંઘર્ષ વેઠવો પડેલો. આપણા આ 'ધૂમકેતુ' પોસ્ટખાતામાં નોકરી માટે ઇન્ટરવ્યૂ આપવા ગયા ત્યારે તેઓ ગુજરાતીમાં નાપાસ થયા હતા! તેમને ગુજરાતીમાં શ્રુતલેખન લખાવવામાં આવ્યું! એ સમયમાં ગુજરાતી ભાષાના સાક્ષર એવા નરસિંહરાવ દિવેટિયા અને કવિ ન્હાનાલાલનું 'હ'કારવાળું ગુજરાતી શ્રેષ્ઠ અને પ્રભાવી ગણાતું, એટલે પરીક્ષકને છક કરી દેવાની નેમથી તેમણે 'મ્હને' અને 'ત્હને' જેવા ગુજરાતીમાં શ્રુતલેખન લખ્યું ત્યારે નિરીક્ષકે તેમન ટકોર કરી કે આને તો ગુજરાતી લખતાંય નથી આવડતું, પરિણામે એ વિષયમાં તેમને નાપાસ કર્યા ને તેમને પોસ્ટખાતામાં નોકરી ન મળી. એ જોકે એક રીતે ઘણું સારું થયું - આપણને 'પોસ્ટઑફિસ' જેવી અદ્ભુત વાર્તા મળી.

આજની પેઢીના ફેસબુકિયા ને વ્હૉટ્સેપિયા યુવાનને તો કદાચ ખબર પણ નહીં હોય કે 'ગ્રંથ'ના તંત્રી મુ. સ્વ. યશવંત દોશીના પ્રેમાગ્રહને કારણે એક પુસ્તક સાહિત્યિક હાસ્યનિબંધો લખવાનું બન્યું હતું, પરિણામસ્વરૂપ 'ગ્રંથની ગરબડ' પુસ્તક ૧૯૮૩માં પ્રગટ થયેલું, એ વાતને આજે ૪૩ વર્ષનાં વહાણાં વાઈ ગયાં. એ વખતના તંત્રી- સંપાદકો, લેખક શું લખે છે એ કરતાં તેણે કેવું લખવું જોઈએ એનાં પર ખાસ નજર રાખતા. મારાં કેટલાંક પુસ્તકો, મુ. સ્વ. બચુભાઈ રાવત, સ્વ. હરીન્દ્ર દવે, સ્વ. હરકિસન મહેતા, સ્વ. યશવંત દોશી, સ્વ. ઘનશ્યામ દેસાઈ વગેરે ઉપરાંત ભાઈ ભરત ઘેલાણી અને દીપક દોશી જેવા સન્મિત્રોના સ્નેહભાવને કારણે લખી શકાયા છે એનો અહીં આનંદ પ્રગટ કરું છું.

આ 'સાભાર પરત!' પુસ્તકમાં સાહિત્યને આંખ સામે રાખીને લખાયેલા હાસ્યનિબંધો છે. એમના વિશે વધારે તો હું શું કહેવાનો! ■

---

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી

feedback@bombaysamachar.com

# કન્ઝ્યુમર કો સોચો- સમજો-પરખો... ફિર બ્રાન્ડ બનાઓ

છેલ્લા ત્રણ લેખમાં આપણે કઇ રીતે કન્ઝ્યુમરને મહત્ત્વ આપી ક્રાઈસીસને સકારાત્મક પરિણામ આપ્યું, કન્ઝ્યુમરનો વિશ્વાસ જીતી વિશ્વસનીય બ્રાન્ડ બની શકે છે અને યોગ્ય ગ્રાહકની કઇ રીતે અને ક્યારે પસંદગી કરવી તે વિશે જાણવાનો પ્રયત્ન કર્યો. તો આ કન્ઝ્યુમરને આજે કઇ રીતે સમજવો તે જોઈએ...

જ્યારે કોઈ નવી બ્રાન્ડ લોંચ કરવાનું વિચારતું હોય કે પછી નવા પ્રોડક્ટ વિશે વિચારતું હોય ત્યારે પહેલો પ્રશ્ન આવે કે કોના માટે આ બ્રાન્ડ કે પ્રોડક્ટ બની રહ્યું છે. કન્ઝ્યુમરનો વિષય ઘણો મોટો છે. વય, વ્યવસાય, આવક, ભૌગોલિક વિસ્તાર, લિંગ વગેરે; આવાં ઘણાં પરિબળના આધારે તે નક્કી થાય છે.

આપણે જાણીએ છીએ કે કન્ઝ્યુમરને ખુશ કરવો અઘરું કામ છે, પણ તેનાથી અઘરું કામ છે કન્ઝ્યુમરને સમજવો. જો કન્ઝ્યુમરને સમજી શકાય તો તેને ખુશ કરવાનું કામ આસાન થઈ શકે. આજનો કન્ઝ્યુમર અલગ છે, જમાનાની સાથે તે પણ ઇવોલ્વ-એનો પણ વિકાસ થયો છે. તેને પોતાના હક્કની ખબર છે. આવા સમયે આ કન્ઝ્યુમરને જાણવો અને સમજવો વધુ આવશ્યક છે. કન્ઝ્યુમરની રહેણીકરણીની સાથે તેની વિચારધારા, ગમા-અણગમા, કઇ વાતને તે પ્રાધાન્યતા આપે છે તેનો અભ્યાસ પણ આવશ્યક છે.

આ અભ્યાસના આધારે બ્રાન્ડને તક મળી શકે છે કન્ઝ્યુમરને ગમતી વિચારધારાના સહારે પોતાની બ્રાન્ડ પ્રમોટ કરવાની.

આજનો કન્ઝ્યુમર જાણકાર છે, તેની પાસે માહિતીઓ છે ત્યારે તે રિયલ લાઇફની વાતો અને વિચારધારાથી પ્રભાવિત થશે, જેમ કે સેલિબ્રિટી સાથે જો બ્રાન્ડ પ્રમોટ થશે તો તે સેલિબ્રિટીની ક્રેડિબિલિટી અને રિયલ લાઇફ ઇમેજ અને ગુણોના સહારે તેને અપનાવશે. ફક્ત સેલિબ્રિટી છે તેથી તેને જોઈને તે પ્રમોટ કરે તે બ્રાન્ડ તે નહિ ખરીદે. આજનો કન્ઝ્યુમર કોસ્મોપોલિટન કલ્ચરમાં ઊછરી રહ્યો છે. તે વિવિધ પ્રાંતમાં જઈ અભ્યાસ અને નોકરી કરે છે આથી સ્વભાવિક છે કે તે બીજા લોકોના સંપર્કમાં આવશે, તે બીજાની સંસ્કૃતિ, વિચારધારા જાણશે અને તેઓ સાથે સંબંધ બાંધશે. બ્રાન્ડ કન્ઝ્યુમરની આ મુક્ત વિચારધારાને માન આપી તેને પોતાની તરફ આકર્ષવા, પોતાની બ્રાન્ડ પર્સનાલિટી તે રીતે પ્રોજેક્ટ કરે છે.



આજના કન્ઝ્યુમરના ટ્રેંડના અમુક પાસાને જાણવાનો પ્રયત્ન કરીએ. આજનો કન્ઝ્યુમર સ્વાસ્થ્યને મહત્ત્વ આપે છે. પોતાની લાઇફસ્ટાઇલ જે રીતે બદલાઈ રહી છે ત્યારે પોતે જે પ્રોડક્ટ્સ વાપરે છે તેના માટે તે ઘણો સજાગ છે. નેચરલ અને ઑર્ગેનિક પ્રોડક્ટ્સ તરફ તેનું વલણ વધી રહ્યું છે. ફક્ત ખાદ્ય પદાર્થોમાં નહી, પણ પર્સનલ કેર પ્રોડક્ટમાં પણ તે ઑર્ગેનિક અને નેચરલ વસ્તુની ઈચ્છા રાખે છે જેથી સ્વાસ્થ્ય સલામત રહે. આથી આ વાતને ધ્યાનમાં રાખી બ્રાન્ડે પોતાનામાં બદલાવ લાવવો પડશે.

બીજું, આજનો કન્ઝ્યુમર ભારતીય મૂળને અપનાવવા માંગે છે, દેશ, સંસ્કૃતિ અને વારસાગત વાત તરફ તેનું વલણ વધી રહ્યું છે. આથી ફક્ત ભારતીય નામ બ્રાન્ડને આપી નહીં ચાલે. પ્રોડક્ટ જે ડેવલપ થાય તેનો સંદર્ભ, તેના મૂળ, આપણા વારસાને અનુરૂપ છે કે નહીં તે મહત્ત્વનું છે. આજે અમુક ટૂથ પેસ્ટ પણ આયુર્વેદના અભ્યાસના આધારે બનાવવામાં આવી છે. ત્રીજું પાસુ, કન્ઝ્યુમર આજે ઓથેન્ટિસિટીને માને છે.

ઓનલાઇન રિસર્ચ કર્યા બાદ પણ પ્રોડક્ટ જે દાવો કરે છે તેના પર આંધળો વિશ્વાસ નથી કરતો. તેથી બ્રાન્ડ ફક્ત શું આપે છે તેનાથી તે સંતુષ્ટ નહીં થાય પણ કેવી રીતે તે પ્રોડક્ટ બનાવવામાં આવે છે થી લઈને સ્ટોરના શેલ્ફ સુધી પહોંચે છે ત્યાં સુધીની ઓથેંટિક માહિતી મેળવશે. ચોથું, રીલેટેબિલિટી, પોતાની સાથે સુસંગત બેસતી બ્રાન્ડને તે ન્યાય આપશે. પોતાની વિચારધારાને અનુરૂપ છે તો જ હું બ્રાન્ડને અપનાવીશ. પાંચમી વાત, આજના ડિજિટલ યુગમાં કન્ઝ્યુમરને મળતા મેસેજ અને માહિતીઓ ક્ષણના છઠ્ઠા ભાગમાં સમજી જાય છે. આવા સમયે માર્કેટીયરે પણ પોતાની ગતિ વધારવી પડશે. શબ્દો કરતાં ઇમેજ દ્વારા કમ્યુનિકેશન વધુ સશક્ત બનાવવું પડશે. આનું ઉદાહરણ એટલે આજનું જનરેશન ઈન્સ્ટાગ્રામ પર વધુ દેખાય છે.

મીડિયા આમાં મોટો ભાગ ભજવે છે. આથી બ્રાન્ડે સામાજિક બદલાવની વાતોના સહારે પોતાના કેમ્પેઇન બનાવવા પડશે. સાતમી વાત, આજનો કન્ઝ્યુમર ડિજિટલી સેવી છે. માહીતીથી ખરીદી સુધી બધુ ડિજિટલી થાય છે તો બ્રાન્ડે પણ આ પ્લેટફોર્મ પર પોતાની બ્રાન્ડ પ્રમોટ કરવી પડશે. કન્ઝ્યુમર આજે વધુ સાહસિક છે, પોતાના મનમાં જે છે તે કરે છે. આજનો કન્ઝ્યુમર તે બ્રાન્ડ સાથે સંબંધ રાખશે જે લેવડદેવડથી પરે જઈ ભાવનાત્મક સ્તરે તેની સાથે બંધાય. બ્રાન્ડ માટે જરૂરી છે કે તે કન્ઝ્યુમરને ફક્ત ઘરાક ન સમજતા પોતાની સફળતામાં ભાગીદાર સમજે. ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# મદુરાઈથી ટોકિયો સુધી... કેમ જાપાની ભાષામાં તમિળની ગૂંજ સંભળાય છે?

થોડા દિવસ પહેલાં ભારતીય ભાષાઓના ક્ષેત્રમાં કામ કરતી સંસ્થા 'જશ્ન-એ-રેખ્તા'ના એક મંચ પર ગીતકાર-લેખક જાવેદ અખ્તરને ભાષા અને લિપિ પર બોલતા સાંભળ્યા હતા. એ વાતચીતમાં તેમણે અચાનક એક રોચક વાત કરી કે તમિલનાડુ અને જાપાન સાથે કોઈ સાંસ્કૃતિક કે ભૌગોલિક સંબંધ રહ્યો નથી, છતાં જાપાની ભાષામાં અમુક એવા શબ્દો છે જે તમિલની યાદ અપાવે છે. તેમણે એવું પણ કહ્યું કે તે આ વિષય પર લખાયેલું એક પુસ્તક પણ શોધી રહ્યા છે જે મળતું નથી.

એ પુસ્તક એટલે જાપાનીસ ભાષાવિદ્ પ્રોફેસર સુજુમુ ઓહ્નોનું Sound Correspondences between Tamil and Japanese. આ પુસ્તક ૧૯૮૦માં પ્રગટ થયું હતું. આ પુસ્તક ભાષાપ્રેમીઓ માટે ઉત્સુકતા પ્રેરક છે અને ભાષાવિદો, ઇતિહાસકારો માટે વિવાદાસ્પદ. કેમ?




કારણ કે એમાં પ્રોફેસર ઓહ્નોનો દાવો છે કે તમિલ અને જાપાની ભાષા વચ્ચે કેવળ સંયોગવશ મળતા આવતા શબ્દો નથી, બલકે ધ્વનિઓ, વ્યાકરણ અને વાક્ય-રચનાના સ્તર પર પણ અમુક ઉલ્લેખનીય સમાનતા જોવા મળે છે.

સૌથી પહેલાં શબ્દોની વાત. ઓહ્નો અને તેમના સમર્થકોએ એવા કેટલાય શબ્દો તરફ સંકેત કર્યો છે જેને તે સંભવિત સમાનતાના રૂપમાં જુવે છે. ઉદાહરણ તરીકે- તમિલની 'અમ્મા' અને જાપાની 'અમા' બંનેમાં માતૃત્વ અથવા સ્ત્રીસંબંધી સંબોધનોની ધ્વનિ નિકટતમ છે. તેવી જ રીતે, મોટાભાઈને તમિલમાં 'અન્ના' કહે છે અને જાપાનીમાં 'એની.'

તમિલમાં 'ઉર'નો અર્થ થાય છે ગામ અથવા બસ્તી. અમુક વિદ્વાનો જાપાની 'ઉરા' અથવા અન્ય સ્થાનિક શબ્દો સાથે તેની તુલના કરે છે... ખાલી અથવા શૂન્ય માટે દ્રવિડિયન ભાષામાં 'કરા' શબ્દ છે. જાપાનમાં તેના માટે 'કારા' છે. એવો જ એક શબ્દ મસાલા માટે છે; જાપાનીમાં 'કરાઈ' અને તમિલમાં 'કરમ.' કાપવાને જાપાનીમાં 'કિરુ' અને તમિલમાં 'કીરુ' કહે છે.

પ્રવાહ માટે જાપાનમાં 'નગરે' અને તમિલમાં 'નગર' છે. હવે (અત્યારે)ને જાપાનમાં 'ઈમા' કહે છે અને તમિલમાં 'ઈમ્માઈ'. માછલી માટે તમિલમાં 'મીન' શબ્દ છે (જેમ કે મીનાક્ષી). જાપાનમાં પણ 'મીન' શબ્દ છે. બંનેનો ધ્વનિ એક છે, પણ અર્થ અલગ. જાપાનમાં મીન એટલે જક્કી માણસ.

આ ઉદાહરણોને બધા ભાષાવિદો નથી સ્વીકારતા. તેમનો તર્ક છે કે બે ભાષાઓમાં અમુક સમાન ધ્વનિઓ મળી જાય તે સમાન પૂર્વજનું પ્રમાણ નથી. તેમ છતાં, આ ઉદાહરણો ચર્ચાને રોચક જરૂર બનાવે છે.

જોકે અહીં વાત કેવળ શબ્દો સુધી સીમિત નથી. વાસ્તવમાં, ઓહ્નોનું વધુ જોર વ્યાકરણની રચના પર હતું. તમિલ અને જાપાની બંનેમાં સામાન્ય વાક્ય ક્રમ છે- કર્તા, કર્મ અને અંતે ક્રિયા. તમિલમાં કોઈ કહે - 'હું પુસ્તક વાંચું છું.' જાપાનીમાં એ વાક્ય હશે- 'વાતાશી વા હોન ઓ યોમ.' બંનેમાં ક્રિયા સૌથી અંતે આવે છે. બંને ભાષા પ્રત્યયોની મદદથી અર્થોનો વિસ્તાર પણ કરે છે. અંગ્રેજીની જેમ અલગ-અલગ પૂર્વસર્ગોને બદલે શબ્દોની પાછળ જોડતા અવયવ મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ તેને અગ્લૂટિનેટિવ (સમૂહીકરણ) રચના કહે છે. જેમ કે વૃક્ષ શબ્દ 'વૃક્ષો' અથવા 'વૃક્ષોમાં' અથવા 'વૃક્ષોથી' બને. મજાની વાત એ છે કે બંને ભાષાઓમાં સન્માનસૂચક સંબોધનોની વિકસિત વ્યવસ્થા છે. તમિલ સમાજમાં ઉંમર અને સામાજિક સંબંધો અનુસાર સંબોધન બદલાતાં રહે છે. જાપાનમાં તો તે વધુ જટિલ છે. ત્યાં કોઈ વ્યક્તિ સાથે કેવી રીતે વાત કરવાની છે, તે તેની સામાજિક હેસિયત અને નિકટતા પર નિર્ભર કરે છે.

શું આ સમાનતાઓ કોઈ સહિયારા અતીત તરફ સંકેત કરે છે? અહીંથી ચર્ચા શરૂ થાય છે. ભાષાવિજ્ઞાનની મુખ્યધારા આજે પણ જાપાનીને અલગ ભાષા-પરિવારની સભ્ય માને છે. મોટા ભાગના વિદ્વાનોનું માનવું છે કે ઓહ્નોનો સિદ્ધાંત હજુ નિર્ણાયક પ્રમાણ વગરનો છે. તેમનો તર્ક છે કે વાક્ય-રચના અથવા અમુક શબ્દોની સમાનતા દુનિયાને અનેક ભાષાઓમાં પણ મળી શકે છે. છતાં, શું તમિલ અને જાપાની ખરેખર સગોત્ર ભાષાઓ છે? આ પ્રશ્ન વારંવાર ઊભો થાય છે. તેનું એક કારણ ઇતિહાસ પણ છે. દક્ષિણ ભારતના વેપારીઓ પ્રાચીન સમયથી જ સમુદ્રમાર્ગે દક્ષિણ-પૂર્વ એશિયા સુધી પહોંચતા રહ્યા હતા. તેમની સાથે માલસામાન જ નહીં, વિચારો, માન્યતાઓ અને સાંસ્કૃતિક પરંપરાઓ પણ પ્રવાસ કરતી હતી. બૌદ્ધ ધર્મે તો સમગ્ર એશિયામાં એક વિશાળ સાંસ્કૃતિક સેતુ ઊભો કર્યો હતો.

આ સંદર્ભમાં એ કલ્પના અયોગ્ય લાગતી નથી કે વેપાર અને સાંસ્કૃતિક સંપર્કોની સાથે કેટલાક ભાષાકીય પ્રયોગો કે ધ્વનિ-રૂપો પણ એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં પહોંચ્યા હશે.

પરંતુ અહીં સાવધાની જરૂરી છે. અત્યાર સુધી એવા કોઈ નિર્વિવાદ ઐતિહાસિક કે ભાષાશાસ્ત્રીય પુરાવા મળ્યા નથી જે તમિલ અને જાપાની વચ્ચે સીધો વંશાનુગત સંબંધ સ્થાપિત કરી શકે. ભાષાવિજ્ઞાનની મુખ્યધારા આજે પણ બંને ભાષાઓને અલગ પરંપરાઓનો વિકાસ માને છે એટલે વધુ સંતુલિત નિષ્કર્ષ એ જ છે કે સુજુમુ ઓહ્નોનો સિદ્ધાંત એક રસપ્રદ અને વિચારપ્રેરક પરિકલ્પના છે, સ્થાપિત સત્ય નહીં. તેમ છતાં, તેની બૌદ્ધિક કિંમત ઓછી થતી નથી, કારણ કે આવી ચર્ચાઓ આપણને યાદ અપાવે છે કે ભાષાનો ઇતિહાસ માત્ર વ્યાકરણના નિયમોનો ઇતિહાસ નથી. તે માનવ યાત્રાઓ, સમુદ્રી વેપાર, સાંસ્કૃતિક આદાનપ્રદાન અને જુદી જુદી સભ્યતાઓ વચ્ચે સદીઓથી ચાલતા સંવાદોની પણ કથા છે.

શું જાપાની ભાષામાં તમિલની કોઈ પ્રાચીન ગુંજ સંભળાય છે કે પછી આ માત્ર થોડાક રસપ્રદ સંયોગોનું પરિણામ છે?

આ પ્રશ્નનો અંતિમ જવાબ ભાષાવિજ્ઞાન પાસે હજુ ઉપલબ્ધ નથી, પરંતુ આ ચર્ચાની પ્રાસંગિકતા એટલા માટે જળવાઈ રહે છે કે તે આપણને ભાષાઓને વધુ વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જોવાનું શીખવે છે. ભાષા માત્ર શબ્દો અને વ્યાકરણનું માળખું નથી; તે માનવ સ્થળાંતર, વેપારમાર્ગો, સાંસ્કૃતિક સંપર્કો અને લાંબા ઐતિહાસિક સંવાદોની સાક્ષી પણ છે. કદાચ એટલા માટે જ મદુરાઈ અને ટોકિયો વચ્ચેનો આ બૌદ્ધિક સંવાદ હજુ પૂર્ણ થયો નથી. અને ભાષાની દુનિયામાં સૌથી રસપ્રદ પ્રશ્નો ઘણીવાર એ જ હોય છે, જેના જવાબ કરતાં તેમની આસપાસ નિરંતર ચર્ચાઓ ચાલતી રહે. ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# હાલ સોના-ચાંદીમાં રોકાણનો સમય ગણાય? હા... SIP માર્ગે !

**શૅરબજાર જોરમાં હોય ત્યારે સોનાનો ઈન્વેસ્ટમેન્ટ ચળકાટ ઓછો થઈ જાય છે. હાલમાં સોના અને ચાંદી બંનેના ભાવોમાં મોટા કડાકા બોલાયા હતા, કારણ તો યુએસ-ઈરાન યુદ્ધ શાંત પડશે અને સમજૂતી વધશે એવી શક્યતા વધી રહી છે. હવે આ ઘટેલા ભાવ ખરીદીને કે ઈન્વેસ્ટમેન્ટને લાયક ગણાય એ સમજવું જરૂરી છે. જોકે હાલ ગોલ્ડમાં એસઆઈપી કરવામાં વધુ સાર ગણાય એવું નિષ્ણાત વર્ગ માને છે. શા માટે? સમજીએ...**

જો કોઈને સોના-ચાંદીમાં રોકાણ કરવું હોય તો આ સમય વધુ એક અવસર અથવા તક લઈને આવ્યો છે. છેલ્લા છ મહિનામાં આ ઍસેટ ક્લાસે જે ઝડપી તેજીની ઊંચાઈ બતાવી હતી એટલી ઝડપે મંદી અથવા ડાઉનફૉલની ગતિ પણ દર્શાવી દીધી છે. હજી પણ આ ટ્રેન્ડ ઘટાડા તરફ રહેવાની ધારણા છે. જોકે લાંબા ગાળાના રોકાણકારો માટે આ ધીમે-ધીમે ખરીદી કરવાનો અવસર કહી શકાય. ઇક્વિટી શૅર્સની જેમ ગોલ્ડ અને સિલ્વરના SIP (સિસ્ટેમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન) કરવાનો આ મોકો છે. જેનાં કારણો સમજીને આગળ વધવું જોઈએ, ઉતાવળે નહીં.

## વડા પ્રધાને શું ને શા માટે કહ્યું હતું?

સહુને યાદ હશે કે થોડા દિવસો પહેલાં જ વડા પ્રધાને પ્રજાને એકાદ વરસ સોનાની ખરીદી મોકૂફ રાખવા અનુરોધ કર્યો હતો. દેશનું વિદેશી હૂંડિયામણ બચાવવા-જાળવવા તેમણે આમ કહ્યું હતું. તેમણે વિદેશોની ટૂર પણ મોકૂફ રાખવા અપીલ કરી હતી. આ બધું યદ્ધના સંજોગોમાં ઊભી થયેલી ક્રાઇસિસને પહોંચી વળવા માટે હતું.

ભારતના મહત્તમ પ્રમાણમાં ક્રૂડ અને સોનાની આયાત પાછળ ડૉલર ખર્ચાય છે. ભારતે નાણાકીય વરસ ૨૦૨૬માં ૭૨.૪ અબજ ડૉલર સોનાની આયાત માટે વાપર્યા છે. જોકે યુએસ-ઇરાન-ઇઝરાયલ યુદ્ધ મોરચે શાંતિ થતાં અને સમજૂતીની વાટાઘાટ ચાલતી હોવાથી હવે યુદ્ધની શક્યતા ઓછી થઈ છે ત્યારે સોનાના ભાવ ઘટવા લાગ્યા. આ સાથે ચાંદી પણ તૂટવાની શરૂ થઈ. બીજી બાજુ ભારત સહિત વૈશ્વિક બજારોમાં સુધારા શરૂ થયા. આ ધાતુના ભાવો નોંધપાત્ર તૂટી ગયા હોવાથી હવે તેમાં રોકાણનો સમય ગણાય કે હજી રાહ જોવી એ સવાલ છે.

## ભાવ ક્યાંથી ક્યાં વધ્યા- ઘટ્યા?

જાન્યુઆરી-૨૦૨૬ના અંતિમ સપ્તાહમાં સોનાના ભાવે નવી ઊંચાઈ (૨૯ જાન્યુઆરીએ દસ ગ્રામના ૧.૮૨ લાખ) બનાવી હતી, જ્યાંથી આ ભાવ માર્ચ સુધીમાં ૧૫ ટકા અને અત્યાર સુધીમાં ૨૨ ટકા નીચે ગયા છે. ચાંદીનો ભાવે જાન્યુઆરી-માર્ચમાં કિલોદીઠ ચાર લાખ રૂપિયાની ટૉપ બનાવી હતી, જે હાલ અઢી લાખ રૂપિયાની આસપાસ છે. હજી ક્યાં સુધી આમ ચાલશે એ કળવું કઠિન છે. ખરીદદાર વર્ગ હાલ સોનામાં ખરીદી કરવી કે કેમ? રોકાણકાર વર્ગ આ ભાવે રોકાણ કરવું કે કેમ તે વિશે વિચારી રહ્યા છે. યુદ્ધ, ક્રાઇસિસ અને ગ્લોબલ અનિશ્ચિતતાના માહોલમાં સોનું સેફ હેવન ગણાતું હોવાથી એ સમયે વિવિધ દેશોની સેન્ટ્રલ બેંકો પણ સોનું જમા કરતી રહી હતી. યુદ્ધનો માહોલ ઠંડો પડતાં આ ડિમાન્ડ ઘટતી ગઈ, જેનું એક કારણ ડૉલરની મજબૂતી હતી. જ્યારે ડૉલર મજબૂત હોય ત્યારે વિશ્વના રોકાણકારો સોના કરતાં ડૉલરમાં રોકાણ કરવાનું વધુ પસંદ કરે છે. બીજી બાજુ યુએસ ફેડરલ રિઝર્વ વ્યાજદર વધારે એવી શક્યતા અને તેના બૉન્ડ યીલ્ડ (વળતર) ઊંચા જવાની ધારણાએ પણ સોનાની ઇન્વેસ્ટમેન્ટ માગ ઘટાડી દીધી છે. યુએસમાં મોંઘવારીને ધ્યાનમાં રાખતા યુએસ ફેડ વ્યાજદર વધારે એવી સંભાવના ઊંચી છે. યાદ રહે, બૉન્ડ્સ પર વ્યાજ મળતું હોય છે, સોના-ચાંદીમાં વ્યાજ મળતું નથી. સોના-ચાંદીના ભાવ ઊંચાઈથી ઘટવાનું એક કારણ પ્રૉફિટ બુકિંગનું પણ રહ્યું.

અહીં એક રસપ્રદ વાત એ પણ ખરી કે ગોલ્ડના ભાવે નવી ઊંચી સપાટી બનાવ્યા બાદ લોકો ઊંચા ભાવે ઘરગથ્થુ સોનું વેચીને રોકડી કરવા લાગ્યા હોવાની અસર પણ ભાવ પર થઈ છે. એપ્રિલથી જૂનના ક્વૉર્ટરમાં લોકોએ ૫૦ ટન સોનું વેચ્યું હોવાનું ઇન્ડિયન બુલિયન જવેલરી એસોસીએશન (આઇબીજેએ)નો અહેવાલ જણાવે છે.

લૉન્ગ ટર્મમાં જ સાર ખાસ કરીને ચાંદીમાં ભાવ વધવાના કારણમાં જાણકારોના મતે ઇન્ડસ્ટ્રિયલ માગ ઘટતાં આ ભાવ ઘટવા લાગ્યા હતા. જોકે સિલ્વરના ભાવની તેજી-ઊંચાઈ ભળતી જ બની હતી. એ ખરું કે ઇલેક્ટ્રૉનિક, સોલાર પૅનલ્સ, ઑટોમોબાઇલ્સ, ઇલક્ટ્રિકલ વાહનો (ઈવી) વગેરેમાં સિલ્વરની ડિમાંડ રહે છે. વધુમાં ગોલ્ડ અને સિલ્વર ઈટીએફ (અક્સચેંજ ટ્રેડેડ ફંડ)માં ભરપૂર રોકાણ તેના તેજીના સમયમાં થયું હતું, જેમાંથી ઇન્વેસ્ટર્સ બહાર નીકળવા લાગવાને પગલે પણ ભાવ નીચા ગયા. નિષ્ણાંતોના અભિપ્રાય મુજબ આ બંને ધાતુમાં આવેલો ભાવ ઘટાડો શૉર્ટ ટર્મ ગણી શકાય. ઍસેટસ એલોકેશન અને ડાઇવર્સિફિકેશન અર્થે પણ રોકાણકારો સોના-ચાંદીને પસંદ કરતા હોય છે. અર્થાત્ લૉન્ગ ટર્મ રોકાણ માટે આ બંનેમાં વૃદ્ધિનો અવકાશ ખરો. બાકી જયારે પણ ભાવો વધુ પડતા વધે ત્યારે તેમાં પાંચથી પંદર ટકાનું કરકશન આવતું જ હોય છે.

એક્સપર્ટ વર્ગ કુલ પોર્ટફોલિયોમાં સોના-ચાંદીના રોકાણનો હિસ્સો મહત્તમ ૧૦-૧૫ ટકા પયાપ્ત હોવાનું માને છે. જોકે ઔધોગિક પ્રવૃત્તિ જોર પકડશે તો ચાંદીની માગ વધી શકે અને ભાવ રિકવર થઈ શકે.

## ડાઇવર્સિફાઇડ એસેટ્સ ગણો

બુલિયન અક્સપર્ટ ઇન્વેસ્ટર્સ ઇક્વિટીઝના એસઆઇપીની જેમ ગોલ્ડમાં પણ નિયમિત કે સમયાંતરે શિસ્તબદ્ધ રોકાણ કરવાની સલાહ આપે છે. તેમાં સતત ભાવ વધારાની અપેક્ષાને બદલે ડાઇવર્સિફાઇડ સાધન તરીકે ગણવું જોઈએ. સિલ્વરના રોકાણકારોએ યાદ રાખવું જોઈએ કે ગોલ્ડ કરતાં સિલ્વર વધુ વૉલેટાઇલ હોય છે. આ બંનેના ભાવનો વર્તમાન ઘટાડો ફંડામેન્ટલ્સ આધારિત નથી, બલકે ગ્લોબલ મેક્રોઇકોનૉમિક પરિબળો આધારિત છે. અત્યારનું ઘટાડાનું મુખ્ય કારણ ડૉલરની વધતી મજબૂતી અને ફેડના વ્યાજદર વધવાની શક્યતાનું છે.ગોલ્ડ-સિલ્વરના ભાવ ડૉલરમાં બોલાતા-ગણાતા હોવાથી ડૉલરની મજબૂતી તેમના ભાવોને નબળા પાડે છે. એક મત એવો પણ છે કે સોના-ચાંદીના ભાવ હાલ કૉન્સોલિડેશનના તબક્કામાં છે. આમાં ભારે ઘટાડા બાદ હવે કરકશનની શક્યતા મર્યાદિત રહેશે, જેથી લૉન્ગ ટર્મ ઇન્વેસ્ટર્સ અનુકુળતા મુજબ રોકાણ પ્લાન કરી શકે. ■

હેં... ખરેખર!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# મોડું આવવાનું કહીને એ પાછા જ ન આવ્યા તો પછી થયું શું?

રહસ્યમય રોમાંચક વેબ સિરીઝના છેલ્લા એપિસોડમાં વાર્તાનો તર્કબદ્ધ અંત બતાવવાને બદલે અધ્ધર શ્વાસે રખાય તો મન થોડુંક ખાટું થઈ જ જાય. એ જ રીતે કોઈ જીવતોજાગતો, શિક્ષિત, સમજદાર, વયસ્ક, સફળ અને જવાબદાર માણસ અચાનક હવામાં ઓગળી ગયો હોય એમ અદૃશ્ય થઈ જાય તો? એમાંય આધુનિક તપાસ સાધનોથી સંપન્ન અમેરિકામાં આવું બને ત્યારે આશ્ચર્ય અનેક ગણું વધી જાય.

હા, અમેરિકાના પેન્સિલવેનિયા રાજ્યના રહેવાસી રે ગ્રિસર (Ray Gricar) વ્યવસાયે સફળ વકીલ. પાછા રેંજીપેંજી નહીં એક જાણીતા વકીલ અને સેન્ટર કાઉન્ટીના ડિસ્ટ્રિક્ટ એટર્ની. ૫૯ વર્ષના રે ૨૦૦૫ની ૧૫મી એપ્રિલે અડધી રજા લઈને ઑફિસમાંથી નીકળી ગયા. તેમણે રસ્તામાથી ગર્લફ્રેન્ડને ફોન પર જણાવ્યું કે અત્યારે હું કાર ડ્રાઇવ કરી રહ્યો છે અને મને આવવામાં મોડું થશે. બસ આટલું જ. પછી ન તેમનો ફોન, સંપર્ક, સગડ કે અતોપતો મળ્યો. જાણે પોતાની કારમાં ડ્રાઇવ પર નીકળ્યા અને એકદમ એકલા રહસ્યમય રીતે ગાયબ થઈ ગયા.


રે ગ્રિસર

જોરદાર અને સંનિષ્ઠ પ્રયાસ છતાં રે ગ્રિસરનો સંપર્ક ન થયો તે ન જ થયો. આગલા દિવસે તેમની લાલ રંગની મિની કૂપર કાર લુઇસબર્ગના એન્ટિક મૉલ પાસે મળી પણ માલિક વગર. કારમાં તેમનો સેલ ફોન પણ હતો. પછી ગ્રિસર પાસેનું સરકારી લૅપટૉપ સસ્કેહાના નદીમાંથી મળ્યું તો ખરું, પરંતુ હાર્ડ ડ્રાઇવ વગર.

શું રે ગ્રિસરનું અપહરણ થયું હતું? કોણે કર્યું? શા માટે? ને ખંડણી, કોઈએ ખંડણી શા માટે ન માગી? અને હાર્ડ ડ્રાઇવ કેમ લૅપટૉપમાંથી કાઢી નખાઈ? આ સવાલોના જવાબ ક્યારેય ન મળ્યા, રે ગ્રિસરની જેમ.

શું રે ગ્રિસરે આપઘાત કર્યો? કેમ? શબ કેમ હાથ ન લાગ્યું? અને હાર્ડ ડ્રાઇવ કેમ કાઢી લીધી? આ સવાલો પણ કાયમ અનુત્તર રહ્યા.

શું ગ્રિસર પોતાની મેળે કોઈક અજ્ઞાત સ્થળે જતા રહ્યા, ગર્લફ્રેન્ડ, દીકરી, દોસ્તો, પ્રતિષ્ઠા અને નોકરી છોડીને? ક્યાં ગયા? શા માટે? પણ હાર્ડ ડ્રાઇવમાં એવું તે શું હતું કે એ ગાયબ કરવી પડી? કિસી કો કુછ નહિ પતા.


શું રે ગ્રિસરની હત્યા થઈ? કોણે કરી? શા માટે? લાશ કેમ ન મળી? અને હાર્ડ ડ્રાઇવ કેમ લઈ લીધી? એકેયના જવાબ પોલીસ કે કોઈ મેળવી ન શક્યું.

અમેરિકાના ઇતિહાસના સૌથી વધુ રહસ્યમય મિસિંગ પર્સન્સમાંના એક કે તરીકે જાણીતા રે ગ્રિસરના વણઉકેલાયેલા કેસમાં પછી શું થયું? ■

ફોકસ
કે.પી. સિંહ
feedback@bombaysamachar.com

# આખી જિંદગી પાણી નથી પીતા, જલગ્રાહી દેડકા

જલગ્રાહી દેડકાને અંગ્રેજીમાં 'વૉટર હોલ્ડિંગ ફ્રૉગ' કહેવામાં આવે છે. આ દેડકાની મુખ્ય વિશેષતા એ છે કે તેઓ પોતાની ત્વચા દ્વારા ઝડપથી પાણી શોષી શકે છે અને બહાર પણ કાઢી શકે છે. આ જ કારણ છે કે તેઓ આખી જિંદગી પાણી નથી પીતા. દેડકાની શારીરિક રચના એવી હોય છે કે તેમની માંસપેશીઓ અને ત્વચાની વચ્ચે પાણી એકઠું થઈ જાય છે. આ પાણીને આખા શરીરમાં પહોંચાડી શકાય છે. જ્યારે કોઈ દેડકા કે ટોડને દબાવવામાં આવે છે ત્યારે તેની અંદરથી એક પ્રવાહી પદાર્થ નીકળે છે. આ પ્રવાહી પદાર્થ મુખ્યત્વે પાણી જ હોય છે. રણપ્રદેશ અને સૂકા વિસ્તારોમાં રહેતા દેડકા પોતાના શરીરમાં પાણી એકઠું કરી શકે છે, તેથી આ દેડકાઓને જલગ્રાહી દેડકા કહે છે, પરંતુ વાસ્તવિક જલગ્રાહી દેડકો માત્ર ઑસ્ટ્રેલિયામાં જ જોવા મળે છે. શરીરમાં પાણી ગ્રહણ કરવાની ક્ષમતા વિશ્વના તમામ દેડકાઓ કરતાં વધુ હોય છે. ઑસ્ટ્રેલિયાના જલગ્રાહી દેડકાની પાણી શોષવાની ક્ષમતાનો અંદાજ એ વાત પરથી જ લગાવી શકાય છે કે આફ્રિકાનો પાણીમાં રહેતો પંજાવાળો દેડકો પોતાના શરીરમાં માત્ર એક ટકા પાણી એકઠું કરી શકે છે, જ્યારે ઑસ્ટ્રેલિયાનો જલગ્રાહી દેડકો પોતાના શરીરમાં ૫૦ ટકા સુધી પાણી એકઠું કરી શકે છે.



જલગ્રાહી દેડકો ઑસ્ટ્રેલિયાનો એક વિશિષ્ટ દેડકો છે. તે દેખાવમાં સામાન્ય દેડકા જેવો નથી દેખાતો, પરંતુ યુરોપના સામાન્ય ટોડ જેવો દેખાય છે. એટલા માટે જ ઑસ્ટ્રેલિયાની બહાર જલગ્રાહી દેડકાને 'ટોડ' કહેવામાં આવે છે. જલગ્રાહી દેડકાની અનેક જાતિઓ છે. જલગ્રાહી દેડકો અત્યંત સૂકાં સ્થળોએ રહેનારો દેડકો છે. તે ઉનાળામાં કોઈ ભેજવાળી જગ્યા શોધે છે અને પછી માટીમાં લગભગ ત્રણ ફૂટ ઊંડો ખાડો બનાવે છે. આ જ ખાડામાં તે આખો ઉનાળો પસાર કરે છે. તેની ત્વચા અને આ આવરણની વચ્ચે પાણી એકઠું થતું રહે છે. જલગ્રાહી દેડકાના કોકૂનની એક મુખ્ય વિશેષતા એ છે કે તે દેડકાની આસપાસ ભરેલા પાણીને વરાળ બનીને ઊડી જવા દેતું નથી, જેના કારણે દેડકો ઉનાળામાં પણ ભેજવાળો રહે છે. જલગ્રાહી દેડકો ખાડાની અંદર કંઈ પણ ખાતો-પીતો નથી અને નિષ્ક્રિય પડ્યો રહે છે.

જલગ્રાહી દેડકા માટે વરસાદ નવું જીવન લઈને આવે છે. વરસાદ શરૂ થતાં જ તે પોતાનું કોકૂન છોડીને જમીનની સપાટી પર આવી જાય છે અને પુષ્કળ પ્રમાણમાં કીડા-મકોડા ખાય છે. આ જ સમયે તેની ત્વચા ઘણું પાણી ગ્રહણ કરે છે.

જલગ્રાહી દેડકા એક નાના કદનો અને જાડા શરીરવાળો દેડકો છે. તેની લંબાઈ લગભગ ૬ સેન્ટિમીટર જેટલી હોય છે. જલગ્રાહી દેડકાનો રંગ લીલાશ પડતો ગ્રે હોય છે અને તેની પીઠની મધ્યમાં સામાન્ય રીતે એક ઘાટી રેખા હોય છે. જલગ્રાહી દેડકાનું માથું તેના શરીરની સરખામણીમાં નાનું હોય છે. તેના આગળના પગ ખૂબ નાના અને મજબૂત હોય છે તથા પાછળના પગ જાડા હોય છે. જલગ્રાહી દેડકાનું સમાગમ અને પ્રજનન સામાન્ય દેડકાઓની જેમ જ થાય છે. તેમનો મિલનકાળ વરસાદની શરૂઆત સાથે જ શરૂ થઈ જાય છે અને લગભગ એક મહિના સુધી ચાલે છે. જલગ્રાહી દેડકા વરસાદ શરૂ થતાં જ પુષ્કળ પ્રમાણમાં કીડા-મકોડાનો શિકાર કરે છે અને પછી ભારે વરસાદથી બનતાં અસ્થાયી ખાબોચિયાં કે જળાશયોમાં પહોંચી જાય છે તથા ત્યાં મિલન કરે છે. માદા દેડકો પાણીમાં જ ઇંડાં આપે છે.

જલગ્રાહી દેડકાના ઇંડાંમાંથી ટેડપોલ ખૂબ જ ઝડપથી બહાર આવી જાય છે અને ઝડપથી મોટા થાય છે. જલગ્રાહી દેડકાનું ટેડપોલ ૧૫ દિવસની અંદર જ ટેડપોલમાંથી દેડકાનું બચ્ચું બની જાય છે, જ્યારે સામાન્ય દેડકાના ટેડપોલને દેડકાનું બચ્ચું બનવામાં લગભગ અઢી મહિના જેટલો સમય લાગે છે. તેનાં બચ્ચાંઓનો વિકાસ પણ ખૂબ જ તીવ્ર ગતિથી થાય છે. તેઓ ખૂબ વધારે ખોરાક ખાય છે અને ત્વચા દ્વારા પુષ્કળ પ્રમાણમાં પાણી પોતાના શરીરની અંદર ભરી લે છે. ■




# ઈધર કા માલ ઉધર યથાર્થ ગણાય?

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

**સંગીતાબહેનના** દીકરાનાં લગ્ન થયા. વહુનાં પિયરથી બેગ ભરીને પહેરામણી આવી. સગાઓમાં સાડી, કાપડ, ભેટ સોગાત વહેંચ્યા પછી જે કંઈ બચી ગયુ એ સંગીતાબહેને સાચવીને કબાટમાં મૂક્યું. એ પછી વારે તહેવારે વહુને ત્યાંથી આવેલી વસ્તુઓ જ બધાને પોતાનાં અંગત વહેવારમાં આપે. બે વર્ષે પછી સંગીતાબહેનને એક સાડી ભેટમાં મળી.

એમને લાગ્યું કે આ સાડી બહુ જોયેલી છે. એમણે વહુને પૂછ્યું કે વહુબેટા, આ સાડી કેમ આટલી જોયેલી લાગે છે.

વહુએ તરત કહ્યું : મમ્મી, આ સાડી તો મારા પિયરથી પહેરામણીમાં આવી હતી એ જ છે.' સંગીતાબહેન ભોંઠા પડી ગયા. પોતે વહુને ત્યાંથી આવેલી સાડી કોઈને ભેટમાં આપી અને એ જ સાડી ફરતી ફરતી એમની પાસે આવી અકબંધ ગીફ્ટ પેક પણ બદલાયા વગર. સંગીતાબહેનને ખ્યાલ આવી ગયો કે જેમ એમણે ભેટમાં આપેલી વસ્તુ આગળ ધકેલી એમ કોઈએ પણ એમની સાથે એ જ કર્યું છે.

બીજી તરફ બબલુની બર્થ- ડેમાં જેટલી ભેટ આવી એ બધી મમ્મીએ કોણે શું આપ્યુંની યાદી બનાવી કબાટમાં સાચવીને કે અમુક સંતાડીને મૂકી દીધી. બબલુને રમવા બારમાંથી બે જ ગેમ આપી. મમ્મીનો ઈરાદો એ જ કે ભેટમાં આવેલી ગેમ્સ એકસાથે બબલુને રમવા આપે તો એક પણ ગેમ એ સરખી શીખીને રમી ના શકે. પોતે સાચવીને મૂકે તો ગેમ્સ રફેદફે ના થાય અને દર થોડા સમયે નવી ગેમ કાઢે તો બબલુને નવી વસ્તુ રમવા મળે. જોકે ધીમે ધીમે એવું થયું કે બબલુનાં મિત્રોની બર્થડે પાર્ટીમાં બીજાએ આપેલી ભેટ જ ભેટ તરીકે જવા લાગી. છેવટે બબલુ માટે ખાસ કંઈ બચ્યું નહીં.

આવું આપણામાંથી પણ ઘણા બધા કરતા હશે. એકે આપેલી ભેટ બીજાને ભેટ સ્વરૂપે આપી દેવી એ કદાચ સામાન્ય બાબત છે. જો કે ભેટ આપવાની અલગ અલગ રીત પણ હોય છે. નવી વસ્તુ ખરીદીને આપવી, ભેટમાં આવેલી વસ્તુ બારોબાર આપવી, જૂની ના વપરાતી વસ્તુ આપવી કે પછી વેસ્ટમાંથી બેસ્ટ જેવું કંઈક આપવું. ટૂંકમાં અલગ અલગ ભેટો લાગતા વળગતાને કોઈ પણ પ્રકારે પહોંચતી રહે છે. અમુક ઉત્સાહી લોકો તો પાછું ઘરમાંથી ના જોઈતી વસ્તુ કોઈને આપ્યાનું ગૌરવ કરે છે અને આ મુદ્દે પોતાની જાતને હોંશિયાર માને છે.

આમ તો ભેટનું રિસાયકલિંગ કરવું એ વાતને બે રીતે જોઈ શકાય, સારી અને ન સારી. સારી બાજુ એ કે જે વસ્તુ આપણે ઉપયોગમાં નથી લેવાનાં એ યોગ્ય વ્યક્તિ સુધી પહોંચે છે. સાથે ભેટનું રિસાયકલિંગ કરવાથી એ કચરામાં જતી અટકે છે અને એ વસ્તુ લાંબો સમય વાપરી શકાય છે. દરેક વ્યક્તિની જરૂરિયાતો અલગ હોય છે અને માટે કોઈ પણ કારણસર જે આપણે નથી વાપરી રહ્યા એ વસ્તુનું અન્ય વ્યક્તિ માટે મહત્ત્વ વધુ હોઈ શકે છે. આમ જે તે વ્યક્તિ ઉત્સાહથી એ વસ્તુ વાપરી શકે છે. આવેલી અને ઉપયોગમાં ના લેવાની વસ્તુ સામેવાળી વ્યક્તિને ભેટ આપવાથી રૂપિયા બચાવી શકાય છે અને ગમતી ભેટ મળે તે કોને ના ગમે, એમ આમ ભેટ આપ્યા અને લીધાનો વહેવાર પણ સચવાય છે.

ભેટ રિસાયકલ કરવાનાં સિક્કાની બીજી બાજુ જોઈએ તો સૌથી પહેલા એ ભેટ જેણે આપી હતી એની ભેટ આપનાર પોતે ના વાપરીને બીજા કોઈને આપી દે છે એવી જાણ થતાં દુઃખ અનુભવે છે. જે ભેટ પોતે વિચારીને, મહેનત કરીને કોઈવાર કદાચ જાતે બનાવે છે એ જેને ભેટ આપી છે એનાથી અલગ વ્યક્તિને વાપરતા જોઈ પોતે કરેલી મહેનત વ્યર્થ લાગે છે. કોઈવાર ભેટનું રિસાયકલિંગ કરતી વખતે લોકો જોવાનું ભૂલી જાય છે કે આ ભેટ પર્સનલાઈઝ્ડ છે એટલે કે એના પર કોઈ નામ કે અંગત નિશાન કરેલું છે. આવી ભેટ જેને મળે છે એને ચોક્કસપણે ખરાબ લાગવાની શક્યતા રહે છે.

આમ જુવો તો ગિફ્ટ રિસાયકલિંગ ખોટું નથી. કોઈ ભેટ આપવા ખાતર, ફરજના ભાગરૂપે આપે છે તો કોઈ પ્રેમથી સામેવાળી વ્યક્તિને ગમે એ ઊંડાણપૂર્વક વિચારીને ભેટ આપવાનું નક્કી કરે છે. ભાવનાત્મક જોડાણવાળી ગિફ્ટ રિસાયકલ કરવું લાગણીનાં સ્તરે અઘરું છે, એમાં ક્યાંક ને ક્યાંક ભેટ સાથે જોડાયેલી ભાવનાઓનું અપમાન થતું હોય એવું લાગે છે.

આમ ગિફ્ટ આપનાર લેનારનાં ઈરાદા, પ્રામાણિકતા, પ્રાથમિકતા, વિશ્વાસ, સમય, ઘનિષ્ઠતા, આર્થિક ક્ષમતા વગેરે ધ્યાનમાં લેવા જેવા હોય છે. બાકી ઈધર કા માલ ઉધર કરવાનાં ક્યાં વાર લાગે છે?

**આ વિશે બોલો, તમે શું કહો છો?** ■

---

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ડિજિટલ લિટરસીઃ સ્માર્ટ અવેરનેસ રાખીએ ને મેનર કેળવીએ

TRAIએ આ વર્ષે એક મોટો અને મહત્ત્વનો સર્વે પૂરો કર્યો. મે મહિનામાં એનાં પરિણામ જાહેર કરાયાં. જાણીને નવાઈ લાગશે કે ભારત દેશમાં ટેલિકૉમ યુઝર્સની સંખ્યામાં તોતિંગ વધારો થયો છે, પણ કેટલો? આફ્રિકાના ચાર ટાપુની વસ્તીની સરેરાશ સંખ્યા કરતાં ભારતમાં ટેલિકૉમ યુઝર્સની સંખ્યા ખૂબ જ વધારે છે...! દરેક સામાન્ય પરિવારમાં પણ મોબાઇલ અને ઇન્ટરનેટ કનેક્શન એક પ્રાથમિક જરૂરિયાતમાં સામેલ છે. આ સર્વેના રિપોર્ટ જાહેર કરવામાં આવ્યા. મે મહિનામાં ફિક્સ્ડ-લાઇન સેવાઓમાં કુલ ૨.૯૮ મિલિયન યુઝર્સ નવા ઉમેરાયા. જેમાંથી ૨.૯૨ મિલિયન મોબાઇલ સબ્સ્ક્રાઇબર્સ હતા. આનો સીધો અર્થ એ થયો કે એક જ મહિનામાં નવા મોબાઈલ યુઝર્સનો આંકડો એકાએક વધ્યો. જુદી-જુદી ટેલિકૉમ કંપનીના માત્ર નવા યુઝર્સને ભેગા કરવામાં આવે જેના એક જ મહિનામાં પ્લાન શરૂ થયા હોય એવા યુઝર્સ કુલ ૫.૨૩૬ મિલિયન છે. હવે દેશના ટોટલ સ્માર્ટફોન ઇન્ટરનેટ સર્વિસ બેઝ મોબાઇલ યુઝર્સનો આંકડો આરામથી ૨૩ મિલિયનને પાર થઈ જાય છે. મોબાઇલ આવતાં જ કેટલીક સેવાઓ આંગળીના વેઢે મળી રહી છે. લાઇટ બિલથી લઈને લોકેશન ટ્રેક કરવા સુધીની સગવડ મળી રહી છે. ક્વિક કૉમર્સ અને મિનિમાઇઝ્ડ સર્વિસનું માર્કેટ આકાશી કદ ધારણ કરી રહ્યું છે.

આ તમામ સુખ-સુવિધા સાથે જે વધ્યું એ છે સાયબર ફ્રૉડ, નકલથી અસલી અને બચત કરેલી નોટ ખંખેરવાનો ધંધો. આનાથી બચવાનો રસ્તો એટલે ડિજિટલ લિટરસી. આ પ્રાથમિક વ્યાખ્યા છે.



કારણ કે, આપણી સાવધાની એ જ આપણી સુરક્ષા. આ જ ખ્યાલનો વર્ષ ૨૦૦૦માં થોડો વિસ્તાર થયો. મોબાઇલ પર સર્ફિંગ કરતાં આવડતું હોય અને જે તે નાના-મોટા ઑફિશિયલ વર્કને મોબાઇલમાંથી જ પતાવી દે એને ડિજિટલ લિટરસીમાં આવરી લેવાયા. એ પછી હાઇટેક પ્રોગ્રામિંગ, કોડિંગ, ડિઝાઇનિંગ, ડિજિટલ મીડિયા, કમ્યુનિકેશન, ઑનલાઇન શૉપિંગ, ઑર્ડરિંગ, ટ્રેકિંગ અને એઆઈ સુધીના તમામ એક્સેસ ડિજિટલ લિટરસીમાં ઉમેરાયા. સ્માર્ટ ફોન હાથમાં આવતાં આ તમામ સુવિધાનો ઉપયોગ કરવો એ માત્ર ડિજિટલ લિટરસી નથી. આપણા દેશમાં હજુ પણ મિસકૉલ એક કોડવર્ડ છે અને ગમે ત્યારે ગમે તેને મેસેજ ઠોકી દેવાની ટેવ છે. ન સમય જોવાનો ન પરિસ્થિતિ. સામે છેડે કોઈ ઑફલાઇન હોય તો પણ મેસેજ પહોંચી જાય. વાત સારી છે પણ ક્યારેક તે મોકલનારની મેનર્સ વગર ફૂટપટ્ટીએ માપી બેસે છે. આને રફલી કમ્યુનિકેટર્સ કહેવાય છે. આવાં કૉમ્યુનિકેટર્સ સર્વરની પણ અણધારી મશ્કેલી વધારે છે. ડિવાઇસ ઑપરેટિંગ એબિલિટી અને ડિવાઇસ સ્કિલ બન્નેમાં પાતળી ભેદરેખા છે. લાખો રૂપિયાનો ફોન હોય પણ કમ્યુનિકેશન ડિગ્નિટી ન હોય તો શું કામનું? બીજી તરફ ગમે ત્યારે ગમે તે નંબરને ગ્રુપમાં જોડીને વૉટ્સઍપ પર ટ્રાફિક વધારવાનો કીમિયો ચાલ્યો છે. આનાથી જે તે વ્યક્તિની મંજૂરી વગર નંબર ઍડ કરવો કે એને સર્વિસ સંબંધી લિંક મોકલવી એ ફ્રૉડ પાછળના કાવતરાનો પહેલો ભાગ ગણાય છે.

રિયાધ શહેરમાં વૉટ્સઍપ પર વગર પરમિશને કોઈ ગ્રુપ કે લિંક્સ સંબંધિત કૉમ્યુનિટી બનાવવામાં આવે તો એને જેલની સજા સુધીની જોગવાઈ છે. ચોક્કસ હેતુપૂર્વકનો પરમિશન સાથેનો ઉપયોગ એ સાક્ષરતા કહેવાય, પણ ડિજિટલ સાક્ષરતા એને કહેવાય જ્યારે કોઈ નવો નંબર આપણામાં આવે અને તેને આપણે સહજતાથી પૂછીએ કે, હું મારા કેટલાક મેસેજ, મલ્ટિમીડિયા, ડોક્સ કે જરૂરી એવી માહિતી આપની સાથે શેર કરું? અડધી રાત્રે મેસેજ કરતાં પહેલાં સૉરી ટુ ડિસ્ટર્બ ફોર લેટ નાઇટ મેસેજ... ઉતાવળ નથી થોડો સમય કાઢજો ફોન પર વાત કરવી છે... સ્ટેટસ જોયા બાદ ઑન ધ સ્પૉટ રીપ્લાય કરતાં રૂબરૂ મુલાકાત વખતે એની ચર્ચા વધારે રસપ્રદ બને છે. આવી મેનર કેળવાય ત્યારે સંદેશા મોકલનાર અને મેળવનાર બન્નેને અમુક કૉન્ટેક્ટ બોરિંગ નથી લાગતા. અન્યથા એવું પણ બને કે આવા બોરિંગ કૉન્ટક્ટના મેસેજ દિવસના અંતે માંડ-પરાણે જોવામાં આવે. કૉર્પોરેટ કંપનીના કે ઑફિસના ગ્રુપમાં વિથ યૉર રિસ્પેક્ટ અને જી બૉસ જેવા પ્રયોગ કૉમ્યુનિકેશનને વધારે સ્મૂથ બનાવી દે છે. ફ્રૉડથી બચવાની વાત પર પહેલી અવેરનેસ એ છે કે કોઈ પણ લિંક પર ડાયરેક્ટ ક્લિક ન કરીએ. કોઈ માર્કેટ ગ્રુપ કે અન્ય કોઈ કૉમ્યુનિટીમાં લિંક પર વારંવાર મોબાઇલથી એક્સેસ ટાળીએ. જે તે પીડીએફ મોબાઇલમાં ખોલવાને બદલે પીસી કે લૅપટૉપ પર ખોલીએ. જેથી એમાં કરેલા મોબાઇલ કોડિંગ ઍક્ટિવ ન થાય. સ્ટેટસમાં લિંક હોય તો હવે દરેક મોબાઈલ આ પહેલા અલર્ટ આપે છે. એ રિસ્કી લાગે તો એ સ્ટેટસ જોવાનું પણ ટાળીએ. ■

**આઉટ ઑફ બૉક્સ**

*હરિયાણાની રાજ્ય સરકારે સરસ પહેલ કરી છે. સરકારી શાળામાં ડિજિટલ લિટરસીનો એક આખો અભ્યાસક્રમ તૈયાર કર્યો છે, જેમાં વિદ્યાર્થીઓને કૉમ્પ્યુટર કોર્ષની સાથે મોબાઈલ એક્સેસ પણ શિખવાડવામાં આવે છે જેમાં ફ્રૉડથી કેમ બચવું, રિસ્પેક્ટફુલી કૉમ્યુનિકેશન કેમ કરવું, વધારે પડતા મેસેજિંગ અને ડેટાનું એનાલિસિસ જેવી બાબતનો સમાવેશ કરાયો છે.*

---

કરિયર
કીર્તિશેખર
feedback@bombaysamachar.com

# ઇકો-રિસ્ટૉરેશન એક્સપર્ટઃ પ્રકૃતિના ડોક્ટરની વધતી માગ

**હવામાન** પરિવર્તન, વધતું પ્રદૂષણ, સુકાતા જળસ્રોતો, ઘટતા જંગલો અને ઝડપથી વધી રહેલા શહેરીકરણે દુનિયા સામે એક મોટો પડકાર ઊભો કર્યો છે. વિકાસની આંધળી દોટના કારણે આપણે આપણી નદીઓ, તળાવો, જંગલો અને કુદરતી ઇકોસિસ્ટમને બીમાર કરી દીધી છે. તેથી જ હવે પ્રકૃતિની તંદુરસ્તી સુધારવા માટે સમગ્ર વિશ્વમાં મોટા પાયે 'ઇકો-રિસ્ટોરેશન સ્પેશિયાલિસ્ટ'ની માગ ઊભી થઈ છે, જેથી નુકસાન પામેલા કુદરતી સંસાધનોને ફરીથી જીવંત કરી શકાય. આ જ કારણે આજકાલ ઇકો-રિસ્ટોરેશન સ્પેશિયાલિસ્ટની દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ખૂબ જ માગ છે. એ કહેવાની જરૂર નથી કે માત્ર અત્યારે જ નહીં પરંતુ આવનારા વર્ષોમાં પણ આ એક શાનદાર કરિયર બની રહેશે, કારણ કે લાંબા સમય સુધી તેમની માંગ જળવાઈ રહેશે. આવો વિગતવાર જાણીએ કે ઇકો-રિસ્ટોરેશન સ્પેશિયાલિસ્ટ કોણ હોય છે અને આ ક્ષેત્રમાં કરિયર કેવી રીતે બનાવી શકાય?

**ઇકો-રિસ્ટોરેશન સ્પેશિયાલિસ્ટ કોણ હોય છે?**

આ એવા લોકો છે, જેઓ કોઈ નુકસાન પામેલા ઇકોસિસ્ટમ જેમ કે જંગલ, નદી, તળાવ, ઘાસનાં મેદાનો, મેન્ગ્રોવ વિસ્તાર અથવા ખાણકામથી પ્રભાવિત થયેલી જમીનને પુનર્જીવિત કરીને તેને ઉત્પાદનક્ષમ બનાવે છે. ઇકો-રિસ્ટોરેશન સ્પેશિયાલિસ્ટ સૂકાઈ ગયેલા તળાવોને નવું જીવન આપે છે. નદીઓના કિનારાઓનું પુનઃસ્થાપન કરે છે. ખાણકામથી પ્રભાવિત વિસ્તારોની સ્થિતિમાં સુધારો કરીને તેને પર્યાવરણને અનુકૂળ બનાવે છે. બાયોડાયવર્સિટી પાર્ક વિકસાવે છે. મેન્ગ્રોવ અને વેટલેન્ડ્સનું સંરક્ષણ કરે છે. સ્થાનિક પ્રજાતિના છોડનું પુનઃરોપણ કરે છે. વરસાદી પાણીના સંગ્રહ પર આધારિત ઇકોસિસ્ટમ પ્રોજેક્ટ્સ બનાવે છે. વન્યજીવોના આવાસનું પુનઃનિર્માણ કરે છે. આ રીતે જોઈએ તો, આ એવા લોકો હોય છે જેઓ વિજ્ઞાન, જૈવવિવિધતા, જળ વ્યવસ્થાપન અને સામુદાયિક વિકાસના જાણકાર હોય છે.

**લઘુત્તમ શૈક્ષણિક લાયકાત**

આ ક્ષેત્રમાં કરિયર બનાવવા માટે પર્યાવરણ અને પ્રકૃતિ પ્રત્યે રસ હોવો તો મહત્ત્વનો છે જ, સાથે જ ઓછામાં ઓછું ૧૨મું ધોરણ સાયન્સમાંથી અને ત્યારબાદ કોઈપણ વિષયમાં ગ્રેજ્યુએટ થવું જરૂરી છે. જ્યાં સુધી આ ક્ષેત્ર માટે યોગ્ય ગ્રેજ્યુએટ અભ્યાસક્રમોની વાત છે, તો તે આ મુજબ છે-

બીએસસી એન્વાયરન્મેન્ટલ સાયન્સ, બીએસસી બોટની, બીએસસી ઝૂઓલોજી, બીએસસી જિયોગ્રાફી, બીએસસી એગ્રીકલ્ચર, બીએસસી ફોરેસ્ટ્રી, બીટેક એન્વાયરન્મેન્ટલ એન્જિનિયરિંગ અને બીટેક સિવિલ એન્જિનિયરિંગ.

ઉચ્ચ શિક્ષણમાં આ ક્ષેત્ર માટેના મહત્ત્વના અભ્યાસક્રમો આ મુજબ છે - એમએસસી એન્વાયરન્મેન્ટલ સાયન્સ, એમએસસી ઇકોલોજી, એમએસસી ફોરેસ્ટ્રી, માસ્ટર ઇન નેચરલ રિસોર્સ મેનેજમેન્ટ, માસ્ટર ઇન એન્વાયરન્મેન્ટલ મેનેજમેન્ટ, એમટેક એન્વાયરન્મેન્ટલ એન્જિનિયરિંગ.

**જરૂરી કૌશલ્યો સ્કિલ્સઃ** એક સફળ ઇકો-રિસ્ટોરેશન સ્પેશિયાલિસ્ટ બનવા માટે ડિગ્રીની



સાથે-સાથે તમારામાં આ સ્કિલ્સ હોવી પણ જરૂરી છેઃ

* ઇકોલોજીની સમજણ
* જૈવવિવિધતાના સંરક્ષણનું જ્ઞાન
* વોટર મેનેજમેન્ટનું જ્ઞાન
* જીઆઈએસ અને રિમોટ સેન્સિંગ
* પ્રોજેક્ટ મેનેજમેન્ટ
* ફિલ્ડ સર્વે
* ડેટા એનાલિસિસ
* રિપોર્ટ રાઈટિંગ
* વિવિધ સમુદાયો સાથે કામ કરવાની ક્ષમતા

આ તમામ કૌશલ્યો પણ ખૂબ જરૂરી છે, કારણ કે આ ક્ષેત્રના નિષ્ણાતોએ ઓફિસમાં બેસીને, નહીં પરંતુ ફિલ્ડમાં જઈને કામ કરવાનું હોય છે.

**મહત્ત્વની શૈક્ષણિક સંસ્થાઓ**

ભારતમાં ઇકો-રિસ્ટોરેશન સ્પેશિયાલિસ્ટ બનવા માટેનો જરૂરી અભ્યાસ નીચેની સંસ્થાઓમાંથી કરી શકાય છેઃ

* ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેસ્ટ મેનેજમેન્ટ
* ફોરેસ્ટ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ
* વાઇલ્ડલાઇફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા
* ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ
* ટેરી સ્કૂલ ઓફ એડવાન્સ્ડ સ્ટડીઝ

જ્યાં સુધી અભ્યાસના અંદાજિત ખર્ચની વાત છે, તો સરકારી સંસ્થાઓમાં પ્રતિ વર્ષ ૨૦ હજારથી ૧ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. જ્યારે ખાનગી યુનિવર્સિટીઓમાં વાર્ષિક ૧ લાખથી ૪ લાખ રૂપિયાનો ખર્ચ આવે છે. બીજી તરફ, ગ્રેજ્યુએશન અભ્યાસક્રમોમાં ૫૦ હજારથી લઈને ૬ લાખ રૂપિયા સુધીનો ખર્ચ થાય છે.

**નોકરી આપતી સંસ્થાઓ**

આ ક્ષેત્રમાં નોકરી આપતી અગ્રણી સંસ્થાઓ અને સંગઠનો આ મુજબ છેઃ

'teriin.org:'આ ભારતની અગ્રણી પર્યાવરણ સંશોધન સંસ્થા છે, જ્યાં ઇકો-રિસ્ટોરેશન પ્રોજેક્ટ્સ પર કામ થાય છે.

wwfindia.org:' આ સંસ્થા જૈવવિવિધતા અને કુદરતી રહેઠાણોના સંરક્ષણને લગતા પ્રોજેક્ટ્સમાં તકો પૂરી પાડે છે.

'nature.org:' આ સંસ્થા ઇકોલોજીકલ રિસ્ટોરેશન અને જળ સંરક્ષણ કાર્યક્રમો ચલાવે છે.

'atree.org:' આ પર્યાવરણીય સંશોધન અને પુનઃસ્થાપન સાથે જોડાયેલી અગ્રણી સંસ્થા છે.

'south-asia.wetlands.org:' આ સંસ્થા વેટલેન્ડ્સના સંરક્ષણ અને પુનર્જીવન પર કામ કરે છે.

આ ઉપરાંત નીચેની જગ્યાઓએ પણ નોકરી મળે છેઃ

* નેશનલ મિશન ફોર ક્લીન ગંગા
* મિનિસ્ટ્રી ઓફ એન્વાયરન્મેન્ટ, ફોરેસ્ટ એન્ડ ક્લાઈમેટ ચેન્જ
* રાજ્યના વન વિભાગો
* મહાનગરપાલિકાઓના તળાવ અને નદી પુનર્જીવન પ્રોજેક્ટ્સ
* માઇનિંગ કંપનીઓ
* સીએસઆર (કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટી) પ્રોજેક્ટ્સ
* પર્યાવરણ કન્સલ્ટન્સી ફર્મ્સ વગેરે જેવી જગ્યાએ નોકરીઓ ઉપલબ્ધ છે.

**પ્રારંભિક પગાર**

જ્યાં સુધી પ્રારંભમાં પગારની વાત છે, તો વાર્ષિક ૩ થી ૬ લાખ રૂપિયા મળે છે અને ૩ થી ૫ વર્ષના અનુભવ પછી પગાર વાર્ષિક ૬ થી ૧૨ લાખ રૂપિયા થઈ જાય છે. જ્યારે સિનિયર નિષ્ણાતોને વાર્ષિક ૧૨ થી ૨૫ લાખ રૂપિયા અને પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ્સને વાર્ષિક ૨૦ થી ૪૦ લાખ રૂપિયા સુધી આરામથી મળી જાય છે. સાથે જ, ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા, કેનેડા, ન્યુઝીલેન્ડ, યુએઇ અને યુએસએમાં પણ આ ક્ષેત્રના નિષ્ણાતોની ભારે માગ છે. વર્ષ ૨૦૨૧ થી ૨૦૩૦ ના દાયકાને 'ઇકોસિસ્ટમ રિસ્ટોરેશનનો દાયકો' જાહેર કરવામાં આવ્યો છે. વિશ્વભરમાં સરકારો અને સંસ્થાઓ કુદરતી સંસાધનોના પુનર્જીવન પર અબજો ડૉલર ખર્ચ કરી રહી છે. ભારતમાં પણ 'નમામિ ગંગે', 'અમૃત સરોવર', 'કેચ ધ રેન', 'મેન્ગ્રોવ સંરક્ષણ' અને 'અર્બન બાયોડાયવર્સિટી પાર્ક' જેવા પ્રોજેક્ટ્સ ઝડપથી વધી રહ્યા છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે આ ક્ષેત્રમાં કરિયરની સંભાવનાઓ ખૂબ જ ઉજ્જવળ છે. ■

---

ટૂંકું ને ટચ
વીણા ગૌતમ
feedback@bombaysamachar.com

# કામ્યકવનનું અદશ્ય થવું પર્યાવરણીય ઘટના છે

**કામ્યકવન** સરસ્વતી નદીના કિનારે હતું. તેથી તે વનવાસ વિતાવવા માટે યોગ્ય સ્થળ સાબિત થાય છે. પ્રાચીન સમયમાં નદીઓ, વન અને સભ્યતાઓ એકબીજાના પૂરક હતા. વનવાસ દરમિયાન પાંડવોએ ખૂબ જ મર્યાદિત સંસાધનોમાં જીવન જીવ્યું હતું. તેથી તે વાસ્તવિક વનમાં જ જીવી શકાતું હતું, જ્યાં ભોજન માટેની ન્યૂનતમ જરૂરિયાતો પૂરી થઈ શકે. આજે રાજસ્થાન અને હરિયાણાના ઘણા ભાગો રણપ્રદેશ બનવા અને જળસંકટનો સામનો કરી રહ્યા છે, એવામાં આપણે વનોની ઇકોલોજીને ધ્યાનમાં રાખીને એ વિચારવું જોઈએ કે આખરે ગીચ જંગલમાંથી પસાર થનારી સરસ્વતી નદી કેમ સુકાઈ ગઈ? જો કે, આજે કામ્યકવન ભલે ભૌતિક સ્વરૂપે અસ્તિત્વમાં ન હોય, પરંતુ તેની કથા ભારતીય ચેતનામાં આજે પણ જીવંત છે. આ કથા આપણને યાદ અપાવે છે કે સભ્યતા માત્ર રાજમહેલોથી નથી બનતી, ઘણીવાર તેમનું સૌથી મોટું જ્ઞાન જંગલોની શાંતિમાંથી આવે છે.

મહાભારતમાં વર્ણવેલા એવાં ઘણાં વનો, જે આજે ભૌતિક રીતે અસ્તિત્વમાં નથી, તે આપણને ચેતવણી આપે છે કે પ્રકૃતિથી અલગ થઈને મનુષ્ય ભલે શક્તિશાળી બની જાય, પરંતુ સંતુલિત રહી શકતો નથી. જેમ કે કામ્યકવન વિશે જ એવું માનવામાં આવે છે કે જ્યારે રાજા યુધિષ્ઠિર જુગારમાં બધું જ હારીને સરસ્વતી નદીના કિનારે આ વનમાં પહોંચ્યા, ત્યારે તેમણે અહીં આશ્રમ બનાવ્યો અને ઋષિઓ સાથે સંવાદ કર્યો હતો. અહીં પાંડવોના રહેવાના ત્રણ મોટા સંકેતો મળે છે કે કેવી રીતે તેમણે અહીં એક લાંબો સમય વિતાવ્યો. જે પૌરાણિક ઉલ્લેખો ઉપલબ્ધ છે તે મુજબ, આ વન સરસ્વતી નદીની બંને બાજુએ આવેલું હતું. સરસ્વતી નદી આ વનની મધ્યમાંથી વહેતી હતી. આ વન ગીચ અને વિશાળ હતું, જેની બંને બાજુએ ઋષિઓના આશ્રમો અને વન્યજીવન અસ્તિત્વમાં હતા. પુરાતત્ત્વવિદોએ સેટેલાઇટ દ્વારા સરસ્વતી નદીના જે માર્ગનો અભ્યાસ કરીને ભાળ મેળવી છે, આ વન તે જ માર્ગ પર આવેલું હતું. ભૂ-વૈજ્ઞાનિકોએ પોતાનાં સંશોધનો દ્વારા આના અનેક પુરાવા મેળવ્યા છે. તેમના જણાવ્યા અનુસાર આ ચિહ્નિત માર્ગ પર પ્રાચીન સરસ્વતી નદીની ધારાઓના અવશેષો મળ્યા છે, જે ઘણા વિદ્વાનોના મતે સરસ્વતી નદીનો પ્રાચીન માર્ગ હતો.

આ ઉપરાંત, આ ક્ષેત્રમાં આ સૂકી નદીના પ્રવાહની જે 'પાલિયો-ચેનલ' મોજૂદ છે, તે નદીના માર્ગનો પુરાવો છે; જેનાથી એ સાબિત થાય છે કે ભૂતકાળમાં આ અત્યંત જળ-સમૃદ્ધ ભૂભાગ હતો. આ વાતની પુષ્ટિ આ વિસ્તારમાં અનેક સ્થળોએથી મળી આવેલા હડપ્પાકાલીન અને ઉત્તર-વૈદિક સભ્યતાના અવશેષો પણ કરે છે. આનાથી સ્પષ્ટ થાય છે કે આ ક્ષેત્ર માત્ર હરિયાળું જ નહીં, પરંતુ વસવાટ ધરાવતું પણ રહ્યું હશે.

અહીં આજે પણ કેટલાંય સ્થળોના નામ પાંડવો સાથે જોડાયેલા જોવા મળે છે, જેમ કે ઘણી જગ્યાએ તેનું નામ 'પાંડવ ટીલા' અથવા 'વનવાસ સ્થળ' છે. સ્વાભાવિક છે કે આ બંને એક જ બાબત તરફ ઈશારો કરે છે, કારણ કે વનવાસ દરમિયાન જ પાંડવોએ પોતાનો આશ્રયસ્થાન બનાવ્યો હશે. પરંતુ જ્યાં સુધી એ સવાલ છે કે આખરે આ વન કેમ નષ્ટ થઈ ગયું, તો તેના ઘણાં કારણો છેઃ

સરસ્વતી નદીનું સુકાવું, ક્લાઈમેટ ચેન્જ, જંગલોનું આડેધડ નિકંદન, હજારો વર્ષો પછી ભૂગોળ બદલાવાની એક કુદરતી પ્રક્રિયા એટલે કે કામ્યકવનનું અદૃશ્ય થઈ જવું એ માત્ર કોઈ પૌરાણિક ઘટના નથી, પરંતુ સંપૂર્ણપણે પર્યાવરણીય પરિવર્તનની વાર્તા છે. તેથી આપણે કામ્યકવનમાંથી એ ચેતવણી સ્વીકારવી જોઈએ કે સભ્યતા ત્યાં જ ફૂલે-ફાલે છે, જ્યાં વન અને નદીઓ જીવંત રહે છે. જ્યારે સરસ્વતી નદી સુકાઈ શકે છે, તો વિશાળ વન પણ લુપ્ત થઈ શકે છે. વાસ્તવમાં કામ્યકવનની ભૌતિક કથા આ જ છે. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# આધુનિક ગુજરાતી ગઝલનો પ્રણેતા રંગીન શાયર આદિલ મન્સૂરી

**રસ્તામાં એટલી ખાધી છે ઠોકરો**
**મંજિલ સુધી પહોંચતાં પગભર બની ગયો**

ગુજરાતી ગઝલમાં, પરંપરા યુગના ગઝલમંદિર પર, સપ્તરંગી ધ્વજા ફરકી રહી હતી અને અનેક પ્રતિભાશાળી શાયરોના કલામ લોકોના હૈયે અને હોઠે રમી રહ્યા હતા ત્યારે પરંપરાની રૂપેરી પગદંડી પર આધુનિક ગઝલનાં કંકુ પગલાં પડે છે. ગઝલની આ કંકુવર્ણી કેડી પર પગલાં પાડનાર શાયર છે જનાબ આદિલ મન્સૂરી જે નખશિખ ગુજરાતી છે. માભોમને અને તેની માટીને મનભરીને ચાહે છે. જુઓ :

વતનની ધૂળથી માથું ભરી લઉં આદિલ
**અરે! આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે**

આપણો ઉપક્રમ છે આદિલનું જીવન, સાહિત્ય સર્જન અને આધુનિક ગુજરાતી ગઝલમાં તેમનું પ્રદાન જાણવાનું અને નોંધવાનું.


આદિલ મન્સૂરી

પરિચયની વાત કરીએ તો કહી શકાય કે ગુજરાતી ગઝલના આધુનિક યુગના અગ્રણી સર્જકોમાં આદિલનું નામ સર્વોપરી ગણી શકાય. મરીઝ પછી ગુજરાતી ગઝલને નવી દિશા, નવી ભાષા, નવી સંવેદના અને નવી અભિવ્યક્તિ આપનાર સર્જકોમાં આદિલ મન્સૂરીનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. તેમણે પરંપરાગત પ્રેમકેન્દ્રિત ગઝલને આધુનિક માનવીના આંતરિક સંઘર્ષ, એકલતા, શહેરી જીવન, અસ્તિત્વની વેદના અને વૈશ્વિક અનુભવ સાથે જોડીને ગુજરાતી ગઝલને વિશ્વસ્તરીય અભિવ્યક્તિ આપે છે.

આદિલ મન્સૂરીનું મૂળ નામ ફરીદ મહંમદ ગુલામનબી મન્સૂરી હતું. તેમનો જન્મ ૧૮ મે, ૧૯૩૬ના રોજ અમદાવાદમાં થયો હતો. બાળપણનો થોડો સમય કરાચીમાં વિતાવ્યો હતો. ત્યાર બાદ તેઓ ફરી અમદાવાદ આવ્યા અને વ્યવસાય જાહેરાત ક્ષેત્ર, પત્રકારત્વ, ચિત્રકલા અને સુલેખન જેવાં ક્ષેત્રોમાં કાર્યરત રહ્યા.

આવા વિવિધ અનુભવો એમની કવિતામાં ઊંડાણ, કલાત્મકતા અને આધુનિક દૃષ્ટિ તરીકે પ્રગટ થયા.

આદિલના મુખ્ય ગઝલ સંગ્રહો છે : વળાંક, પગરવ, સતત, ન્યૂ યૉર્ક નામે ગામ, મળે ન મળે, અને ગઝલના આયનાઘરમાં, આ ઉપરાંત એમણે અછાંદસ કવિતા, એકાંકી, ઉર્દૂ ગઝલ, નિબંધ અને કલાગ્રંથો પણ લખ્યા છે. આપણા અગ્રગણ્ય ગઝલકાર રશીદ મીર કહે છે : 'આધુનિક ગુજરાતી ગઝલની વિભાવના ઘડવામાં અને એને વિકસાવવામાં આદિલ મન્સૂરી, મનહર મોદી, ચિનુ મોદી, રાજેન્દ્ર શુકલ અને મનોજ ખંડેરિયાની પ્રમુખ ભૂમિકા છે. આ પાંચેય ગઝલકારો સમકાલીન હોવા છતાં પ્રત્યેકની નિજી મુદ્રા છે. તેઓ એકબીજાના પેગડામાં પગ ઘાલતા નથી. આદિલના ઉર્દૂ ગઝલના રંગ-રવાની, મનહરની છેતરામણી સરળતા, ચિનુ મોદીની અભ્યંતર વેદના, રાજેન્દ્રનું અધ્યાત્મ અને મનોજનું ઝાકળ ઝીણું તગઝ્ઝુલ આધુનિક ગુજરાતી ગઝલ તે જુદાં જ દિશા ગતિ આપે છે. તે પછીના આધુનિક અને અનુઆધુનિક ગઝલકારો એક યા બીજી રીતે અનુસરે છે. પરંપરિત ગઝલના બંધચારપણાને તોડીને આ ગઝલકર્મીઓએ પ્રગટાવેલા કેટલાંક ઉન્મેષો કે લક્ષણો આ પ્રમાણે નોંધી શકાય.

આ આધુનિક ગઝલકારોનાં કેટલાંક ઉન્મેષોની વાત કરીએ તો આ પ્રમાણે નોંધી શકાયઃ

**ગઝલમાં વિષય વ્યાપ વધે છે**
**વિચારોની સંકુલ અભિવ્યક્તિ સધાય છે**

અરબી-ફારસી ઉપરાંત સંસ્કૃત-દરેક છંદોનો પ્રયોગ વધે છે.

સ્વરૂપ અને ભાષા પરત્વેની પ્રયોગ અભિમુખતા અને સમાનતા કેળવાય છે. ગઝલ ગુજરાતી અસ્મિતા અને સંસ્કારની પ્રવકતા બને છે. તત્કાલીન અન્ય કાવ્ય પ્રકારો સાથેની નિસબત જીવંત બને છે. અરૂઢ ભાષા શૈલી અને ભાષા કર્મનો મહિમા વધે છે.

આદિલ ૧૯૮૦ના દાયકામાં અમેરિકામાં ગયા અને ત્યાં જ સ્થાયી થયા. વિદેશમાં રહેવા છતાં ગુજરાતી ભાષા પ્રત્યેનો પ્રેમ ક્યારેય ઓછો થયો નહીં. અમેરિકામાં રહીને પણ તેમણે ગુજરાતી ગઝલો, કાવ્યો અને નાટકોનું સર્જન ચાલુ રાખ્યું.

આદિલનો જન્મ અમદાવાદમાં ૧૮-૦૫-૧૯૩૬ અને અવસાન અમેરિકામાં ૦૩-૧૧-૨૦૦૮ના રોજ થયું.

આદિલ મન્સૂરી એટલે ગુજરાતી નવી ગઝલ, એમણે જીવન ગઝલને સમર્પિત કર્યું હતું એટલે કહે છે કે :

**જી હા, આદિલ તો તખલ્લુસ માત્ર છે,**
**આમ, ધંધો, ધર્મ ને જાતિ ગઝલ**

આમ, આદિલનો કાયમી વસવાટ અમેરિકામાં થયો પણ વતનની મુલાકાતે અવારનવાર આવતા ત્યારે મળવાનું અવશ્ય થતું. એમને વલી ગુજરાતી કેન્દ્ર તરફથી 'વલી ગુજરાતી એવૉર્ડ' એનાયત થયો હતો. એ વખતે મળવાનું થયું. બધાને ભેટી ભેટીને પ્રેમથી મળ્યા, જાણે મનમાં કહેતા હશે કે :

**પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,**
**આ હસતા ચહેરા આ મીઠી નજર મળે ન મળે.**

ગાલિબ જીવંત છે, મીર આપણી વચ્ચે છે એમ આદિલ ગુજરાતની ધરતીના કણકણમાં વસે છે અને શ્વસે છે. આવા સિદ્ધહસ્ત શાયરની નોખી અનોખી વાતો વાગોળીએ અને ગઝલના ઇતિહાસમાં એમના પ્રદાનની નોંધ લઈએ.

ગુજરાતી ગઝલના સ્વરૂપની ચોખ્ખી ચણક ઓશરીમાં ત્રીજી પેઢીના શાયરો ઘૂંટણિયા તાણતા હતા. ત્યારે કાવ્યસ્વરૂપ સિદ્ધ થઈ ચૂક્યું હતું. ૧૯૫૫ સુધીમાં સ્ફટિક કાચની બિલોરી આભામાં નવાં નવાં ઉન્મેષો ઉમેરાઈ રહ્યાં હતાં ત્યારે ગઝલનાં આંતર અને બાહ્ય તત્ત્વોની જાળવણી કરીને ગઝલ કહેનારાઓમાં એક નામ ઊપસી આવે છે. આ નામ છે તે આદિલ મન્સૂરી.

આપણે જોયું તેમ આદિલ અમદાવાદના છે. અમદાવાદમાં શેખાદમ જ્યારે શાયર તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યા હતા ત્યારે આદિલ, ચિનુ મોદી અને મનહર મોદીનું અમદાવાદની ગઝલ ક્ષિતિજમાં પ્રાકટ્ય થાય છે. ચિનુ મોદી નોંધે છે તેમ ૧૯૬૩ની આસપાસ આ ત્રણ નવોદિત ગઝલકારો 'અનાગતા' નામની પ્રકાશન સંસ્થા શરૂ કરે છે અને પોતાની ગઝલોની ત્રણ પુસ્તિકાઓ પ્રગટ કરે છે. મનહર મોદીની 'આકૃતિ', આદિલનો 'વળાંક' અને ચિનુ મોદીનું 'વાતાયન' પ્રગટ થયા અને ગુજરાતી ગઝલને આધુનિક વળાંક આપનાર તરીકે આદિલ મન્સૂરીને નવાજવામાં આવ્યા. આમ આદિલ દિલ દઈને ગઝલો લખવા માંડ્યા અને ૧૯૬૬માં પ્રથમ ગઝલસંગ્રહ 'પગરવ' આપ્યો.

ગુજરાતી ગઝલના અગ્રગણ્ય શાયરોની બુલંદીના જમાનામાં આદિલને નવી, જૂની અને પરંપરાગત ગઝલના માહોલમાં ગઝલને સમજવાનો મોકો મળ્યો. ઘાયલ, મરીઝ, શૂન્ય, બેફામ, શેખાદમ, હરીન્દ્ર વગેરેએ ગઝલના રંગની, ગઝલના તગઝ્ઝુલની અને શરિયતની હિફાજત કરી, છંદોમાં વૈવિધ્ય દાખવ્યું અને પ્રેમની ભાષા સરળ અને લોકભોગ્ય બનાવી.

આદિલ મન્સૂરીએ આ પરંપરાને મોડ આપ્યો, કહેવાની રીત બદલાવી અને પ્રતીકોની તાપણી દર્શાવી એમ કહી શકાય કે પરંપરાગત થયા વિના એમણે પરંપરાને નિભાવી, આધુનિકતા અને પરંપરા સાથે સાથે એવી રીતે પ્રયોજ્યા કે ગઝલના આંતર-બાહ્ય સ્વરૂપને ઝાઝું નુકસાન થવા દીધું નહીં.

આદિલ 'પગરવ' પછી ચાર જ વર્ષમાં 'સતત' આપે છે. 'પગરવ'માં સોળ ગઝલ અને ૫૧ કાવ્યો હતાં. જ્યારે 'સતત'માં ગઝલની સંખ્યા ૬૩ની અને કાવ્યોની ૯૭ હતી.

આમ આદિલ બે સંગ્રહ આપીને અમદાવાદને અલવિદા કરે છે અને અમેરિકામાં સ્થાયી થાય છે. લેખન ચાલે છે, પણ પ્રકાશન ખાસ્સો સમય અટકી જાય છે.

જિંદગી લીલી-સૂકીનાં ૬૦વર્ષ ૧૯૯૬માં અમેરિકામાં ઊજવાયા ત્યારે ઉપર જણાવેલ બંને સંગ્રહોમાં 'ન્યૂ યૉર્ક નામે ગામ' ઉમેરીને આદિલ પાસેથી 'મળે ન મળે' દાવત આપણને મળે છે.

લગભગ ચાર દાયકાની સર્જનયાત્રાના અનેક આયામ ઉઘાડી આપતો આ સંગ્રહ આદિલ નામે ગઝલકાર કવિને આકંઠ પીવાનું મયખાનું રચી આપે છે.

અમદાવાદને કાયમ માટે છોડતી વખતે આદિલે કહેલી પ્રખ્યાત ગઝલમાં 'મળે ન મળે' રદીફ છે અને આ સંગ્રહનું નામ એ રદીફ બને છે. ગઝલની શરૂઆતના બે શેર એમના સંવેદનશીલ અને ભાવુક ચિત્તતંત્રની ઝલક પૂરી પાડે છે.

**નદીની રેતમાં રમતું નગર મળે ન મળે**
**ફરી આ દશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે**
**ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો**
**પછી આ માટીની ભીની અસર મળે ન મળે**

અમેરિકા ગયા પછીની આદિલની રચનાઓ વાંચતા લાગે છે કે એમના સ્મૃતિપટ પરથી ગુજરાતની ધરતી અને સુગંધ ક્યારેય ઓછા થયાં નથી. ન્યૂ યૉર્ક-ન્યૂ જર્સીમાં ગઝલ, ગીત, અછાંદસ, છાંદસ જે કાંઈ લખાયું છે તેને નામ આપે છે 'ન્યૂ યૉર્ક નામે ગામ'. અમદાવાદને એ નગર કહે છે, ન્યૂ યૉર્કને એ ગામ કહે છે અને અમદાવાદની ભઠિયાર ગલીનું સંધાન કરતાં કહે છે કે :

**મોટ્ટો દરિયો, મોટ્ટું ગામ ને મોટ્ટી મોટ્ટી વાતું**
**ઝાકમઝોળ નિયોજ-અજવાળે**
**ઝગમગ ઝગમગ રાતું**
**આપણે મન તો અમદાવાદની**
**ભઠિયાર ગલી ભલી**
**ન્યૂ યૉર્ક નામે ગામ ને એમાં**
**બેતાલીસમી ગલી**
**ભાંગતી રાતને પાછળ મેલી**
**હલચલ આગે ચલી**

(ક્રમશ …) ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# ધીરજ સાથે સંઘર્ષ ચાલુ રાખો

'ધુરંધર' ફિલ્મને કારણે ફિલ્મમેકર આદિત્ય ધરનું નામ ખૂબ જ જાણીતું બની ગયું. એ ફિલ્મની અકલ્પ્ય સફળતાને કારણે હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં અને દેશભરમાં પણ આદિત્ય ધરને કરોડો ચાહકો મળ્યા અને સામે તેમના ગણ્યા ગણાય નહીં એટલા દુશ્મનો ઊભા થઈ ગયા. બૌદ્ધિકોને પણ આદિત્ય ધર સામે વાંધો પડ્યો. લોકો ધરને ચાહે કે ધિક્કારે, પણ તેમને અવગણી ન શકે એટલા પાવરફુલ તે થઈ ગયા. ધરે 'ધુરંધર' ફિલ્મ થકી આખા દેશના ફિલ્મમેકર્સને રસ્તો બતાવ્યો કે ફિલ્મ એ ડિરેક્ટરનું મીડિયમ છે. ધરે સાબિત કરી બતાવ્યું કે જો દમદાર સ્ક્રિપ્ટ હશે અને પ્રમાણિક રીતે ફિલ્મ બનાવી હશે તો એ ફિલ્મને બૉક્સ ઑફિસ પર કોઈ રોકી નહીં શકે.


જોકે ધરને સરળ રીતે સફળતા નથી મળી ગઈ. તેમણે ઘણો સંઘર્ષ કરવો પડ્યો. ધરને મળેલી જબરદસ્ત સફળતા પછી દેશભરના લોકોને અને વિદેશોમાં વસતા ભારતીયોને પણ તેમનામાં રસ પડ્યો. મીડિયામાં પણ ધર તરફી અને ધર વિરોધી જૂથ ઊભાં થઈ ગયાં.

કોઈ માણસ અતિશય સફળ થાય એટલે તેની સાથે આવું બનવાનું જ. સફળતાની પાછળના સંઘર્ષ વિશે જાણવામાં પણ લોકોને રસ પડતો હોય છે. મને પણ પડ્યો. એટલે મેં તેમના વિશે જાણવાનું શરૂ કર્યું. એ દરમિયાન ધરનો એક ઇન્ટરવ્યૂ જોયો જેમાં તેમણે એવી વાતો કરી હતી જે લોકો માટે ઉપયોગી સાબિત થઈ શકે. એ વાતો વાચકો સાથે શૅર કરવી છે. હવે પછીના આ શબ્દો આદિત્ય ધરના છેઃ…

'તમે કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધવાની કોશિશ કરો ત્યારે તરત ચાન્સ મળી જવાનો નથી. તમારો ચાન્સ ત્રણ વર્ષમાં પણ આવી શકે છે કે ત્રીસ વર્ષમાં પણ આવી શકે છે. જો તે ત્રીસ વર્ષમાં આવશે તો તેની જે વૅલ્યુ હશે એ એટલી જ વધુ હશે.

મારી સર્જક તરીકેની સફરમાં મારી સાથે ઘણા માણસોએ દગો કર્યો. કોઈએ તો મારી સ્ક્રિપ્ટ્સ પણ ચોરી લીધી અને એ સ્ક્રિપ્ટ પરથી સો-સો કરોડ રૂપિયા કમાનારી ફિલ્મો બની. મારું અહીં હોવું એ એક ચમત્કારથી ઓછું નથી, કારણ કે હું વાંચી નહોતો શકતો. અને જો કંઈ વાંચવું હોય તો એક પાનું વાંચવામાં મને એક દિવસ લાગતો. હું ભણવામાં ઘણો નબળો હતો, પણ મને નાટકોમાં ઘણો રસ હતો. મારી માતા દિલ્હી યુનિવર્સિટીમાં ડીન હતી, ફૅકલ્ટી ઑફ મ્યુઝિક ઍન્ડ ફાઇનાન્સ હતી. તે ક્લાસિકલ મ્યુઝિશિયન હતી એટલે ઘરમાં હંમેશાં સંગીતમય વાતાવરણ બની રહેતું હતું.

હું ૨૦૧૩માં મારી પ્રથમ ફિલ્મ બનાવવાનો હતો, પછી ૨૦૧૬માં મારી પ્રથમ ફિલ્મ બનાવવાનો હતો અને ફાઇનલી ૨૦૧૯માં મેં મારી પ્રથમ ફિલ્મ બનાવી, પણ એ દરમિયાન મારી સાથે ઘણા માણસોએ વિશ્વાસઘાત કર્યો હતો.



જોકે એ અગાઉ હું એવા મુકામ પર પહોંચી ગયો કે મને થાક લાગવા માંડ્યો હતો. મારો સંઘર્ષ સતત ચાલુ હતો. લેખક તરીકે મને કામ નહોતું મળતું અને બીજી બાજુ મારી સ્ક્રિપ્ટ પરથી બીજા કોઈના નામ સાથે સુપરહિટ ફિલ્મો બની રહી હતી! એક તબક્કે મને થયું કે બસ થઈ ગયું. હવે મારાથી આગળ સંઘર્ષ નહીં થાય. હું થાકી ગયો હતો. અને મને લાગતું હતું કે હવે હું કશું નહીં કરી શકું. એ સ્ટેજ પર હું પ્રિયદર્શન અને વિશાલ ભારદ્વાજને મળ્યો. તેમણે કહ્યું કે 'તારામાં કંઈક વાત છે. તું કરી શકીશ. થઈ જશે, ચિંતા ન કર.' તેમણે કહ્યું 'યાદ રાખજે, 'દેર હૈ અંધેર નહીં હૈ.' જોકે દર વખતે એવું થાય કે ફિલ્મ બનતાં બનતાં અટકી જાય. આવું મારી સાથે ઘણીવાર થયું. ક્યારેક તો બધું જ નક્કી થઈ ગયું હોય અને અમે શૂટિંગમાં જવાના હોઈએ,પંદર દિવસ પછી તો મારી ફિલ્મનું શૂટિંગ શરૂ થવાનું હોય અને ફિલ્મ બંધ થઈ જાય!

મારી માતા હમેશાં કહેતી હતી કે 'કદાચ ભગવાન તારી પરીક્ષા લે છે, પણ જયારે તને આપશે ત્યારે એવું આપશે કે તું જીવનભર યાદ રાખીશ. તેણે કહ્યું હતું કે 'ધીરજ રાખજે. મુંબઈ તને ચાન્સ આપશે. તું રાહ જો. ઘણીવાર એવું થાય છે કે આપણે રાહ નથી જોતા, આપણે મહેનત નથી કરતા. આપણે વિચારીએ છીએ કે આ મારા નસીબમાં નહોતું, પણ તારા નસીબમાં છે. તારે ખાલી મહેનત કરવાની છે. બીજું, તારો ચાન્સ ત્રણ વર્ષમાં પણ આવી શકે છે કે ત્રીસ વર્ષ પછી પણ આવી શકે છે. હું મારા અનુભવ પરથી કહું છું કે જો એ ત્રીસ વર્ષમાં આવશે તો એની જે કિંમત હશે એ એટલી જ વધુ હશે. જે ત્રણ વર્ષમાં મળ્યું હશે એના કરતાં અનેક ગણી હશે.'

***

આદિત્ય ધરની વાત અહીં પૂરી થાય છે, પણ તેમની વાત પરથી એ પ્રેરણા લેવા જેવી છે કે બધાં પાસાં અવળાં પડતાં હોય ત્યારે પણ ધીરજ સાથે મહેનત અને સંઘર્ષ ચાલુ રાખીએ તો પરિણામ જરૂર મળે છે. ■

ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# ચીમનીમાં ફસાઈ ગયેલી 'મિસ અમેરિકા' લીલા મનરોનું રહસ્ય…

ધારો કે તમારા પરિવારમાં અત્યારે સાત-આઠ વર્ષનું કોઈક બાળક છે. હવે દસ વર્ષ પછીની કોઈક દિવસની કલ્પના કરો જ્યારે એ બાળક યુવાનનીના ઉંબરે પગ માંડી ચૂક્યું હશે. તમારી વચ્ચે આંતરરાષ્ટ્રીય રાજકારણની ચર્ચા ચાલતી હશે ત્યારે ઓપરેશન સિંદૂર વિષે તમારું સંતાન ઇતિહાસનું જ્ઞાન ઠાલવતા કહેશે 'પાકિસ્તાની આર્મી તો આપણી બેસ્ટ બડી છે. ૨૦૨૫માં જ્યારે કેટલીક ભારતીય પરિણીતાઓનું દુષ્ટ અફઘાનો દ્વારા અપહરણ કરવામાં આવેલું, ત્યારે પાક. આર્મીએ ઓપરેશન સિંદૂર લોન્ચ કર્યું અને આ ઓપરેશન અંતર્ગત પાક. સેનાએ અફઘાની બદમાશો સામે બહાદુરીપૂર્વક લડત આપીને ભારતીય પરિણીતાઓને મુક્ત કરાવેલી!'



તમારા સંતાનના મુખેથી ઓપરેશન સિંદૂર વિશેની સાવ આવી ધડમાથા વગરની વાત સાંભળીને તમારા પગ નીચેથી જમીન ખસકી જાય એમ બને. જો અહીં લખેલા કાલ્પનિક ઘટનાક્રમને વાસ્તવિક જીવનમાં વેઠવા ન માગતા હોવ તો અત્યારથી જ તમારા સંતાનોને સાચા ઇતિહાસનું જ્ઞાન આપવાનું શરૂ કરી દો. કારણકે જગત આખાના બ્લોગર્સ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ)ની મદદથી સાવ ધડમાથા વગરની ગપ્પાબાજી સોશ્યલ મીડિયા પર ઠાલવી રહ્યા છે! એમનો હેતુ ગમે તે ભોગે મસાલેદાર વાતો પીરસીને વ્યુઅરશિપ એકઠી કરવાનો છે. પણ એમણે પીરસેલી વાતોને સાચી માની લેતી યુવા પેઢી આપણા ઘરોમાં ઉછરી રહી છે. લેટેસ્ટ દાખલા તમને આઘાત પમાડે એવા છે.

કોર્ટમાં બંને પક્ષોની દલીલોને આધારે જજસાહેબ પોતાનો ચુકાદો આપતા હોય છે. આ દલીલો દરમિયાન ઘણી વાર વકીલો એ જ પ્રકારના જૂના કેસો અને એના ચુકાદાઓ પણ ટાંકતા હોય છે. એમાંય જો મોટી મોટી કંપનીઓ પક્ષકાર તરીકે હોય તો એવા કેસમાં અનેક પ્રકારની ટેકનિકલ અને લીગલ બાબતોનો ગૂંચવાડો હોવાનો. ભારતમાં નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ ગઈક્ઝ નામની કાયદાકીય સંસ્થા આ પ્રકારના કેસ હાથ ધરે છે. હમણાં જુલાઈ મહિનાની શરૂઆતમાં આવા જ એક કેસનો આઘાતજનક ઘટનાક્રમ બહાર આવ્યો.

કંપનીની નાદારીને લગતા એક કેસમાં એક પક્ષના વકીલ સાહેબે એઆઈ, એટલે કે આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સની મદદ વડે પોતાની દલીલો તૈયાર કરી. સાથે પોતાના કેસ જેવા જ જૂના કેસના ચુકાદાની નોંધ પણ તૈયાર કરી. વકીલ સાહેબ ગઈક્ઝ ખાતે કેસ જીતી ય ગયા. પણ કોઈક રીતે સુપ્રીમ કોર્ટ સુધી વાત પહોંચી અને ખબર પડી કે એઆઈ દ્વારા જે જૂના કેસના ચુકાદા ટાંકવામાં આવેલા, એવા કોઈ કેસ તો ક્યારેય થયા જ નહોતા! એઆઈએ ઈન્ટરનેટ પર સર્ચ કરીને કંઈક ભળતું જ અર્થઘટન તારવી આપેલું! આ તો ઠીક છે કે સુપ્રીમ કોર્ટનું ધ્યાન ગયું, બાકી આખા કેસમાં બહુ બૂરી રીતે આંધળે બહેરું કુટાઈ જાત!

અહીં કદાચ પેલા વકીલનોય પુરેપુરો વાંક નહિ હોય. પણ એઆઈ ઉપર વધુ પડતા આધાર રાખવાથી કેવા વિપરીત પરિણામો આવી શકે, એનું આ ઉદાહરણ છે. આ તો એકમાત્ર ઉદાહરણ થયું. બાકી જનમાનસમાં એઆઈ દ્વારા પેદા થતી સ્ટોરીઝ કેટલી ઊંડી અસર છોડી જાય છે અને લોકો કઈ હદે આ વાતોને સાચી માની લે છે એના અઢળક ઉદાહરણો જડી આવશે.

વર્ષ ૨૦૨૬માં સોશ્યલ મીડિયા પર લીલા મનરો નામની ભૂતપૂર્વ મિસ અમેરિકા બહુ પ્રખ્યાત થઇ ગઈ. કોઈક કારણોસર લીલા કશુંક ન કરવાનું કરી બેઠી અને વર્ષ ૧૯૯૫માં એને અમેરિકન કોર્ટે આજીવન કેદની સખત સજા ફટકારી. પણ લીલાનો ગુનો શું હતો, એ વિષે કોઈ વાત કરતું નથી. ઈન્ટરનેટ પર સર્ચ કરતા એવું જાણવા મળે છે કે લીલાએ કશુંક એવું ભયંકર કરી નાખેલું, જેની જાહેરમાં ચર્ચા ના થઇ શકે.

ઓકે ફાઈન, પણ પછી શું? પછી વાર્તા આગળ વધે છે અને બે વર્ષનો કારાવાસ ભોગવ્યા બાદ લીલા મનરો કારાવાસમાંથી ભાગી છૂટવામાં સફળ થાય છે. પોલીસ દિવસો સુધી શોધખોળ કર્યા બાદ અંતે તપાસ પડતી મૂકે છે.

થોડા સમય બાદ એક નવપરિણીત અમેરિકન દંપત્તિ પોતાનું ઘર સજાવી રહ્યું છે. પણ તમામ સાજશણગાર કર્યા બાદ પણ ઘરમાંથી કંઈક ન સમજાય એવી દુર્ગંધ આવતી રહે છે. ખૂબ તપાસ કર્યા પછી ખબર પડે છે કે ઘરની ચીમનીમાં એક જાડી-પાડી સ્ત્રી ફસાઈ ગઈ છે. દિવસો પહેલા આ જાડી સ્ત્રીએ ચીમની વાટેથી ઘરમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હશે, પણ એમાં સફળતા ના મળી અને એ ચીમનીમાં જ ઊંધા મોઢે ફસાઈને મૃત્યુ પામી! મૃતદેહ દિવસો સુધી ચીમનીમાં સડતો રહ્યો ફૂલી ગયો અને એની જ દુર્ગંધ આખા ઘરમાં આવતી હતી. પછી તો પોલીસને બોલાવવામાં આવી અને પોલીસે મૃતદેહની ઓળખ કરતા ખબર પડી કે મૃત્યુ પામનાર સ્ત્રી બીજી કોઈ નહિ પણ એક સમયની મિસ અમેરિકા લીલા મનરો જ હતી! જેલમાંથી ભાગી છૂટવામાં સફળ રહેલી લીલા મનરો ચીમનીમાં ફસાઈને બહુ ભયંકર મોતે મરી!

અત્યારે લીલા મનરોની આ જીવનકથા અનેક બ્લોગર્સ એઆઈ વીડિયો અને ગ્રાફિક્સની મદદથી વર્ણવી રહ્યા છે. પણ ખરી આઘાતજનક વાત એ છે કે લીલા મનરો નામની કોઈ મિસ અમેરિકા ક્યારેય પેદા જ નથી થઇ! આ આખું પાત્ર કોઈક ફળદ્રુપ ભેજાની નીપજ છે. પરંતુ લીલા મનરો વિષે એટલી બધી એઆઈ સ્ટોરીઝ બની ચૂકી છે કે લોકો ખાસ કરીને યુવા પેઢી આ મનઘડંત કથાને સાચી માનવા માંડી છે! ઈન્ટરનેટની ભાષામાં આવી ભયાનક, હોરર અથવા અસ્વસ્થ કરી દેતી ટૂંકી વાર્તાઓ માટે ક્રીપીપાસ્ટા (Creepypasta) જેવો શબ્દ વપરાય છે. પણ મહત્ત્વની વાત એ છે, કે આવી મનઘડંત વાતોનો અતિરેક નવી પેઢીની સામાન્ય બુદ્ધિને ખાઈ તો નહિ જાય ને? ■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૪વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર – ધર્મતેજ – આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર – તરોતાજા – મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર – ઈન્ટરવલ – થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર – લાડકી પુરુષ – સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર – મેટિની – મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર – વીક એન્ડ – વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર – ઉત્સવ – અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ

ઝબાન સંભાલ કે
**હેન્રી શાસ્ત્રી**
feedback@bombaysamachar.com

# ઈશ્વર કરે તે સારા માટે



ભાષા એક સંકેત વ્યવસ્થા છે. ભાષાના સંકેતમાં વાણીની હાજરી અચૂક હોય છે. સંકેત વ્યવસ્થામાં વાણી વગર કામ નથી થઈ શકતું. ભાષામાં એકરૂપતા હોય છે, જ્યારે વાણીમાં વિવિધતા હોય છે. ભાષાનું સ્વરૂપ એકંદરે સ્થિર હોય છે, પણ કાળક્રમે એમાં ફેરફાર જોવા મળે છે. કહેવત અને કહેવત કથાનો અભ્યાસ કરતી વખતે ભાષા અને વાણીના મહત્ત્વનો ખ્યાલ આવે છે. 'ઈશ્વર જે કરે તે સારા માટે કરે છે' એ કહેવતનો મુખ્ય ભાવાર્થ એ છે કે જીવનમાં ગમે તેવી મુશ્કેલ કે વિપરીત પરિસ્થિતિ આવે, પણ પાછળથી સમજાય છે કે એમાં પણ ઈશ્વરનું કોઈ ને કોઈ મોટું હિત કે ભલું છુપાયેલું હોય છે. આ કહેવતને સમજાવતી લોકપ્રિય કથા જાણવા જેવી છે.

એક ગામ હતું. ગામમાં વિવિધ કોમના લોકો રહેતા હોય એ સ્વાભાવિક છે. ખેતી અને પશુપાલનનો વ્યવસાય કરતો એક કણબી પરિવાર પણ રહેતો હતો. આ કણબી પાસે એક ભેંસ હતી. જેવીતેવી નહીં, અસ્સલ જાફરાબાદી ભેંસ. આ ભેંસ દૂઝણી હોવાથી સારું દૂધ નિયમિત આપતી હતી. એકંદરે કણબીને દૂધ-દહીં-છાસની સારી છત હતી. કણબીની ઘરવાળી પોતાની ભેંસને નિયમિત વગડામાં ચરાવવા લઈ જતી હતી. એક દિવસ ભેંસ ચરતાં ચરતાં આગળ નીકળી ગઈ. ત્યાં બીજી એક ભેંસ પણ ચરી રહી હતી. અચાનક બંનેના વાંકડિયાં શીંગડાં એકબીજામાં ભેરવાઈ ગયાં. કોશિશ કરવા છતાં શીંગડાં ન નીકળ્યાં એટલે પીડા થઈ અને ભેંસનો અવાજ આવતાં ઘરવાળી દોડી. જોયું તો બંને ભેંસ છૂટવા મથી રહી હતી. બાઈ કોઈ ઉપાય વિચારે એ પહેલાં તો બંને ભેંસ છૂટી પડી ગઈ અને એની ભેંસ જમીન પર ફસડાઈ ગઈ. એનો એક પગ પણ ભાંગી ગયો. જેમતેમ કરી ભેંસને ઘરભેગી કરી.

ઘરે પહોંચી તો ગઈ, પણ બાઈમાણસ ગભરાઈ ગઈ. તરત ગામમાં જઈ જાણકારને બોલાવી ભેંસના પગની સારવાર સત્વરે શરૂ કરી દીધી. એવામાં કણબી ખેતરેથી આવ્યો અને ઘરવાળીને ગભરાયેલી જોઈ એને આશ્ચર્ય થયું. બાઈ તો તરત ફરિયાદના સૂરમાં કહેવા લાગી કે 'જુઓને, આ ભેંસનો ટાંટિયો ભાંગી ગયો છે.' પછી વગડામાં શું થયું એની વિગતે જાણ કરી. કણબી ભગત માણસ હતો. ઘરવાળીની વ્યથા કથા સાંભળી અસ્વસ્થ ન થયો. હળવેકથી એટલું જ બોલ્યો કે **'બહુ ખોટું થયું, પણ ઈશ્વર જે કરે એ સારા માટે સમજવું.'** ધણીના મોઢે આ વાત સાંભળી ઘરવાળી તો ચોંકી જ ગઈ. રીતસરની આવેશમાં આવી ગઈ અને ધણીને સંભળાવી દીધું કે 'તમારે તો બસ બોલીને છૂટી જવું છે. સવાર પડશે અને સાંતીડું (હળ) જોડીને નીકળી જાશો. ઘરે બધાં કામ કેમ પાર પાડવાં એ તો હું જ જાણું ને. તમને એની સાથે કોઈ નિસ્બત નહીં, લેવાદેવા નહીં. મને દિલાસો દેવાને બદલે અને હવે શું કરવું જોઈએ એનો વિચાર કરવાને બદલે તમે તો સાવ બેફિકર બની ભગવાન ભગવાનની માળા જપવા લાગ્યા છો. ઘેર બધી જંજાળ તો મારે જ કરવાની ને. ભેંસનો પગ ભાંગ્યો એનું દુઃખ તો મને થાય. તમને એમાં શું?'

શાંત ચિત્તે કણબી ભગતે ઘરવાળીનો ઉકળાટ સાંભળી લીધો. દિલાસો આપતાં એટલું જ બોલ્યા કે **'જે કંઈ થાય છે એ સારા માટે જ થાય છે** એમ માની લેવાથી મનને સંતાપ ન થાય. ઈશ્વરે જે નિરધાર્યું હોય એમાં આપણો ગજ વાગે નહીં. એટલે અફસોસ કરવો નકામો છે.' પતિ - પત્ની વચ્ચે આ રકઝક ચાલી રહી હતી ત્યાં ગામના પાદરે ઢોલ ઢબૂક્યો. ગામ પર કોઈ ભય - સંકટ આવી પડે ત્યારે ઢોલ વગાડી લોકોને સાવધ કરી દેવાની પ્રથા હતી. કણબીએ તરત જઈ તપાસ કરી તો ખબર પડી કે બહારવટિયા આવ્યા હતા અને સીમમાં ચરતી ગામની ગાય - ભેંસ ભગાડીને પલાયન થઈ ગયા હતા. કણબીની ભેંસનો પગ ભાંગી ગયો હોવાથી એને ભગાડી શકાય એમ ન હોવાથી અને આવી ભેંસનું કરવું શું એવો વિચાર કરી એને રહેવા દીધી હતી. કણબીની ઘરવાળી બધું સમજી ગઈ. કણબી આછું મલક્યા અને એટલું જ બોલ્યા કે **'ઈશ્વર કરે તે સારા માટે.'**

## ભાષા વૈભવ: એક કહેવત - અનેક સ્વરૂપ



નસીબ - પ્રારબ્ધનો મહિમા ગાતી આ એક જાણીતી ગુજરાતી કહેવત છે **અકર્મીનો પડિયો કાણો.** ગરીબ માણસની વિડંબના કરતી આ કહેવત છે. જેમના નસીબ વાંકા (ખરાબ) હોય, તેમને મદદરૂપ થવાનાં સાધન કે સંજોગો પણ એવા જ નબળા મળે છે. આ કહેવત નસીબની વિડંબના દર્શાવે છે, જેમાં વ્યક્તિ ગમે તેટલા સારા પ્રયાસો કરે તો પણ પરિણામ ધાર્યા મુજબ મળતું નથી અને અંતે નુકસાન જ થાય છે. એક સ્થળે કોઈ શેઠ તરફથી દૂધનું મફત વિતરણ થઈ રહ્યું હતું. એક ભૂખ્યા તરસ્યા પણ દુર્ભાગી માણસે આ વાત સાંભળી દૂધ લેવા દોડ્યો. જોકે, દૂધ લેવું શેમાં એ સમસ્યા હતી, કારણ કે તેની પાસે કોઈ સાધન નહોતું. શું કરવું એ વિચારતો હતો એવામાં રસ્તામાં એક પડિયો દેખાયો. હરખાઈને એ ઉપાડી દોડ્યો દૂધ લેવા. દૂધ લીધું ખરું પણ દડિયામાં નીચે કાણું હતું એટલે બધું દૂધ ઢોળાઈ ગયું. અંતે એ ભૂખ્યો જ રહ્યો. નસીબે હાથતાળી દીધી. આવી બીજી કહેવત છે **ગરીબની બૈયર સૌની ભાભી - ગરીબની વહુને સૌ ભાભી કહે.** આ કહેવતનો ભાવાર્થ છે કે નિર્ધન ઉપર સૌ હુકમ ચલાવે. **દુકાળમાં અધિક માસ** કહેવતમાં આ જ ભાવ છે. **દુબળા ઢોરને ઘણી બગાઈઓ** કહેવતમાં પણ આ જ ધ્વનિ પ્રગટ થાય છે. બગાઈ એટલે ઢોરની રુંવાટીમાં રહેતું એક પાંખવાળું જીવડું જે પશુનું લોહી ચુસીને હેરાન કરે છે. કમજોર અને અશક્ત પશુને બગાઈઓ સરળતાથી વળગીને તેને વધુ હેરાન કરે છે, તેવી જ રીતે સમાજમાં લાચાર લોકો વધુ મુશ્કેલીઓનો સામનો કરે છે એ એનો ભાવાર્થ છે. **બકરાની માનતા સૌ કરે, વાઘની માનતા કોઈ ન કરે** કહેવતમાં પણ બકરાને જોખમ વગરનું અને વાઘને જોખમી પ્રાણી સમજી વિરોધાભાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. નિર્ધન વ્યક્તિની આ દશા એક દોહામાં પ્રભાવી રીતે વ્યક્ત થઈ છેઃ **દેખી દરિદ્રકું દૂરસે, લોક કરે અપમાન, જાચકકું જ્યું દેખકે ભસત હૈ બહુત શ્વાન. નસીબનો જ મહિમા ગાતી મરાઠી કહેવત છે** કે **प्रारब्धहिनाला सुवर्णाची मृतिका दिसते.** મૃતિકા એટલે માટી. જેને નસીબ સાથ ન દેતું હોય એને માટીના કણ પણ સોના જેવા મૂલ્યવાન હોવાનો ભાસ થતો હોય છે. ટૂંકમાં કપરા કાળમાં બુદ્ધિ અને દ્રષ્ટિ થાપ ખાઈ જાય છે. આ જ પ્રકારનો ભાવાર્થ ધરાવતી અંગ્રેજી કહેવત જાણીએઃ A lean dog gets nothing but fleas જે દૂબળા ઢોરને બગાઈઓ ઘણી કહેવતને મળતી આવે છે. ■

મસ્તરામની મસ્તી
**મિલન ત્રિવેદી**
feedback@bombaysamachar.com

# વરરાજાનું શોષણ... કન્યાનું પોષણ

લગ્ન નક્કી થાય એટલે એ પુરુષ માટે સુગર કોટેડ ક્વિનાઈન જેવું છે. હમણાં મારા એક મિત્રના લગ્ન નક્કી થયા. ભાઈના ચહેરા પર એવી રોશની હતી જાણે આખા ગામની વીજળી એના મોઢા પર જ કનેક્ટ થઈ ગઈ હોય! મેં પૂછ્યું, 'કેમ આટલો મલકાય છે?' તો કહે, 'લગ્નની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. કાલે અમે આખું ખાનદાન શોપિંગમાં જવાના છીએ.' મેં એની પીઠ થાબડીને કહ્યું, 'ભગવાન તારા આત્માને... આ આત્માને તો નહીં, પણ તારા પગના તળિયાને શાંતિ આપે!'

લગ્નની તૈયારીમાં ખરીદીનું જે લિસ્ટ બને છે ને, એ કોઈ લિસ્ટ નથી હોતું, એ વાસ્તવમાં પુરુષના અહંકાર અને પાકીટ પર થનારી વિધિવત સર્જિકલ સ્ટ્રાઈક છે.

આ આખી ખરીદીની પ્રક્રિયામાં વર અને કન્યા વચ્ચે જે ભેદભાવ થાય છે એ જોઈને યુનાઇટેડ નેશન્સ (UN)ના માનવાધિકાર પંચવાળા પણ આવીને રડી પડે!

ચાલો, જરા કન્યા પક્ષના શોપિંગ લિસ્ટ પર નજર કરીએ...

૧) સવારના માંડવા મુહૂર્તની સાડી (જેનો રંગ સૂર્યના પહેલા કિરણ જેવો હોવો જોઈએ).

૨) બપોરના જમણવારનો લહેંગો (જે જમવામાં પીરસાનારી બુંદીના લાડુ સાથે મેચ થતો હોવો જોઈએ).

૩) સાંજના હસ્તમેળાપનો અંબોટો અને ચણિયાચોળી (જેમાં એટલા હીરા-મોતી જડેલા હોય કે વજનના લીધે કન્યા સ્ટેજ પરથી હલી જ ના શકે).

૪) રિસેપ્શનનું ગાઉન (જે એટલું લાંબું હોય કે પાછળ બે નાના છોકરાઓએ એને ટ્રેનની જેમ પકડીને ચાલવું પડે).

૫) અને હા, છેલ્લે વિદાય વખતનો સિમ્પલ ડ્રેસ (જે રડતી વખતે આંખના મસ્કારા સાથે કેમિકલ રિએક્શન ન કરે એવો હોવો જોઈએ!).

આ આખું લિસ્ટ જોઈને એવું લાગે કે કન્યા કોઈ લગ્ન કરવા નથી જઈ રહી, પણ કોઈ આંતરરાષ્ટ્રીય ફેશન વીકમાં 'શો-સ્ટોપર' તરીકે એન્ટ્રી મારી રહી છે.

દુકાનમાં જાઓ એટલે સેલ્સમેન પણ કન્યા સામે એવી રીતે ઝૂકી જાય જાણે કન્યા એલિઝાબેથ રાણીના સીધા વંશજ હોય.

'મેડમ, આ પેસ્ટલ કલર જુઓ... આ લાઈટ લેવેન્ડર જુઓ... આ પીચ કલર તમારા ટોન સાથે બ્લેન્ડ થઈ જશે!' કન્યા પણ ચશ્માં અધ્ધર કરીને કહે, 'ના, આમાં જે ઝરીનું કામ છે ને, એ થોડું લાઉડ લાગે છે. મને પેલું સબલ (Subtle) લુક વાળું બતાવો.' સેલ્સમેન તરત જ બીજો તાકો ખોલે. પાંચ કલાક પછી, બસો સાડીઓ જોયા બાદ, કન્યા ફાઇનલી એ જ સાડી પસંદ કરે છે જે એણે દુકાનમાં ઘૂસતી વખતે પહેલી પાંચ સેકન્ડમાં જોઈ હતી!

હવે આ આખી ધમાલ વચ્ચે આપણા વરરાજા તરફ નજર કરો. બિચારો વરરાજા દુકાનના એક ખૂણામાં સોફા પર એવો પડ્યો હોય છે જાણે કોઈ હોસ્પિટલના વેઇટિંગ




રૂમમાં ઓપરેશન થિયેટરની બહાર નર્વસ દર્દી બેઠો હોય!

કન્યાની પાંચ કલાકની ખરીદી પતે એટલે વડીલો વરરાજા તરફ જુએ અને કહે, 'ચાલ ભાઈ, હવે તારો વારો. ફટાફટ પતાવી લઈએ, મોડું થાય છે!'

જોયું? વરરાજાના શોપિંગ વખતે આ 'ફટાફટ પતાવી લઈએ' શબ્દ બહુ મહત્ત્વનો છે. વરરાજા માટે લિસ્ટમાં શું હોય? એક શેરવાની અને બે ઝભ્ભા-લેંઘા! બસ, વાર્તા પૂરી. વરરાજાના કપડાંની ખરીદી એટલે જાણે સુપરમાર્કેટમાંથી સાબુ-શેમ્પૂ ખરીદવા જેવું કામ છે.

સેલ્સમેન વરરાજાને એક શેરવાની બતાવીને કહેશે, 'સર, આ એકદમ લેટેસ્ટ પીસ છે.' વરરાજા હજી શેરવાનીનું કાપડ અડીને વિચારે ત્યાં તો પાછળથી સાસુ અથવા કાકી બોલી ઊઠે, 'હા, સરસ છે. કલર પણ બરાબર છે અને ફિટિંગ તો દરજી કરી આપશે. ચાલો, આ એક ફાઇનલ કરો!' બિચારો વરરાજા મનમાં વિચારતો હોય કે, 'અરે, મને તો પૂછો! લગ્ન મારા થાય છે, આ શેરવાની મારે પહેરવાની છે!' પણ ના, એનો અવાજ કોઈ સાંભળતું નથી.

આ બધું જોઈને મને તો ક્યારેક એમ થાય છે કે લગ્નના આ આખા ડિજિટલ સોફ્ટવેરમાં વરરાજાની હેસિયત શું? જેમ તમે નવો સ્માર્ટફોન ખરીદો તો સાથે ચાર્જર, કેબલ અને એક સિમકાર્ડ કાઢવાની પિન મફત મળે ને? વરરાજા એ પિન જેવો છે. એની જરૂર ફક્ત એક જ વાર (લગ્નના દિવસે) પડે છે, બાકી આખી જિંદગી એ ક્યાં પડ્યો છે એની કોઈને ખબર નથી હોતી!

દુકાનદાર પણ વરરાજા સાથે સાવકા ભાઈ જેવો વ્યવહાર કરે છે. કન્યાને ચા-કોફી અને ઠંડું પીણું પૂછવામાં આવે અને વરરાજા જો પાણી માગે તો સેલ્સમેન બહાર ઊભેલા પટાવાળાને બૂમ પાડે, 'એય રમેશ, પેલો નળવાળો જગ ભર્યો છે ને? એમાંથી એક ગ્લાસ આપજે ભાઈને!'

સૌથી મોટો ઝટકો ત્યારે લાગે જ્યારે વરરાજાની શેરવાનીનું બિલ બને. કન્યાના લહેંગાનું બિલ લાખોમાં ગયું હોય તો ઘરના વડીલો સ્માઇલ આપીને ક્રેડિટ કાર્ડ સ્વાઇપ કરે છે, 'દીકરીના લગ્ન છે, એક જ વાર આવે ને!' પણ જો વરરાજા એમ કહે કે, 'મને પેલી પંદર હજારવાળી શેરવાની ગમે છે,' તો તરત જ કાકા એની સામે ઘૂરકીને જુએ, 'પંદર હજાર? લૂંટાવવા બેઠા છીએ? આ લગ્ન પતે એટલે શેરવાની આખી જિંદગી કબાટમાં જ પડી રહેવાની છે. તારા મોટા ભાઈની લગ્નની શેરવાની પડી જ છે, એમાં થોડું અલ્ટરેશન કરાવી લઈએ તો શું વાંધો છે?'

બિચારો વરરાજા! એના પોતાના લગ્નમાં પણ એને સેકન્ડ હેન્ડ ગાડી જેવો અહેસાસ કરાવવામાં આવે છે. સગાઈમાં જે છોકરાને 'ગોળ-ધાણા' ખવડાવીને રાજા જેવો ભાવ આપ્યો હતો, એ જ છોકરો લગ્નની ખરીદી વખતે 'બાય વન ગેટ વન ફ્રી'ના સેલમાં મૂકેલા માલ જેવો લાચાર દેખાય છે.

શૂઝની ખરીદીમાં પણ આ જ ભેદભાવ! કન્યા માટે હીલવાળા સેન્ડલ, મોજડી, સ્લિપર આખું રેક ભરાઈ જાય. અને વરરાજા જ્યારે મોજડી ખરીદવા જાય ત્યારે ઘરના લોકો કહે, 'એવી મોજડી લેજે જે પછી તારા ઓફિસના પેન્ટ-શર્ટ સાથે પણ ચાલે!' હવે તમે જ વિચારો, દુનિયામાં કયો એવો નમૂનો હશે જે ફોર્મલ શર્ટ-પેન્ટ નીચે વરરાજાની ચમકતી મોજડી પહેરીને ઓફિસે ફાઇલ સબમિટ કરવા જતો હોય?

લગ્નની આખી સિસ્ટમનો સોફ્ટવેર ભલે ગમે તેટલો અપગ્રેડ થઈ જાય, ભલે લોકો 'ડેસ્ટિનેશન વેડિંગ' કરવા થાઈલેન્ડ કે ગોવા પહોંચી જાય, પણ વરરાજાના શોપિંગની આ કરુણતા ક્યારેય બદલાવાની નથી.

એટલે જ, સ્ટેજ પરથી જ્યારે હું આ સત્ય કહું છું ત્યારે ઓડિયન્સમાં બેઠેલા તમામ પરિણીત પુરુષોની આંખોમાં મને એક મીઠી વેદના અને સનાતન સત્ય દેખાય છે. એ બધા મનોમન બોલતા હોય છેઃ 'મિલનભાઈ, વાત તો તમારી સો ટકા સાચી છે. અમે પણ આ સોફ્ટવેરના ભોગ બનેલા જૂના વર્ઝન જ છીએ!'

લગ્નની ખરીદી ભલે ગમે તેવી થાય, વરરાજા સાથે ગમે તેવો વ્યવહાર થાય, પણ લગ્નના દિવસે જ્યારે એ ઘોડા પર બેસે છે ને, ત્યારે એ પાંચ મિનિટ માટે પોતે જ 'સુપર કોમ્પ્યુટર' હોય એવો વટ રાખે છે... ભલે પછી ઘરે આવીને એણે 'રીબૂટ' થઈને વાઇફના સોફ્ટવેર કમાન્ડ પ્રમાણે જ ચાલવાનું હોય! ■

**વિચારવાયુઃ**

*હનીમૂન પર જવા માટે સપાટ મેદાની જગ્યા પસંદ કરવી... -વર હિતમાં જારી*

વિશેષ
**પ્રભાકાંત કશ્યપ**
feedback@bombaysamachar.com

# ગ્રાહક અધિકારઃ ગેરંટી-વોરંટી સુધી જ મર્યાદિત નથી

**સામાન્ય** રીતે જ્યારે આપણે કોઈ વસ્તુ ખરીદીને લાવીએ છીએ અને તેના પર આપણને કોઈ ગેરંટી કે વોરંટી મળી નથી હોતી, ત્યારે લાવ્યા પછી જો ખબર પડે કે તે બરાબર નથી, તો મોટાભાગના લોકો એવું વિચારીને મન મનાવી લે છે કે 'હવે પાછા દુકાનદાર પાસે જવાનો શું ફાયદો, કારણ કે આ સામાન પર આપણને કોઈ ગેરંટી કે વોરંટી તો મળી જ નહોતી?' ઘણીવાર કેટલાક દુકાનદારો પોતાની દુકાનમાં એક બોર્ડ લગાવીને રાખે છે કે 'વેચેલો સામાન પાછો લેવામાં આવશે નહીં.' આ બંને વાતો ખોટી છે. જે વસ્તુઓમાં આપણને લેખિતમાં ગેરંટી કે વોરંટીનો અધિકાર નથી મળ્યો હોતો, તેના પર પણ ગ્રાહક સુરક્ષા કાયદો આપણને અધિકાર આપે છે કે જો તેની ગુણવત્તા ખરાબ હોય અથવા તે આપણા જીવન માટે અસુરક્ષિત હોય, તો તે સામાન માત્ર પાછો જ નહીં થાય પણ તેનું વળતર મેળવવાનો પણ આપણને અધિકાર છે. કોઈ પણ દુકાનદાર પોતાની દુકાનમાં એવું બોર્ડ લગાવી ન શકે કે તે વેચેલો સામાન પાછો નહીં લે. આ કાયદાકીય રીતે ખોટું છે. આવું બોર્ડ લખેલું હોવા છતાં, જો તમે કોઈ એવી દુકાનમાંથી સામાન ખરીદીને લાવો છો જ્યાં લખ્યું હોય કે 'વેચેલો સામાન પાછો લેવામાં આવશે નહીં', ત્યાં પણ તમારા ગ્રાહક અધિકારો સુરક્ષિત છે. એટલે કે તમારી ખરાબ વસ્તુ માત્ર બદલી જ આપવામાં નહીં આવે, પરંતુ જો તમે બદલામાં બીજી વસ્તુ લેવા ન માગતા હોવ તો તમારા પૈસા પણ પાછા મળશે. સાથે જ, કેટલાક કિસ્સાઓમાં દુકાનદારને દંડ પણ થઈ શકે છે અને ગ્રાહકને વળતર તરીકે વધારાની રકમ પણ મળી શકે છે.

ગ્રાહક સુરક્ષા અધિનિયમ-૨૦૧૯ (કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ) હેઠળ ગ્રાહકોને નીચે મુજબના ગ્રાહક અધિકારો પ્રાપ્ત થયેલા છેઃ

* એવો સામાન કે સેવા મેળવવાનો અધિકાર જે જીવન અને સ્વાસ્થ્ય માટે સુરક્ષિત હોય. આનો અર્થ એ છે કે જો ખરીદીને લાવવામાં આવેલી કોઈ પણ વસ્તુ જીવન અને સ્વાસ્થ્ય માટે અસુરક્ષિત હોય, તો ગ્રાહક અધિકાર હેઠળ તમને તેની સામે માત્ર બીજી અને સુરક્ષિત વસ્તુ મેળવવાનો જ અધિકાર નથી, પરંતુ તમને થયેલી પરેશાનીના બદલામાં વળતર મેળવવાનો પણ અધિકાર છે. પછી ભલે તે ખરીદેલા સામાન પર કોઈ પણ પ્રકારની વોરંટી કે ગેરંટી ન હોય.

* તમે જે કોઈ પણ પ્રોડક્ટ ખરીદી રહ્યા છો, તેના સંબંધમાં તેની ક્વોલિટી, ક્વોન્ટિટી, કિંમત, મેન્યુફેક્ચરિંગ ડેટ અને એક્સપાયરી ડેટ વગેરે જેવી તમામ પ્રકારની સાચી માહિતી દુકાનદાર પાસેથી મેળવવાનો હક છે. જો ખરીદેલા ઉત્પાદન પર આવું ક્યાંય લખેલું ન હોય, તો પહેલી વાત એ કે ગ્રાહક અધિકારના નિયમો હેઠળ તે ઉત્પાદન શંકાસ્પદ છે અને બીજી વાત એ કે તમારા દ્વારા ખરીદાયેલા ઉત્પાદન માટે તમને તમામ પ્રકારના ગ્રાહક અધિકારો મળશે.

* દુકાનદાર તમારા પર કોઈ ખાસ બ્રાન્ડ ખરીદવા માટે દબાણ ન કરી શકે અથવા વારંવાર તેનો આગ્રહ ન રાખી શકે. ગ્રાહક તરીકે તમને તમારી મનપસંદ વસ્તુ ખરીદવાનો સંપૂર્ણ અધિકાર છે.

* જો ખરીદેલા સામાનમાં આપને કોઈ પણ પ્રકારની ખામી કે સમસ્યા જણાય, તો ફરિયાદ કરવા પર દુકાનદાર માત્ર તમારી વાત સાંભળવા માટે જ બંધાયેલો નથી, પરંતુ તમારી ફરિયાદનું નિવારણ કરવું પણ તેના માટે અનિવાર્ય છે.

* દરેક ગ્રાહકને ખરીદેલો સામાન ખરાબ નીકળે તો તેના બદલામાં પૈસા પાછા મેળવવાનો, તેની રિપેરિંગ કરાવવાનો, રિપ્લેસમેન્ટ અથવા વળતર મેળવવાનો પૂરો હક છે.

* ગ્રાહકોને પોતાના અધિકારો અને કાયદાકીય બાબતોની તમામ માહિતી મેળવવાનો પણ અધિકાર છે.




લોકોમાં એવો સામાન્ય ભ્રમ હોય છે કે જો તમે ગેરંટી કે વોરંટી વગરની કોઈ વસ્તુ ખરીદી છે, તો તેના પર તમારો કોઈ ગ્રાહક અધિકાર નથી રહેતો. પરંતુ આ તદ્દન ખોટું છે. જો તમે કોઈ વસ્તુ ખરીદી હોય અને તે ખરાબ નીકળે અથવા દુકાનદારે તમને તેના વિશે ખોટી માહિતી આપી હોય અથવા ખરીદેલી વસ્તુ નકલી કે હલકી ગુણવત્તાની નીકળે અને તે ઉત્પાદન વિશે જે ગુણવત્તા જણાવવામાં આવી હોય તેના પર તે ખરી ન ઉતરે, તો તમે આ અંગે ફરિયાદ કરી શકો છો. ભલે તમારી પાસે કોઈ લેખિત ગેરંટી કે વોરંટી ન હોય. પરંતુ હા, આ માટે તમારી પાસે ખરીદેલી વસ્તુનું બિલ હોવું જરૂરી છે. માત્ર પરંપરાગત બિલ જ નહીં પરંતુ ઓનલાઈન ઓર્ડર રેકોર્ડ, યુપીઆઈ કાર્ડ, ચુકવણીનો રેકોર્ડ, પેકેજિંગ, દુકાનદારના વોટ્સએપ કે એસએમએસ મેસેજ અથવા તમારી ખરીદીના કોઈ સાક્ષી જેવા પુરાવા પણ આના માટે પૂરતા છે. જો કે, બિલ સૌથી મજબૂત અને પ્રમાણભૂત દસ્તાવેજ છે.

સાથે જ એક ગ્રાહક હોવાના નાતે આપણે એ પણ જાણી લેવું જોઈએ કે કોઈ પણ દુકાનદાર પોતાની દુકાન પર એવું કોઈ બોર્ડ લગાવી શકે નહીં કે, 'એકવાર વેચાયેલો માલ પાછો લેવામાં આવશે નહીં.' વાસ્તવમાં આવું બોર્ડ ગ્રાહકના કાયદાકીય અધિકારો વિરુદ્ધ એક ષડયંત્ર છે. આ ષડયંત્રના કારણે ગ્રાહકોના અધિકારો છીનવી શકાતા નથી. જો સામાન ખામીયુક્ત હોય તો ગ્રાહક ફરિયાદ કરી શકે છે. જો ખરીદેલો સામાન નકલી કે ડુપ્લિકેટ નીકળે, જો જાહેરાતમાં તે ઉત્પાદનના જે ગુણો દર્શાવવામાં આવ્યા હોય તે હકીકતમાં ન મળે અથવા કંઈક કહીને કોઈ બીજું જ ઉત્પાદન આપી દેવામાં આવ્યું હોય કે પછી એમઆરપી કરતાં વધુ કિંમત વસૂલવામાં આવી હોય, તો તે તમામ પરિસ્થિતિઓમાં તમે ગ્રાહક અદાલતમાં ફરિયાદ કરી શકો છો અને વહેલામાં વહેલી તકે તેનો ઉકેલ તમારા પક્ષમાં આવશે. પરંતુ મોટાભાગના લોકોને એ ખબર નથી હોતી કે ફરિયાદ ક્યાં કરવી, તેથી આ માહિતી ધ્યાનથી વાંચોઃ

સૌ પ્રથમ, તમે જે દુકાનદાર અથવા કંપની પાસેથી માલ ખરીદ્યો છે અથવા જે કંપનીએ તેનું ઉત્પાદન કર્યું છે તેને ફરિયાદ કરો.

આ ફરિયાદ લેખિતમાં હોવી જોઈએ. consumerhelpline.gov.in પર તમારી લેખિત ફરિયાદ નોંધાવો. ગ્રાહકો માટે ત્રીજું પગલું એ છે કે તેઓ ઓનલાઈન ગ્રાહક આયોગમાં ફરિયાદ કરે. આના માટે edaakhil.nic.in પર ફરિયાદ કરો અને હા, નાની-નાની ખરીદી પર પણ તમારા આ તમામ અધિકારો સુરક્ષિત છે. ભલે ૨૦૦ રૂ.નું ઈલેક્ટ્રિક ચાર્જર ખરીદ્યું હોય, ભલે રૂ. ૫૦૦નો મિક્સરનો કોઈ પાર્ટ ખરીદ્યો હોય કે પછી રૂ. ૧૦૦૦ની કોઈ મોબાઈલ એક્સેસરીઝ ખરીદી હોય. દરેક પ્રકારની ખરીદી પર તમને આ અધિકારો મળેલા છે. એક વાત જાણી લો કે કાયદામાં વોરંટી કરતાં વધુ મહત્વનું વિક્રેતા દ્વારા ગુણવત્તા અને ઉપયોગિતા અંગે આપવામાં આવેલી ખાતરી છે; એટલે કે જો કોઈ સામાન ઉપયોગની વસ્તુ તરીકે વેચવામાં આવ્યો હોય, તો એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે જે કામ માટે ખરીદવામાં આવ્યો છે, તે કામ કરશે. પરંતુ જો તેને ખરીદીને લાવ્યા પછી આપણો હેતુ પૂરો ન થાય, તો એક ગ્રાહક હોવાના નાતે તમારી પાસે એ અધિકાર છે કે તમે ઈચ્છો તો તે વસ્તુના બદલામાં બીજી કોઈ વસ્તુ લો, અથવા તે જ વસ્તુનો બીજો નવો પીસ લો, અથવા તમે ખરીદી કરવા માટે જે પૈસા ચૂકવ્યા છે તે પૈસા પાછા મેળવો. ગ્રાહક પાસે આ તમામ અધિકારો હોય છે. બસ માત્ર જરૂર એ વાતની છે કે ગ્રાહક પોતાના કાયદાઓને સમજે અને તેનો અમલ સુનિશ્ચિત કરે. ■

# ક્લાસિફાઈડ ધમાકા

**આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઈડ જાહેરાત નોંધાવો અને**

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઈડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો**

* ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઈપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

## ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધઃ** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

**ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે**

**૧લી મે, ૨૦૨૬ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૭ સુધી**

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ





# મેસીનું આર્જેન્ટિના વર્લ્ડ કપના સૌથી મોટા અપસેટથી બચ્યું

## ટચૂકડા કેપ વર્ડેના ખેલાડીઓએ ડિફેન્ડિંગ ચૅમ્પિયનોને ખૂબ હંફાવ્યા, આર્જેન્ટિનાનો એક્સ્ટ્રા ટાઈમના થ્રિલરમાં ૩-૨થી વિજય

માયામીઃ વિશ્વના સર્વશ્રેષ્ઠ ફૂટબોલર અને ડીફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાના સુપરસ્ટાર લિયોનેલ મેસીના નેતૃત્વમાં આર્જેન્ટિના ગઈ કાલે સવારે ફિફા વર્લ્ડ કપના સૌથી નાના દેશ સામે સૌથી મોટા કહેવાય એવા અપસેટથી માંડ માંડ બચ્યું હતું. મેસી અને તેના સાથીઓએ જિંદગીમાં ક્યારેય કોઈ નાના દેશ સામે આવો સંઘર્ષ નહીં કરવો પડ્યો હોય. જોકે મેસીએ આ અત્યંત રોમાંચક મુકાબલામાં કેટલાક નવા વિક્રમો પણ પોતાના નામે કર્યા હતા.

આર્જેન્ટિનાએ વર્લ્ડ કપ ટૂર્નામેન્ટમાં પહેલી જ વખત રમી રહેલા કેપ વર્ડે (કાબૉ વર્ડે) સામેની આ નૉકઆઉટ મૅચમાં ભારે રસાકસી અને અનેક ઉતાર-ચઢાવ વચ્ચે મહામહેનતે ૩-૨થી વિજય મેળવ્યો હતો.



### કેપ વર્ડે જેવી ટચૂકડી ટીમે મેસીને ખૂબ હંફાવ્યો

આફ્રિકા ખંડમાં ૧૦ નાનકડા ટાપુઓથી બનેલા કેપ વર્ડે દેશની ફૂટબૉલ ટીમ અને એનો ગોલકીપર વૉઝિન્યા એટલી બધી પાક્કી તૈયારી સાથે આવ્યા હતા કે તેમણે કોઈ પણ પ્રકારના માનસિક દબાણમાં આવ્યા વિના મેસી અને તેના ખેલાડીઓને ખૂબ દોડાવ્યા હતા અને શરૂઆતથી છેક સુધી હંફાવી દીધા હતા.

### આર્જેન્ટિના વર્લ્ડ નંબર-વન, કેપ વર્ડેની રૅન્ક ૬૭

પહેલો જ વર્લ્ડ કપ રમી રહેલા આ ટચૂકડા દેશ કેપ વર્ડેની વસ્તી માંડ ૫,૨૫,૦૦૦ લાખ છે જે મુંબઈના કોઈપણ ઉપનગરની વસ્તી કરતાં પણ ઓછી કહેવાય. આ યાદગાર મુકાબલો વર્લ્ડ નંબર વન આર્જેન્ટિનાએ જીતી લીધો, પરંતુ ૬૭મી રૅન્કના કેપ વર્ડેના ખેલાડીઓએ કરોડો ફૂટબૉલપ્રેમીઓના દિલ જીતી લીધા હતા.

વિક્રમજનક છઠ્ઠો વર્લ્ડ કપ તથા રેકૉર્ડ-બ્રેક ૩૦મી વર્લ્ડ કપ મૅચ રમી રહેલા અને આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં વ્યક્તિગત રીતે હાઈએસ્ટ ૧૯ ગોલ કરી ચૂકેલા લિયોનેલ મેસીને મૅચની ૨૯મી મિનિટ સુધી ૨૦મો ગોલ નહોતો કરવા મળ્યો. ૨૯મી મિનિટમાં મેસીએ વિક્રમજનક ૨૦મો ગોલ પોતાના નામે કર્યો હતો. ત્યાર પછી મેસી અને તેની ટીમનો ખરો સંઘર્ષ શરૂ થયો હતો.

લીગ રાઉન્ડમાં સ્પેન, ઉરુગ્વે અને સઉદી અરેબિયાને ટક્કર આપનાર કેપ વર્ડેના ગોલકીપર અને ટીમના ખેલાડીઓ મૅચમાં ક્યારેય પણ લાંબા સમય સુધી આર્જેન્ટિનાના દબાણને વશ નહોતા થયા. તેઓ ૨૦૨૨ના વર્લ્ડ ચૅમ્પિયનને જોરદાર ટક્કર આપીને છેલ્લે માથું ઊંચું રાખીને હાર્યા હતા.

### ૫૯મી મિનિટમાં મેસીને મળ્યો જવાબ

સેકન્ડ હાફમાં ૫૯મી મિનિટમાં કેપ વર્ડેના ડેરૉય ડુઆર્ટે ગોલ કરીને સ્કોર ૧-૧ની બરાબરીમાં લાવી દીધો હતો. મેસી અને આર્જેન્ટિનાને આ હતો વર્લ્ડ કપના નવા દેશ કેપ વર્ડેનો વળતો જવાબ.

આર્જેન્ટિનાને ૯૨મી મિનિટમાં લિસેન્ડ્રો માર્ટિનેઝે બીજો ગોલ અપાવીને ૨-૧ની સરસાઈમાં લાવી દીધું હતું. એ તબક્કે આર્જેન્ટિનાની ૨-૧થી જીત નિશ્ચિત જણાતી હતી. જોકે મુખ્ય મૅચની ૯૦ મિનિટ બાદ એક્સ્ટ્રા ટાઈમમાં (૧૦૩મી મિનિટમાં) કેપ વર્ડેના સિદની કૅબ્રાલના ગોલથી સ્કોર ૨-૨થી લેવલ થઈ ગયો હતો અને મૅચમાં રોમાંચનો નવો તબક્કો શરૂ થયો હતો. છેક ૧૧૧મી મિનિટમાં આર્જેન્ટિનાના ક્રિશ્ચયન રૉમેરોના હેડરમાં બૉલ કેપ વર્ડેના ડિની બોર્જીસને જરાક સ્પર્શી ગયા બાદ ગોલપોસ્ટમાં ગયો હતો અને એ ઑન ગોલ નિર્ણાયક બન્યો હતો. આર્જેન્ટિનાએ સામે ચાલીને મળેલા એ ત્રીજા ગોલની મદદથી ૩-૨ના માર્જિન સાથે વિજય મેળવ્યો હતો.

### આર્જેન્ટિના રમશે ઈજિપ્ત સામે, કોલમ્બિયા પણ જીત્યું

આર્જેન્ટિના હવે ૧૬ દેશ વચ્ચેના પ્રી ક્વોર્ટર રાઉન્ડમાં ઇજિપ્ત સામે રમશે. ઇજિપ્તે ઑસ્ટ્રેલિયાને નૉકઆઉટમાં ૧-૧ની બરાબરી બાદ પેનલ્ટી શૂટઆઉટમાં ૪-૨થી હરાવી દીધું હતું. અન્ય એક નૉકઆઉટ રાઉન્ડની મૅચમાં કોલમ્બિયાએ ઘાનાને ૧-૦થી પરાજિત કર્યું હતું. ■

**વર્લ્ડ કપમાં આગામી મૅચ**

બ્રાઝિલ વિ. નોર્વે
મધરાત બાદ ૧.૩૦

# કેપ વર્ડેના ગોલકીપરના ફૉલોઅર્સ માંડ ૫૦,૦૦૦ હતા, વર્લ્ડ કપને લીધે ૧.૮૪ કરોડ થયા

## વૉઝિન્યાએ આર્જેન્ટિનાના આઠ ગોલ રોક્યા, એમાંથી ચાર લિયોનેલ મેસીના

માયામીઃ સદીઓ પહેલાં જ્વાળામુખી ફાટ્યા બાદ સર્જાયેલા ૧૦ ટાપુઓથી બનેલા આફ્રિકા ખંડના ટચૂકડા દેશ કેપ વર્ડે (કાબૉ વર્ડે)ની નૅશનલ ફૂટબૉલ ટીમને ૧૧મી જૂન પહેલાં કોઈ ઓળખતું પણ નહોતું, પણ એ દિવસે ફિફા વર્લ્ડ કપ શરૂ થયા પછી આ ટીમની પ્રતિભાથી સૌ વાકેફ થતા ગયા અને એમાં ખાસ કરીને એના ૪૦ વર્ષીય ગોલકીપર વૉઝિન્યાના પર્ફોર્મન્સથી બધા પ્રભાવિત થતા ગયા હતા. વિશ્વ કપની શરૂઆત થઈ ત્યારે ઇન્સ્ટાગ્રામ પર વૉઝિન્યાના ફૉલોઅર્સની સંખ્યા માંડ ૫૦,૦૦૦ હતી, પણ હવે તેના ચાહકોની સંખ્યા અસાધારણ પ્રમાણમાં વધી ગઈ છે.

વૉઝિન્યાના અપ્રતિમ પર્ફોર્મન્સને કારણે કેપ વર્ડેએ લીગ રાઉન્ડની પહેલી મૅચમાં ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન સ્પેન સામેની મૅચ ડ્રૉ કરાવી ત્યારે વૉઝિન્યાના ફૉલોઅર્સની સંખ્યા ૮૦ લાખ પર પહોંચી હતી. બીજા દિવસે એ સંખ્યા ૧.૪૦ કરોડ પર પહોંચી ગઈ હતી અને શનિવારે સવારે ડિફેન્ડિંગ વર્લ્ડ ચૅમ્પિયન આર્જેન્ટિના સામેની નૉકઆઉટ મૅચમાં રેફરીએ ફાઇનલ વ્હીસલ વગાડી ત્યારે ઇન્સ્ટાગ્રામ પર વૉઝિન્યાના ફૉલોઅર્સની સંખ્યા ૧.૮૪ થઈ ગઈ હતી.

ફિફા રૅન્કિંગ્સમાં ૬૦-પ્લસની રૅન્ક ધરાવતા અને માંડ ૫,૦૦,૦૦૦ની વસતી ધરાવતા કેપ વર્ડેએ શનિવારે ૨૦૨૨ના વર્લ્ડ ચૅમ્પિયન આર્જેન્ટિનાને સહેલાઈથી નહોતું જીતવા દીધું. ભારે સંઘર્ષ બાદ આર્જેન્ટિના છેવટે એક્સ્ટ્રા-ટાઇમના થ્રિલરમાં ૩-૨થી જીત્યું હતું. કેપ વર્ડે હારી ગયું, પણ એના ફૂટબૉલપ્રેમીઓએ દેશમાં તેમ જ અન્ય રાષ્ટ્રોમાં પોતાના સમુદાય વચ્ચે વિજય જેવું સેલિબ્રેશન કર્યું હતું.

લિયોમેલ મેસીના ૨૯મી મિનિટના ગોલ, લિઝાન્ડ્રો માર્ટિનેઝના ૯૨મી મિનિટના ગોલ અને કેપ વર્ડેના જ ડિની બોર્જિસના ઑન ગોલની મદદથી આર્જેન્ટિના ૩-૨થી જીત્યું ખરું, પણ એ પહેલાં આઠ તબક્કે વૉઝિન્યાએ આર્જેન્ટિનાનો ગોલ થતો રોક્યો હતો. એમાંથી ચાર શૉટ લિયોનેલ મેસીના હતા જેને વૉઝિન્યાએ રોક્યા હતા.

### છેક હવે દુનિયા અમારા દેશને ઓળખીઃ કેપ વર્ડેના વતની

શનિવારે કેપ વર્ડેનો આર્જેન્ટિના સામે પરાજય થયો હતો, પણ મેસીને અને આર્જેન્ટિનાની આખી ટીમને છેક સુધી હંફાવીને કરોડો ફૂટબૉલચાહકોના દિલ કેપ વર્ડેએ જીતી લીધા હતા. પ્રિટો ફર્નાન્ડિઝ નામના કેપ વર્ડેના મૂળ વતનીએ ૪૦ વર્ષ પહેલાં અમેરિકામાં પગ મૂક્યો ત્યારે કેપ વર્ડે દેશનું નામ ભાગ્યે જ કોઈએ સાંભળ્યું હતું અને કેટલાક લોકો તો નકશા પર કેપ વર્ડેને શોધી પણ નહોતા શકતા. જોકે શનિવારે ૬૫ વર્ષીય ફર્નાન્ડિઝે આર્જેન્ટિના સામેની ૨-૩ની હાર બાદ માયામી સ્ટેડિયમ માથું ઊંચું રાખીને છોડ્યું, કારણકે તેમના દેશ કેપ વર્ડેએ મેસીની ટીમને જબરદસ્ત લડત આપી હતી. ફર્નાન્ડિઝે એક મુલાકાતમાં કહ્યું, 'હવે આખું વિશ્વ અમારા દેશનો ખરો ઉચ્ચાર જાણતું થયું છે. અમારા દેશનો ઉચ્ચાર કેપ વર્ડે નહીં, પણ કાબૉ વર્ડે છે. આ પોર્ટુગીઝ નામ છે. અમે જે કંઈ કરીએ એ મોટું દિલ રાખીને જ કરતા હોઈએ છીએ. અમે દિલાવર છીએ અને એ સૌએ જોઈ લીધું.' ઉલ્લેખનીય છે કે કેપ વર્ડેએ લીગ રાઉન્ડમાં સ્પેન, ઉરુગ્વે અને સઉદી અરેબિયા સામેની મૅચ ડ્રૉ કરાવી હતી.



### મેસીની ટીમની ટીકા

કેપ વર્ડે જેવા ટચૂકડા દેશ સામે આસાનીથી તો ન જીતી શક્યા, પણ છેવટે ૧૧૧મી મિનિટમાં એના જ ખેલાડીના ઑન ગોલની મદદથી આર્જેન્ટિના જીત્યું ત્યાર બાદ આર્જેન્ટિના તરફી કેટલાક ફૂટબૉલપ્રેમીઓએ કેપ વર્ડેના બેહદ વખાણ કરવાની સાથે મેસી ઍન્ડ કંપનીની ટીકા કરતા કહ્યું, 'કેપ વર્ડેના ગોલકીપર વૉઝિન્યાએ આર્જેન્ટિના અને મેસી પર ૧૦૦ ટકા રાજ કર્યું. કેપ વર્ડેની ટીમ ગમે ત્યારે (ક્રિસ્ટિયાનો રોનાલ્ડોના) પોર્ટુગલને હરાવી શકે. આર્જેન્ટિનાએ જીતવા માટે છેક એક્સ્ટ્રા-ટાઇમમાં જવું પડ્યું. આર્જેન્ટિનાની ટીમની નબળાઈ છતી થઈ ગઈ. કેપ વર્ડે દેશને એના ફૂટબૉલ ખેલાડીઓએ ખરી ઓળખ કરાવી છે. ખુદ મેસી આ મૅચ જીવનભર નહીં ભૂલે.' ■

**વર્લ્ડ કપની બાકીની પ્રી-ક્વૉર્ટર ફાઇનલ**

બ્રાઝિલ વિ. નોર્વે (રવિવારે મધરાત બાદ ૧.૩૦)
મેક્સિકો વિ. ઇંગ્લૅન્ડ (સોમવારે સવારે ૫.૩૦)
પોર્ટુગલ વિ. સ્પેન (સોમવારે મધરાત બાદ ૧૨.૩૦)
અમેરિકા વિ. બેલ્જિયમ (મંગળવારે સવારે ૫.૩૦)
આર્જેન્ટિના વિ. ઇજિપ્ત (મંગળવારે રાત્રે ૯.૩૦)
સ્વિટ્ઝરલૅન્ડ વિ. કોલમ્બિયા (મંગળવારે મધરાત બાદ ૧.૩૦)
(નોંધઃ કૅનેડા-મોરોક્કો મૅચ શનિવારે રાત્રે અને ફ્રાન્સ-પૅરાગ્વે મૅચ રવિવારે મળસ્કે રમાઈ)

# ભૂતપૂર્વ ચેસ વર્લ્ડ ચૅમ્પિયન સસ્પેન્ડ



આંતરરાષ્ટ્રીય ચેસ ફેડરેશને ભૂતપૂર્વ વિશ્વ વિજેતા વ્લાદિમીર ક્રેમ્નિકને એક વર્ષ માટે સસ્પેન્ડ કર્યો છે. ડેનિયલ નેરોડિસ્કી નામનો ચેસ ખેલાડી ગયા વર્ષે ૨૯ વર્ષની નાની ઉંમરે અવસાન પામ્યો હતો અને આ ખેલાડી સહિત કેટલાક પ્લેયરોએ છેતરપિંડી કરી હોવાનો પુરાવા વગરનો આક્ષેપ ક્રેમ્નિકે કર્યો હતો જેને પગલે તેના પર સસ્પેન્શન લાગુ કરવામાં આવ્યું છે. ■

# બેથેલે બાજી બગાડીઃ બિશ્નોઈની ઓવરમાં હાર નક્કી થઈ

## ઈંગ્લૅન્ડ સામે બીજી ટી-૨૦માં ભારતની ચાર વિકેટે હારઃ મંગળવારે ત્રીજી મૅચ



**વૈભવ યુગ શરૂઃ** વૈભવ સૂર્યવંશીએ જોફ્રા આર્ચરના પહેલા જ બૉલમાં સિક્સર ફટકારી હતી. તે ૧૪ રન બનાવીને આઉટ થયો, પણ તેનું ભાવિ ખૂબ ઉજ્જવળ છે.

મૅન્ચેસ્ટરઃ ઇંગ્લૅન્ડ સામે અહીં ઑલ્ડ ટ્રેફર્ડમાં ભારતનો શનિવારે સિરીઝની બીજી ટી-૨૦માં ચાર વિકેટે પરાજય થયો હતો. ભારતે બૅટિંગ લીધા બાદ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૯૦ રન બનાવ્યા બાદ ઇંગ્લૅન્ડે ૧૯ ઓવરમાં છ વિકેટે ૧૯૧ રન બનાવીને વિજય મેળવ્યો અને એ સાથે પાંચ મૅચની સિરીઝમાં ૧-૦થી સરસાઈ મેળવી હતી. પ્રથમ મૅચ વરસાદને લીધે ધોવાઈ ગઈ હતી અને હવે ત્રણ મૅચ બાકી છે. ત્રીજી ટી-૨૦ મંગળવારે (રાત્રે ૧૦.૦૦ વાગ્યાથી) નૉટિંગમમાં રમાશે.

આયરલૅન્ડમાં ભારતીય ટીમની ૦-૨થી નાલેશી થયા બાદ હવે ઇંગ્લૅન્ડમાં નામોશી થઈ છે. જૅકબ બેથેલ (૭૬ અણનમ, ૪૬ બૉલ, પાંચ સિક્સર, પાંચ ફોર) આ મૅચનો સુપરસ્ટાર હતો. કૅપ્ટન હૅરી બ્રૂક (૩૯ રન, ૧૫ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર) અને ટૉમ બૅન્ટન (૩૯ રન, ૩૨ બૉલ, છ ફોર)ના પણ બ્રિટિશરોની જીતમાં સાધારણ યોગદાન હતા, પણ બેથેલ ભારતને સૌથી વધુ નડ્યો હતો. ૧૭મી ઓવર સ્પિનર રવિ બિશ્નોઈની હતી જેમાં જે ૨૯ રન બન્યા એ ભારતને ખૂબ નડ્યા હતા. એ ઓવરમાં બેથેલે ત્રણ છગ્ગા અને એક ચોગ્ગા ફટકાર્યા હતા. એ કમનસીબ ઓવર આ મુજબ રહીઃ નો બૉલ (બે રન), ૬ રન, નો બૉલ (૧ રન), ૬ રન, બે રન, ૪ રન, ૬ રન, બે રન.

ભારતીય બોલર્સમાં પ્રથમ ઓવરમાં જ બ્રિટિશરોને બે ઝટકા આપનાર અર્શદીપ સિંહે કુલ ત્રણ તેમ જ હર્ષિત રાણા, અક્ષર પટેલ, વરુણ ચક્રવર્તીએ એક-એક વિકેટ લીધી હતી. બિશ્નોઈને ૬૦ રનમાં એકેય વિકેટ નહોતી મળી.

એ પહેલાં, ભારતના ૧૯૦ રનમાં એક પણ હાફ સેન્ચુરી નહોતી. ભારતના ૧૯૦ રનમાં ઇશાન કિશન (૪૯ રન, ૪૦ બૉલ, છ ફોર) ટૉપ-સ્કોરર હતો. અભિષેક શર્માએ આઠ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૪૩ રન તથા શ્રેયસ ઐયરે ૩૭ રન બનાવ્યા હતા. નવોદિત વૈભવ સૂર્યવંશી (૧૪ રન), શિવમ દુબે (પાંચ રન) અને અક્ષર પટેલ (બે રન)ના સારા યોગદાન નહોતા, પણ તિલક વર્મા (૨૪ અણનમ, ૧૧ બૉલ, બે સિક્સર, એક ફોર)એ છેલ્લી ઓવર્સમાં ૨૧૮.૧૮ના સ્ટ્રાઇક-રેટ સાથે થોડી ફટકાબાજી કરીને ભારતનો સ્કોર ૨૦૦ રનની નજીક પહોંચાડ્યો હતો. હર્ષિતે એક સિક્સરની મદદથી છ રન બનાવ્યા હતા. બ્રિટિશ બોલર્સમાં પેસ બોલર સૅમ કરૅન સૌથી સફળ હતો. તેણે ત્રણ તેમ જ બીજા પેસ બોલર જોફ્રા આર્ચરે એક વિકેટ તેમ જ બે સ્પિનર વિલ જૅક્સ અને લિઆમ ડૉસને એક-એક વિકેટ લીધી હતી. ■

# વૈભવે એક રનથી ખાતું ખોલ્યું...જોફ્રાના પહેલા જ બૉલમાં ફટકાર્યો છગ્ગો, પણ માત્ર ૧૪ રન બનાવીને આઉટ!

મૅન્ચેસ્ટરઃ વૈભવ સૂર્યવંશીએ અહીં ગઈ કાલે ઇંગ્લૅન્ડ સામે ટી-૨૦ સિરીઝની બીજી મૅચથી પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દી શરૂ કરી અને બધાની નવાઈ વચ્ચે તેણે ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં પોતાના ત્રીજી બૉલમાં એક રન દોડીને ખાતું ખોલાવ્યું હતું. આઇપીએલમાં સામાન્ય રીતે સિક્સરથી પોતાની સ્કોર-બુકનો આરંભ કરનાર વૈભવે બ્રિટિશરો સામેની આ મૅચમાં જૉશ ટન્ગની અસરદાર બોલિંગને કારણે છગ્ગા કે ચોગ્ગાને બદલે સિંગલથી ખાતું ખોલવાનું પસંદ કર્યું હતું.



જોકે ૧૫ વર્ષીય વૈભવ સામે બીજો પેસ બોલર ૩૧ વર્ષીય જોફ્રા આર્ચર આવ્યો કે વૈભવે તેના પહેલા જ બૉલમાં સિક્સર ફટકારી દીધી હતી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વૈભવનો આ પ્રથમ છગ્ગો હતો. તેણે તાજેતરની જ આઇપીએલમાં સૌથી વધુ ૭૨ છગ્ગા ફટકાર્યા હતા.

વૈભવ ઉપરાંત સાથી લેફ્ટ-હૅન્ડ ઓપનર અભિષેક શર્માએ બ્રિટિશ બોલર્સની ખબર લઈ નાખી હતી. પાંચમી ઓવરમાં બન્નેએ મળીને ૫૦ રન બનાવ્યા હતા જેમાં અભિષેકના ૩૦ અને વૈભવના ૧૪ રન હતા. જોકે વૈભવ પોતાના ૧૪ રનના સ્કોર પર જ (કુલ ૫૦મા રને) વિકેટ ગુમાવી બેઠો હતો. ઑફ-સ્પિનર વિલ જૅક્સના બૉલમાં સ્ક્વેર તરફ સ્લૅશ કરવાના પ્રયાસમાં સમતોલપણું ગુમાવી બેઠો હતો, નીચે બેસી પડ્યો હતો અને તે ક્રીઝમાં પાછો આવે એ પહેલાં વિકેટકીપર જૉસ બટલરે તેને સ્ટમ્પ-આઉટ કરવામાં કોઈ ભૂલ નહોતી કરી.

વૈભવે ૧૦ બૉલમાં બે છગ્ગાની મદદથી ૧૪ રન કર્યા હતા. તેણે અભિષેક સાથે ૫૦ રનની ભાગીદારી કરી હતી, પણ તેનું ડેબ્યૂ યાદગાર નહોતું રહ્યું. ■

# સચિને પ્રથમ દાવમાં ૧૫ રન બનાવેલા, વૈભવ ૧૪ રન પર આઉટ

મૅન્ચેસ્ટરઃ સચિન તેન્ડુલકરે ૧૯૮૯ની ૧૫મી નવેમ્બરે ૧૬ વર્ષની ઉંમરે પાકિસ્તાનના કરાચીની ટેસ્ટમાં રમીને આંતરરાષ્ટ્રીય કારકિર્દી શરૂ કરી હતી, જ્યારે સૌથી ઓછી વયે ઇન્ટરનૅશનલ કરીઅર શરૂ કરનાર ભારતીય તરીકે શનિવારે તેનો ૩૭ વર્ષ જૂનો વિક્રમ તોડનાર વૈભવે ઇંગ્લૅન્ડના મૅન્ચેસ્ટર શહેરના ઑલ્ડ ટ્રેફર્ડના મેદાન પરથી કારકિર્દીનો આરંભ કર્યો.

યોગાનુયોગ, સચિનની માફક વૈભવ પણ પ્રથમ આંતરરાષ્ટ્રીય ઇનિંગ્સમાં સારું ન રમી શક્યો. સચિન ૧૯૮૯માં પોતાના પ્રથમ દાવમાં ૧૫ રનના પોતાના સ્કોર પર ફાસ્ટ બોલર વકાર યુનુસના બૉલમાં ક્લીન બોલ્ડ થયો હતો. વૈભવે શનિવારે બે સિક્સરથી બનેલા ૧૪ રનના પોતાના સ્કોર પર સ્પિનર વિલ જૅક્સના બૉલમાં વિકેટ ગુમાવી હતી. વૈભવ વિકેટકીપર જૉશ બટલરના હાથે સ્ટમ્પ-આઉટ થયો હતો.

સચિનની ૧૯૮૯ની ટેસ્ટના બીજા દાવમાં બૅટિંગ નહોતી આવી અને એ ટેસ્ટ ડ્રૉમાં પરિણમી હતી. નવાઈની વાત એ છે કે ડિસેમ્બર, ૧૯૮૯માં સચિન કરીઅરની પહેલી વન-ડે રમ્યો હતો અને એમાં (પોતાના બીજા જ બૉલ પર) વકાર યુનુસના બૉલમાં વસીમ અકરમના હાથમાં કૅચઆઉટ થયો હતો.

મહાન બૅટ્સમૅન સચિન સાથે વૈભવની સરખામણી તો થઈ જ ન શકે, પણ વૈભવ આઇપીએલમાં જે ધમાકેદાર ઇનિંગ્સ રમતો હોય છે એ જોતાં તે ઇંગ્લૅન્ડ સામેની વર્તમાન સિરીઝમાં રાજસ્થાન રૉયલ્સ વતી કર્યા હતા એવા થોડા ધમાકા તો કરશે જ. ■

# વૈભવ ભારતનો યંગેસ્ટ ક્રિકેટર બન્યો, સચિનનો વિક્રમ તોડ્યો

## સૅમસનના સ્થાને રમાડવામાં આવ્યો, ટૉપ-ઑર્ડરના પાંચમાંથી ચાર બૅટ્સમેન ડાબોડી

મૅન્ચેસ્ટરઃ ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી ભારતનો સૌથી યુવાન ક્રિકેટર બન્યો છે. તેણે ૧૯૮૯માં ૧૬ વર્ષની ઉંમરે ભારત વતી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાની શરૂઆત કરનાર સચિન તેન્ડુલકરનો ૩૭ વર્ષ જૂનો વિક્રમ તોડ્યો છે. અહીં ઑલ્ડ ટ્રેફર્ડમાં શનિવારે વૈભવને તિલક વર્માએ ચહેરા પર સ્મિત સાથે બહુમૂલ્ય ઇન્ડિયા કૅપ સોંપી હતી અને વૈભવે સહર્ષ સ્વીકારી લીધી હતી અને એ સાથે તે ભારતીય ક્રિકેટની રેકૉર્ડ-બુકમાં આવી ગયો. વૈભવને રાઇટ-હૅન્ડ ઓપનર સંજુ સૅમસનના સ્થાને પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન મળ્યું હતું.

આ મૅચ માટેની ભારતીય ટીમની ટૉપ-ઑર્ડર બૅટિંગ હરોળમાં પાંચમાંથી ચાર બૅટ્સમેન ડાબોડી હતા. લેફ્ટ-હૅન્ડ ઓપનર અભિષેક શર્મા સાથે લેફ્ટ-હૅન્ડ વૈભવ સૂર્યવંશીએ દાવની શરૂઆત કરી હતી. ટીમના ટૉપના બીજા ત્રણ બૅટ્સમેનમાં વનડાઉન બૅટ્સમૅન ઇશાન કિશન (ડાબોડી) અને તિલક વર્મા (ડાબોડી) તથા કૅપ્ટન શ્રેયસ ઐયર (રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન)નો સમાવેશ હતો. બિહારના સમસ્તીપુર જિલ્લાના વૈભવે તાજેતરની આઇપીએલમાં હાઇએસ્ટ ૭૭૬ રન બનાવીને સૌને વિચારતા કરી દીધા હતા. તેને આયરલૅન્ડમાં બેમાંથી એક પણ ટી-૨૦માં ડેબ્યૂ ન કરવા મળ્યું અને ઇંગ્લૅન્ડમાં વરસાદથી અનિર્ણિત રહેલી સિરીઝની પ્રથમ ટી-૨૦માં પણ નહોતું રમવા મળ્યું, પણ હવે મૅન્ચેસ્ટરનું મેદાન તેના માટે યાદગાર બન્યું.

સચિને ૧૯૮૯માં પાકિસ્તાનમાં ડેબ્યૂ કર્યું ત્યારે માત્ર પાકિસ્તાન ટીવીના ફૂટેજ ઉપલબ્ધ હતા, પણ વૈભવે ઇંગ્લૅન્ડમાં આગમન કર્યું ત્યારથી માંડીને અત્યાર સુધીમાં ૪,૦૦૦ કૅમેરા તેની દરેક હિલચાલને ટ્રૅક કરી રહ્યા છે. ■

**બન્ને દેશની પ્લેઇંગ ઇલેવન કઈ હતી?**

ભારતઃ શ્રેયસ (કૅપ્ટન), વૈભવ સૂર્યવંશી, અભિષેક, ઇશાન, તિલક, શિવમ, હર્ષિત, અક્ષર, બિશ્નોઈ, અર્શદીપ અને વરુણ ચક્રવર્તી.

ઇંગ્લૅન્ડઃ હૅરી બ્રૂક (કૅપ્ટન), જૉસ બટલર (વિકેટકીપર), ફિલ સૉલ્ટ, જૅકબ બેથેલ, ટૉમ બૅન્ટન, લિઆમ ડૉસન, વિલ જૅક્સ, સૅમ કરૅન, આદિલ રાશીદ, જોફ્રા આર્ચર અને જૉશ ટન્ગ.

# મુંબઈમાં આજે અતિવૃષ્ટિની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને શનિવારે જળબંબાકાર કરી દેનારો વરસાદ આજે પણ તેનું રૌદ્ર સ્વરૂપનો પરચો આપે એવી શકયતા છે. ભારતીય હવામાન વિભાગે મુંબઈ માટે રવિવારે પણ રેડ અલર્ટ આપીને અતિવૃષ્ટિની ચેતવણી આપી છે. તેથી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સહિત પાલિકા પ્રશાસને આવશ્યકતા હોય તો ઘરની બહાર નીકળવાની મુંબઈગરાને અપીલ કરવામાં આવી છે.

મુંબઈમાં છેલ્લા એક અઠવાડિયાથી વરસાદ પડી રહ્યો છે, તેમાં પણ શુક્રવારથી વરસાદે ઉગ્ર રૂપ ધારણ કરીને સતત પડી રહ્યો છે. શનિવારે રેડ અલર્ટ આપ્યું હોઈ સમગ્ર દિવસ દરમ્યાન મુશળધાર વરસાદ પડતા ઠેકઠેકાણે પાણી ભરાઈ ગયા (જુઓ પાનું ૪) ▶▶

વધુ અહેવાલો અને તસવીરો ૧૪

## સૌથી વધુ વરસાદ વિક્રોલીમાં

મુંબઈમાં છેલ્લા એક અઠવાડિયાથી વરસાદ સતત પડી રહ્યો છે. આ વખતે ચોમાસાની મોડી શરૂઆત પછી હવે ચોમાસુ જામ્યું છે. શનિવારે સવારે આઠ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં મુંબઈના અનેક ભાગોમાં ૧૫૦ મીમીથી વધુ વરસાદ પડ્યો હતો, જેમાં વિક્રોલી પશ્ચિમમાં ૨૬૩ મિ.મી. (સાડા દસ ઈંચ), પવઈમાં ૨૪૯.૬ મિ.મી., ભાંડુપમાં ૨૪૩ મિ.મી. વરસાદ નોંધાયો હતો. પશ્ચિમ ઉપનગરમાં ચિંચોલીમાં ૨૩૪ મિ.મી., અંધેરીમાં ૨૧૭.૨ મિ.મી., પરેલમાં ૧૬૭ મિ.મી., મલબાર હિલમાં ૧૭૪.૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તો સવારના ૮.૩૦ વાગ્યાથી સાંજના આઠ વાગ્યા સુધીમાં પૂર્વ ઉપનગરમાં સરેરાશ ૧૮૬ મિ.મી., પશ્ચિમ ઉપનગરમાં ૧૬૮ મિ.મી. અને દક્ષિણ મુંબઈમાં ૧૨૯ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ■







તમામ તસવીરોઃ અમય ખરાડે

# મહિને પાંચ ટકા નફાની લાલચે ૩૦ કરોડની છેતરપિંડીઃ સૂત્રધારની સુરતમાં ધરપકડ

### શૅરબજારમાં સારું વળતર મળવાની આશાએ ૪૨ રોકાણકારે આરોપીની 'ઈન્વેસ્ટોક' ઍપના માધ્યમથી રોકાણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શૅરબજારમાં રોકાણ કરેલી રકમ પર મહિને બેથી પાંચ ટકા વળતરની લાલચ બતાવી ૪૨ રોકાણકાર સાથે ૩૦.૨૬ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરનારા સૂત્રધારને મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ સુરતમાંથી પકડી પાડ્યો હતો.

આર્થિક ગુના શાખાના જીસી-૩ યુનિટે ધરપકડ કરેલા આરોપીની ઓળખ રોહન ભૂષણ સેઠ (૫૬) તરીકે થઈ હતી. પોન્ઝી સ્કીમને નામે છેતરપિંડી કરનારા આરોપીને ગુજરાત રાજ્યના સુરતમાં ડુમસ ખાતેથી તાબામાં લેવાયો હતો. તેની પાસેથી ૧.૬૫ કરોડ રૂપિયાની મતા જપ્ત કરવામાં આવી હતી.

આ પ્રકરણે ૨૪ એપ્રિલે એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. માટુંગામાં રહેતા આરોપીએ તેની 'ઈન્વેસ્ટોક' ઍપના માધ્યમથી રોકાણકારોને નાણાં રોકવા લલચાવ્યા હતા. શૅર માર્કેટમાં રોકાણ કરેલી રકમ પર બેથી પાંચ ટકા નફાની લાલચ આરોપીએ આપી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે ફરિયાદી અને તેના કુટુંબના અન્ય સભ્યો સહિત ૪૨ રોકાણકારે આરોપીની સ્કીમમાં રોકાણ કર્યું હતું. જોકે બાદમાં આરોપીએ વળતરની રકમ તો ઠીક, મુદ્દલ પણ પાછી ચૂકવી નહોતી. રોકાણકારો સાથે ૩૦.૨૬ કરોડથી વધુ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે રોકાણકારોએ પોલીસનો સંપર્ક સાધતાં ગુનો નોંધાવા પહેલાં જ આરોપી ફરાર (જુઓ પાનું ૪) ▶▶

# જુલાઈ મહિનાનો સરેરાશ વરસાદ માત્ર ત્રણ દિવસમાં વરસ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મોડે મોડે આવેલા ચોમાસાએ મુશળધાર વરસીને તમામ ખાધ પૂરી કરી નાખી છે. રેડ એલર્ટ ચાલુ રહેતાં મુંબઈમાં જુલાઈ મહિનાનો સરેરાશ વરસાદ ત્રણ દિવસમાં વરસી પડયો છે. પહેલી જુલાઈથી શનિવાર વહેલી સવાર સુધીના માત્ર ત્રણ દિવસમાં શહેરમાં સમગ્ર જુલાઈ મહિનાના સરેરાશ વરસાદના અડધાથી વધુ વરસાદ પડ્યો છે. તો મોસમના આગમનના ૧૨ દિવસમાં શહેરમાં વરસાદ ૧,૦૦૦ મીમીના આંકડાને વટાવી ગયો છે. મુંબઈમાં સામાન્ય રીતે ૧૦/૧૧ જૂનની આસપાસ ચોમાસું બેસે છે પણ આ વર્ષે ૨૩ જૂનના એટલે કે ચોમાસાની મોડી શરૂઆત થઈ હતી. મોડે મોડે પણ આવેલો વરસાદ હવે ધોધમાર પડી રહ્યો છે. પહેલી જુલાઈ, ૨૦૨૬થી ચાર જુલાઈના સવાર સુધીમાં સાંતાક્રુઝ વેધશાળાએ ૬૩૮.૪ મીમી વરસાદ નોંધ્યો છે, જ્યારે કોલાબામાં ૪૮૩.૨ મીમી વરસાદ નોંધાયો છે. મોસમના આગમનના ૧૨ દિવસમાં શહેરમાં ૧,૦૦૦ મીમી જેટલો વરસાદ પડી ગયો છે. આ શહેરના સરેરાશ જુલાઈ વરસાદના લગભગ ૫૫ ટકા જેટલો છે.

જુલાઈ સામાન્ય રીતે મુંબઈનો સૌથી વધુ વરસાદી મહિનો હોય છે, જેમાં સાંતાક્રુઝ સ્ટેશને સરેરાશ ૯૧૯.૯ મીમી અને કોલાબામાં ૭૬૮.૫ મીમી વરસાદ નોંધાય છે. તેનાથી વિપરીત જૂન મહિનામાં ઉપનગરોમાં માત્ર ૪૧૬ મીમી વરસાદ પડ્યો હતો, જેના કારણે શહેરમાં લગભગ ૨૫ ટકાની ખાધ રહી હતી.તાજેતરના સમયગાળાએ આ અંતરને નોંધપાત્ર રીતે ઘટાડ્યું છે. હવામાન વિભાગના ડેટા અનુસાર, ૨૩ જૂને નૈર્ઋત્યના ચોમાસાની શરૂઆત થઈ ત્યારથી સાંતાક્રુઝમાં ૯૨૭ મીમી વરસાદ પડ્યો છે, જેના કારણે મુંબઈ સરેરાશ કરતા ૩૬ ટકા વધુ વરસાદ પડ્યો છે. હવામાનશાસ્ત્રીઓએ સતત ભારે વરસાદ માટે અનેક સક્રિય હવામાન પ્રણાલીઓને જવાબદાર ગણાવી છે, જેમાં ત્રણ જુલાઈએ તીવ્ર બનેલા બંગાળની ખાડી પરના લો-પ્રેશર વિસ્તારનો સમાવેશ થાય છે. શનિવારે સવારે આઠથી બપોરે ત્રણ વાગ્યા સુધી વિક્રોલી અને પવઈ જેવા વિસ્તારોમાં ૨૦૫ મીમી (આઠ ઈંચ) વરસાદ નોંધાયો હતો જ્યારે જોગેશ્વરી (૧૬૨ મીમી), અંધેરી પૂર્વ (૧૫૫.૨ મીમી), મલાડ (૧૪૭ મીમી) માં પણ ભારે વરસાદ નોંધાયો હતો. શહેરના વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ ઓછું નોંધાયું હતું, જેમાં કોલાબામાં ૭૫.૪ મિ.મી. અને વડાલામાં પંચાવન મીમી અને સાયનમાં ૬૯ મીમી વરસાદ નોંધાયો હતો. ■

# મુંબઈના ૧૧ ઑર્કેસ્ટ્રા બાર પર પોલીસની લાલ આંખઃ લાઈસન્સ સસ્પેન્ડ કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નિયમ અને લાઇસન્સની શરતોનું ઉલ્લંઘન કરનારા મુંબઈના ૧૧ જેટલા ઑર્કેસ્ટ્રા બાર પર પોલીસે કડક કાર્યવાહી કરી હતી. આ બાર્સમાં સાથે અશ્લીલ હાવભાવ કરવાની સાથે બારબાળા ગ્રાહકોને રિઝવવાના પ્રયાસ કરતી હોવાનું જણાતાં તેમની વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવ્યા હતા. બાદમાં જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરી આ ૧૧ બારના લાઈસન્સ એક મહિના માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ડીસીપી) રાજતિલક રોશને જણાવ્યું હતું કે દક્ષિણ મુંબઈમાં આવેલા પાંચ, અંધેરીના ત્રણ તેમ જ જોગેશ્વરી, મલાડ અને દહિસરના એક-એક બારનાં લાઈસન્સ ૩૦ દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. હવે પછી મુંબઈના કોઈ પણ બારમાં આ રીતે નિયમ અને લાઈસન્સની શરતોનું ભંગ થતું નજરે પડશે તો તેનાં લાઈસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. અધિકારીના જણાવ્યા મુજબ લાઈસન્સ સસ્પેન્ડ કરાયા હોય એવા બારમાં દક્ષિણ મુંબઈના ગ્રાન્ટ રોડ પરિસરમાં આવેલા પાંચ બાર સેનોરિટા, સફાયર, સનશાઈન પંજાબ, રાજ પેલેસ, બ્લ્યુ ડાયમંડનો સમાવેશ થાય છે. એ સિવાય અંધેરીના કમાન્ડો, ઉર્વશી, સાઈપ્રસાદ, જોગેશ્વરીના વિલાસ લંચ હોમ, દહિસરના ચિરંજીવી અને મલાડના સ્વાગતમ બારનાં પણ લાઈસન્સ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે.

ઑર્કેસ્ટ્રા બાર ચલાવવા માટે કેટલાક નિયમો અને શરતો પર લાઈન્સ આપવામાં આવે છે, પરંતુ મોટા ભાગના બારમાં આ શરતોનું પાલન કરવામાં આવતું નથી. હાલમાં જ 'મુંબઈ સમાચારે' સ્ટિંગ ઑપરેશન કરીને એક સ્પેશિયલ રિપોર્ટ યુ-ટ્યૂબ ચૅનલ પર અપલૉડ કર્યો હતો, જેમાં બારમાં અસલી ચલણી નોટોને બદલે કૂપન બારબાળાઓ પર ઉડાવવાનો ખુલાસો કર્યો હતો. આ કૂપન ભારતીય ચલણી નોટની આબેહૂબ નકલ જેવી હોવાનું દર્શાવ્યું હતું.

મુંબઈ પોલીસે નિયમો-શરતોનું ઉલ્લંઘન કરનારા બાર વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાનું નક્કી કર્યું હતું. તાજેતરમાં મુંબઈનાં અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં આ ૧૧ બાર વિરુદ્ધ શરતોનું ઉલ્લંઘન કરવા બદલ એફઆઈઆર નોંધાયા હતા, જેને પગલે પોલીસે લાઈસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કરી હોવાનું ડીસીપીએ શનિવારે જણાવ્યું હતું. ■



## ઓવરહેડ કેબલ તૂટ્યોઃ મેટ્રો ૨-એ લાઈન ખોટકાઇ

મુંબઈઃ પશ્ચિમ ઉપનગરોને જોડતી મેટ્રોની યેલો લાઈન મેટ્રો ૨-એ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ હતી, જેના કારણે હજારો નોકરિયાત વર્ગ અને મુસાફરો અટવાઈ પડ્યા હતા. જોકે, યુદ્ધના ધોરણે કામ હાથ ધરીને હાલ મેટ્રો ૨-એ લાઈન ફરી શરૂ કરવામાં આવી હતી.

મુસળધાર વરસાદ અને તેજ પવનના કારણે કાંદરપાડાથી આનંદનગર સ્ટેશનોની વચ્ચે મેટ્રોનો ઓવરહેડ ઇલેક્ટ્રિક કેબલ અચાનક તૂટી ગયો હતો. વરસાદની સિઝનમાં વીજ પુરવઠો ખોરવાઈ જતાં અને ટેકિનક્લ ખામી સર્જાતાં સાવચેતીના પગલારૂપે આ લાઈન પરની તમામ મેટ્રો સેવાઓ તાત્કાલિક ધોરણે રોકી દેવામાં આવી હતી અને મેઈન્ટેનન્સ વર્ક હાથ ધરીને સેવાઓ પૂર્વવત્ કરવામાં આવી હતી.

મેટ્રોની સેવાઓ અચાનક બંધ થઈ જતાં ખાસ કરીને બોરીવલી, દહિસર, કાંદિવલી અને અંધેરી જેવા પશ્ચિમ ઉપનગરોમાં રહેતા મુંબઈકરોના ભારે હાલાકિ ભોગવવાનો વારો આવ્યો હતો. ઓફિસ જવાના પીક અવર્સ દરમિયાન જ આ દુર્ઘટના ઘટી હોવાથી સ્ટેશનો પર મુસાફરોની ચક્કાજામ ભીડ એકઠી થઈ ગઈ હતી. રસ્તાઓ પર પહેલાથી જ પાણી ભરાયેલા હોવાથી ટ્રાફિક જામ હતો અને હવે મેટ્રો પણ બંધ થતાં લોકો લાચાર બની ગયા હતા.

મેટ્રો પ્રશાસન અને ટેકનિકલ ટીમો ઘટનાસ્થળે પહોંચીને તૂટેલા ઓવરહેડ કેબલને રિપેર કરવાનું કામ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવ્યું હતું. ■

## થાણેમાં દીવાલ તૂટી પડવાની બે ઘટના

થાણેઃ થાણે જિલ્લામાં દીવાલ ધસી પડવાની બે ઘટના બની હતી, પરંતુ સદ્નસીબે કોઈનેય ઇજા થઈ નહોતી. થાણે ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના જણાવ્યા મુજબ શનિવારની સવારે ૧૨.૨૮ વાગ્યે મુંબ્રાના સંજય નગર ખાતેની દુર્ગા હૉટેલ પાછળની કમ્પાઉન્ડ વૉલ તૂટી પડી હતી. દીવાલ તૂટી પડવાને કારણે તેની નીચે રેતી ધસી ગઈ હતી. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સુરક્ષાનાં કારણોસર દીવાલ નજીકનાં ૧૦થી ૧૨ ઘર ખાલી કરાવવામાં આવ્યાં હતાં. થાણે પૂર્વના કોપરી વિસ્તારમાં પણ સાંઈબાબા મંદિર નજીકની દીવાલ શનિવારની બપોરે ૨.૫૧ વાગ્યે તૂટી પડી હતી.■

# જેજેસીસી બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટમાં ૧૪ ટ્રસ્ટીની નિમણૂક રદ

મુંબઈઃ જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ (જેજેસીસી) બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટમાં ૧૪ વ્યક્તિની પર્મેનન્ટ ટ્રસ્ટી, હૉલ્ડિંગ ટ્રસ્ટી, એક્ઝિક્યૂટિવ ટ્રસ્ટી તરીકેની નિમણૂક રદ કરાઇ છે.

માનનીય ચેરિટી કમિશનરની ઑફિસ, મુંબઈમાં ચેન્જ રિપોર્ટ દાખલ કરવામાં આવ્યા હતા, તેવા તમામ નામ રદબાતલ કરવામાં આવ્યા છે.

જેજેસીસી બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટના જે ટ્રસ્ટીના નામ રદ થયા છે, તેઓના નામ નીચે મુજબ છેઃ

(૧) રાજેશ ભણશાલી (પર્મેનન્ટ ટ્રસ્ટી), (૨) અનિલ દોશી (પર્મેનન્ટ ટ્રસ્ટી), (૩) રાજેશ ગાંધી (પર્મેનન્ટ ટ્રસ્ટી), (જુઓ પાનું ૪) ▶▶

# સાયબર ફ્રોડ અને ઑનલાઈન ગેમિંગ ઍપ માટે બૅન્ક એકાઉન્ટ-સિમ કાર્ડ પૂરાં પાડનારા પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દુબઈથી ઑપરેટ કરાતા સાયબર ફ્રોડ અને ઑનલાઈન ગૅમિંગ ઍપ માટે બૅન્ક એકાઉન્ટ અને સિમ કાર્ડ પૂરાં પાડનારી ટોળકીને ક્રાઈમ બ્રાન્ચે દક્ષિણ મુંબઈથી પકડી પાડી હતી. આરોપી પાસે ૧૪૨ કરન્ટ બૅન્ક એકાઉન્ટનાં એક્સિસ હતાં, જેમાં જમા થયેલી ફ્રોડની રકમ અન્યત્ર વાળવામાં આવતી હતી.

ડીસીપી રાજતિલક રોશને જણાવ્યું હતું કે મસ્જિદ બંદરના ઈસાજી સ્ટ્રીટમાં આવેલી પાર્શ્વ ચેમ્બર્સમાં બોગસ ઓવરસીઝ કંપનીની ઑફિસ આવેલી છે, જેના કર્મચારી સાયબર ફ્રોડમાં સંડોવાયેલાઓને મદદ કરતા હોવાની માહિતી મળી હતી. માહિતીને આધારે ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-બેના અધિકારીઓએ શુક્રવારે પાર્શ્વ ચેમ્બર્સના ત્રીજા માળે આવેલી રૂમમાં રેઇડ કરી હતી. કંપનીની ઑફિસમાંથી મુખ્ય આરોપી સહિત છ જણની ધરપકડ કરવામાં આવી હતી. તેમની વિરુદ્ધ પાયધુની પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. કોર્ટે આરોપીઓને ૮ જુલાઈ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

ઑફિસમાંથી વિવિધ બૅન્કનાં ૬૬ એટીએમ કાર્ડ, બે કમ્પ્યુટર, પ્રિન્ટર, ૧૨ સિમ કાર્ડ, વિવિધ બૅન્કની ૧૫ પાસબુક, ૧૨૨ ચેકબુક અને ૬૮ રબર સ્ટેમ્પ જપ્ત કરવામાં આવ્યા હતા. એ સિવાય વિવિધ બૅન્કમાં ખાતાં ખોલવાનાં ફૉર્મ અને (જુઓ પાનું ૪) ▶▶

# ભાયંદરના વિવાદિત બોટલ નેક બ્રિજ પર આખરે બની જ દુર્ઘટના

મુંબઈઃ મુંબઈ મેટ્રો પરિયોજના અંતર્ગત ભાયંદર પૂર્વના ગોલ્ડ નેસ્ટ સર્કલ પરના બનેલ નવનિર્મિત અને અત્યંત વિવાદિત 'બોટલ નેક બ્રિજ' પર પ્રથમ માર્ગ અકસ્માતની દુર્ઘટના બની હતી. આ પુલની ખતરનાક ડિઝાઇનના કારણે લાંબા સમયથી સ્થાનિકો, રાજકીય દળો અને સામાજિક સંગઠનો ચેતવણી આપી રહ્યા હતા.

અંતે આ દુર્ઘટના બની તેની જવાબદારી હવે કોણ લેશે તે જોવાનું રહ્યું છે. આ દુર્ઘટના બાદ બ્રિજના સુરક્ષાના ધોરણો, બાંધકામ અને પ્લાનિંગ પર ફરી એકવાર પ્રશ્નો ઊભા થયા છે. આ દુર્ઘટનાને પગલે સ્થાનિકોમાં પણ ભારે રોષ ફેલાયો છે.

ગોલ્ડ નેસ્ટ સર્કલ ખાતે આવેલા મેટ્રો પ્રોજેક્ટ સાથે જોડાયેલા આ પુલનું બાંધકામ શરૂઆતથી જ વિવાદોમાં ઘેરાયેલું હતું. પુલના નિર્માણકાર્ય દરમિયાન વિવિધ રાજકીય પક્ષો અને સામાજિક સંગઠનોએ તેની ખામીયુક્ત ડિઝાઇનનો ઉગ્ર વિરોધ કર્યો હતો અને વિરોધ પ્રદર્શનો પણ કર્યા હતા.



વિરોધીઓએ સ્પષ્ટપણે કહ્યું હતું કે આ પુલ ભવિષ્યમાં 'અકસીડેંટ ઝોન' સાબિત થશે.

આ વિવાદ એટલો વકર્યો હતો કે જયારે બ્રિજનું નિર્માણકાર્ય પૂર્ણ થયું હતું, ત્યારે તેના ઉદ્ઘાટન સમયે રાજ્યના મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન પણ સામેલ થયા નહોતા. લોકોના આ ઉગ્ર વિરોધના લીધે કોઈ (જુઓ પાનું ૪) ▶▶

## એકનાથ શિંદેની તબિયત લથડીઃ હૉસ્પિટલમાં દાખલ

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને શુક્રવારે ભારે તાવની અસરના લીધે સારવાર અર્થે થાણેની એક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડોક્ટરોના જણાવ્યા અનુસાર તેમને સખત તાવ અને શરદીના લીધે આરામ કરવા માટેની સલાહ આપી છે. એક અધિકારીના જણાવ્યા મુજબ તેમણે અમુક દિવસ અગાઉ ભારે તાવ અને શરદી થવાની ફરિયાદ કરી હતી, ત્યારબાદ સારવાર અર્થે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

બાદમાં અધિકારીઓએ ઉમેર્યું હતું કે તેમને ટૂંક સમયમા હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ મળવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. ■

# ઓઇલ ટેન્કરમાંથી ઘાયલ નાવિકને નૌકાદળ દ્વારા બચાવવામાં આવ્યો

મુંબઈઃ ભારતીય નૌકાદળના સી-કિંગ હેલિકોપ્ટર દ્વારા મુંબઈના દરિયાકાંઠે એસસીઆઈ ક્રૂડઓઇલ ટેન્કર એમટી દેશ શક્તિમાંથી એક ઘાયલ નાવિકનું તાત્કાલિક બચાવકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ ઘટનામાં ભારે વરસાદ નબળી દશ્યતા અને રેડ એલર્ટ હોવા છતાં આઇએનએસ શિક્રાના ભારતીય નૌકાદળના સી-કિંગ હેલિકોપ્ટર દ્વારા કુશળતાપૂર્વક બચાવ બાસ્કેટનો ઉપયોગ કરીને ઘાયલ નાવિકને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યો હતો. તબીબી સારવાર આપી નાવિકને કિનારે પહોંચાડવામાં આવ્યો હતો.



## ૮

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં છેલ્લા બે-ત્રણ દિવસથી મુશળધાર વરસાદ પડી રહ્યો છે, તેમાં પણ શનિવાર માટે ભારતીય હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યા બાદ મુંબઈ મહાનગરપાલિકાએ શનિવારે મોડેથી મહાનગરની તમામ શાળાઓ અને કોલેજોમાં બપોરના સત્ર માટે રજા જાહેર કરી હતી. તેની સામે થાણે પાલિકા પ્રશાસને શુક્રવારે જ સ્કૂલ, કોલેજ બંધ રાખવામાં આવવાની હોવાની જાહેરાત કરી દીધી હતી.

મુંબઈ મહાનગર પાલિકાએ જણાવ્યું હતું કે ભારે વરસાદની આગાહી વચ્ચે વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. એ સાથે જ શહેરના ઘણા ભાગોમાં ભારે વરસાદ ચાલુ પાલિકાએ નાગરિકોને જરૂર પડ્યે જ ઘરની બહાર નીકળવાની અપીલ પણ કરી હતી. થાણે પાલિકા પ્રશાસને શુક્રવારે રાત્રે જ થાણેની તમામ પ્રાથમિક, મધ્યમ અને ઉચ્ચ શાળાઓ તેમજ આંગણવાડીઓમાં રજા જાહેર કરી હતી કારણ કે હવામાન વિભાગે પ્રદેશ માટે રેડ એલર્ટ જાહેર કર્યું હતું. પાલઘરમાં પણ રેડ અલર્ટ હોવાથી સ્કૂલ, કોલેજમાં રજા જાહેર કરવામાં આવી હતી. ■

# પડદા પાછળના હિરો...

ઓપિનિયન

સી. એ. પ્રકાશ દેસાઈ

બાહ્ય દુનિયાની વિશેષતા એ છે કે પડદે આવતા પાત્રો દૃષ્ટિમાન હોવાના કારણે તેઓની સફળતા કે એચીવમેન્ટસ દુનિયાને જોવા મળે છે અને તેઓની વાહવાહ થાય છે પણ વિધીની વિચિત્રતા છે કે તેઓની સફળતામાં જે પાત્રોએ અદ્ભુત મદદ કરી હોય કે અગત્યનો રોલ ભજવેલો હોય તેની નતો જાણ દુનિયાને હોય છે કે ના તો તેઓનું કોન્ટ્રીબ્યુશનની જગતને જાણ કરવામાં આવે છે અને તેઓ અનસંગ હિરોજ રહે છે પછી તે સ્પોર્ટ્સ, ટીવી, ગ્લેમર, ફેશન, રાજકારણ કે સાયન્સ એન્ડ ટૅકનોલૉજી સેકટરમાં હોય આવા જ એક મહત્ત્વના પાત્રની વાત કરવાની છે. ચંદ્ર ઉપર પગ મૂકનાર પહેલા માનવ નીલ આર્મસ્ટ્રોન્ગનું નામ દુનિયાની એક એક વ્યક્તિ જાણે છે પણ કોઇને ખબર છે કે જો માર્ગારિટ હેમીલટન ના હોત તો એપોલો ૧૧નું આ મિશન ફેઇલ ગયું હોત અને આર્મસ્ટ્રોંગ કયારેય ચંદ્ર ઉપર પગ ના મૂકી શકયા હોત.

૧૯૬૯માં, જયારે એપોલો ૧૧ ચંદ્રની નજીક પહોંચી રહ્યું હતું, ત્યારે લૂનર મોડ્યુલ ચંદ્ર પર ઉતરનાર યાનમાં એક મોટી કટોકટી ઊભી થઇ. ચંદ્રની સપાટી પર ઉતરવાની બરાબર ત્રણ મિનિટ પહેલાં, એક રડાર સિસ્ટમ ભૂલથી ચાલુ થઇ ગઇ, જેના કારણે કમ્પ્યુટર પર ડેટાનો ભારે ઓવરલોડ (વધારે પડતો ભાર) થઇ ગયો. આવી સ્થિતિમાં યાન ક્રેશ થઇ ગયું હોત અથવા મિશન પડતું મૂકવું પડ્યું હોત, પણ કમ્પ્યુટરે અત્યંત મહત્ત્વપૂર્ણ થ્રસ્ટર્સ (એન્જિન)ને પ્રાધાન્ય આપ્યું, વધારાના ડેટાને નજર અંદાજ કર્યો અને નીલ આર્મસ્ટ્રોંગ તેમ જ બઝ એલ્ડ્રિનને સુરક્ષિત રીતે ચંદ્ર પર ઉતાર્યા.

આ અદ્ભુત સફળતા કોઇ નસીબનો ખેલ નહોતી-તે બરાબર એ જ ડિઝાઇન હતી જે માર્ગારિટ હેમિલ્ટનને તૈયાર કરી હતી.

### ‘સોફટવેર એન્જિનિયરિંગ’ નો જન્મ :

૧૯૬૦ના દાયકાની શરૂઆતમાં જયારે માર્ગારિટ હેમિલ્ટન નાસાના એપોલો પ્રોજેક્ટ પર કામ કરવા માટે એમ.આઇ.ટી લેબોરેટરીમાં જોડાયા, ત્યારે કમ્પ્યુટર પ્રોગ્રામિંગને બહુ ગંભીરતાથી લેવામાં આવતું નહોતું. તેને કોઇ વિજ્ઞાનનો દરજજો નહોતો મળ્યો. તે સમયે હાર્ડવેરને સર્વોપરી ગણવામાં આવતું, અને સોફટવેરને માત્ર એક એવું કામ ગણવામાં આવતું જે પાછળથી મહિલાઓ ટાઇપ કરી દેતી.

હેમિલ્ટને આ માનસિકતા બદલવા માટે મોટો સંઘર્ષ કર્યો. તેમણે પોતાના કામને ‘સોફટવેર એન્જિનિયરિંગ’ તરીકે ઓળખાવવાનો આગ્રહ રાખ્યો, જેથી તેને પણ મિકેનિકલ કે ઇલેકિટ્રકલ એન્જિનિયરિંગ જેટલું જ સન્માન મળે.

માર્ગારિટ કહે છે કે મેં હાર્ડવેર અને અન્ય એન્જિનિયરિંગથી આ કામને અલગ પાડવા માટે સોફટવેર એન્જિનિયરિંગ શબ્દનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. શરૂઆતમાં લોકો આ વાતની મજાક ઉડાવતા પણ આખરે આ શબ્દે પોતાનું યોગ્ય સન્માન મેળવ્યું.

જયારે એપોલો ૧૧ લોન્ચ થયું, ત્યારે માર્ગારેટ સોફટવેર એન્જિનિયરિંગ વિભાગના ડિરેક્ટર બની ચૂકયા હતા અને ચંદ્ર મિશનને સફળ બનાવનાર કોડ લખતી એક વિશાળ ટીમનું નેતૃત્ત્વ કરી રહ્યા હતા.

ઘટના : માનવ ભૂલની અગમચેતીની :

હેમિલ્ટન ભવિષ્યમાં શું ભૂલ થઇ શકે છે તેનો અંદાજ લગાવવામાં માહિર હતા. એક દિવસ, તેમની નાની પુત્રી લોરેન એમ.આઇ.ટી.ની લેબમાં રમી રહી હતી અને તેણે અકસ્માતે કમ્પ્યુટરની એક કી દબાવી દીધી. જેનાથી આખી સિસ્ટમ ક્રેશ થઇ ગઇ. લોરેન ભૂલથી એક એવો પ્રોગ્રામ ચાલુ કરી દીધો હતો જે યાર્ન ઉડતા પહેલાં ચલાવવાનો હોય, જયારે સિસ્ટમ પહેલેથી જ ફલાઇટ મોડમાં હતી.

હેમિલ્ટનને સમજાયું કે આવી ભૂલ અવકાશમાં કોઇ એસ્ટ્રોનોટ મતલબ અવકાશયાત્રી પણ કરી શકે. તેથી તેઓ આ ભૂલને અટકાવવા માટે વધારાનો કોડ ઉમેરવા માંગતા હતા. પણ નાસાના અધિકારીઓએ તેમને એમ કહીને ના પાડી દીધી કે : ‘અવકાશયાત્રીઓ કયારેય ભૂલ ન કરવા માટે ટ્રેઇન્ડ થયેલા હોય છે, પરંતુ એપોલ ૮ મિશન દરમિયાન બરાબર એવું જ થયું. અવકાશયાત્રી જીમ લોવેલે અકસ્માતે એ જ કમાન્ડ દબાવી દીધો જે લોરેને દબાવ્યો હતો. હેમ્લિટનની ટીમે પૃથ્વી પરથી આ કટોકટી ઉકેલવા માટે કલાકો સુધી ગણતરીઓ કરવી પડી. આ ઘટના પછી, નાસાએ હેમિલ્ટનને એપોલે ૧૧ માટે એક ખાસ એસિંક્રોનસ એક્ઝિકયુટીવ સિસ્ટમ બનાવવાની મંજૂરી આપી.

### ચંદ્ર ઉપર ઉતરાણની ૩ મિનિટઃ અદ્ભુત ઉકેલ

હેમિલ્ટન જાણતા હતા કે માણસ કે મશીન, ગમે ત્યારે ભૂલ થઇ શકે છે. તેથી તેમણે એપોલોના કમ્પ્યુટરને એવી રીતે પ્રોગ્રામ કર્યું કે તે એક માનવ સુપરવાઇઝરની જેમ વિચારી શકે.

દરેક કામને સરખું મહત્ત્વ આપવાને બદલે, તેમના સોફટવેરે પ્રાયોરિટી શિડ્યુલિંગ કામની અગત્યતા મુજબ પ્રાધાન્ય આપવું. પદ્ધતિનો ઉપયોગ કર્યો. ૨૦ જુલાઇ, ૧૯૬૯ રોજ ચંદ્ર પર ઉતરવાની બરાબર પહેલાં જયારે રડારના કારણે સિસ્ટમ ઓવરલોડ થઇ, ત્યારે કમ્પ્યુટરને સમજાયું કે તેની પાસે મેમરી ખૂટી રહી છે. હેમિલ્ટનની ડિઝાઇનની મદદથી કમ્પ્યુટરે તુરંત જ એક મોટો નિર્ણય લીધો : તેણે ઓછા મહત્ત્વના રડાર ટ્રેકિંગના કામને પડતું મૂકયું અને પોતાનું પૂરું ધ્યાન યાન ઉતારવાના થ્રસ્ટર્સ ચલાવવા પર અને પાઇલટ્સને સ્ક્રીન પર ડેટા બતાવવા પર કેન્દ્રિત કર્યું.

જો હેમિલ્ટને આ અગમચેતી ન વાપરી હોત, તો એપોલો ૧૧નું કમ્પ્યુટર હેંગ થઇ ગયું હોત અને મિશન નિષ્ફળ ગયું હોત અથવા મોટી દુર્ઘટના સર્જાઇ હોત.

### તેમનો વારસો :

હેમિલ્ટનનું પ્રદાન માત્ર ચંદ્ર મિશન પૂરતું મર્યાદિત નહોતું. તેમણે શોધેલી એસિંક્રોનસ સોફટવેર અને પ્રાયોરિટી શિડ્યુલિંગની પદ્ધતિઓ આજે પણ આધુનિક કમ્પ્યુટર અને સોફટવેર આર્કિટેકચરનો પાયો છે.

નાસા તરફથી તેમના અસાધારણ સોફટવેર પ્રદાન માટે ‘નાસા એક્સપેશનલ સ્પેસ એક્ટ એવોર્ડ’ આપવામાં આવ્યો હતો.

૨૦૧૬માં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામા દ્વારા તેમને અમેરિકાનું સર્વોચ્ચ નાગરિક સન્માન પ્રેસિડેન્શિયલ મેડલ ઓફ ફ્રીડમ એનાયત કરવામાં આવ્યું હતું.

આમ દુનિયા આર્મસ્ટ્રોંગને ઓળખે છે પણ માર્ગારિટ હેમિલ્ટનને બહુ ઓછા લોકો જાણતા હશે અને આજ સ્ટોરી છે આવા કરોડો અનસંગ હિરોની. તમે ક્યાં હિરો છો પડદા સામેનો કે પડદા પાછળના. ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૫.૬૫ અબજ ડૉલરનો ઘટાડો

**દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૫.૬૫૪ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૬૬.૯૩૩ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.**



મુંબઈઃ ગત ૨૬મી જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૫.૬૫૪ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૬૬.૯૩૩ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૯૬.૩ કરોડ ડૉલર વધીને ૬૭૨.૫૮૭ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

નોંધનીય બાબત એ છે કે અગાઉ ૨૭મી ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૨૮.૪૯૪ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચી હતી. જોકે, ત્યાર બાદ અમેરિકા અને ઈઝરાયલે સંયુક્તપણે ઈરાન પર કરેલા હુમલા અને ઈરાને પણ અમેરિકાના સહયોગી અખાતી દેશો પર હુમલા કરતાં ક્રૂડતેલના ભાવ વધી આવતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયાને ગબડતો અટકાવવા માટે રિઝર્વ બૅન્કની સમયાંતરે હાજર બજારમાં ડૉલરમાં વેચવાલી રહેતાં અનામતમાં ઘટાડો આવ્યો હતો. વધુમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ મહામૂલા વિદેશી હૂંડિયામણની અનામત જાળવવા માટે ૧૧મી મેના રોજ જાહેર જનતાને વિદેશ યાત્રા ટાળવા, ઈંધણનો ઓછો વપરાશ કરવા અને એક વર્ષ સુધી સોનાની ખરીદી ન કરવા અનુરોધ કર્યો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૧૫ કરોડ ડૉલર ઘટીને ૫૪૧.૦૬૭ અબજ ડૉલરના સ્તરે રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૫.૩૯૪ અબજ ડૉલર ઘટીને ૧૦૨.૫૩૬ અબજ ડૉલરના સ્તરે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૮.૯ કરોડ ડૉલર ઘટીને ૧૮.૫૫૮ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૨.૧ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૪.૭૭૨ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું. ■

# ક્રૂડ તેલના ભાવઘટાડા અને અમેરિકાના જોબ ડેટાને ટેકે સોના-ચાંદીમાં બાઉન્સબૅક

## સ્થાનિકમાં ભાવ ઉછળતા સોનામાં માગ અટકી, ચીનની માગમાં સુધારો

કોમોડિટી

રમેશ ગોહિલ

વૈશ્વિક બજારમાં ગત સપ્તાહે ક્રૂડતેલના ભાવમાં વધારો અટકતા વૈશ્વિક સ્તરે ફુગાવામાં વધારો થવાની ભીતિ હળવી થવાની સાથે અમેરિકાના રોજગારીના ડેટા અપેક્ષા કરતાં નબળાં આવ્યા હોવાથી તથા અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષે તાજેતરમાં ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા ઘટાડાને કારણે ફુગાવાલક્ષી દબાણ ઓછું રહેતાં બહુ વધુ તંગ નાણાનીતિ અપનાવવામાં નહીં આવે એવા સંકેત આપતા સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓના ભાવમાં ઘટાડાને બ્રેક લાગી હતી અને ભાવમાં બાઉન્સબૅક જોવા મળ્યું હતું. તેમ જ વિશ્વ બજાર પાછળ સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહે સોના અને ચાંદીના ભાવમાં બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જોકે, ભાવમાં વધારો થવાને કારણે બન્ને કિંમતી ધાતુઓમાં માગ નબળી પડી હતી. વધુમાં ગત સપ્તાહે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સાપ્તાહિક ધોરણે ૭૩ પૈસાનું ધોવાણ થયું હોવાને કારણે આયાત પડતરો વધી આવતા સુધારાને વધુ ટેકો મળ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે સ્થાનિકમાં સોનાના ભાવમાં ૪.૬૨ ટકાનો અને ચાંદીના ભાવમાં અંદાજે આઠ ટકાનો ઉછાળો આવ્યો હતો. જોકે, ગત જૂન મહિનામાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવમાં માસિક ધોરણે અંદાજે નવ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ વેરારહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંતના રૂ. ૧,૩૯,૮૭૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૧,૪૧,૯૧૧ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૩૯,૪૩૪ અને ઉપરમાં સપ્તાહના અંતે રૂ. ૧,૪૬,૩૪૪ની ઊંચી સપાટીએ બંધ રહ્યા હતા. આમ સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૪૭૧ અથવા તો ૪.૬૨ ટકા વધી આવ્યા હતા. તે જ પ્રમાણે હાજરમાં ચાંદીના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૫મી જૂનના કિલોદીઠ રૂ. ૨,૧૬,૫૪૧ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૨,૨૧,૬૦૦ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૨,૨૧,૩૫૫ અને ઉપરમાં સપ્તાહના અંતે રૂ. ૨,૩૩,૮૫૮ના મથાળે બંધ રહ્યા હતા. આમ ચાંદીમાં સાપ્તાહિક ધોરણે કિલોદીઠ રૂ. ૧૭,૩૧૭નો અથવા તો આઠ ટકાનો ઉછાળો નોંધાયો હતો.

એકંદરે ગત સપ્તાહે વૈશ્વિક બજાર પાછળ સોનાના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી સપ્તાહના આરંભે જોવા મળેલી છૂટીછવાઈ ખરીદીને બાદ કરતાં ઊંચા મથાળેથી માગ રૂંધાઈ ગઈ હોવાનું કોલકાતા સ્થિત એક જ્વેલરે જણાવતાં ઉમેર્યું હતું કે ભાવમાં કરેક્શન આવે તેવી સંભાવનાને ધ્યાનમાં લેતા ખરીદદારોએ નવી ખરીદી મોકૂફ રાખી હોવાનું જણાય છે, જ્યારે મુંબઈ સ્થિત ખાનગી બૅન્ક સાથે સંકળાયેલા ડીલરે જણાવ્યું હતું કે સપ્તાહ દરમિયાન જ્વેલરોની સાવચેતીના અભિગમ સાથે છૂટીછવાઈ માગ જોવા મળી હતી. જોકે, હવે લગ્નસરાની મોસમ પૂરી થઈ છે અને નજીકના સમયગાળામાં કોઈ તહેવારો પણ ન હોવાથી આગામી દિવસોમાં પણ જ્વેલરી ઉત્પાદકોની માગ સુસ્ત રહે તેવી શક્યતા નકારી ન શકાય. આમ એકંદરે સપ્તાહ દરમિયાન માગ શુષ્ક રહેતાં સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ પાંચ ડૉલરના પ્રીમિયમથી લઈને સાત ડૉલર સુધીના ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ક્રૂડતેલના ભાવમાં ઘટાડો થવાની સાથે વૈશ્વિક સ્તરે ફુગાવામાં વધારો થવાની ભીતિ હળવી થવાથી અને અમેરિકાના આર્થિક ડેટા અપેક્ષા કરતાં નબળાં આવવાને કારણે સોના અને ચાંદીમાં બાઉન્સબૅક જોવા મળ્યું છે. ખાસ કરીને ક્રૂડતેલના ભાવ ઘટતાં ફુગાવાલક્ષી દબાણ હળવું થવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ વધુ કડક નાણાનીતિ નહીં અપનાવે તેવો આશાવાદ સપાટી પર આવ્યો હતો. વધુમાં અમેરિકી ફેડરનાં અધ્યક્ષ કેવિન વાર્શે ક્રૂડતેલના ભાવમાં ઘટાડાની અસરો આગામી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકમાં પ્રતિબિંબિત થશે, એવું એક નિવેદનમાં જણાવતાં ફેડરલ રિઝર્વ વધુ તંગ નાણાનીતિ નહીં અપનાવે એવો આશાવાદ વધુ પ્રબળ થયો હતો. આ ઉપરાંત અમેરિકાના જાહેર થયેલા જૂન મહિનાના નોન ફાર્મ પે રોલ ડેટામાં રોજગારોની સંખ્યામાં ૫૭,૦૦૦નો ઉમેરો થયો હોવાનું જણાવ્યું હતું, જ્યારે બજાર વર્તુળો ૧,૧૦,૦૦૦ના ઉમેરાની ધારણા મૂકી રહ્યા હતા.

આમ રોજગાર સર્જનમાં વધારો થાય તે માટે પણ ફેડરલ રિઝર્વ વધુ તંગ નાણાનીતિ નહીં અપનાવે એવી ધારણાએ સોનાની તેજીને મક્કમ ટેકો પૂરો પાડ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે રોજગારીના ડેટા નબળા આવતા વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ થવાથી પડતરો ઘટવાથી સોનામાં કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીનો ટેકો મળ્યો હતો. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલની આંકડાકીય માહિતી અનુસાર ગત મે મહિનામાં કેન્દ્રવર્તી બૅન્કોએ સોનાની અનામતમાં ૪૧ ટનનો વધારો કર્યો હતો. જોકે, આગામી દિવસોમાં પણ કેન્દ્રવર્તી બૅન્કોની માગ જળવાઈ રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આગામી સપ્તાહે વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૩૯૫૦થી ૪૨૯૦ ડૉલરની રેન્જમાં અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૫૫થી ૭૨ ડૉલરની રેન્જમાં રહે તેવી ધારણા છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૪૦,૦૦૦થી ૧,૫૨,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના વાયદમાં ભાવ કિલોદીઠ રૂ. ૨,૨૩,૦૦૦થી ૨,૪૮,૦૦૦ની રેન્જમાં રહેવાની ધારણા છે.

દરમિયાન ગત સપ્તાહના અંતે અમેરિકાના જોબ ડેટા નબળા આવતા ફેડરલ રિઝર્વ નજીકના ભવિષ્યમાં વ્યાજદરમાં વધારો નહીં કરે તેવા આશાવાદ હેઠળ હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૧.૩ ટકા ઉછળીને ઔંસદીઠ ૪૧૭૪.૨૧ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૫ ટકા વધીને ઔંસદીઠ ૪૧૮૬.૮૦ ડૉલરના મથાળે બંધ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૯ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૬૨.૧૯ ડૉલરના મથાળે રહ્યા હતા. અમેરિકાના રોજગારીના ડેટા નબળા આવતાં સપ્ટેમ્બરમાં વ્યાજદર વધવાની શક્યતા પાતળી થવાથી સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું બાયબીટનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ હૅન ટાને જણાવતા ઉમેર્યું હતું કે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં વધારાની શક્યતા જે ગુરુવારે ૬૬

ટકા મુકાઈ રહી હતી તે શુક્રવારે ઘટીને ૫૪ ટકા શક્યતા મૂકી રહ્યા હતા. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે તાજેતરમાં અમુક કેન્દ્રવર્તી બૅન્કોએ તેમના ચલણને ગબડતાં અટકાવવા માટે સોનામાં વેચાણ કર્યું હોવાથી આગામી લાંબા સમયગાળા સુધી વૈશ્વિક સોનાને કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીનો ટેકો મળતો રહેશે. ■

# સરકારે કાંદાના પ્રાપ્તિ ભાવ ૧૩ ટકા વધાર્યાઃ વર્તમાન મોસમમાં પાંચમી વખત ભાવવધારો

નવી દિલ્હીઃ કાંદાના સરકારી બફર સ્ટોક માટેની પ્રાપ્તિમાં વધારો થાય અને ખેડૂતોને સારું વળતર મળે તે માટે કાંદાના પ્રાપ્તિ ભાવ જે પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૮૭૫ હતા તે ૧૩ ટકા વધારીને રૂ. ૨૧૨૫ નિર્ધારિત કર્યા છે અને આ સુધારિત ભાવ આજથી અથવા તો ચોથી જુલાઈથી અમલી થશે, એમ એક અધિકૃત યાદીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન ફંડ હેઠળ સરકાર વર્ષ ૨૦૨૬ના બફર સ્ટોક માટે કાંદાની પ્રાપ્તિ કરી રહી છે અને પ્રાપ્તિની ગતિ મંદ હોવાથી સરકારે આ સાથે પાંચમી વખત પ્રાપ્તિ ભાવમાં વધારો કર્યો છે. સતત પ્રાપ્તિ ભાવમાં વધારો કરવામાં આવી રહ્યો હોવા છતાં ગત પહેલી જૂનથી અત્યાર સુધીમાં માત્ર ૨૦૦૦ ટન કાંદાની પ્રાપ્તિ થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોસમના આરંભે કાંદાના પ્રાપ્તિ ભાવ કિલોદીઠ રૂ. ૧૨.૭૦ રાખવામાં આવ્યા હતા. ત્યાર બાદ બાવીસમી મેના રોજ વધારી કિલોદીઠ રૂ. ૧૫.૮૦, ત્યાર બાદ ૧૩મી જૂનના રોજ વધારીને કિલોદીઠ રૂ. ૧૬.૫૦, ત્યાર બાદ ૨૦મી જૂનના રોજ વધારીને કિલોદીઠ રૂ. ૧૭.૩૦, ત્યાર બાદ પુનઃ વધારીને કિલોદીઠ રૂ. ૧૮.૭૫ અને હવે વધારીને કિલોદીઠ રૂ. ૨૧.૨૫ નિર્ધારિત કરવામાં આવ્યા હતા. કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગે વર્ષ ૨૦૨૫-૨૬ની મોસમ માટેના તેનાં બીજા આગોતરા અંદાજમાં કાંદાના ઉત્પાદનનો અંદાજ આગલી વર્ષ ૨૦૨૪-૨૫ની મોસમના ૩૦.૭૬૭ લાખ ટન સામે લગભગ સમકક્ષ ૩૦૭.૩૭ લાખ ટનના ઉત્પાદનનો અંદાજ મૂક્યો છે. ગ્રાહક બાબતોના મંત્રાલયનાં જણાવ્યાનુસાર હાલમાં કાંદાના ભાવમાં મોસમને અનુલક્ષીને સાધારણ સુધારો આવ્યો છે, પરંતુ કુલ ઉપલબ્ધિ બાબતે ચિંતાનો કોઈ વિષય નથી. મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ગુજરાતમાં કાંદાનો પર્યાપ્ત સ્ટોક છે અને અછતના કોઈ સંકેતો ન હોવાનું જણાવતા ઉમેર્યું હતું કે દેશભરની મંડીઓમાં કાદાની સરેરાશ દૈનિક આવક ૫૦,૦૦૦ ટનની થાય છે, જેમાં મહારાષ્ટ્રની આવક ૩૦,૦૦૦ ટન કરતાં વધુ છે અને સરેરાશ ભાવ કિલોદીઠ રૂ. ૧૮ આસપાસના રહ્યા છે. વધુમાં હાલમાં કાંદાના રિટેલ સ્તરે ભારતભરના સરેરાશ ભાવ કિલોદીઠ રૂ. ૩૧ આસપાસ છે તેમ જ સારી ગુણવત્તાવાળા કાંદાનો સ્ટોક કરવામાં આવ્યો છે તે મંડીમાં આવકો સુકાતા બહાર આવશે. એમ યાદીમાં ઉમેર્યું હતું. ■

# વરસાદી માહોલમાં ખાંડમાં વેપાર નિરસ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ પ્રબળ રહેતાં ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૫ અને ઉપલા મથાળેથી રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૪૦૫૦થી ૪૦૭૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને મુંબઈ તથા નવી મુંબઈમાં અનરાધાર વરસી રહેલા વરસાદને કારણે રિટેલ સ્તરની માગ રૂંધાઈ જવાથી વેપારો નિરસ રહેતાં હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, પરંતુ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ જળવાઈ રહેતાં મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૩૫નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૭થી ૨૮ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી છૂટીછવાઈ રહી હતી, પરંતુ ભારે વરસાદને કારણે રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં ઉપાડ લગભગ ૨૪થી ૨૫ ટ્રકનો રહેતાં એકંદરે કામકાજો નિરસ રહ્યા હતા. તેમ જ પાંખાં કામકાજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૪૧૨૨થી ૪૧૮૨ના મથાળે અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૪૨૩૬થી ૪૩૧૨ના મથાળે ગુણવત્તાનુસાર ધોરણે ટકેલા રહ્યા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી જળવાઈ રહી હતી. તેમ જ મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ અને ઉપલા મથાળેથી રૂ. ૨૦ વધીને રૂ. ૪૧૦૦તી ૪૧૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૫ અને ઉપલા મથાળેથી રૂ. ૩૦ના સુધારા સાથે રૂ. ૪૧૮૦થી ૪૨૫૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

# દેશી-આયાતી તેલમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત નવી મુંબઈમાં આજે સતત બીજા દિવસે અનરાધાર વરસાદ વરસી રહ્યો હોવાથી સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે એકંદરે વેપારી આલમની હાજરી પાંખી હતી. તેમ જ ભારે વરસાદને કારણે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં હાજરમાં દેશી તથા આયાતી તેલના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી ધોરણે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૨૫, સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૦ અને જુલાઈ તથા ઑગસ્ટ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૪૫૫, જુલાઈ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, ગોકુલ એગ્રોના સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૫ અને ઑગસ્ટ તથા સપ્ટેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૦, રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૪૬૦ અને ઑગસ્ટ તથા સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૭૫ તથા સન રિફાઈન્ડના ઑગસ્ટ તથા સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૬૭૦ અને જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૩૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૨૮ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

ગુજરાતમાં ગોંડલ મથકે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૭૫માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૮૫થી ૧૪૯૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૩૫માં થયા હતા, જ્યારે ગોંડલ મથકે આજે મગફળીની ૭૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૦૦માં અને રાજકોટ મથકે ૮૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૫૦માં થયા હતા.

વધુમાં આજે હાજર બજારમાં પાંખાં કામકાજો વચ્ચે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૪૫૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૫, સિંગતેલના રૂ. ૧૫૯૦ કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૩૦ અને સરસવના રૂ. ૧૬૩૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

# સ્ટોકિસ્ટોની વેચવાલી અને પાંખાં કામકાજો વચ્ચે ચોક્કસ ધાતુમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં સુધારાતરફી વલણ રહ્યા બાદ આજે વરસાદી વાતાવરણમાં પાંખાં કામકાજો વચ્ચે ખાસ કરીને ટીન, નિકલ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને કોપરની ચોક્કસ વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારોની અને સ્થાનિક ડીલરોની લેવાલી નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૫૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં પાંખાં કામકાજે ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની આક્રમક નફારૂપી વેચવાલીના દબાણ સામે માગ નિરસ રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૫૦ ઘટીને રૂ. ૫૦૨૫ અને નિકલ તથા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને અનુક્રમે રૂ. ૧૫૮૮ અને રૂ. ૧૩૪૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત ભારે વરસાદને કારણે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૨૫૪ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૧૨૭૦, રૂ. ૧૨૬૩ અને રૂ. ૩૩૭ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે છૂટીછવાઈ માગને ટેકે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૧૮૩, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ રૂ. ૯૦૦, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ રૂ. ૮૩૦, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના રૂ. ૨૯૫, ઝિન્ક સ્લેબના રૂ. ૩૭૧ અને લીડ ઈન્ગોટ્સના રૂ. ૨૦૭ પ્રતિ કિલોના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

# ગ્રાન્ટેડ સ્કૂલ્સમાં સ્ટાફની અછતને કારણે સંચાલકો ત્રસ્ત, કામકાજ પર અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્ય શાળા વ્યવસ્થાપન સંઘની કારોબારી સમિતિએ અમદાવાદમાં બેઠક યોજી હતી. આ બેઠકમાં સૌથી વધુ ચર્ચાયેલો મહત્ત્વનો મુદ્દો શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફની ઘટ હતો. બેઠકમાં એક સૂરે વાત રેલાઈ હતી કે ઘણી શાળાઓ વર્ષોથી પૂરતા શિક્ષકો, કારકુની સ્ટાફ અને એડમિનિસ્ટ્રેશન વિના કામ કરી રહી છે.

આ બેઠકમાં લગભગ ૯૦ ટકા પદાધિકારીઓ અને સભ્યો હાજર રહ્યા હતા, જેમાં ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓ સામેના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જેમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ, સ્ટાફની અછત, વધતા વહીવટી કાર્યભાર, કામચલાઉ નિમણૂકો, સહાયક સ્ટાફની જરૂરિયાતો અને સ્થિર સરકારી ગ્રાન્ટનો સમાવેશ થાય છે.

એસોસિએશનના જણાવ્યા મુજબ, સ્ટાફની અછતના પરિણામે હાલના સ્ટાફ પર બોજ પડ્યો છે. જેની રોજિંદા કામગીરી અને વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસર પડી રહી છે. ઘણા વર્ગખંડો શિક્ષકો વિનાના રહે છે, જેના કારણે શિક્ષણમાં અવરોધ ઊભો થાય છે અને હજારો બાળકોને, ખાસ કરીને આર્થિક રીતે નબળા અને મધ્યમ આવક ધરાવતા પરિવારોના, ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહ્યું નથી.

સમિતિએ સરકાર દ્વારા ફરજિયાત ઓનલાઈન કાર્યના વધતા કામ પર પણ ચિંતા વ્યક્ત કરી હતી. શાળાઓએ ડેટા અપલોડ કરવા, અહેવાલો સબમિટ કરવા અને સમયમર્યાદામાં વહીવટી કાર્યો પૂર્ણ કરવા જરૂરી છે, પરંતુ સહાયક સ્ટાફની ગેરહાજરીમાં, આચાર્યો અને શિક્ષકોને આ જવાબદારીઓ નિભાવવાની ફરજ પડે છે, જેના કારણે શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ઓછો સમય બચે છે.

૨૦૨૬-૨૭ શૈક્ષણિક વર્ષ શરૂ થયાને લગભગ એક મહિનો વીતી ગયો છે, છતાં મોટી સંખ્યામાં ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓ પૂરતા શિક્ષણ કર્મચારીઓ વિના કાર્યરત છે. રાજ્ય સરકારે ભરતી ઝડપી બનાવવી જોઈએ અને વહેલી તકે ખાલી જગ્યાઓ ભરવી જોઈએ, તેવી માગણી સ્કૂલ સંચાલકોએ કરી હતી.

બેઠકમાં વધુમાં નોંધવામાં આવ્યું હતું કે ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓ માટે સરકારી અનુદાન અને ફી ભરપાઈ ઘણાં વર્ષોથી વધી રહેલા સંચાલન ખર્ચ છતાં એમની એમ જ છે. એસોસિએશને સરકારને વિનંતી કરી હતી કે સંસ્થાઓને વધતા ખર્ચને પહોંચી વળવા અને શૈક્ષણિક ધોરણો જાળવવામાં મદદ કરવા માટે નાણાકીય સહાયમાં સુધારો કરવામાં આવે.

આ મામલે શિક્ષણ વિભાગ સાથે વાત થઈ શકી ન હતી. ■

# અમદાવાદ ઍરપોર્ટ પરથી પકડાયેલા કરોડોના ગાંજાના કેસમાં ફોરેન્સિક ઈન્વેસ્ટિંગ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ ઍરપોર્ટ કસ્ટમ્સે કરોડો રૂપિયાના ગાંજાના કન્સાઇન્મેન્ટ સાથે એક અઠવાડિયામાં ધરપકડ કરાયેલા બે વ્યક્તિ સામે ફોરેન્સિક તપાસ શરૂ કરી છે. ફોરેન્સિક સાયન્સ ડિરેક્ટોરેટની મદદથી હાથ ધરવામાં આવેલી આ તપાસનો હેતુ આરોપીઓના મોબાઇલ ફોન, ટ્રાવેલ હિસ્ટ્રી, ડિજિટલ ફૂટપ્રિન્ટ અને કોમ્યુનિકેશન રેકોર્ડનું વિશ્લેષણ કરીને દાણચોરી પાછળના સિન્ડિકેટને ખૂલ્લી પાડવાનો કરવાનો છે.

કસ્ટમ્સના સૂત્રોએ જણાવ્યું હતું કે, બંને મુસાફરોને એક અઠવાડિયાની અંદર કરોડોની કિંમતના હાઇડ્રોપોનિક ગાંજા સાથે પકડવામાં આવ્યા હતા. જપ્ત કરાયેલા જથ્થા ઉપરાંત, બંને મુસાફરોની કામ કરવાની સ્ટાઈલ પણ લગભગ એકસરખી હતી. બંને મુસાફરો બેંગકોકથી આવ્યા હતા. પહેલા મુસાફરના સામાનમાં લગભગ ૧૧ કિલો હાઇડ્રોપોનિક ગાંજો છુપાયેલો હતો. બીજા મુસાફરના સામાનમાં લગભગ ૪.૨ કિલો હાઇડ્રોપોનિક ગાંજા છુપાયેલો હતો, જેની કુલ કિંમત લગભગ રૂ. ૧૫ કરોડથી વધુ થતી હતી. બન્ને કેસમાં સમાનતાને કારણે એવી શક્યતા છે કે તેઓ એક જ સિન્ડિકેટ સાથે જોડાયેલા હોય શકે છે.

ફોરેન્સિક એનાલિસિસની જરૂરિયાત સમજાવતા, અધિકારીએ ઉમેર્યું હતું કે મોટાભાગના આવા કિસ્સાઓમાં, અમે ડ્રગ્સનું પરિવહન કરતા વાહકને પકડવામાં સફળ થઈએ છીએ, પરંતુ અમદાવાદ પહોંચ્યા પછી કન્સાઇન્મેન્ટ લેવા માટે રાહ જોઈ રહેલા રિસીવરને ઓળખવામાં નિષ્ફળ જઈએ છીએ. તેથી, બંને આરોપીઓની ટ્રાવેલ હિસ્ટરી ચેક કરી અને તેમની મુસાફરી દરમિયાન તેઓ જે કોઈ સાથે સંપર્કમાં આવ્યા હતા તે દરેકને ઓળખવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

કસ્ટમ અધિકારીઓના જણાવ્યા અનુસાર, હાઇડ્રોપોનિક ગાંજાની અંદાજિત આંતરરાષ્ટ્રીય બજાર કિંમત પ્રતિ કિલોગ્રામ આશરે ૧ કરોડ રૂપિયા છે. બંને કન્સાઇન્મેન્ટ બેંગકોકથી આવતા, એક જ ઍરલાઇન અને ફ્લાઇટ નંબર પર આવતા અને લગભગ છુપાવવાની તરકીબો પણ એક સમાન હોવાથી, હાલમાં બન્ને એક જ ગેંગના સભ્યો છે કે નહીં તેના પર કામ કેન્દ્રિત કરવામાં આવ્યું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

# વડોદરાની સગીરાને કર્ણાટકથી શોધી, ગુજરાત પોલીસે માત્ર ૧૦ દિવસમાં ૫૦૦ ગુમ થયેલા નાગરિકોને શોધ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોતાની માત્ર ૧૪ વર્ષની સગીર દીકરી ગુમ થઈ જતા વડોદરાનો એક પરિવાર પાંચ મહિનાથી ગૂમસૂમ થઈ ગયો હતો. તેમની મદદે ગુજરાત પોલીસ આવી અને દીકરીને ૧૨૦૦ કિલોમીટર દૂર કર્ણાટકથી શોધી પરિવારને સોંપી હતી. જોકે આવી એક નહીં અનેક ગુમ થયેલી વ્યક્તિને પોલીસ શોધી લાવે છે અને પરિવારને સોંપે છે.

સગીરા ૧૮ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ વડોદરાના છાણી વિસ્તારમાંથી ગુમ થઈ હતી. સ્થાનિક પોલીસે મહિનાઓ સુધી તપાસ કરી. સફળતા ન મળતાં આ કેસ વડોદરા એન્ટી-હ્યુમન ટ્રાફિકિંગ યુનિટને સોંપાયો હતો.

ટેકનિકલ સર્વેલન્સ અને ઈન્ટેલિજન્સ ઈનપુટ્સનો ઉપયોગ કરીને, એજન્સીએ આરોપી સુનિલકુમાર કેસરીસિંહ બારીયાને કર્ણાટકના શિવમોગાથી શોધી કાઢ્યો. પોલીસના જણાવ્યા અનુસાર આરોપી સગીર દીકરીને ફોસલાવીને લઈ ગયો હતો. આરોપીએ જયપુરમાં પૂજારીનો કોર્સ પૂરો કરી નવું નામ ધારણ કરી લીધું હતું. અને શિવમોગાના એક જૈન મંદિરમાં પૂજારી તરીકેની નોકરી શરૂ કરી હતી. ત્યાં તેણે બાળકીને પોતાની પત્ની હોવાની ખોટી ઓળખ આપી ગોંધી રાખી હતી.

તપાસ માટે એક મહિલા પોલીસ અધિકારી સહિત વડોદરા એએચટીયુની પાંચ સભ્યોની ટીમ કર્ણાટક પહોંચી હતી અને સ્થાનિક પોલીસના સહયોગથી, ભારે વરસાદ વચ્ચે પણ બે દિવસ સુધી મંદિર પર ચાંપતી નજર રાખી, ત્રીજા દિવસે સવારે આશરે ૪ વાગ્યે જ્યારે આરોપી મંદિરે આવ્યો ત્યારે તેની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન તેણે બાળકી ક્યાં છે તેનો ખુલાસો કર્યો હતો. માહિતીનાં આધારે પોલીસે બાળકીને સુરક્ષિત રીતે બચાવીને તેના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

ગુજરાત પોલીસે ગુમ થયેલાં બાળકો અને પુખ્ત વયના લોકોને શોધીને તેમના પરિવારો સાથે મિલન કરાવવા માટેની ઓપરેશન મિલાપ નામે રાજ્યવ્યાપી ઝુંબેશ શરૂ કરી હતી. આ ઝુંબેશને વધુ ૧૦ દિવસ લંબાવવામાં આવી. ત્યારે આ તબક્કામાં ૧૦ દિવસમાં ૫૦૦ ગુમ થયેલાં બાળકો અને પુખ્તવયની વ્યક્તિઓને શોધવામાં સફળતા મળી હોવાનું રાજ્ય સરકારે જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ, ૭ મે થી ૫ જૂન દરમિયાન, ગુજરાત પોલીસે રાજ્યવ્યાપી ઓપરેશન મિલાપ દરમિયાન ૮૫૭ મહિલાઓ અને ૨૩૪ સગીર બાળકીઓ સહિત ૧,૪૭૮ ગુમ થયેલા નાગરિકોને શોધી કાઢ્યા હતા.

માત્ર ૧૦ દિવસની આ લંબાવેલી ઝુંબેશ દરમિયાન, ગુજરાત પોલીસે વધુ ૫૦૦ ગુમ થયેલા નાગરીકોને શોધીને તેમના પરિવારો સાથે મિલન કરાવ્યું હતું, જેમાં ૨૮૮ મહિલાઓ, ૮૮ બાળકીઓ, ૨૧ છોકરાઓ અને ૧૦૩ પુરુષોનો સમાવેશ થાય છે. ■

# અમદાવાદમાં ૧૪૦૦ જેટલા ખાડાના રિપોર્ટ મળ્યા મનપાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં મોડે મોડે ત્રીજી જુલાઈને ગુરુવાર રાત્રે વરસાદી ઝાપટા પડ્યા હતા. શહેરના અમુક ભાગમાં અડધો ઇંચ આસપાસ વરસાદ નોંધાયો હતો, પરંતુ સખત ગરમીથી ત્રસ્ત પ્રજાને થોડી રાહત વરસાદે આપી છે.

જોકે બીજી બાજુ શહેરમાં ૧,૪૧૬ ખાડા હોવાનું પાલિકાના ડેટા પરથી જાણવા મળ્યું હતું, જેમાંથી ૧,૩૧૦ ખાડા રિપેર થઈ ગયા હોવાનું અને ૧૦૬ ખાડા રિપેરિંગનું કામ હજુપણ ચાલી રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગુરુવારે રાત્રે બે કલાકના સમયગાળા દરમિયાન શહેરમાં સરેરાશ ૦.૧૩ મિમી વરસાદ નોંધાયો હતો. ઝોન પ્રમાણે, ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૨૦.૧ મિમી, પશ્ચિમ ઝોનમાં ૦.૧ મિમી અને દક્ષિણ પશ્ચિમ ઝોનમાં ૨.૬ મીમી વરસાદ નોંધાયો હતો. મધ્ય, પૂર્વ, ઉત્તર અને દક્ષિણ ઝોનમાં કોઈ વરસાદ નોંધાયો નથી.

દરમિયાન, ગુરુવારે શહેરભરમાં ખાડા ભરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મનપાએ સેન્ટ્રલ ઝોનમાં ૩૨, ઇસ્ટ ઝોનમાં ૨૧૬, નોર્થ ઝોનમાં ૩૭૭, નોર્થ વેસ્ટ ઝોનમાં ૨૪, સાઉથ ઝોનમાં ૭૩, સાઉથ વેસ્ટ ઝોનમાં ૨૧૫ અને વેસ્ટ ઝોનમાં ૪૭૭ ખાડા નોંધ્યા હતા. ■

# વડોદરામાં દારૂની પાર્ટીમાં ફાયરિંગ થયું, પોલીસે છ જણ સામે કરી કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરના ભાયલી વિસ્તારમાં મોડી રાત્રે ફાયરિંગ થતા ખળભળાટ મચી ગયો હતો. અહીં એક એપાર્ટમેન્ટમાં મિત્રોની દારૂની પાર્ટી ચાલી રહી હતી અને ફાયરિંગ થતાં ગોળીઓ સામેના એપાર્ટમેન્ટના બે ફ્લેટ્સ પર લાગી હતી. આ ઘટનાની ફ્લેટ્સના રહેવાસીઓ સફાળા જાગી ગયા હતા. ઘટના બાદ નબીરાઓએ ભાગી જવાની કોશિશ કરી હતી, પરંતુ પોલીસે છ જણને રાઉન્ડ અપ કરી કાર્યવાહી હાથ ધરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

અહીંના ભાયલી વિસ્તારમાં આરના ૪૮ નામના અપાર્ટમેન્ટની સામે આવેલા એશ્વમેઘ એવન્યુની એક ઓફિસમાંથી ગોળીઓ છૂટી હતી. અહીંની ઓફિસમાં અમુક લોકો સાથે મળી દારૂની પાર્ટી કરતા હતા અને મજાકમાં મેહુલ ગઢવી નામના શખ્સે ફાયરિંગ કર્યું હતું. ગોળીઓ સીધી સામેની બિલ્ડિંગના ફ્લેટ નંબર ૨૦૧ અને ૩૦૧ પર લાગી હતી. બાદમાં આ મામલે વડોદરા ગ્રામ્ય પોલીસે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી તમામ ૬ આરોપીઓની ધરપકડ કરી લીધી હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી હતી. પોલીસે ઘટનાસ્થળેથી ફાયરિંગ કરાયેલી રિવોલ્વર ઉપરાંત ૪ જીવતા કારતૂસ પણ કબજે કર્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર પોલીસે સકંજામાં લીધેલા છ આરોપીમાંથી અમુક પર પહેલેથી ગંભીર ગુના નોંધાયા હોવાનું પણ જાણવા મળ્યું હતું. ■

# સોમનાથથી દ્વારકા જતાં મુસાફરોને રાહત! માંગરોળમાં પૂરમાં ધોવાયેલો તૂટેલો પુલ ફરી ધમધમતો થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં છેલ્લા બે દિવસમાં આભ તૂટી પડ્યા જેવી સ્થિતિ સર્જાય હતી. લગભગ ૩૦ ઇંચ કરતાં વધુ પડેલા વરસાદને કારણે સમગ્ર પંથકમાં જનજીવન પર વ્યાપક અસર જોવા મળી હતી. અતિભારે વરસાદ અને પૂરની સ્થિતિને કારણે નેશનલ હાઈવે-૫૧ પર હુસૈનાબાદ ગામ નજીક બ્રિજ પાસે માર્ગને ભારે નુકસાન પહોંચ્યું હતું. નદીના પૂરમાં આખો પૂલ ધોવાઈ ગયો હતો અને આ અતિ મહત્ત્વપૂર્ણ રોડ પરનો વાહન વ્યવહાર ખોરવાઇ ગયો હતો.

આ નુકસાનના પગલે તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે આ હાઈવે પરનો વાહનવ્યવહાર તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યો હતો. હાઈવે બંધ થતાં વાહનચાલકોની સુવિધા માટે સોમનાથથી દ્વારકા તરફ જતા પ્રવાસીઓને વૈકલ્પિક માર્ગ તરીકે સોમનાથ, જેતપુર, પોરબંદર, દ્વારકાનો ઉપયોગ કરવા માટે તંત્ર દ્વારા ખાસ વિનંતી કરવામાં આવી હતી.

જોકે, હાઈવે પર વાહનવ્યવહાર ખોરવાતા પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક વહીવટી તંત્ર અને નેશનલ હાઇવે ઓથોરિટીની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. મહત્વપૂર્ણ એવા આ નેશનલ હાઇવેને ફરી ધમધમતો કરવા માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે રસ્તાનું સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું. મળતી માહિતી અનુસાર વહીવટી તંત્રની આ ઝડપી કામગીરીના પરિણામે માર્ગનું સમારકામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે અને હવે આ રૂટ પર વાહનવ્યવહાર રાબેતા મુજબ પૂર્વવત્ કરી દેવામાં આવતા વાહનચાલકોને મોટી રાહત મળી છે.

બીજી બાજુ શનિવારે પણ જૂનાગઢ જિલ્લાના ઘણા ભાગોમાં વરસાદ પડ્યો હતો, મેંદરડા તાલુકાના રાજાવડ ગામ પાસે આવેલ રાજાવડ નાની સિંચાઇ યોજનામાં સતત પાણીની આવક થતાં, ડેમ ૧૦૦% સુધી ભરાય ગયો છે અને હજુ પણ ડેમમા પાણીની આવક ચાલુ હોવાથી રાજાવડ, રાજેસર, આંબલા, ઢાંઢાવાડા તેમજ નોંઝણવાવ અને સાંગણસોલા સહિતના ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતાં. ■

# અકસ્માત અને આપઘાતમાં ગુજરાતના ચાર યુવાનનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ નિરાશા અને કથળતા માનસિક સ્વાસ્થ્યને કારણે યુવાનોમાં આત્મહત્યા કરવાની માનસિકતા વધી રહી છે ત્યારે કચ્છમાં બે યુવાનના અકાળે જીવનનો અંત લાવવાના બે કિસ્સા નોંધાયા હતા. જ્યારે કચ્છ અને જામનગરમાં બે યુવાના રોડ અકસ્માતમાં મોત નિપજ્યા હતા.

કચ્છ જિલ્લામાં બનેલી અલગ-અલગ ત્રણ અપમૃત્યુની ઘટનાઓમાં ત્રણ આશાસ્પદ યુવાનના અકાળે મોતના અહેવાલો છે. જિલ્લામથક ભુજ અને બંદરીય માંડવી તાલુકાના દરશડી ગામે બે યુવાનોએ કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું છે, જ્યારે મુંદરા તાલુકાના મોટા કાંડાગરા પાસે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં એક યુવકનું મોત નીપજ્યું છે.

મળતી માહિતી મુજબ, પ્રથમ ઘટનામાં ભુજના ઉમેદનગરમાં રહેતા સાહિલ મુકેશ ઠક્કર નામના યુવાને પોતાના ઘરે કોઈ અકળ કારણે ગળેફાંસો ખાઈ લીધો હતો. આ આપઘાત પાછળનું ચોક્કસ કારણ જાણવા ભુજ શહેર એ-ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે. જ્યારે બીજી ઘટનામાં, માંડવી તાલુકાના દરશડી ગામના દરબારવાસમાં રહેતા ૨૮ વર્ષીય શક્તિસિંહ ભારુભા જાડેજાએ દરશડીથી લુડવા વચ્ચે આવેલી એક વાડીમાં અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ મામલે ગઢશીશા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

ત્રીજો બનાવ બંદરીય મુંદરા તાલુકાના મોટા કાંડાગરા ગામ પાસે પ્રકાશમાં આવ્યો છે. અહીં રહેતા નરેન્દ્રસિંહ તુંવર નામનો યુવાન પોતાની મોટરસાઇકલ પર નોકરી પર જઈ રહ્યો હતો, ત્યારે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલી જીપના ચાલકે તેને ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં નરેન્દ્રસિંહને જીવલેણ ઈજાઓ પહોંચતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મુંદરા પોલીસે આ અંગે ગુનો નોંધી ફરાર વાહનચાલક સામે કાયદેસરની તપાસ હાથ ધરી છે. તો બીજી બાજુ જામનગર-ખંભાળિયા માર્ગ પર ઠેબા ચોકડી નજીક આવેલા દરેડ પાસે ગત રાત્રે આશરે ૧૦.૧૫ વાગ્યે સ્કોર્પિયો અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક પર સવાર ચાર જણ પૈકી બે યુવાનને ઇજા પહોંચતા તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જી.જી. હોસ્પિટલ, જામનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા.

આ અકસ્માતમાં ઘાયલ થયેલા મુકેશભાઈ નામના એક શ્રમિક યુવાનનું ગંભીર ઇજા થવાના કારણે મૃત્યુ નિપજ્યું છે. અન્યોની સારવાર ચાલી રહી છે. તમામ કેસમાં પોલીસે તપાસ હાથ ધરી છે. ■

# છોટાઉદેપુરના ઓરસંગના પુલમાં પડ્યું ગાબડું, એનએચ-૫૬નો ટ્રાફિક વ્યવહાર ખોરવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વરસાદી મોસમ વચ્ચે છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નજીક આવેલી ઓરસંગ નદીના પુલ પર અચાનક પડેલા મોટા ગાબડાએ સમગ્ર પંથકને ચિંતામાં મૂકી દીધો છે. પુલના છેવાડે સર્જાયેલી આ ગંભીર સ્થિતિને પગલે સુરક્ષાને સર્વોપરી માનતા તંત્રએ તાત્કાલિક અસરથી તમામ પ્રકારના વાહનવ્યવહાર પર પ્રતિબંધ મૂકી દીધો હતો. પરિણામે સતત ધમધમતો નેશનલ હાઇવે નં. ૫૬ પળવારમાં જાણે નિર્જન બની ગયો અને હજારો વાહનચાલકો રસ્તા વચ્ચે જ અટવાઈ પડ્યા હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે.

ઓરસંગનો આ પુલ ગુજરાતને મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન સાથે જોડતી જીવનરેખા સમાન કડી છે. રોજબરોજ હજારો નાનાં-મોટાં વાહનો આ માર્ગ પરથી પસાર થાય છે, પરંતુ ગાબડું પડતાં જ વાહનવ્યવહારના પૈડાં થંભી ગયા અને હાઇવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

આ પુલનું મહત્ત્વ માત્ર આંતરરાજ્ય પરિવહન પૂરતું મર્યાદિત નથી. બોડેલી પંથકનાં ૧૦૦થી વધુ ગામો માટે આ બ્રિજ રોજિંદા જીવનની ધબકતી નસ સમાન છે. દૂધ લઈને શહેર તરફ દોડતા ખેડૂતો, શાકભાજી વેચવા નીકળેલા વેપારીઓ, શિક્ષણ માટે શાળા-કોલેજે જતા વિદ્યાર્થીઓ અને રોજીરોટી માટે આવનજાવન કરતા હજારો લોકો માટે આ માર્ગ જ મુખ્ય આધાર છે. પુલ બંધ થતાં સમગ્ર વિસ્તારનું જનજીવન જાણે થંભી ગયું હોય તેવું દશ્ય સર્જાયું હતું.

વાહનવ્યવહાર બંધ થતાં અનેક લોકો મજબૂરીમાં જીવના જોખમે પગપાળા પુલ પાર કરી રહ્યા છે. એક બાજુ વરસાદી મોસમ અને બીજી બાજુ પુલની જોખમી હાલત લોકોના મનમાં ભય અને અસુરક્ષાની લાગણી ઊભી કરી રહી છે. દરેક નજર હવે તંત્ર તરફ મંડાઈ છે કે ક્યારે પુલનું સમારકામ પૂર્ણ થશે અને ફરી એકવાર આ ધમધમતી જીવનરેખા પર વાહનવ્યવહાર પૂર્વવત્ શરૂ થશે.

દરમિયાન મળતી માહિતી અનુસાર કલેક્ટર ગાર્ગી જૈન અને અન્ય અધિકારીઓએ સ્થળની મુલાકાત લીધી હતી. ■

# સુરતમાં ૫૬૨ કિલો ગાંજા સાથે ઝડપાયેલા ઓડિશાના ત્રણ તસ્કરોને ૧૦-૧૦ વર્ષની સખત કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતની વિશેષ એનડીપીએસ કોર્ટે ૫૬૨.૫૫ કિલોગ્રામ ગાંજાની હેરાફેરીના કેસમાં ત્રણ આરોપીને ગુનેગાર ઠેરવી ૧૦-૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. આ ઉપરાંત કોર્ટે ત્રણેય દોષિતોને રૂ. ૧-૧ લાખનો દંડ પણ કર્યો હતો. કોર્ટે ઓડિશાના મૂળ રહેવાસી એવા ત્રણેય આરોપીઓ કાલુ ચરણ બેહરા, સુધીર કુમાર સ્વૈન અને મિથુન પ્રધાનને ગુનામાં દોષિત જાહેર કર્યા હતા અને તેમને જેલના સળિયા પાછળ ધકેલી દેતો કડક આદેશ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૦માં એનસીબીએ ચોક્કસ બાતમીના આધારે ૪ અને ૫ મે, ૨૦૨૦ના રોજ સુરતના કિમ વિસ્તારમાં આવેલી કૃષ્ણા ઇન્ડસ્ટ્રી પાસે વોચ ગોઠવીને એક મોટું ઓપરેશન હાથ ધર્યું હતું. આ કાર્યવાહી દરમિયાન ટીમે ત્રણ શંકાસ્પદ વ્યક્તિઓની અટકાયત કરી હતી અને તેમની તલાશી લેતા તેમના કબજામાંથી ૫૬૨.૫૫ કિલોગ્રામ વ્યાપારી માત્રાનો ગાંજો મળી આવ્યો હતો, જેને એનસીબીએ તુરંત જપ્ત કર્યો હતો. આ ગુનામાં પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ એક્ટની વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી અને ઓક્ટોબર ૨૦૨૦માં સુરતની વિશેષ એનડીપીએસ કોર્ટમાં સત્તાવાર ફરિયાદ (ચાર્જશીટ) દાખલ કરવામાં આવી હતી. ■

# વડોદરામાં વૃદ્ધે ઊંચા વળતરની લાલચે ૧.૫૧ કરોડ ગુમાવ્યા, સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શૅરબજાર કે અન્ય ઊંચા વળતરની સ્કીમમાં રોકાણ કરી રાતોરાત કરોડપતિ બની જવાની લાલચમાં ઘણીવાર બધું ગુમાવવાની નોબત આવે છે. આવી જ ઘટના વડોદરામાં એક વૃદ્ધ સાથે બની હતી. એક ગઠિયાએ વૃદ્ધને ઓનલાઇન ઇન્વેસ્ટમેન્ટમાં વધુ નફાની લાલચ આપી હતી. વૃદ્ધે તેના પર ભરોસો રાખી. ૫૧ કરોડની રકમ અલગ-અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી હતી. જો કે બાદમાં આરોપીઓએ માત્ર રૂ. ૫,૨૪,૦૦૦ પરત આપીને બાકીના રૂ. ૧,૫૧,૭૬,૦૦૦ પરત ન આપી વૃધ્ધ સાથે છેતરપિંડી આચરી હતી. અંતે વૃદ્ધને પોતાની ભૂલ સમજાતા તેમણે આરોપીઓ સામે વડોદરા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ૮ ફેબ્રુઆરી, ૨૦૨૬થી ૨૧ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન અજાણ્યા આરોપીઓએ ઓનલાઇન ઇન્વેસ્ટમેન્ટના બહાને સિનિયર સિટીઝનનો સંપર્ક કરી વધુ વળતરની લાલચ આપી હતી. સાયબર ક્રાઇમ પોલીસે આ સમગ્ર મામલે ટેક્નિકલ અને ડિજિટલ પુરાવાના આધારે તપાસ હાથ ધરી છે. ■

# અમદાવાદના કેફેમાં ચાલતા ગેરકાયદે હુક્કાબાર પર પોલીસની રેડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરખેજ પોલીસે શુક્રવારે આંબલી વિસ્તારમાં આવેલા રોઝા’સ કાફે પર દરોડો પાડ્યો હતો. મળતી માહિતી અનુસાર કાફેની આડમાં ગેરકાયદે હુક્કા બાર ચલાવી ચલાવવામાં આવી રહ્યું હતું. પૂછપરછ બાદ માલિક, પ્રફુલ ભરવાડ (૪૪) ની અટકાયત કરવામાં આવી હતી. દરોડા દરમિયાન, પોલીસે ફિલ્ટર પાઇપ, ફ્લેવર્ડ તમાકુ, કોલસો, ચિલમ અને હુક્કા સહિત લગભગ ૬૬,૦૦૦ રૂપિયાની કિંમતની હુક્કા સંબંધિત સામગ્રી જપ્ત કરી હતી. જપ્ત કરાયેલી વસ્તુઓમાં નિકોટિન છે કે કેમ તે નક્કી કરવા માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ) માં મોકલવામાં આવી છે. પોલીસને શંકા છે કે ગેરકાયદે હુક્કાબાર ઘણા સમયથી ચાલી રહી હતી આથી આ અંગે પણ માહિતી મેળવવામાં આવી રહી છે. અમદાવાદમાં ગેરકાયદેહુક્કા બાર અને ઇ-સિગારેટ વિક્રેતાઓ પર કડક કાર્યવાહી વચ્ચે આ તાજેતરની કાર્યવાહી કરવામાં આવી છે. ■

# અમદાવાદના મેઘાણીનગરમાં બે કુખ્યાત આરોપીને પાસા હેઠળ વડોદરા મધ્યસ્થ જેલમાં ધકેલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના મેઘાણીનગરમાં વિસ્તારમાં આતંકનું બીજું નામ બનેલા બે કુખ્યાત આરોપી સુકિત બારોટ અને સુજલ પટણી સામે પોલીસે આકરી કાર્યવાહી કરી હતી. બંને આરોપીને પોલીસે પાસા હેઠળ વડોદરા મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપ્યા હતા. આ આરોપીના ત્રાસથી ત્રસ્ત સ્થાનિકોએ પોલીસને બંને સામે કડક પગલા લેવા માંગણી કરી હતી. જેના પગલે પોલીસે બંનેને પાસા હેઠળ જેલ હવાલે કર્યા હતા. બંને આરોપીઓ સામે ૨૧થી વધુ ગુના નોંધાયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મેઘાણીનગરમાં છેલ્લા ઘણા સમયથી બે અસામાજિક તત્ત્વો સુકિત બારોટ અને સુજલ પટણી આતંક મચાવી રહ્યા હતા. બંને આરોપીઓ મેઘાણીનગર વિસ્તારમાં વેપારીઓને ચપ્પુ બતાવીને રૂપિયા પડાવતા હતા. તેમજ રસ્તામાં દારૂ પીને ધમાલ કરતા હતા. તેમની સામે ફરિયાદો આવતા મેઘાણીનગર પીઆઇ અને તેમની ટીમે બંને આરોપીઓ સામે પાસાની દરખાસ્ત ભરી હતી. ■